હરિ:ૐ



# જીવનગીતા

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનગીતા

(શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું સમશ્લોકી નહિ, એવું
પદ્યમા મુક્તવિશદ નિરૂપણ)

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા, રાંદેર,
સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

❑ © હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ

❑ પૃષ્ઠ : ૬૪+૩૦૪=૩૬૮

❑ કિંમત : **રૂ. ૨૫/-**

❑

| આવૃત્તિ | વર્ષ | પ્રત | આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૩ | ૫૦૦ | પાંચમી | ૧૯૮૩ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૬૮ | ૫૦૦૦ | છઠ્ઠી | ૧૯૮૩ | ૧૦૦૦ |
| ત્રીજી | ૧૯૭૧ | ૨૦૦૦ | સાતમી | ૧૯૯૪ | ૨૦૦૦ |
| ચોથી | ૧૯૭૬ | ૧૨૫૦ | આઠમી | ૨૦૦૭ | ૨૦૦૦ |

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી-૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (આઠમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના સાંનિધ્યનું અને સ્વનિવાસે તેઓશ્રીની
પદરજ પડે એ પ્રકારનું સદ્ભાગ્ય સને ૧૯૭૦થી
પ્રાપ્ત કરનાર તેમ જ
યુવાન વયે પિતાની છત્રછાયા ગુમાવ્યા છતાં હિંમત હાર્યા
વિના આપબળે ભારે પુરુષાર્થથી જીવનમાં પ્રગતિનાં
સોપાન સર કરનાર, મૂળ વિરમગામના અને હાલ
ઘાટકોપર, મુંબઈમાં સ્થાયી થયેલ એવાં
**શ્રી પ્રવીણભાઈ ચંદુલાલ દેસાઈ**
અને
**શ્રીમતી રસીલાબહેન પ્રવીણભાઈ દેસાઈ**ને
તેમના સદ્ગત પિતાશ્રી
**ચંદુલાલ મણિલાલ દેસાઈ**ની
પુણ્યસ્મૃતિમાં પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનગીતા'**ની
આ આઠમી આવૃત્તિનું પ્રકાશન સમર્પણ કરતાં
અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૨૯-૭-૨૦૦૭ — ટ્રસ્ટીમંડળ,
ગુરુપૂર્ણિમા — **હરિઃૐ આશ્રમ, સુરત**

॥ હરિઃૐ ॥

# અર્પણ...

## (ત્રીજી આવૃત્તિ)

## શ્રી કાંતિલાલ માણેકલાલ કાંટાવાળાનાં ચરણે

(અનુષ્ટુપ)

હજારો હાથવાળો છે કેવો સમર્થ વિશ્વમાં ?
એવાં એના મને દીધાં દર્શન ગૂઢ હાથનાં.
અદૃશ્ય કારણે કોક એવા હાથતણો મને-
થયો જીવનમાં કેવો ભેટો અદ્‌ભુત રીતિયે !
એણે શો બાથમાં લીધો ને ભાવ, ઓથ, હૂંફ શાં !
મને નવાજીને મારાં કર્મ શાં બિરદાવિયાં !
કર્મને શા વફાદાર રહીને કાર્‌કિર્દી રળ્યા !
એક એક પછી મોટા ઓધ્ધા શોભવતા રહ્યા.
શા સરકારી કર્મેયે યોગ્યતા જેટલી થવી,
પ્રયત્નવંત ભારે ત્યાં કાળજીથી થયા ચહી.
તમે પરોપકારી શાં કર્મોયે કરતા રહ્યા,
ઉપયોગી થવા જ્યાં જ્યાં લાગ્યું જે યોગ્ય, ત્યાં થયા.
જીવને કર્મની નિષ્ઠા શી પ્રગટાવવા મથ્યા !
શો કેટકેટલો યત્ન-શ્રમ તે કાજ તો કર્યાં !
કેટલા કેટલા હાથ મળ્યા શા મુજ જીવને !
તે કેવા કામમાં આવ્યા ! એની કેવી લીલા-કળા !
એવા ઋણતણો હું શો વાળી તે બદલો શકું ?
પ્રેમભક્તિથી હું પાદે આ ભાવાંજલિને ધરું.

*- મોટા*

# પ્રસ્તાવના

(બીજી આવૃત્તિ)

'In our age, the road to holiness necessarily Passes through the world of action.'

(Dag Hammarks jold-Markings)

**'જીવનગીતા'**ની પ્રસ્તાવના લખવાની મેં હિંમત કરી છે એનું કારણ, નહિ કે મારી લાયકાત, પણ પૂજ્ય શ્રીમોટાનો અનુલંઘનીય આદેશ : **आज्ञा गुरुणां ह्यविचारनीया ।** આમાં પૂજ્ય શ્રીમોટાનો મારા પ્રત્યે અનુરાગ જ કારણભૂત છે. મારી મર્યાદાનું પૂરતું ભાન હોવાથી : **प्रांशुलभ्ये फले लोभादु-द्वाहुरिव वामनः** જેવી મારી દશા છે.

મુરબ્બી શ્રીભાઈ સાહેબે (સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ) એમની પૂજ્ય શ્રીમોટાના **'પ્રણામપ્રલાપ'**ની પ્રસ્તાવનામાં શ્રીમોટાને ગાંધીપ્રવૃત્તિએ ગુજરાતને આપેલા શુદ્ધ કંચનની કણકે બંધાયેલા અને સાચા સુવર્ણ ઘડતરે ઘડાયેલા પુરુષ તરીકે ઓળખાવેલા, પણ સાથે સાથે શંકા દર્શાવી હતી કે સમાજસેવક કે ભક્ત તરીકે પૂજ્ય શ્રીમોટાને ગુજરાતી દુનિયા ઓળખતી હશે કે કેમ ? સદ્‌ભાગ્યે આજે પરિસ્થિતિ સાવ નિરાળી છે. ભાગ્યે જ કોઈ ગુજરાતી હશે કે જે પૂજ્ય શ્રીમોટાથી પ્રત્યક્ષ રીતે પરિચિત નહિ હોય. એક સંત અને પ્રખર વિચારક તરીકે એમનું નામ ભારતમાં સુજ્ઞાત છે. એમનો ત્યાગ તો અદ્‌ભુત જ કહી શકાય. અભ્યાસકાળમાં ગાંધીજીની ટહેલને શિરોવંદ્ય ગણી મુંબઈ યુનિવર્સિટી કે ગુજરાત વિદ્યાપીઠની ડિગ્રીનો મોહ ન રાખ્યો. જીવનમાં પણ સાવ જ સાદાઈ અપનાવી બધી જ એષણાઓનો ત્યાગ કર્યો છે. **आचार्याणां त्याग एव तात्पर्यम्** એ રીતે જોતાં

વૈષ્ણવી અર્થમાં એ સાચા આચાર્ય છે. એમનું જીવન દેહલીદીપવત્ જેવું રહ્યું છે. સ્વયં પ્રકાશ પાડીને કેવળ એમાં જ તુષ્ટ ન થતાં સમાજને એમણે પોતાની જાત સમર્પી દીધી છે. એમના જ શબ્દોમાં 'સેવાયજ્ઞ કર્યા કર્યો છે.' (અધ્યાય ૩, ૩૩) જીવનમાં અનાસક્તિ પચાવીને જ એમણે ગાયું છે :

**'પારકાના ભલા સારુ ઉઠાવેલો બધો શ્રમ,**
**રહે તેમાં પ્રભુભાવ હૈયે, તો કર્મયજ્ઞ તે.'**

(અધ્યાય ૩, પૃ. ૫૭, શ્લોક-૩૩)

'જીવનગીતા' બહુ જ રસપ્રદ સંજોગોમાં લખાઈ હતી. નવસારી, હરિજન આશ્રમના વિદ્યાર્થીઓ પૂજ્ય શ્રીમોટાને ભગવદ્ગીતા વિશે લખવા ખૂબ જ આગ્રહ કરી રહ્યા હતા અને તેમની ઈચ્છા પૂરી પાડવા એમણે વીસાપુર જેલમાં સત્યાગ્રહી કેદી તરીકે પોતાનું નિયત કામ કરતાં કરતાં 'જીવનગીતા' લખી. પ્રાથમિક અધ્યાય 'સંગ્રામનો હેતુ' ૧૯૬૭ના મે મહિનામાં એમના ડાંગ જિલ્લાના વસવાટ દરમિયાન લખાયો. આમ, ૩૬ વર્ષ પૂર્વે લખાયેલી 'જીવનગીતા' આજે પુસ્તકાકારે બીજી વાર પ્રસિદ્ધિ પામી રહી છે. આ કંઈ ગીતાનો સમશ્લોકી અનુવાદ નથી. પૂજ્ય શ્રીમોટાએ જે રીતે ગીતા જોઈ છે, સમજી છે અને જીવન રંગી નાખ્યું છે, તેને શબ્દદેહ આપ્યો છે.

**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।**
**पार्थो वत्सः सुधिर्भोक्ता दुग्धं गातीमृतं महत् ॥**

ગોપાલનંદને ઉપનિષદો દોહીને આપેલું ગીતામૃત એટલું તો સ-રસ છે કે એને પચાવવાને પૂજ્ય શ્રીમોટા જેવા ગીતાને આપણે માટે સુપાચ્ય બનાવે એ જરૂરી બને છે. મૂળ ગીતા

વાંચતાં અસંખ્ય પ્રશ્નો ઊઠે એ સ્વાભાવિક છે અને એના નિરાકરણ વિશે સંતપુરુષો અને તત્ત્વવિદોમાં પણ મૂળભૂત ભેદ પ્રવર્તેલા હોય છે. કેટલાક પ્રશ્નો તો અણઊકલ્યા પણ રહે.

એમના પ્રાથમિક અધ્યાયમાં જ- સંગ્રામનો હેતુ-પૂજ્ય શ્રીમોટાએ બહુ જ મહત્ત્વના પ્રશ્નને છેડ્યો છે. કુરુક્ષેત્રનું મહત્ત્વ-ધાર્મિક અને તાત્ત્વજ્ઞાનિક-તો જાણીતું છે જ. કવિવર્ય નાનાલાલે એમની અનોખી શૈલીમાં ઈશારો પણ કર્યો છે :-

**કુરુક્ષેત્રના આદિમાં છે ગીતાશાસ્ત્ર,**
**કુરુક્ષેત્રના અંતમાં છે શાંતિપર્વ.**

પણ પુસ્તકના પહેલા જ ચરણમાં પૂજ્ય શ્રીમોટા કહે છે તેમ 'ઉદ્‌ભવી શેં શકે જ્ઞાન સંગ્રામક્ષેત્ર ઉપરે ?' આવું અમૃત જેવું જ્ઞાન વહેવડાવવાનું સ્થળ **प्रासप्रोततप्रवीरोलवण-रुधिरपरामृष्टवुक्ष** થી ભરપૂર એવું યુદ્ધક્ષેત્ર જ કેમ ? આવા અસ્ફુટ પ્રશ્નને સ્પષ્ટ રીતે માંડીને એનું નિરાકરણ જે રીતે પૂજ્ય શ્રીમોટાએ લંબાણપૂર્વક, લગભગ ૮૯ શ્લોકોમાં કર્યું છે, તેવું ભાગ્યે જ બીજા કોઈ ચિંતકે કર્યું હશે. Essays on the Gita (Vol. I) ના પાંચમા તથા છઠ્ઠા પ્રકરણમાં મહર્ષિ શ્રીઅરવિંદે આડકતરો ઉલ્લેખ જરૂર કર્યો છે :-

'War, said Heraclitus, is the father of all things... From a clash of material or other forces everything in the world, if not the world itself, seems to be born, by a struggle of forces, tendencies, principles, beings it seems to proceed, ever creating new thing, ever destroying the old...This is certain that there is not only no construction here without destruction, on harmony except by a poise of contending forces won

out of many actual and potential discords, but also no continued existence of life except by a constant self-feeding and devouring of other life.' (p. 55, 56 Fifth Ed.) 'Then, as to human life in its actualities, we have to accept its aspect of a struggle and a battle mounting into supreme crisis such as that of KuruKshetra. The Gita, as we have seen, takes for its frame such a period of transition and crisis as humanity periodically experiences in its history in which great forces clash together for a huge destruction and reconstruction , intellecutual, social moral, religious, political and these in the actual and social stage of human evolution culminate usually through a violent physical convulsion of strife, war or revolution.' (p. 66, 67, ibid) પરંતુ વ્યક્તિના જીવનમાં સંગ્રામની આવશ્યકતા વિશે 'જીવનગીતા'માં જેટલી સ્પષ્ટતા છે તેટલી ભાગ્યે જ બીજે જોવા મળે છે. ગુણ અને ભવનાના વિકાસ ઉપર પૂજ્ય શ્રીમોટાનો ભાર તો જાણીતો જ છે :-

**'યોગ્ય સૌ ગુણ ને શક્તિ થવા વિકાસ જીવને,**
**ખીલે સંગ્રામથી, તેથી સંગ્રામ અનિવાર્ય છે.'**

(પૃ. ૪, શ્લોક ૩૬)

સંગ્રામ જીતવા 'તમન્ના'ની તો મૂળભૂત જરૂરિયાત છે. તે જ પ્રમાણે આધ્યાત્મિક જીવનમાં પણ ઉત્કટ તમન્ના-જેને પૂજ્ય શ્રીમોટા હંમેશાં volcanic aspiration કહેતા આવ્યા છે-વિના કશુંય સંભવિત નથી. **'જ્વાળામુખી સમી જેની જિજ્ઞાસા થાય ઉત્કટ'** (અધ્યાય-૬, પૃ.-૧૨૭, શ્લોક-૫૩) **तीव्रसंवेगानामासन्नः ।** (પાતંજલિ, યોગસૂત્ર) ટૂંકમાં,

**'સંગ્રામભૂમિકા જાગ્યા વિના જ્ઞાન ન સંભવે.'** (પૃ. ૮, શ્લોક-૭૮) આ તબક્કે એક રસપ્રદ પ્રશ્ન ઉપસ્થિત થાય છે :- ગીતામાં હિંસાનું પ્રતિપાદન કર્યું છે કે અહિંસાનું ? દસમા અને સોળમા અધ્યાયમાં અહિંસા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે :-

**अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।** (ભગવદ્‌ગીતા ૧૦, ૫) અને **अहिंसासत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।** (ભગવદ્‌ગીતા ૧૬, ૨) અહિંસા એટલે કે સામાન્ય અર્થમાં નહિ પણ એના વિસ્તૃત અર્થમાં-**अहिंसा सर्वथा सर्वदा भूतानामनभिद्रोहः ।** (પાતંજલિ) તો પછી હિંસાની વકીલાત કેમ ? આનો ભેદ સમજવા આપણે યાદ રાખવું પડશે કે –

**तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।** (ભગવદ્‌ગીતા ૩, ૧૯) અને **तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।** (ભગવદ્‌ગીતા ૧૬, ૨૪)

આખો ઝોક અનાસક્ત ભાવ ઉપર છે, બાહ્યિક કર્મ ગમે તે હોય. God cares more for the adverb than for the verb. આ અનુસંધાનમાં શ્રીકૃષ્ણપ્રેમના વિચારો ટાંકવા અસ્થાને નહિ ગણાય. 'Yes, I certainly think Kurukshetra was historical as well as adhyatmic (all the acts of a Mahapurusha have that two-fold quality and, for that matter, so have the acts of all men in a more limited degree-limited because of their inner disharmony)...I certainly hold that the instructions to Arjuna have their outer as well as inner application. Does Krishna then support violence on occasions ? Undoubtedly and on many occasions... Violence is a part of the manifestation but perhaps it would be correct to say

that it is the last resort and always has to be paid for. Its results are not permanent (because not harmonious). Notice that Krishna makes no attempt to deny Arjuna's gloomy prognostications about the evil results of the war and that in fact they did take place, though of course they were not the only results. Moreover, even if on Kurukshetra's field Krishna was weaponless, on other occasions he was by no means so.' ('Yogi Shri Krishnaprem' by Dilipkumar Roy, p. 185) પણ શંકરાચાર્ય ના મતે **( तस्माद् युद्धस्वेति अनुवादमात्रम्, न विधिः । न ह्यत्र युद्धकर्तव्यता विधीयते ।)**

વળી, એ યાદ રાખવું જરૂરી છે કે હિંસા અનિવાર્ય બને ત્યારે પણ મનમાં હિંસા નથી રાખવાની, પણ ફક્ત નિમિત્ત તરીકે જ આચરવાની છે. આમ થાય ત્યારે જ દોષ ન સંભવે :-

**यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।**
**हत्वापि स इमाँल्लोकान् न हन्ति न निबध्यते ॥**

(ભગવદ્‌ગીતા ૧૮, ૧૭)

એમની સાથે નિકટના પરિચયમાં આવનારા જાણે છે કે પૂજ્ય શ્રીમોટાના મતે, એમના જ શબ્દોમાં, 'ગીતા is not merely a Book of Authority but a Book of experience. ગીતા ફક્ત વાંચવાની કે રટવાની નથી પણ જીવવાની છે.' 'The Gita is based on direct knowledge of Reality, and of the path that leads to that Reality.' (Shri Krishnaprem-The Yoga of the Bhagvat Gita.) આધ્યાત્મિક માર્ગના આદિથી અંતનું એમાં નિરૂપણ છે અને એથી જ અધ્યાયોનો ક્રમ મહત્ત્વપૂર્ણ છે. ધ્યેય ઉપર પહોંચવાનો માર્ગ વિકટ છે એટલું જ નહિ પણ

ક્રમાનુસાર જ કાપવાનો છે. ગીતાના અંતમાં આવતો ઉપદેશ **सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज**, બીજાં સોપાનો ચઢ્યાં વગર અપનાવવો અશક્ય છે. સામાન્યતઃ પહેલા અધ્યાયનું-અર્જુનવિષાદયોગનું-ખાસ મહત્ત્વ સ્વીકારાતું નથી, કારણ એમાં કાંઈ તત્ત્વજ્ઞાન સ્પષ્ટતાથી નિર્દેશાયું નથી, પણ વિષાદયોગનું ખૂબ જ મહત્ત્વ છે.

'Arjuna typifies the representative human soul seeking to reach perfection and peace, but in the opening section we find that his mind is clouded, his convictions unsettled, his whole conciousness confused. Life's anxieties touch him with a gnawing distress. For every individual there comes an hour sometime or other, for nature is not in a hurry, when everything that he can do for himself fails, when he sinks into the fulf of utter blackness, an hour when he would give all that he has for one gleam of light, for one sign of the Divine. When he is assialed by doubt, denial, hatred of life and black despair, he can escape from them only if God lays his hand on him. If the divine truth which is free of access to all mankind, is attained only by a few, it sholws that only a few are willing to pay the price for it. The sense of insufficiency, of barrenness and dust, is due to the working of the Prefection, the mystery that lurks at the heart of creation. The invisible impulse to seek God produces the agony that inspires heroic idealism and human fulfilment. The image of God in us expresses itself in the infinit capicity for self-transcendence.'

*('The Bhagavadgita' by Radhakrishna, p.51)*

પૂજ્ય શ્રીમોટાએ વારંવાર એમનાં પુસ્તકોમાં પ્રતિપાદિત કર્યું છે કે આધ્યાત્મિક સંગ્રામમમાં કુ-વૃત્તિથી  બચવાનું નથી, પણ આપણા જીવનમાં વાણાતાણા માફક વણાઈ ગયેલા કેટલાય કહેવાતા સારા ખ્યાલોની, રિવાજોની, ટેવોની પણ આહુતિ આપવી પડશે. કેવળ દુર્યોધન અને દુઃશાસન જ નહિ, પણ ભીષ્મ અને દ્રોણને પણ હણવા પડશે. During the long ages of slumber the Soul has contracted all sorts of relationships and has submitted to the guidance of various ideals and traditions, and only now it is reealised that all these relationships must be destroyed and all these ideals, ideals that have oftern seemed the very goal of life, must be ruthlessly sacrificed on the battle field...Arrayed against him, he (Arjuna) finds the army of his desires. Not merely those desires that are conventionally considered 'evil', but many other too, the desire for 'harmless' enjoyment, the desire to shine in society surrounded by friends and the desire to lead a secure life...The call of the blood, the prestige of habit and established custom the ideologies which had sufficed in the past are all arrayed against him and perhaps the most bitter fact of all is the knowledge that the glittering ideals of patriotism, of family affection and of devotion to his religion have also 'eaten the food of the Kauravas' and, though they served as guides and teachers in the past, are, like Bhishma and Drona, in arms against the Soul and must be slain...Therefore, it is that, before the bright path of the Sun can be trodden, the aspirant must enter the valley of gloom, must close his eyes and ears to

the light and laughter of life and must realise in sorrow that all that he is and all that he has is nothing, before he can see and know in joy that within his heart is the All...(Shri Krishnaprem : The Yoga of the Bhagawat Gita). આ વિચાર પૂજ્ય શ્રીમોટાએ બહુ જ સુંદર રીતે પહેલા અધ્યાયના છેલ્લા ચરણમાં મૂક્યો છે :-

**નાખે વલોવી હૈયાને એવો ઊંડો વિષાદ જ્યાં,**
**સંપૂર્ણ પ્રગટ્યા વિના, ભૂમિકા પાકી થાય ના.**

*(અધ્યાય ૧, પૃ. ૧૭, શ્લોક ૫૪)*

આ પુસ્તકનું બીજું આકર્ષણ એ છે કે શ્લોકોને ગુચ્છકોમાં ગોઠવી દરેકનું તાત્પર્ય ટૂંકમાં ગુચ્છકની શરૂઆતમાં સમજાવવામાં આવ્યું છે. પૂજ્ય શ્રીમોટા પ્રખર વિચારક અને શાસ્ત્રોપનિષદોથી સુપરિચિત હોવા છતાં *'જીવનગીતા'ની ભાષા એટલી સરળ અને સ્પષ્ટ છે કે સામાન્ય માનવી પણ ગીતાનું રહસ્ય સહેલાઈથી સમજી શકે. ગુજરાતી ભાષાના જ આગવા એવા પ્રયોગથી ગીતા જેવા પુસ્તકના ભાવ સમજાવવામાં પૂજ્ય શ્રીમોટાએ ગજબ સિદ્ધિ બતાવી છે.

ઉદાહરણાર્થે :-

**પ્રાપ્ત જે કર્મ છે તેને આચરવું તુજ ધર્મ છે,**
**હાર કે જીત કે લાભાલાભ ના તુજ હાથ છે.**
**ઉપાડે ભાર કાં એનો ગાડાના શ્વાન જેમ તું ?**
**અથડાઈ મરે ખાલી ઘાણીના બેલ જેમ તું.**

*(અધ્યાય ૨, પૃ. ૩૫, ૩૬, શ્લોક ૧૪૧, ૧૪૮)*

---

* પૂજ્ય શ્રીમોટા ભગવદ્‌ગીતાને બાદ કરતાં શાસ્ત્રોપનિષદોથી મુદ્દલે પરિચિત નથી-અનુભવથી હોય તે જુદી વાત.-સંપાદક

**સંન્યાસી જો થવા જાય, બાવાનાં બગડેય બે,**
**ઘાટનો, ઘરનો ના રહે, કઢંગી સ્થિતિ પામશે.**
*(અધ્યાય ૫, પૃ. ૧૧૩, શ્લોક ૩૯)*
**મને તો વાંદરા જેવું, દબાવાયે જ વાયુ જો,**
**સંયમે તે રહે, કિંતુ આ તે શેં વશ થાય ? કહો.**
*(અધ્યાય ૬, પૃ. ૧૩૧, શ્લોક ૮૪)*

**कर्मेन्द्रियाणि संयभ्यय य आस्ते मनसा स्मरन्** નું પણ સરસ ચિત્ર છે :-

**અનેક જાતના ઘોડા ઘડે કૈં માનવી મને,**
**બેઠાડુ, આળસુ જેવા, મિથ્યાચારી જ મૂર્ખ તે.**
*(અધ્યાય ૩, પૃ. ૫૪, શ્લોક ૫)*

ભગવદ્ગીતાના આઠમા અધ્યાયમાં શરીર છોડવાના નિરૂપેલા કાળ-ઉત્તરાયણ અને દક્ષિણાયન-ના રૂપક વિશે પણ મતાંતર પ્રવર્તે છે. 'There are two Paths, two ever asting Paths, by one or other, must all souls go forth. By the one he goeth who returneth not, by the other he who again returneth. There are the 'Way Above' and 'the Way of Death' of Hermes Trismegistus, probably also the Two Paths, one through the sky and one beneath the earth, mentioned by Plato in his vision of Er. These Paths, the Path of Light and the Path of Darkness, have been veiled in sysmbolism throught out the ages. This particular symbolism is far older than the Gita, and these so-called 'times' are no times at all. It does not matter when a man may die, if he has knowledge he will tread

the Upward Path, if not, the Path of Gloom to birth and death.'

*('The Yoga of the Bhagwat Gita' by Krishnaprem, p. 76)*

મહર્ષિ શ્રીઅરવિંદનો મત જુદો છે. આમાં કંઈક તત્ત્વ રહેલું છે એમ સ્પષ્ટ માને છે. 'Yogic experience shows in fact that there is a real psycho-physical truth, not indeed absolute in its application, behind this idea, viz., that in the inner struggle between the powers of the Light and the powers of the Darkness, the former tend to have a natural prevalence in the bright periods of the day or the year, the latter in the dark periods, and this balance may last until the fundamental victory is won.'

*(Essays on the Gita, 2nd vol. IIP. 49)*

પૂજ્ય શ્રીમોટાએ આ બે માર્ગોનો ભેદ બહુ જ સરસ રીતે દોર્યો છે :-

**ઉત્તર અયનમાં શુકલ તિથિ નિષ્કામ કર્મતણી ગતિ,**
**દક્ષિણ અયનમાં કૃષ્ણ તિથિને જાણ સ્વાર્થતણી ગતિ,**
**છે મુક્તિ ભક્તિમાર્ગમાં ને સ્વાર્થપથમાં બંધન,**
**અજ્ઞાનપથ, તે સ્વાર્થપથ, ને જ્ઞાનપથ, ભક્તિપથ.**

*(અધ્યાય ૮, પૃ. ૧૫૯, શ્લોક ૯૭, ૯૮)*

ગીતામાં ઈશ્વરપ્રાપ્તિના વિધવિધ ઉપાયો બતાવાયા છે. પૂજ્ય શ્રીમોટા પ્રેમભક્તિને આ જમાના માટે વધારે સાનુકૂળ ગણતા લાગે છે. 'અનાસક્તિ વગર કશું ન વળે અને અનાસક્તિ

માટે સહેલો ઉપાય ભક્તિ છે. એ સહેલો પણ છે અને જો હૃદયમાં ન વસ્યો તો અઘરો પણ છે. એ તો **'માથા સાટે મોંઘી વસ્તુ'** લેવાની વાત છે.' (અધ્યાય ૯, પૃ. ૧૭૫) આમાં તો ભાવપૂર્વકનું સંપૂર્ણ અર્પણ જોઈએ. **न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ।**

**સર્વાર્પણ વિના પાર્થ ! ને પ્રેમ સર્વવ્યાપક,**
**કદીયે સંભવે છે ના ભક્તિ મારી અલૌકિક.**

*(અધ્યાય ૧૧, પૃ. ૨૧૭, શ્લોક ૧૦૦)*

વ્યાધ, ધ્રુવ, ગજેન્દ્ર, વિદુર અને કુબ્જા-સંસારના જુદા જુદા સ્તર, યોનિ અને બૌદ્ધિક વિકાસ પામેલા-માત્ર ભક્તિથી જ ભવસાગર તરી ગયા :-

**व्यधस्यचरणं ध्रुवस्य च वयो विद्या गजेन्द्रस्यका**
**का जातिर्विदुरस्य यादवपतेरग्रस्य किं पौरुषम् ।**
**कुब्जायाः कमनीयरुपमधिकं किं तत्सुदाम्नो र्धनम्**
**भक्त्या तुष्यति केवलं न तु गुणैः भक्तिप्रियो माधवः ।**

*(ભાગવત ૧૨, ૧-૫)*

'જોકે બંને એક જ ધ્યેયને પામે છે, તેમ છતાં માર્ગ તરીકે નિરાકારની ભક્તિ કરતાં સાકારનો માર્ગ વધુ પસંદ કરવા લાયક છે', કેમ કે તે વધારે સહેલો છે.' (પૃષ્ઠ ૨૨૦)

**નિર્ગુણી છે નિરાકાર, કલ્પનાતીત તેથી તે,**
**જગે જાણ્યેઅજાણ્યે સૌ રૂપ સાકારને ભજે.**

*(અધ્યાય ૧૨, પૃ. ૨૨૦, શ્લોક ૯)*

'ઉન્માદકારી નશા'નો આસ્વાદ લેવા કોઈ એક સાધારણ માર્ગ નથી જ. બધાંને લાગુ પડતું કોઈ એક જ ધોરણ નથી. માટે

જ પૂજ્ય શ્રીમોટા કહે છે કે -

**સધાયે ભક્તિ જે માર્ગે તે માર્ગે સાધી લે હૃદે,**
**ગમે તે માર્ગથી પ્રાપ્ત કરી લે તુજ ધ્યેયને.**

*(અધ્યાય ૧૨, પૃ. ૨૨૪, શ્લોક ૩૩)*

ભક્તિ એટલે **परानुरक्तिरीश्वरे, निर्हेतुका ।** 'Bhakti is not merely the 'flight of the alone to the Alone, the Soul's detachment from the world and attachment to God, but is active love for the Divine who enters into the world for redeeming it.' (Radhakrishnan, The Bhagvad Gita, p. 62) કેટલીક વાર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે ગીતામાં ભક્તિને પ્રાધાન્ય અપાયુંછે કે પ્રપત્તિ અથવા શરણાગતિને ? 'While Bhakti requires faith and love, in prapatti we simply surrender ourselves to God, place ourselves in His hands leaving it to Him to deal with us as He elects...The difference between Bhakti and prapatti is symbolised by the ape way **( मर्कटन्याय )** and the cat way **( मार्जारन्याय ).** The young ape clings to the mother and is saved. A little effort on the part of the young is called for. The mother cat takes the young in her mouth. The young one does nothing to secure its safety. In bhakti the grace of God is earned to an extent, in prapatti it is freely bestowed. There is no reference in the latter to one's own worthiness or the service performed...The distinction of prapatti and bhakti relates to the issue in Christian thought which is as old as St. Augustine and Pelagius, whether man as a fallen creeature is to be saved only by the grace of God or

whether he can make something of himself and contribute by his own effort to his salvation.

Pelagius believed in free will, questioned the doctrine of original Sin and asserted that men acted of their own moral effort... The Gita is inclined to the Pelagian doctrine." *(Radhkrishnan, p. 62-63)*

છેલ્લા અધ્યાયમાં સ્પષ્ટ જ છે કે :-

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।**

પણ ભક્તિ અને પ્રપત્તિ વચ્ચે જે ભેદ જોવામાં આવે છે, એનું કારણ ગીતાનો ક્રમ ચૂકી જવાય છે. ભક્તિયોગ ૧૨મા અધ્યાયમાં નિરૂપાયેલો છે અને પ્રપત્તિ તો છેવટે આવે છે. ભક્તિમાંથી જ પ્રપત્તિ ઉદ્ભવે છે એમ લાગે છે.

'The Gita deals with the whole Path from the beginning to the end, from what Buddhists term 'Entry in the stream' to the goal of Nirvana. It follows that the sequence of the chapters is of great importance and that it is a mistake to do, as some expositors have done and expound the teachings with no reference to the place at which they occur in the general scheme. For instance, stress has often been laid on Gita : 18, 66 : 'Abandoning all dharmas, take refuge in Me alone. Fear not, I will liberate thee from all sins,' as though this teaching, which comes at the very end of the Gita, were capable of being practised in the early stages of the Path. All that results from such misplacing is emotional pietism. There is no shortcut to the Goal. The whole course has to be run by each disciple, and though, through having practised

in previous lives, the early stages may for some be but a rapid recapitulation, each chapter has to be lived thorough in its proper sequence.'

(Krishnaprem, 'The yoga of the Bhagwat Gita.' P. XV) ટૂંકમાં, ભક્તિ વિના પ્રપત્તિ ન પ્રજળે, પણ સ્વધર્મ છોડી મુખેથી શુકવત્ 'કૃષ્ણ, કૃષ્ણ' રટવામાં જ પ્રપત્તિ આવી નથી જતી.

**स्वधर्मकर्मविमुखाः कृष्णाकृष्णोतिवादिनः ।**
**ते हरेर्द्वेषिनः मूढाः धर्माथं जन्म यद् हरेः ॥**

"Not everyone that call 'Christ[1] Lord but he that dose the will of the Father, shall enter into the kingdom of Heaven."

આ બધા ધર્મ છોડવાના કહ્યા તે ધર્મનો અર્થ શો ? **'એ જાણ્યા વિણ તું ઊંધું મારશે નક્કી જાણજે.'** (અધ્યાય ૧૮, પૃ. ૨૭૦, શ્લોક ૧૧૦)

The one thing necessary is that we should abandon the supports (dharman) on which we have hitherto based and propped our egos in the attempt to enhance their sense of value and security, the supports of caste and ashrama, of wealth and social position, of learning or of virtue, all those supports in fact, which have enabled us to say : 'I am I, a person not without importance in the world.' All these trumpery pedestals we must abandon and base ourselve on Him alone who is the Support of all the worlds. Then to the free Soul freed of its entanglements with self, freely placing its hand in the hand of the Ever-free Krishna, comes the free gift of

love : ‘fear not; I will liberate from all sins.’ (‘The Yoga of the Bhagwat Gita’ by Krishnaprema).

‘We have to stand naked and guileless before the Supreme. Evolution means a stripping of all sheaths, a vastrapaharana.’ (Radhakrishnan)

પૂજ્ય શ્રીમોટાએ પણ આને વિશે લંબાણપૂર્વક અને બહુ જ સ્પષ્ટતાથી માર્ગદર્શન આપ્યું છે :-

ટૂંકમાં પ્રાપ્ત તે ધર્મ સર્વ તો પાળવા ઘટે,
એનો જો તું કરે ત્યાગ વસમી વાત થાય તે.

જે ત્યાગ કરવાનો હું કહું છું તે બીજો જ છે,
એ વિશે કંઈ સંદેહ મનમાં રાખ ના હવે.

સંકલ્પ ને વિકલ્પ એ મનના ધર્મ જાણજે,
એ ધર્મ ત્યાગીને વાળ મારામાં મનને હવે.

ઇંદ્રિયોનો જ છે ધર્મ બહિર્મુખી થવાપણો,
અંતર્મુખ રહે, તેવું કર યત્ન કરી ઘણો.

જીવસ્વભાવવાળી જે બુદ્ધિના નિર્ણયો ઘણા,
આડફંટે લઈ જાય તેમને ત્યજવા બધા.

મનાદિકરણો કેરા સૌ પ્રાકૃતિક ધર્મને,
પૂરેપૂરા ત્યજી દૈને શરણે મુજ આવજે.

*(અધ્યાય ૧૮, પૃ. ૨૭૦, શ્લોક ૧૧૨ અને ૧૨૧થી ૧૨૫)*

ઈશ્વરાર્પણ બુદ્ધિથી જે કર્મયજ્ઞ થાય, તેથી સાચી શ્રદ્ધા થાય. એવી શ્રદ્ધાથી થયેલું સૌ કૈં પવિત્ર જ છે, પણ શ્રદ્ધા વગરનું અને સમર્પણ વગરનું સારામાં સારું કામ પણ ધૂળ છે.’ (અધ્યાય ૧૭, પૃ. ૨૨૫, શ્લોક ૨૬ પછીની લીટીઓ.)

**જાણતાં કે અજાણયેયે ઈશ્વરાર્પણ બુદ્ધિથી,**
**શિષ્ટાચાર થકી ભિન્ન કદી કાર્ય કરે કંઈ,**
**છતાં એને ન લાગે છે દોષ સ્હેજેયે અર્જુન !**
**સર્વસ્વ કેમ કે અર્પે મને તે તેનું નિત્ય જ.**

*(અધ્યાય ૧૭, પૃ. ૨૫૬, શ્લોક ૨૮-૨૯)*

સત્ય નિર્ણય માટે સામાન્યપણે ત્રણ માપદંડ દર્શાવાય છે. શ્રુતિ, યુક્તિ-તર્ક-અને અનુભૂતિ. ભગવદ્‌ગીતામાં પણ શાસ્ત્રોનું મહત્ત્વ સ્વીકારાયું છે :-

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

*(ભગવદ્‌ગીતા ૧૬, ૨૪)*

સ્વાભાવિક રીતે જ આત્મતત્ત્વ જેમણે નીરખ્યું એ તો અનુભૂતિ ઉપર જ ભાર મૂકે. પૂજ્ય શ્રીમોટા શાસ્ત્ર સમજવા માટે અનુભવી પાસે જ જવાનું કહે છે, નહિ કે શાસ્ત્રપંડિત પાસે.

**તેથી નિર્ણયમાં તારા જે જે કાર્યઅકાર્યના,**
**અનુભવીની પાસેથી બધા સિદ્ધાંત નિશ્ચલ,**
**પૂરા તું સમજી લેજે, રહેતો ગાફેલ ના કશે,**
**એને અનુસરી તારું શુદ્ધ વર્તન રાખજે...**

*(અધ્યાય ૧૬, પૃ. ૨૫૧, શ્લોક ૩૭-૩૮)*

The teaching of the Gita is yoga and teacher is yogesvara. When the human soul becomes enlightened and united with the Divine, fortune and victory, welfare and morality are assured. We are called upon to unit vision (yoga) and energy (dhanush) and not allow the

former to degenrate into madness or the latter into savagery. 'The great centralities of religion,' as Baron Von Hugel loved to call them, the tremendous facts of life divine are yoga, the realisation of God through worship and entire submission to His will and dhanush or active participation in the furtherance of the cosmic plan. Spritual vision and social service should go together. The double purpose of human life, personal perfection and social efficiency is indicated here." (Dr. Radhakrishnan : 'The Bhagvadgita')

પૂજ્ય શ્રીમોટાએ પોતાના જીવનમાં ઉપર દર્શાવેલા 'યોગ' અને 'ધનુષ્ય' બંને સાક્ષાત્ કરી બતાવ્યા છે.

'અંતરંગ', રામકૃષ્ણકુંજ સોસાયટી, **લલિત ર. દલાલ**
પોલિટેક્નિક નજીક,
અમદાવાદ-૧૫.
તા. ૧૭-૬-૧૯૬૮

॥ હરિ:ૐ ॥

# લેખકના બે બોલ

## (બીજી આવૃત્તિ)

સને ૧૯૩૨માં વિસાપુર જેલમાં આ ગીતાજી લખેલાં હતાં. સરળ સાદી ગુજરાતીમાં અને એકબે વાર વાંચતાં સમજી જવાય એવી રીતે તે લખવાની નેમ હતી, અને તે પણ આશ્રમના વિદ્યાર્થીની તેવી મારી કને માગણી થયેલી તેથી. ઉપલી નેમ ફળી છે કે કેમ તેનો ન્યાય તો પ્રત્યેક વાંચનાર કરી શકે.

મૂળ ગીતાનો પ્રત્યેક અધ્યાય કેટલીક વાર વાંચી જતો, અને પછીથી હાલ જે છપાયેલું છે, તે પ્રમાણે પ્રત્યેક અધ્યાયવાર લખવાનું રાખતો. કેટલુંક તેથી રહી જવા પણ પામ્યું હોય અને કેટલુંક યોગ્ય સમજણ વિશદપણે પ્રગટાવવાને વધારે પણ લખાઈ ગયું હોય.

જીવનવિકાસની સાધનામાં શ્રીપ્રભુકૃપાથી પડી ચૂકેલો જ હતો અને જીવનસાધનાના અભ્યાસમાંથી જે જીવંત સમજણ પ્રગટેલી હશે, તેનાં દર્શન પણ આ લખાણમાં કેટલેક ઠેકાણે થયાં કરેલાં છે. જીવનસાધનાનું મૂળ ગીતાજીમાં રહેલું છે, જોકે તે પહેલાં કે તે પછી ગીતાજી વાંચેલી નથી, તેના તો કેટલાક સાથી-કાર્યકર્તાઓ જીવતા સાક્ષી છે જ, તથા કોઈ આધ્યાત્મિક કે બીજું સાહિત્ય વાંચવાનો તે વેળા રસ ન હતો, તે પણ મારા સાથીદારોની જાણમાં છે. આ લખેલી ગીતાજીને પણ કદી બહાર કાઢી નથી, તેમ જ તે અંગે કદી વાતબાત પણ કરેલી નથી. આ સાલ વળી કંઈક કશા નિમિત્તે તે અંગેનું સ્મરણ જાગ્યું અને તેનું આ પરિણામ છે.

ગીતા એટલે જીવનગીતા-જીવનવિકાસના ઉત્કટ ઝંખનાયુક્ત હેતુથી જ્ઞાનભક્તિપૂર્વકની ચેતનાયુક્ત જાગૃતિથી જીવન જીવતાં જીવતાં જે યોગસિદ્ધિ અને સૂક્ષ્મજીવન અને કારણજીવનના અનુભવો મળ્યાં કરે છે અને તેમાંથી જે સહજજ્ઞાન નિષ્પન્ન થાય છે તે. કર્મ, ભક્તિ, જ્ઞાન—તે બધાંનો ગીતાજીમાં તો યોગ્ય સુમેળ છે, અને કર્મ એટલે માત્ર જડસુ વહેવારવર્તન નહિ પણ જ્ઞાનમૂલક ચેતનાપ્રાણપ્રેરક વર્તન, કે જેનાથી કરી આપણા *આધરનાં ×કરણોને સમતાયુક્ત યોગ્ય જીવંત કેળવણી મળ્યાં કરે, તેવા હેતુના જ્ઞાનભાન સાથે થયાં કરતું હોય, તે જ કર્મ કહેવાવાને યોગ્ય છે.

સારીય ગીતાજીમાં માત્ર કૃપા ઉપર આધાર રાખીને બેસી રહેવાનું ક્યાંયે કહેલું નથી. જીવનવિકાસની ભાવનાથી તેવા જ્ઞાનપૂર્વકના હેતુથી અને પાછું સંપૂર્ણ અનાસક્તિપૂર્વક (જે આપમેળે મળ્યાં કરેલ હોય એવાં) શ્રીપ્રભુપ્રીત્યર્થે થતાં રહેતાં જે કર્મ, તેવાં કર્મ જ કર્મ કહી શકવાની યોગ્યતાવાળાં છે, બીજાં નહિ જ. એવાં કર્મમાં જે **જીવ**ને તામસ, જડતા, કામના, આશા, તૃષ્ણા, રાગ, આદિ વળગ્યાં હોય, એને નિવારવાને જેને ઉત્સાહ પ્રગટતો નથી, જે એવું એવું ઊપજે, તે વેળા તેનો કટિબદ્ધ થઈને પૂરો (પ્રાર્થનાભાવે પરોવાઈને) સામનો કરતો નથી. તેમ જ તે ગીતાજીનો ભક્ત પણ નથી. ગીતાજીનાં કર્મ તો ખરા પરાક્રમીને

*વ્યક્તિનું વ્યક્તિત્વ, ઈંદ્રિયો, મન, બુદ્ધિ, અહંકાર વગેરે મળીને થાય તે આધાર.

×કરણ : ક્રિયાનાં સાધનો, પ્રેરક તત્ત્વો, કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, મન, મતિ, અહંકાર.

શોભે અને શોભાવે તેવાં છે. આજે સમાજમાં ગીતાજીની ભાવના જીવતી થયેલી નથી. જો ગીતાજીનો ધર્મ જીવતો હોય તો તેવી પ્રજાના હાલહવાલ આવા ન હોય. ભલેને સંતમહાત્મા, મોટા મોટા સાધુઓ, વિદ્વાનો ધર્મોપદેશ કર્યા કરતા હોય, તેથી શું ? આજે ધર્મ પ્રજામાં જીવતો થઈને છતો થયેલો નથી. જે પ્રજામાં ધર્મ છે, તે પ્રજાનાં શહૂર અને ખમીર કોઈ ન્યારા પ્રકારનાં હોય. ધર્મના પાલન અને વર્તનથી તો જીવનમાં ખુમારી અને ટટારી પ્રગટે છે. ગીતાજી માત્ર નિત્ય પારાયણ પૂરતું નથી, પણ તેનો હેતુ તો એનાં મર્મ-હાર્દ જીવનમાં અનુભવમાં પ્રગટાવવા સારુ છે અને તે તો તેવા આચરણથી જ શક્ય બને.

ગીતાજીમાં કેટલેય ઠેકાણે એકનો એક શબ્દ જુદા જુદા અર્થમાં વપરાયેલો છે. એમાં વાંચનારે વિવેક વાપરવાનો રહેલો છે. દા.ત. 'જ્ઞાનીનું જ્ઞાન આવરે' એમ છે. અહીં 'જ્ઞાની' શબ્દ સાધક કાજે વપરાયેલો છે અને 'જ્ઞાન' શબ્દ પણ અહીં શુદ્ધ ચેતનયુક્ત જ્ઞાન (અનુભવ)ને અનુલક્ષીને વપરાયેલો નથી. આવા પ્રકારનું જ્યાં જ્યાં લખાણ હોય ત્યાં આપણે વિવેક વાપરવાનો રહે છે.

કર્મ, ભક્તિ, ધ્યાન, જ્ઞાન—એ બધાય માર્ગનો સમન્વય ગીતાજી તો આપણને બતાવે છે. કશું પણ એકલું નથી હોઈ શકતું, દરેક પરસ્પર એકબીજા સાથે સંકળાયેલું જ હોય છે. જે કર્મના અંતરમાં જીવતાંજાગતાં ભક્તિ, ધ્યાન, જ્ઞાન નથી તેને કર્મ કહી જ ન શકાયને ? તેવી રીતે ભક્તિ એટલે કે ભાવનાને સાકાર સ્વરૂપ દેવા કાજે જ્ઞાનયુક્ત કર્મની અવશ્ય જરૂર રહેવાની જ. અને કંઈ કશામાં સંપૂર્ણ કેંદ્રિતપણાની એકાગ્રતા પ્રગટ્યા

વિના તે સંપૂર્ણતાને કેમ કરીને પામી શકે ? એટલે આપણા રોજિંદા વહેવારવર્તનનાં કર્મોમાં, એનું ઉત્તમ પ્રકારનું યોગ્યપણું પ્રગટાવવા કાજે જ્ઞાન, ભક્તિ ધ્યાનસ્થ પ્રકારનાં રહ્યાં કરે તે જરૂરનું છે, અને તે તે બધાં સાધનનો હેતુ-ઉપયોગ-આપણામાંના ચેતનને અનુભવવામાં અને તેનાથી ઉપયોગમાં પ્રવર્તાવવા કાજે છે. આ બધું ગીતાજી આપણને સ્પષ્ટપણે બતાવે છે. ગીતાજીમાં ક્યાંય કશે સંકુચિત ભાવનાનો અર્થ નથી. કાળે કાળે એના શબ્દની ભાવનાનો વિસ્તાર થતો જ રહેવાનો છે.

ગીતાજીના લખાણના શબ્દનું હાર્દ કાળે કાળે પરિવર્તન પામતું જવાનું. આજથી હજાર વર્ષ પછી કે એક હજાર વર્ષ પહેલાં જે અર્થ થતો હોય તે ને તે અર્થ તેનો આજે ન પણ હોય. કાળે કાળે બધું જ બદલાતું રહે છે.

ગીતાજીનો ઉપદેશ યુદ્ધક્ષેત્ર ઉપર અપાયો છે, તે ખાસ સૂચક છે. જ્ઞાનના અનુભવ પ્રતીક રૂપે જ અવતરણ પામતા હોય છે. જ્ઞાનનો અનુભવ પ્રતીક દ્વારા જેટલો ઉત્તમ અને યોગ્ય રીતે વ્યક્ત થાય છે, તેટલો બીજી કોઈ પણ રીતે નહિ જ. સારુંય જીવન સંગ્રામ ઉપર રચાયેલું છે અને જીવનનું રહસ્ય પણ સંગ્રામમાંથી જ સાધક-**જીવ**ને મળી શકવાનું છે.

શ્રી ગુલાબરાય ફૂલશંકર મંકોડી સાહેબના વાંચવામાં 'જીવનગીતા' આવી, અને તે પુસ્તક તેમને સમજવામાં સરળ અને ભાવ-અર્થવાહી લાગ્યું, અને ત્યારે 'જીવનગીતા' બધી જ વેચાઈ ગઈ હતી, એક પણ નકલ હતી નહિ. તેથી, લોકોપકારક દૃષ્ટિએ પુનર્મુદ્રણ થાય તેમ તેઓશ્રીએ ઇચ્છ્યું અને તેમાં તેમણે સંપૂર્ણ બધી રીતનો સહકાર આપ્યો છે.

મારું લખેલું બધું જ લખાણ તેઓ વાંચી ગયા. જ્યાં જ્યાં સુધારવા જેવું લાગ્યું ત્યાં ત્યાં તેમણે તેમ કરી બતાવ્યું અને તે પ્રમાણે મેં તે સુધારી પણ લીધું છે. તેઓ ભારે કામમાં રચેલા રહેલા હોવા છતાં ખાસ સમય કાઢીને આ બધું લખાણ વાંચી ગયા, તેવા તેમના પ્રેમભાવને **आ जीव** શ્રીપ્રભુની કૃપાપ્રસાદી સમજે છે અને તેઓશ્રીના ઉપર વારી જાય છે. સાચી રીતે આમ આ 'જીવનગીતા'ને મઠારનાર તથા આના બધી રીતે કર્તાહર્તા શ્રી મંકોડી સાહેબ જ ગણાય.

કેટકેટલી ઝીણવટથી અને સૂક્ષ્મ ભાવથી જે અર્થ અને ભાવનો સુમેળ પ્રગટે એવી રીતે આખું લખાણ વાંચી જઈ, તે રીતે તેમણે જે સુધારો કર્યો છે, તે માટે અને આ 'જીવનગીતા'નું પ્રકાશન થવા આર્થિક મદદ પણ તેઓશ્રીએ જ આપી છે અને મેળવી આપી છે, તે કારણથી પણ આ જીવનગીતાના તેઓશ્રી સાચા કર્તાહર્તા છે.

શ્રી મંકોડી સાહેબે હરિઃૐ આશ્રમમાં પધારી અવારનવાર સત્સંગનો જે લાભ, સુખ અને આનંદ આપ્યાં છે, તેની તો વાત જ કોઈ ન્યારી છે ! અને તે કારણે તો તેઓશ્રી દિલમાં પ્રવેશેલા છે. એવા શ્રી મંકોડી સાહેબનો આભાર શબ્દોથી કેવી રીતે માનું ! માત્ર હૃદય જ ભાવ ભાવને પ્રીછીને અનુભવે છે.

આ 'જીવનગીતા'ના પ્રકાશન કાજે નીચેની વ્યક્તિઓએ આર્થિક સહાય તેમ જ એક સામટી જીવનગીતાની પ્રતો ખરીદીને જે સહાય કરી છે, તે સારુ તે સર્વેનો હૃદયથી હૃદયમાં આભાર માનું છું.

રૂપિયા ૧૦૦૦/- શ્રી ગુલાબરાય ફૂલશંકર મંકોડી (I.A.S.) અમદાવાદ. (પૂજ્ય જલારામ બાપાનો ફોટો એક હજાર પ્રતોમાં મૂકવાનો.)

| | | |
|---|---|---|
| રૂપિયા | ૧૦૦૦/- | વીરપૂર પૂજ્ય ભગત બાપા શ્રી ગિરધરરામજી મહારાજ. (પૂજ્ય જલારામ બાપાનો ફોટો એક હજાર પ્રતોમાં મૂકવાનો.) |
| રૂપિયા | ૫૦૦/- | શ્રી V. G. મંકોડી, મુંબઈ. |
| રૂપિયા | ૫૦૦/- | શ્રી B. K. રીનદાની, મુંબઈ. |
| પ્રતો | ૫૦૦/- | સ્વ. શ્રી વલ્લભદાસ કરસનદાસ નાથા ટ્રસ્ટ (હસ્તે શ્રી ડૉક્ટર માધવદાસ, મુંબઈ) |
| પ્રતો | ૨૫૦/- | સ્વ. શ્રી રાયચંદ વિઠ્ઠલદાસ માધાણી |
| પ્રતો | ૨૫૦/- | સ્વ. શ્રી દામોદરદાસ પરમાનંદ દેસાઈ (હસ્તે વિદ્યાબહેન પી. માધાણી, અમદાવાદ) |

શ્રી લલિતચંદ્ર દલાલે (I.C.S.) ગુજરાત રાજ્યના નાણાકીય ખાતાના સચિવના તથા અધિક મુખ્ય સચિવના તેઓશ્રીના કામમાં એકધારા વળગેલા હોવા છતાં મારા ઉપર તેઓશ્રીના દિલનો ભાવ હોવાથી આ ‘જીવનગીતા’ની પ્રસ્તાવના લખી આપવાનું કાર્ય તો મારા જેવા ગરીબને પ્રતિષ્ઠા અપાવનારું છે. શ્રી લલિતચંદ્ર, સંસ્કૃત ઉપર સારો કાબૂ ધરાવે છે અને આમેય એમનું વાંચન આધ્યાત્મિક ક્ષેત્રે વિશાળ છે, તેની મને જાણ છે. તેથી, આ ‘જીવનગીતા’ની પ્રસ્તાવના તેઓશ્રી જેવાને હાથે લખાય છે એને હું શ્રીપ્રભુની પરમ કૃપા ગણું છું. ફરીથી તેમના હૃદયમાંના શ્રીપ્રભુજીને પ્રાર્થનાભાવે નમી વિરમું છું.

અરુણ પ્રિન્ટિંગ પ્રેસના સંચાલક શ્રી ડાહ્યાભાઈ મોદીએ તથા તેમના કાર્યકરોએ હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્રને જ્યારે જ્યારે કંઈ પણ છાપવાનું કામ પડ્યું અને તેમને વિનંતી કરીએ, કે

તરત જ તેઓએ તે પ્રેમથી સ્વીકારી લઈને તે કામ તુરતાતુરત હંમેશાં ખૂબ જ ઓછા ભાવે અને કંઈક આર્થિક ભોગે જાતે ઘસાઈને પણ અને કેટલીક વાર તો વિના મૂલ્યે પણ પાર પાડ્યાં જ કર્યું છે. તેમનો તો ઉપકાર કેવી રીતે માનવો ? માનીએ તોયે તે ઘણું ઊણપવાળું જ હોય. બદલો આપનાર તો એક ભગવાન જ સમર્થ.

આ ગીતાજીની પ્રથમ આવૃત્તિ શ્રી ભીખુભાઈ હરિભાઈ પટેલે રકમ ઉઘરાવીને તથા શ્રી હેમંતકુમાર નીલકંઠે સુરતમાં સ્થળ ઉપર રહીને પ્રૂફો વગેરે તપાસીને પ્રગટ કરી હતી, તે પ્રતો બધી ખપી ગઈ અને તેની માંગ કાયમી રહેવા લાગી અને તે ઉપરાંત, શ્રી ગુલાબરાય મંકોડી સાહેબે આ ગીતાજીનું પુનર્મુદ્રણ થાય તેમ ઇચ્છ્યું તથા તેમાં પોતાનો સહયોગ રહેશે એમ સૂચવ્યું તેથી આ કાર્ય હાથ ઉપર લેવાનું નક્કી કર્યું. ગયા વર્ષે મહાલમાં (ડાંગના જંગલમાં) આરામમાં અને એકાંતમાં અમે હતા ત્યારે ફરીથી આ ગીતાજીને જોઈ, વિચારી, કેટલુંક ઉમેરી લીધું. વડોદરાવાળા શ્રી જયરામભાઈ શંકરભાઈ દેસાઈએ તથા તેમનાં પત્ની શ્રીમતી પુષ્પાબહેને તથા તેમનાં સંતાનોએ ત્યાં મને ઘણી સરળતા, સગવડ અને શાંતિ આપ્યાં. તેથી, આ સુધરેલી-વધારેલી બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ શક્ય બની શક્યું છે.

હરિજન આશ્રમ, સાબરમતી **- મોટા**

તા. ૯-૩-૧૯૬૬ તથા તા. ૧૫-૬-૧૯૬૮

હરિઃૐ આશ્રમ, રાંદેર (વાયા સુરત)

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (ત્રીજી આવૃત્તિ)

હાલમાં પ્રવર્તતા જે ધર્મો, સંપ્રદાય વગેરેની સ્થિતિચુસ્તતા (Rigidity) છે, તેવું તે કાળમાં (ગીતા ઉદ્ભવી તે કાળમાં અને તે પહેલાં) ન હતું. ચેતનને અનુભવવાની અને સામાજિક જીવનને નભવા, ટકવા અને વ્યવસ્થિત થવા અને વિકાસ થવા, જે ધર્મની પ્રણાલિકાઓનું હજી તો થયાં કરવાપણાની દશામાં તે તે બધું હતું. કશું જ સજ્જડ ચોકઠાં જેવું ક્યારેય ન હતું. તેમ છતાં તે કાળમાંય एक ब्रह्मની ઉપાસનાનો મુલાયમ ઢાંચો તો રચાવા મંડાયેલો લાગતો હતો. ત્યારે કોઈ આવા હાલના જેવા સજ્જડ વાદ ન હતા. ગીતાના કાળનીયે પહેલાંથી ઉપાસના, ભક્તિ અને જ્ઞાન, કર્મ વગેરેના ક્રમનો આરંભ તો થઈ જ ચૂક્યો હતો, પરંતુ તેમ છતાં તેમાં સ્થિતિચુસ્તતા એટલાં બધાં ન હતાં. કંઈ કશું એક જ પ્રકારનું જે તે શ્રેષ્ઠ છે, એવું મંતવ્ય પણ ત્યારે જીવતુંજાગતું બનેલું હોય એમ લાગતું નથી. જોકે મને શાસ્ત્રો ઉપનિષદ-કશાનો પરિચય નથી, તેમ છતાં આટલું લખવાની ધૃષ્ટતાને વાચકો નિભાવી લેશે એવી પ્રાર્થના.

ગીતા ઉદ્ભવી તે કાળમાં ‘યજ્ઞ’નું તાત્પર્ય અને તેનો અર્થ જે સમાજમાં પ્રચલિત હતો, તેવા તાત્પર્ય અને અર્થની બાબતમાં પણ, તેના ભાવાર્થમાં પણ, ‘યજ્ઞ’નો અર્થ તે કાળના સમાજમાં જે પ્રચલિત હતો, તેનાથી વિકાસ પામતા જતા ભાવના-અર્થમાં ગીતામાં પણ પરિણીત થતો જતો જરૂર લાગે છે. આજનો કાળ

અને ગીતા ઉદ્ભવી તે કાળ અને તે પહેલાંનો કાળ, એ બધામાં આસમાન જમીનનો તફાવત છે. જે જીવનનાં સનાતન મૂલ્યો હોય, તે ભલે ના બદલાતાં હોય, પરંતુ રીતરિવાજ, રૂઢિઓ તથા જીવન અંગેનાં ખ્યાલો, સમજણો અને શબ્દના અર્થ પણ કાળે કરીને ફેરવાતા જ જતા હોય છે. લગભગ બધી જ ભાષાઓનું પણ તેવું જ હોય છે.

આધ્યાત્મિક જીવનવિકાસને માર્ગે આગળ ધપવા માગતા શ્રેયાર્થીએ સોળમા અધ્યાયમાં જે ગુણોનું વર્ણન કરેલું છે, તે ગુણો જીવનવિકાસના સાધકે કેળવ્યા વિના કે કેળવાયા વિના-વિકાસ પંથે આગળ ડગલાં માંડી શકાવાનાં નથી, તે નિશ્ચિત હકીકત છે. ગુણ કેળવવાનું કે વિકાસ કરવાનું-એકલા ગુણને એકમ તરીકે લઈને કેળવવાનું કરવા જતાં કેટલો કાળ લાગે, તેનો હિસાબ દરેકને માટે કાઢી શકાય તેવું નથી, અને તે મુશ્કેલ પણ ખરું. જોકે એક ગુણ એની શ્રેષ્ઠ કક્ષામાં કેળવાતો જતો હોય, તો એની સાથેના બીજા આનુસંગિક ગુણો પણ જોડે જોડે કેળવાતા જતા હોય છે, કારણ કંઈ જ કશું એકલદોકલ પણે નથી, પરસ્પરની સાથે જે તે સંકળાયેલું જ હોય છે. ગુણને એકલા એકમ તરીકે લઈને કેળવવા કરતાં, ભક્તિ થતાં થતાં ભક્તિભાવના ઉદ્રેકને લીધે અને ભક્તિભાવ હૃદયમાં હૃદયથી જામતાં જામતાં જીવતો થતાં ગુણોનો પણ પ્રાદુર્ભાવ થયા વિના રહી શકતો જ નથી. ભક્તિનાં રંગ-રસ જામતાં જામતાં, તેની અસર શરીરનાં સર્વ અંગઉપાંગો, કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, કરણો અને ગુણોના ઉચ્ચ વિકાસમાં પણ તે પ્રસર્યાં જતી હોય છે. ભક્તિનો પ્રારંભ, સ્મરણ, જપ, મંત્ર, પ્રાર્થના, ભજનકીર્તન, આત્મનિવેદન, શ્રીભગવાનને

હૃદયમાં હૃદયથી જેમાં ને તેમાં સન્મુખ દઢાવીને તેવી તેની દ્રવિત થતી જતી ભાવનાને હૃદયસ્થ કેળવવાના-એવાં સાધનોથી થાય છે. ભક્તિ પણ અનુરાગ પ્રગટ્યા સિવાય થઈ શકે જ નહિ. ભગવાન કંઈ આપણી કને સ્મરણ, પ્રાર્થના, ભજનકીર્તન આદિ કશું જ કરવાને કહેતો હોતો નથી. તેને તેવા કશાની જરૂર પણ નથી, પરંતુ તે વિષય પરત્વે અભિમુખ આપણાં કરણો થાય, તે તે કાજે તે તે સાધનો છે, અને એમાં પણ **નિરંતરતા** પ્રગટ્યા સિવાય ભક્તિનો ભાવ પ્રત્યેક ઇંદ્રિય, કરણ તથા શરીરનાં બીજાં એવાં કેંદ્રોમાં પહોંચીને અસર પાડી શકવા કદી પણ સાધક કામિયાબ નીવડી શકતો જ નથી.

તેથી, એકબાજુથી વિકાસની જીવંત અભિમુખતા પ્રગટી, તેમાં વેગ પકડે અને આગળ તે માર્ગે ધક્કેલો લાગે, એવું જે કોઈને પોતાને પ્રવર્તાવવું હોય, તેમણે તેમને જે સાનુકૂળ લાગે, તેવાં સાધનોનાં અનુશીલન, પરિશીલનમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને अहंને વાળવાં જ પડશે, અને બીજી બાજુથી રાગદ્વેષાદિ અને કામક્રોધાદિથી મુક્ત થવાની પણ પ્રચંડ સભાનતા એના દિલમાં જાગેલી હોવી જોઈશે.

**નિરાગ્રહી, અનાસક્ત પૂરેપૂરા થયા વિના,**
**કેમેયે કરતાં જ્ઞાનનો અનુભવ થાય ના.**

એટલે એક બાજુથી હૃદયમાં હૃદયથી સતત ભાવ જીવતો-જાગતો ચેતનાત્મક પ્રગટ્યાં જ કરે અને બીજી બાજુથી રાગદ્વેષાદિ તદ્દન મોળા પાડ્યા કરવાનાં કાર્યમાં હેતુપૂર્વકની સભાનતાથી આપણે એકધારા સતત પરોવાયેલા હોઈએ, તો જીવનવિકાસનું કર્મ ઝપાટાભેર આગળ વધે છે.

સાથે સાથે શરૂશરૂમાં મને પોતાને તો અભય, નમ્રતા, મૌન, એકાંત આ સાધનોએ ઘણી મદદ કરી છે. ભયંકર એકાંત એટલે જ્યાં હિંસક પ્રાણીઓ રહેતાં હોય, અને ભારેમાં ભારે જંગલ હોય અને આગળ પાછળ દસબાર માઈલના ગાળામાં કોઈ વસ્તી જ ન હોય, એવાં સ્થળોએ ઘણુંખરું પ્રત્યેક વર્ષે એકાદ માસ તો એવા એકાંતમાં જ રહેવાનો શ્રીપ્રભુકૃપાથી અભ્યાસ પાડ્યાં કરેલો હતો જ.

વળી, અભયની કેળવણીની પરીક્ષા તો ૧૯૩૦ના સત્યાગ્રહ વેળા શ્રીપ્રભુકૃપાથી મળી ગઈ. સત્યાગ્રહમાં તો પ્રયોગાત્મક અભયાદિ ગુણને કસવાનું અને તેમની વિકાસ-સ્થિતિ-મર્યાદા કેટલી હદ સુધીની કેળવાયેલી છે અને કેટલી જીવંત છે, તે તે બધું અનુભવ-પ્રયોગ દ્વારા સિદ્ધ ન થાય, ત્યાં સુધી તે પરત્વેનો સંપૂર્ણ આત્મવિશ્વાસ અને આત્મપ્રતીતિ જાગી શકતાં નથી. તેથી, ૧૯૩૦નો ગાળો (સત્યાગ્રહ) મારે માટે તો શ્રીપ્રભુનો મોકલ્યો કાળ હતો, અને તો જ તેવા પ્રયોગ ત્યારે આપમેળે થતા રહ્યા અને થતા ગયા.

નમ્રતા તો એટલી હદ સુધીની કેળવવાની હોય છે કે બધી જ આવડત હોય, સમજણ હોય, ભારેમાં ભારે કર્મ હોશિયારીથી કર્યે જતા હો, આપણને મળેલું કર્મ ઉત્તમોત્તમ રીતે થયાં જતું હોય અને તેમાં મુદ્દલે ગફલત ન થયાં જતી હોય અને કર્મ કરવામાં કાળના સમયની તો ગણતરી હોય જ શેની ? મોટી પદવીની જગાએ હો, તેમ છતાંય તમારી શક્તિ, આવડત, સમજણ, મોભો આમાંનું કશું જ ન જણાય અને નમ્રતાની-નમ્રતાની એટલાથીએ નીચે હદે પહોંચાય ત્યારે આપણે ઇંદ્રિય, કરણ તથા બીજાં એવાં સૂક્ષ્મ કેંદ્રોમાં પ્રવેશી શકીએ એવી લાયકાત ધરાવતા

થઈ શકીએ. એવી જ્ઞાનભક્તિપૂર્વકની જીવનવિકાસના હેતુની સભાનતાથી કેળવાતી જતી નમ્રતા જ જીવનને ઘડવાને યોગ્ય એવી મુલાયમતા જન્માવવાને યોગ્ય હોય છે. આમ, આધ્યાત્મિક જીવનવિકાસને ફળવવા કાજે ગુણ અનિવાર્ય છે. જોકે આજકાલ સાધનાને પંથે વિચરનાર બહુ થોડાને જ ગુણ કેળવવા પરત્વેનો મહત્ત્વનો ઝોક પ્રગટેલો હોય છે.

મને પોતાને તો ભક્તિ થતાં થતાં ગુણનો વિકાસ થતો જતો અનુભવાયો છે. તેમ છતાં સાધકની, ગુણ કેળવાતા હોવા પરત્વેની, એના હૃદયની સભાનતા જીવતીજાગતી હોવી જ જોઈશે.

પોતાના જીવનના રાહબર પરત્વે હૃદયમાં હૃદયથી અને હૃદયની જીવતીજાગતી ભક્તિ પ્રગટ્યા વિના સદ્ગુરુ આપણામાં કદી પ્રવેશી શકતો હોતો નથી. આ એક સાચી હકીકત મને તે કાળના થતા જતા અનુભવમાં શ્રીપ્રભુકૃપાથી જીવતીજાગતી થયેલી હતી જ, અને હૃદયમાં હૃદયની અને હૃદયથી એવી સન્મુખતાની સભાનતાથી જે કૂદકેભૂસકે આગળ વધાયું છે, તેનો ઈતિહાસ તો ઑર જ છે. એવી ભક્તિ થવા કાજે પ્રત્યેકને એવી જ્વાળામુખી સમી ધગધગતી *જિજ્ઞાસા ઉત્કટમાં ઉત્કટ પ્રગટેલી હોવી જોઈશે. સદ્ગુરુ પાસેથી શીખવાની ઉત્કટમાં ઉત્કટ પ્રચંડ ગરજ જાગેલી હોવી જોઈશે. જ્યારે માનવીને તેવી ઉત્કટ ગરજ જાગશે અને લાગશે ત્યારે જ આગળ ધપાશે. રાગદ્વેષાદિથી મોળા પડાતા ગયા વિના ધ્યાન પણ ઉત્તમ રીતનું પ્રગટી ન શકે. ખરેખરું સાચા ભાવનું ધ્યાન થયાં કરતું હોય તો તેમાંથી તટસ્થતા ઊગતી જતી હોય છે, અને જે તે બધું જ કર્યાં કરતાં હોઈએ છતાં આપણે

* 'જિજ્ઞાસા' પુસ્તક છપાયેલું છે તે વાંચવું.

તટસ્થ છીએ, એવો પ્રયોગાત્મક અનુભવ થયા વિના રહી શકતો નથી. તેથી, મારી તો પ્રાર્થના છે કે જેમને જેમને ધ્યાન ઉત્તમોત્તમ થાય, એવું સહૃદયતાથી ઈચ્છતા હોય, તેમણે તેમણે ધ્યાન ભલે કરતા હોય તો કર્યા કરે, પરંતુ તેની સાથે સાથે રાગદ્વેષાદિ, આગ્રહો, ટેવો, સમજણો, માન્યતાઓ વગેરે વગેરેથી કેમ કરીને મુક્ત થવાય, તે રીતે જીવન પ્રવર્તાવવાની અને તે બધાંની હૃદયની ચેતનાત્મક સભાનતા પ્રચંડપણે જાગી ગયેલી હોવી જ જોઈશે.

આજકાલ તો રાગદ્વેષાદિ, કામક્રોધાદિ મોળા પાડવા પરત્વેનો મહત્ત્વનો ઝોક તો ક્યાંય કોઈ ઠેકાણે દૃષ્ટિગોચર તો થતો જ નથી, બલકે જ્યાં ત્યાં ધ્યાનાદિમાં એકદમ સમાજને દોરી જવાનું બન્યાં કરતું જણાય છે, તે ભલે થતું, પરંતુ આધ્યાત્મિક જીવનવિકાસના સાધકને આ જીવનવિકાસ પરત્વેનાં તે તે યોગ્ય પાસાંનો ખ્યાલ આવી રીતે જે જે દોરનાર વ્યક્તિ હોય, તે તે વ્યક્તિ આપતી હોય તો ઠીક, એમ આ જીવનું માનવું છે.

एकने અનુભવવાના માર્ગ જુદા જુદા હોય, પરંતુ આ માર્ગમાં ક્યાંયે SHORT CUT-એકદમ ઓચિંતા કૂદીને ચઢી જવાય, એવો ટૂંકામાં ટૂંકો માર્ગ નથી, એવો શ્રીપ્રભુકૃપાથી મને અનુભવ છે. તેથી, હરિઃૐ આશ્રમની સાથે સંકળાયેલાં સ્વજનોને મારી પ્રાર્થના છે કે તેઓ બધાં જ મારું આ લખાણ પ્રેમથી વાંચે અને જો તેઓ હૃદયની ખરેખરી દાનતથી, એકનિષ્ઠાથી અને વફાદારીથી આ માર્ગમાં પડ્યાં હોય તો તેઓ તેમનાં તેવાં વર્તન પ્રત્યક્ષ વર્તનમાં શ્રીપ્રભુકૃપાથી મૂકશે તો તેમાં તેઓને જ લાભ છે.

આ ગીતાની બીજી આવૃત્તિની નકલો ખાસ રહી ન હોવાથી, અને તેમાં કેટલાક સંદિગ્ધ શ્લોકનો સ્પષ્ટ અને સરળ અર્થ જો સાદી રીતે કરી શકાય તો ઉત્તમ, એમ દિલમાં થયું અને તે સાકાર

કરવા છેક દક્ષિણના કુંભકોણમ્‌ના આશ્રમે એકાદ માસ રહેવું એમ નક્કી કર્યું જ હતું, અને ત્યાં જવાની તૈયારી પણ ચાલતી જ હતી અને કુંભકોણમ્, ત્રિચી વગેરે સ્થળે ત્યાં જવાની બાબતમાં લખાઈ પણ ચૂક્યું હતું. દરમિયાનમાં એક વખત વડોદરામાં શ્રી રમણભાઈ અમીન અને શ્રીમતી ધીરજબહેનને ત્યાં જવાનું થતાં, અને અમારે ગીતાજીમાં કેટલુંક સંશોધનાર્થે લખવા કાજે અને ફક્ત તે કર્મ માટે યોગ્ય એકાંત મળી શકે તેવા હેતુથી કુંભકોણમ્ જવાના છીએ, એમ વાત નીકળી, ત્યારે તેઓએ-બંનેએ પ્રેમથી તેમનો બંગલો જે મહિસાગરને કિનારે અને બધી સુખ સગવડવાળો છે, તે અમને ત્યાં બતાવવા પણ લઈ આવ્યાં. અમને આ જગા બહુ જ ગમી ગઈ અને અમને અમારા કર્મમાં સરળતા, સગવડ, બધું જ મળી રહે એવી બધી જ પાકી વ્યવસ્થા તેમણે દંપતીએ ગોઠવી દીધી. આવું સુંદર, રમ્ય સ્થળનું એકાંત મળવાથી જ ગીતાનું કરવા ધારેલું કામ સારી રીતે પાર પડ્યું છે.

લગભગ ૪૫૦ નવી કડીઓ લખી છે, તેમાં સત્ત્વ, રજસ અને તમસ ગુણવાળાને પણ આપણે ઓળખી શકીએ, તેવું લખાણ લખાયેલું છે, તે પણ ગીતાના વાંચનારને ઠીક સમજણ પાડશે એવી શ્રદ્ધા છે.

વળી, ગીતામાં પ્રત્યેક કર્મ પ્રભુપ્રીત્યર્થે, યજ્ઞભાવે અને નિષ્કામભાવે કરવાનાં ઉદ્દેશાયેલાં છે. તેથી, તેના પરિણામની ચિંતા તો આપણે ત્યાગવી જ રહી, અને તેની યથાર્થ સમજણ જાગે તેવા હેતુથી તેના ઉપર પણ અહીં આ શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા, વડોદરા)ના બંગલામાં જ શ્રી કાંટાવાળા સાહેબના નિમિત્તે જે કવિતા લખાઈ, તે પણ પાછળના ભાગમાં છાપી છે, અને વાચકોને તેમાં યોગ્ય પ્રકારની જીવનવિકાસક

સમજણ મળશે એવી આશા છે.

શાસ્ત્રોનો આ જીવને કોઈ પણ પ્રકારનો મુદ્દલે અભ્યાસ નથી. માત્ર જીવનમાં જે સમજણ અનુભવને આધારે પ્રગટેલી છે, તેને અનુસરીને જ જે તે લખાયેલું છે.

(અનુષ્ટુપ)

**નોંધ, ટીપ્પણ જે જે તે-જે સમજણ જીવને,**
**-પ્રભુકૃપાથી લાધી છે, તેનાથી સૌ લખાયું છે.**
**પૂરેપૂરું જ તે સત્ય એવો દાવો કશો નથી,**
**લાગે વિચારતાં યોગ્ય, તો સ્વીકારવું બુદ્ધિથી.**

એકાંતની મોજ મહાલવાની-માણવાની હૃદયભાવના હજી સમાજમાં યોગ્ય પ્રમાણમાં પ્રગટી નથી. જીવનના ઓથારને હળવો કરવા કાજે પણ એકાંતની ઘણી ઘણી જરૂર. આધ્યાત્મિક જીવનવિકાસ કાજે તો એકાંતની અનિવાર્ય જરૂર. મનનાં શાંતિ, પ્રસન્નતા કેળવવાને કાજે પણ એકાંતની જરૂર ખરી જ. આવા એકાંતની જ્ઞાનપૂર્વકની હેતુની સભાનતાયુક્ત સમજણ સમાજમાં જીવતીજાગતી થાય તો ઉત્તમ.

ગીતાજી તો એકાંતને યોગ્ય સમર્થન આપે છે. જીવનના સાધકને કાજે તે અનિવાર્ય જ-એવું નર્યું એકાંત આ જીવે તો શ્રીપ્રભુકૃપાથી મસ્તીથી ભોગવ્યું છે. મારા આશ્રમો તેથી એકાંતમાં જ છે. એકાંત તો હૃદયના ભાવને એકાગ્ર અને કેંદ્રિત થવા દેવામાં રચનાત્મક સાધન છે. જીવનના સાધકે તો જ્યાં જ્યાં ભયંકર એકાંત હોય તેનો, અભય કેળવવાના હેતુસર પોતે એકલા જ ઉપયોગ કર્યા કરવાની ખાસ જરૂર-ભયંકર એકાંત પચવું સહેલું નથી. શ્રેયાર્થીને દિલ એવું એકાંત કદી પણ ભયંકર હોતું નથી.

**- મોટા**

॥ હરિઃૐ ॥

# આભાર દર્શન

## (ત્રીજી આવૃત્તિ)

મહિસાગરને કિનારે ફાજલપુર ગામની સીમમાં સાવ નદી કિનારે એકાંતમાં શ્રી રમણભાઈ અમીન (એલેમ્બિકવાળા)ના બંગલામાં આ ગીતાજી ઉપર ટીકા, ટીપ્પણ અને નોંધ લખતો હતો, ત્યારે શ્રી બહેચરભાઈ (મોટા) અને ભાદરણવાળા શ્રી ચૂનીભાઈ-બંને કૃપા કરી મને મળવા ત્યાં પધાર્યા હતા. તે વેળા મારી તે કાળની પ્રવૃત્તિની હકીકતની વાતચીત નીકળતાં જીવનગીતાની ત્રીજી આવૃત્તિની તૈયારીમાં છું, કે જેમાં કેટલાક ગીતાના શ્લોક ઉપર નોંધો, ટીકા અને ટીપ્પણ લખવાનું કામ ચાલે છે, એમ જણાવવાનું થતાં શ્રી બહેચરભાઈ (મોટા)એ એમની સહજ સ્ફુરિત હૃદયની ઉદારતાથી કહ્યું કે 'ત્યારે, મોટા ! તે છપાવવાનું ખર્ચ બધું હું જ આપીશ, છપાવો ત્યારે જણાવજો.'

હું તો આને શ્રીપ્રભુની પરમ કૃપાપ્રસાદી અનુભવું છું. શ્રી બહેચરભાઈએ લક્ષ્મીથી તો મને ઉદારતાથી મદદ કર્યા જ કરી છે, એટલું જ નહિ પરંતુ તેમનું સાવ દોદળું શરીર હોવા છતાં, જતાં આવતાંના થઈને બે હજાર માઈલની મુસાફરીનો આ જીવને પૈસાની રકમ એકઠી કરાવી આપવામાં હૃદયના ઉત્સાહથી શ્રમ પ્રેમભાવથી સહ્યો છે, તો આ જીવથી કદી પણ ભૂલી શકાવાનું જ નથી. તેવા તેમના હૃદયના સદ્‌ભાવ અને પ્રેમનો બદલો તો શો વાળી શકાય ? મારા હૃદયના ખરેખરા ભાવથી તેમનો હું આભાર તો માનું છું જ, એટલું જ નહિ પરંતુ તેમનું ઋણ

આ જીવ ઉપર જે છે, તેનો બદલો તો હજાર હાથવાળો મારો ધણી જ આપશે. એવી હૃદયથી પ્રાર્થના કરી વિરમું છું.

ભાઈ ચૂનીભાઈ તમાકુવાળાએ આ ગીતાનાં પ્રૂફો તપાસવાનું કામ તથા તે ગીતાજી છપાવવા પરત્વેનું કાગળ વેચાતા લેવાથી માંડીને છેક તે છપાઈને પૂર્ણ થઈ રહે, ત્યાં સુધીનું બધું જ કામ તેમણે ચીવટ, ખંત અને ઉત્સાહથી કર્યું છે, તે કાજે તેમનો હૃદયથી આભાર માનું છું.

શ્રી રમણભાઈ અમીન અને શ્રીમતી ધીરજબહેન ઉભયે મળી અમને ફાજલપુર તેમને બંગલે આ ગીતાનું કામ સરળતાથી થાય, તે કાજે જે બધી સગવડ અને નિરાંત બક્ષ્યાં છે, તે કાજે તે બંનેનો હૃદયથી આભાર માનું છું.

મિત્રો, સ્વજનો અને સ્નેહીઓએ મને પ્રેમથી એકલો રહેવા દીધો તે કાજે તેમનો પણ હૃદયથી આભાર.

નડિયાદ આશ્રમના ભાઈ મણિભાઈ પટેલ તથા સુરત આશ્રમના ભાઈ ભીખુભાઈ પટેલ અને ઝીણાભાઈ આદિએ મને બંને આશ્રમનાં રોજબરોજનાં કામના વહેવારમાંથી મુક્તિ બક્ષી છે, તે કાજે તેમનો પણ હૃદયથી આભાર.

વળી, અહીં આ મહિસાગરને અડોઅડ કિનારે જ જે આ રહેવાની જગા મળી અને અમારે અહીં રહેવાનું થયું, તેમાં નિવૃત્ત ઍંજિનિયર ભાઈશ્રી રામભાઈ મગનભાઈ પટેલ મારી સાથે રહ્યા અને જે મારી અંગત સેવા કરી છે, તેને લીધે પણ મને લખવાની સરળતા સાંપડી છે, તે કાજે તેમનો પણ આભાર માનું છું.

શ્રીપ્રભુકૃપાથી આ જીવથી લખાયેલાં પુસ્તકો, જે તે બધાં સ્વજનો, તે તે વેચી આપવામાં મદદ કરે છે, તે કાજે તેમનો

તેમનો હૃદયથી ઋણી છું. આવી વેચાણની રકમ 'મોટા'ની અંગત હોતી નથી. તે સીધી 'ભાવનાત્મક સાહિત્ય' ખાતે જમા થઈ જતી હોય છે અને 'મોટા' એને અંગત કદી ગણતા જ નથી, તે બધાંની જાણ ખાતર લખ્યું છે.

અરુણ પ્રિન્ટિંગ પ્રેસના સંચાલક શ્રી ડાહ્યાભાઈ મોદીએ તથા તેમના કાર્યકરોએ હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્રને જ્યારે જ્યારે કંઈ પણ છાપવાનું કામ પડ્યું અને તેમને વિનંતી કરીએ કે તરત જ તેઓએ તે પ્રેમથી સ્વીકારી લઈને તે કામ તુરતાતુરત હંમેશાં ખૂબ જ ઓછા ભાવે અને કંઈક આર્થિક ભોગે જાતે ઘસાઈને પણ અને કેટલીક વાર તો વિના મૂલ્યે પણ પાર પાડ્યાં જ કર્યું છે. તેમનો તો ઉપકાર કેવી રીતે માનવો ? માનીએ તોયે તે ઘણું ઊણપવાળું જ હોય. બદલો આપનાર તો એક ભગવાન જ સમર્થ.

- **મોટા**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા-લિખિત 'જીવનગીતા'ની (શ્રીમદ્ ભગવદ્-ગીતાનું પદ્યમાં મુક્ત વિશદ નિરૂપણ) ચોથી આવૃત્તિ પ્રકાશિત કરતાં આનંદ થાય છે. આ આવૃત્તિમાં પૂજ્ય શ્રીમોટાએ ફરીથી લગભગ ૬૦૦ નવી કડીઓ વળી પાછી ઉમેરી છે. ગીતાજીના પુસ્તકની ઉપયોગિતા વિશે વધુ લખવાની જરૂર ના જ હોય.

આ પુસ્તક પ્રકાશનનું તમામ ખર્ચ ચીખોદરાનિવાસી શ્રી બહેચરભાઈ (M. B. Patel & Co. તમાકુના વેપારી)એ દિલના ઉષ્માભર્યા ઉમળકાથી આપ્યું છે, તે માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાએ જે કડીઓ આ પુસ્તકમાં ઉમેરી તે લખાણને સ્નેહી ભાઈશ્રી પ્રૉફેસર ઇંદુકુમાર દેસાઈએ ફરીથી સ્વચ્છ અક્ષરોથી લખીને તથા ત્રીજી આવૃત્તિમાં રહી ગયેલ ત્રુટીઓને મઠારીને આ બધું તૈયાર કરી આપવા માટે જે જહેમત ભાવપૂર્વક ઉઠાવી છે, તેવા તેમના ભાવ માટે અમો તેમના ઋણી છીએ અને તેમના ઘણા આભારી પણ છીએ.

પૂજ્યશ્રીના સાહિત્યના વેચાણમાંથી ઉપાર્જન થતાં નાણાં પણ લોકકલ્યાણનાં કાર્યોમાં જ વપરાતાં હોઈ સમાજઉન્નતિમાં રસ ધરાવતાં તથા પૂજ્યશ્રીના સાહિત્ય પ્રતિ આદર ધરાવતાં ભાઈબહેનો તેઓશ્રીનું સાહિત્ય ખરીદી-ખરીદાવી મદદકર્તા થશે તો તે પણ પૂજ્યશ્રીના કાર્યને મદદ કરી જ ગણાશે. પૂજ્યશ્રીનાં પુસ્તકોને સુઘડ રીતે છાપીને સરસ ગેટઅપમાં રજૂ કરવાનું માન મેસર્સ એલેમ્બિક પ્રેસ (વડોદરા)ને ફાળે જાય છે. તેમનાં ઉત્સાહ, ચીવટ અને કાળજી પ્રશંસાને પાત્ર છે. અમે તેમનો ઘણો આભાર માનીએ છીએ.

**- નંદુભાઈ શાહ**
મૅનેજિંગ ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ

તા. ૫-૨-૧૯૭૬
વસંતપંચમી

# પામે તે આત્મપ્રેરણા

(અનુષ્ટુપ)

પિપાસા જ્ઞાનની પૂર્ણ જાગતાં જાગતાં હૃદે,
ઊર્ધ્વ મનાદિના દેશ પંથે ઊગે અનુભવે. ૧

મનાદિકરણોકેરી વૃત્તિ નિમ્ન પ્રકારની,
ઊર્ધ્વ જીવન-જિજ્ઞાસા ત્યજાવવા મથાવતી. ૨

સંગ્રામ સાંપડે એવો સાધક-જીવને તદા,
ખેલતાં ખેલતાં વાધે ગુણ ને શક્તિ, ભાવના. ૩

ગુણધર્મ કરણોકેરા પ્રાકૃતિક બધાય જે,
ચારેબાજુથી સંપૂર્ણ છોડાયે, તે પ્રપત્તિ છે. ૪

પ્રપત્તિ-ભાવ સંપૂર્ણ કેળવાઈ જતાં પથે,
પૂરો પ્રભુ-ભરોંસે તે એવો ત્યાર રહી શકે. ૫

પ્રપત્તિ પામતાં પંથે સંગ્રામ કેટકેટલા,
પડે છે ખેલવા કેવા ! જાણે મહારથી તદા. ૬

ઉત્સાહ, ખંત, ઉદ્યોગ લીધેલાં કર્મને વિશે,
ઉમંગે કેળવી કર્મે મથે તે હાર્દ મેળવે. ૭

નિશ્ચય, બળ, ઉદ્યોગ, ખંત, ઉત્સાહ, ધારણા,
કેળવી કેળવી ગુણો પામે તે આત્મપ્રેરણા. ૮

સમર્પણ, બલિદાન, ત્યાગ, યજ્ઞપરંપરા,
પામે તે પ્રગટાવીને જીવને શી ઋતંભરા ! ૯

●

|| હરિઃૐ ||

# ગીતા વિશે

(અનુષ્ટુપ)

ભૂતકાળની સંસ્કૃતિ થકી મળેલ જે બધું,
ભલેને યોગ્ય તે હોય તેથી સંતોષ ના ધરો. ૧

તેમાં કંઈક ઉમેરો મૂલ્યાંકન નવાં નવાં,
જન્માવો તે વિશે ઊંચાં મૌલિક રત્નની સમાં. ૨

મૂળના ભાવનું હાર્દ સાચવી યોગ્ય રીતિએ,
નવાં મૂલ્યાંકનોકેરું સર્જાવો સત્ય તે થકે. ૩

વ્યવહારતણા ક્ષેત્રે ગીતાના જ્ઞાનને ખરે,
આચરી તે શકાયે ને વર્તાયે તેમ સર્જશો. ૪

સાંપ્રતકાળને યોગ્ય રીતે જ્ઞાન ગીતાતણું,
ગૂઢ ને સૂક્ષ્મ જે જે હો, તેને સહેલું દ્યો કરી. ૫

આવતી પેઢીને સોંપો **તે** સંશોધિત રૂપમાં,
કરી તે જ્ઞાનસમૃદ્ધ **એ**ને નાવીન્ય વેશમાં. ૬

વર્તમાન અને ભૂત, ભવિષ્ય, ત્રણ કાળને,
ગીતા એ રીત સર્જો કે સાંકળી લે પરસ્પરે. ૭

હાર્દ જીવનનું જેવું છે અનુભવ્યું જીવને,
તેને ગીતા અનુલક્ષી સંવેદો યોગ્ય જીવવા. ૮

ઉગ્ર જીવનકેરા **આ** સંગ્રામ ભેટવા ખરો,
તત્પરતા શી ગીતા તો શીખવે, શૌર્ય દાખવી ! ૯

હારેલા ને પડેલા જે નિરાશાવાદીને જગે,
મથે ઉઠાડવા ગીતા, સંગ્રામ ઝીલવા હ્રદે. ૧૦

હર્ષે સંગ્રામ સત્કારે, હાર્દ સંગ્રામનું પ્રીછી,
હેતુ સંગ્રામનો જાણી, સંગ્રામ જીતવા ચહી. ૧૧

ન્યોછાવર થવાતાં જ્યાં ઊગે ઉમળકો હ્રદે,
શી ફનાગીરી તેવાની ધન્ય થાય જ જીવને ! ૧૨

અનંત જીવને તેવા વધ્યા આગળ શા કરે !
જાણતા રે' નવું નિત્યે ચાલતાં ચાલતાં પથે. ૧૩

ક્યાંયે અટકવાનું ના ધપ્યાં તે કરતો જતો,
વિકાસપંથકેરી શી ફલાંગો તે ભર્યાં જતો ! ૧૪

નવા નવા પ્રદેશો શા એને જ્ઞાનતણા જડે !
**एवा** એમાં રહે કેવા આનંદે મશગૂલ તે ! ૧૫

કિરણો સત્યનાં કેવાં અનંતાનંત શોભતાં !
જુદાં જુદાં છતાં **एक**, પ્રત્યેકનો પ્રકાશ છે. ૧૬

દર્શન-હાર્દ ગીતાના પૂર્ણ સમગ્રતાતણું,
દાવો થયાતણો કોઈ શકે ના કરી જાણજો. ૧૭

જાણવું જુદું ને જુદું આનંદે તેમ મ્હાલવું,
માણતાં, મ્હાલતાં સત્ય નવા નવા રૂપે ખડું. ૧૮

જે કૈં મેળવવું હોય તેને પ્રાપ્ત થવા ઊંડું,
મથવાનું જરૂરી છે જાણજો નિશ્ચયે ખરું. ૧૯

**गुण-भाव** વિના કોઈ કશું ના મેળવી શકે,
**गुण-भाव** ભૂમિકામાં હોવો જરૂરી શો ઘટે ! ૨૦

**ગુણ** ને **ભાવ** હોવાનાં લક્ષણો જીવને ખરાં,
ચોંટી તેવા ન ર્‌હે ક્યાંયે, ચાલતો મથતો સદા. ૨૧

મથવ્યે, જન્મતો ર્‌હે શો ભાવ મર્દાનગીતણો !
એક ગુણ બીજો ગુણ જન્માવે છે જ જીવને. ૨૨

શૂરા મર્દ મથે છે ને ના તે દે મૂકી હારતાં,
હારતાં હારતાં પોતે માથું મૂકી કરે લડ્યાં. ૨૩

દ્વાર ખોલાવવા પોતે દ્વાર ઠોક્યાં કરો સદા,
તેવાને દ્વાર તો ખુલ્લાં આપોઆપ જ શાં થતાં ! ૨૪

એકલપંથી મર્મી શા તેવા હાર્દ પિછાનતા !
ગીતાને તે નવો સ્વાંગ યોગ્ય સજાવવા ખરા. ૨૫

**- મોટા**

•

# ગીતા-હાર્દ-ભાવે જીવનવિકાસક વર્તન

(અનુષ્ટુપ)

અભ્યાસ નિત્ય ગીતાનો ભલેને તે થયાં જતો,
ને પારાયણ ગીતાનું નિત્ય નિત્ય ભલે થતું,
કિંતુ આચરવાનું તે તેમાંથી જો થયું ન કૈં,
ખાલી પારાયણાભ્યાસે માત્ર, ના વળવાનું છે. ૧-૨

ગીતાભ્યાસથી સાચું જે જાણી લેવાનું હોય છે,
લઈ જાણી, પછી તેને વર્તને મૂકવાનું છે,
તો જ તેમાંથી ફૂટે છે નવા શા **પ્રાણ** જીવને !
ભાવે જે એમ મંડ્યો ર્‌હે, તેનું જીવન પાંગરે. ૩-૪

‘લોભ-મોહાદિથી મુક્ત થવાવા કર્મ જીવને’,
પ્રચંડ જાગૃતિ એવી જેને છે દિલ, તે જીવે. ૫

બાકીના પાઠ છો નિત્યે ગીતાના તે કરે ભલે,
તેમના જીવને કોઈ ના ભલીવાર તો ઊગે. ૬

ગીતાના હાર્દને ભાવે પૂરું આચરવા હૃદે,
જેનામાં **પ્રાણ** ઊગ્યા છે, ગીતાને તે પચાવશે. ૭

ખરેખરો ગીતાભ્યાસી તે સમર્પણયજ્ઞને
આચરી, આચરી ગીતા વર્તને તે ઉતારશે. ૮

છો મુખપાઠ તો બાકી ખાલી કર્યાં કરે ભલે,
તેમાંથી ઊગવાનું ના કદી જીવન દિવ્ય તે. ૯

જ્વાળામુખી સમું જેનું જીવનધ્યેય જીવતું,
તેવા જ માત્ર ગીતાનું જાણવા હાર્દ યોગ્ય શું ! ૧૦

પ્રીછવા હાર્દ ગીતાનું, ને અનુભવવા હૃદે,
લાગેલી લગની કેવી જોઈશે હોવી ઉત્કટે ! ૧૧

પમાવું તે વિના હાર્દ ગીતાનું નવ શક્ય છે,
સાધનાભ્યાસમાં તેથી ર્‌હેવાનું છે મહત્ત્વનું. ૧૨

જીવને વર્તને ગીતા સંપૂર્ણ જ્યાં પચાવી છે,
ગીતાનું હાર્દ તેવાને આપમેળે મળે હૃદે. ૧૩

આચરવા મળી ગીતા, જીવને અવતારવા,
ગીતાને ચાહીને ભાવે, ગીતામાં તે **જીવે** સદા. ૧૪

નિમિત્તતણું વિજ્ઞાન યોગ્ય કોઈ ન જાણતા,
ઠોકાઠોક કરે વાતો લોક નિમિત્તની સદા. ૧૫

આપમેળે વિના માગ્યું મળે કર્મ, નિમિત્ત તે,
પ્રભુપ્રીત્યર્થ નિષ્કામે આચરો ગણી યજ્ઞ જે. ૧૬

અનાસક્તિથી સંપૂર્ણ જીવને પાંગરેલ ને
નિષ્કામ જે થયેલો છે તેને કર્મ, નિમિત્ત છે. ૧૭

રાગદ્વેષાદિથી મુક્ત, પૂર્વગ્રહોથી મુક્ત જે,
ચેતનાભિમુખી જે છે મોખરે જ નિરંતરે,
જેમાં તેમાં બધાનામાં એકમાત્ર પ્રભુતણું
ધ્યાન અખંડ જેને હો તેને કર્મ, નિમિત્તનું. ૧૮-૧૯

પરોવાયેલ જેનું છે મન ભક્તિથી પાદપે,
સંપૂર્ણ મનથી ભક્ત થયેલો જાણજે હૃદે. ૨૦

ઓગળી જે ગયેલો છે સંપૂર્ણ પ્રભુના પદે,
અખંડાકાર વૃત્તિ છે જેની સર્વાંગયુક્ત જે,
એકાકાર પૂરેપૂરો હરિરસે અખંડ છે,
તેવા જ એકલાનાં શાં કર્મ ! નિમિત્ત જાણજે. ૨૧-૨૨

શા નિરાગ્રહ, નિષ્કામ, નિરહંકાર જીવને
નિર્મોહ વળી નિર્લોભ થતાં જતાં જ વર્તને,
તેમ તેમ વધે ભાવ વૈરાગ્યનો અખંડ જે,
ભૂમિકા તેવીમાં થાતાં અભ્યાસ, તુર્ત તે ફળે. ૨૩-૨૪

કેળવવા અનાસક્તિ પ્રભુપ્રીત્યર્થ જીવને,
વર્તવાકેરી હૈયે હો જાગૃતિ ભાવના થકે. ૨૫

**જીવદશા**ની વૃત્તિઓ ઓગળતી જવા ખરે,
એનાથી ઊર્ધ્વકક્ષામાં ધારી તે વર્તવું હૃદે. ૨૬

સાધનાભ્યાસમાં ચિત્ત પૂરેપૂરું લગાડવા,
ધ્યેયમાં લગની જેની તેવા ત્યાં માત્ર ફાવતા. ૨૭

'હેતુ જીવનનો શો છે !' એનો જેને ન ખ્યાલ છે,
તેવા ગીતા ભણે તોયે ના દળદર કૈં ફીટે. ૨૮

હર્ષ, શોકાદિ વૃત્તિઓ, લોભ-મોહાદિ વૃત્તિઓ,
જીવનયજ્ઞમાં હોમી દેવા તત્પર થાય જે,
ધ્યેય-આદર્શની જેની એવી સભાનતા હૃદે,
તેવા જ માત્ર શા યોગ્ય યજ્ઞ, આદરવા પથે ! ૨૯-૩૦

પ્રભુપ્રીત્યર્થ જિવાતાં, મળેલાં કર્મને હૃદે,
વફાદારીથી સંપૂર્ણ યજ્ઞભાવે થયાં જતે,

અખંડાકાર શો ભાવ જીવને જામતાં હ્રદે !
ગીતાના હાર્દનો મર્મ ઊગે છે આપમેળ તે. ૩૧-૩૨

નહોતી જાણી ગીતા મેં, નહોતું જાણ્યું શાસ્ત્રયે,
તે અનુભવવા કિંતુ કેવી લગની ઉત્કટે ! ૩૩

સાધનો, સ્મરણાદિથી ભાવને પ્રગટાવવા,
ધ્યેય હેતુતણા ભાને આચરાયાં ગયાં તદા. ૩૪

તેમાંથી ભાવ જે સ્ફુર્યો, પ્રેરાવી ભક્તિ જીવને,
પાદ-પદ્મે થવા લગ્ન કેવો મથાવિયો હ્રદે ! ૩૫

મારી પોતાની ભાષામાં ગીતા મર્મ ઉતારવા
શો કૃતાર્થ થયો છું હું ! એ તો ખરેખરી કૃપા !
કૃપાથી તારવેલું છે શું કેટલુંક મૌલિકે !
શ્રેયાર્થી, ગુણગ્રાહી જે પ્રીછશે આપમેળ તે. ૩૬-૩૭

- **મોટા**

•

॥ હરિઃૐ ॥

# ‘જીવનગીતા’ના લેખન-પ્રકાશનનો ઈતિહાસ

## (સાતમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત ગ્રંથોમાં **‘જીવનગીતા’**નું સ્થાન તદ્દન અનોખું છે. આમ તો તેઓશ્રીએ સાધનામાં પ્રવેશ કર્યો ત્યારથી જ પોતાનાં અંતઃકરણોની ગતિવિધિને પ્રાર્થના, સ્તુતિ, નિવેદનરૂપે કાવ્યસ્વરૂપમાં ઊતારેલી છે, પરંતુ એનું પ્રકાશન પોતે જાતે ચહીને કર્યું નથી. કોઈકને એ છપાવવાની ઈચ્છા થાય અને એ વ્યક્તિ છપાવી આપે તો જ પોતાના લખાણને તેઓશ્રી છપાવવા દેતા. આ રીતે તેઓશ્રીના તમામ ગ્રંથો પ્રગટ થયા છે. પોતે અનુભવદશામાં પ્રવર્ત્યા ત્યાર પછીના પ્રકાશિત ગ્રંથો રચવા માટે પણ કોઈક સ્વજન નિમિત્ત બનીને એ ગ્રંથ છપાવવાની જવાબદારી સ્વીકારીને સૂચન કરતા. આથી, એ ગ્રંથો રચાતા.

સાધનાકાળ દરમિયાન પણ **‘તુજચરણે’** એક ખ્રિસ્તી પાદરીના હિંદુધર્મના ઈશ્વરનાં વિવિધરૂપો અંગેનાં ટીકાત્મક વલણથી પ્રેરાઈને રચાઈ હતી, પરંતુ સાધનાકાળ દરમિયાન પોતાના જીવનવિકાસના ઘણા જ ઉચ્ચ તબક્કે ‘જીવનગીતા’ રચાઈ એમાં વળી જુદા જ પ્રકારની વિશિષ્ટતા છે.

પૂજ્ય શ્રીમોટા, વિદ્યાર્થી અવસ્થામાં તેજસ્વી હતા. સંસ્કૃત અને ગણિત એમના પ્રિય વિષયો હતા. મૅટ્રિકની પરીક્ષામાં પણ એ વિષયમાં એમણે ઊંચા ગુણ પ્રાપ્ત કરેલા. સ્નાતકના વિદ્યાર્થી તરીકે એમણે મુખ્ય વિષય ગુજરાતી રાખેલો. પોતાના કુટુંબની કારમી ગરીબીને લીધે, સખત પરિશ્રમ અને સંઘર્ષથી એમણે અભ્યાસ કર્યો. એ દરમિયાન જેટલું વંચાયું એટલું, પછીથી

વાંચવાનો સમય પણ ભાગ્યે જ મળ્યો. દેશસેવાના ક્ષેત્રમાં-હરિજનસેવામાં આજીવન સમર્પિત થવાનું વ્રત લીધા પછી સમય મળતો ન હતો. વળી, એ સાથે ૧૯૨૩થી પ્રભુમય બની રહેવાની સાધનામાં પ્રવેશ થયા પછી વાંચન માટે બિલકુલ સમય ન હતો. રાતદિવસ સાધના અને સેવા (બંને કેવળ પ્રભુપ્રીત્યર્થ) કરતા.

એમના કુટુંબને સાહિત્ય કલાના સર્જનની કુદરતી બક્ષિસ હતી. એમના મોટા ભાઈ જમનાદાસ સારા પ્રભાવક વક્તા હતા. અભ્યાસી પણ હતા. પૂજ્ય શ્રીમોટાના નાના ભાઈ મૂળજીભાઈ ભગત તથા સૌથી નાના ભાઈ શ્રી સોમાભાઈ ભાવસારે તો બાલસાહિત્યના ક્ષેત્રે કીર્તિ પણ મેળવી છે. પૂજ્ય શ્રીમોટામાં પણ સાહિત્યસર્જનનો કસબ સાહજિક હતો. પોતે એક નવલકથા પણ લખેલી. (જુઓ : **'ભાવજ્યોતિ'** પુસ્તકના 'લેખકના બે બોલ' પૃ. ૧૨) પણ પોલીસ જપ્તીમાં એ ગુમ થઈ, પરંતુ ખાસ નોંધપાત્ર હકીકત એ છે કે પૂજ્ય શ્રીમોટાએ ક્યારેય પણ સાહિત્યસર્જન કરવા ખાતર લખ્યું નથી, પણ પોતે સાધનામાં પ્રવેશ્યા ત્યારથી જે કંઈ લખ્યું છે, એ તો તેઓશ્રીએ જે તે સમયે અનુભવેલી આંતરિક હકીકતોનું સંનિષ્ઠ અને પ્રામાણિક બયાન છે. વળી, એ બયાન પણ શ્રીપ્રભુચરણે નિવેદનરૂપે હોવાથી એ બધી જ ભક્તિ રચનાઓ છે.

પૂજ્ય શ્રીમોટાને સંસ્કૃત અક્ષરમેળ તથા માત્રામેળ છંદોનો લય સહજ હતો. આથી, બધા જ સંસ્કૃતવૃત્તોમાં તેઓશ્રીએ ૧૯૨૩ પછી ઘણી પ્રાર્થનાઓ તથા સ્તવનો રચ્યાં છે. તેઓશ્રીએ વિદ્યાપીઠના શિક્ષણનો દેશસેવા ખાતર ત્યાગ કર્યો તે પછી કોઈ પણ ધર્મગ્રંથ કે શાસ્ત્રગ્રંથ વાંચ્યો નથી. શ્રીમદ્ ભગવદ્ગીતા પણ

વાંચેલી નહિ. ૧૯૨૩થી સાધના કરતાં કરતાં ૧૯૩૨ સુધીમાં 'જે જીવંત સમજણ પ્રગટેલી'-એ વખતે શ્રીમદ્ ભગવદ્ગીતા વાંચવાનો સંયોગ ઊભો થયો.

૧૯૩૨માં પૂજ્ય શ્રીમોટા નવસારીના હરિજન આશ્રમના સંચાલક તરીકે હતા. એ વખતે વિદ્યાર્થીઓએ પોતાના આ શિક્ષક પાસેથી ગીતા વિશે જાણવાની ઇચ્છા વ્યક્ત કરેલી. આ વિદ્યાર્થીઓમાં હાલ લંડન નિવાસી શ્રી નીછાભાઈ સોલંકી હતા. શ્રી સોલંકી, પૂજ્ય શ્રીમોટાનાં સ્વજન બનેલા છે. બીજું, એ જ વર્ષમાં પૂજ્ય શ્રીમોટાને વીસાપુર જેલમાં પૂરવામાં આવ્યા. ત્યાં તેઓશ્રીએ પહેલી જ વાર ગીતા વાંચવાનું શરૂ કર્યું. પહેલા દરેક અધ્યાય એ કેટલીક વાર વાંચી જતા અને પછી એ અધ્યાયમાંનો વિચાર વિવરણરૂપે અનુષ્ટુપમાં લખી લેતા. આ રીતે અધ્યાયવાર તેઓશ્રી લખતા ગયા. આ લખાણ 'એકબે વખત વાંચતાં' સમજી શકાય એવી સરળ ગુજરાતીમાં લખ્યું. 'જીવનગીતા' એ 'ગીતા'નું સમશ્લોકી ગુજરાતી ભાષાંતર નથી. વળી, એમાં ભાષ્ય કે ટીકા-વિવેચન પણ નથી, પરંતુ ગીતાના તત્ત્વજ્ઞાનનું સરળ ગુજરાતીમાં નિરૂપણ છે. આથી, ગીતાના કેટલાક શ્લોકોને રહેવા દીધા છે. તો કેટલુંક યોગ્ય સમજણ વિશેષપણે પ્રગટાવવાને ઉમેર્યું પણ છે. આ દૃષ્ટિએ આ 'જીવનગીતા' એક સ્વતંત્ર મૌલિક ધર્મગ્રંથ બન્યો છે.

૧૯૩૨માં વીસાપુર જેલમાં પૂજ્ય શ્રીમોટાએ 'જીવનગીતા' લખી. એ જ વર્ષમાં શ્રી વિનોબા ભાવેએ એ જ જેલમાં 'ગીતા પ્રવચનો' મરાઠીમાં આપ્યાં. શ્રી વિનોબાજી, વેદ, ઉપનિષદ, ગીતા આદિ શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. એ પ્રવચનો લખાયાં.

અને એનું પુસ્તક પણ પ્રગટ થયું. એ મરાઠી ભાષા ઉપરથી 'ગીતા પ્રવચનો'નો ગુજરાતી અનુવાદ થયો અને ગુજરાતના ઘરઘરમાં આ પુસ્તક પહોંચ્યું અને ઘણું લોકપ્રિય બન્યું-લોકભોગ્ય પણ બન્યું. 'ગીતા પ્રવચનો'માં વિનોબાજીએ ગીતાના અર્થદર્શનમાં આધ્યાત્મિક ભાવનામયતા પ્રગટ કર્યા છે, એમાં એમની તેજસ્વી બુદ્ધિપ્રતિભાના ઝબકારા છે. પૂજ્ય શ્રીમોટાએ લખેલી 'જીવનગીતા'માં પોતે કરેલી 'જીવનસાધનાના અભ્યાસમાંથી જે જીવંત સમજણ પ્રગટેલી' તેનાં દર્શન થાય છે. બીજું, તેઓશ્રીએ 'ગીતા'નો અભ્યાસ ક્યારેય કર્યો ન હતો. આ રીતે વિદ્યાર્થીઓને એકબે વખત વાંચવાથી સમજાય એવા હેતુથી માત્ર પહેલી જ વાર 'ગીતા' વાંચેલી અને એ પછી ક્યારેય વાંચી નથી. આ હકીકત 'જીવનગીતા'ની રચનાના સંદર્ભમાં અત્યંત મહત્ત્વની છે.

આ 'જીવનગીતા' લખાયા પછી, પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં બા-સૂરજબાને કહેલું, 'બા, એક ભગતે ગીતાજી લખ્યાં છે. તને સમજણ પડે એવી છે. તું સાંભળ.'-એમ કહીને એ ગીતા વાંચી સંભળાવેલી. 'જીવનગીતા' પોતે લખી છે એવું તેઓશ્રીએ પોતાની બાને પણ જણાવેલું નહિ. સૂરજબાએ 'જીવનગીતા' સાંભળીને ગીતાનો ઉપદેશ સમજાય એવો છે એમ જણાવેલું.

હવે, એના પ્રકાશનનો જરૂરી ઈતિહાસ જોઈએ :

૧૯૩૨માં લખાયેલી 'જીવનગીતા'નું પ્રકાશન ૧૯૫૩માં થયું. એકવીસ વર્ષ લગી હસ્તપ્રત જળવાઈ રહી. એટલું જ નહિ પણ ત્યાં સુધી કોઈને આવો ગ્રંથ લખાયાની જાણ પણ ન કરાઈ. પૂજ્ય શ્રીમોટાએ સંયમ અને ગુપ્તતાની અજોડ શક્તિ કેળવેલી

એનો આ પહેલો પુરાવો છે. જોકે તેઓએ સમગ્ર વ્યક્ત જીવનવહેવાર દ્વારા પોતાની અનુભવદશાને આજપર્યંત ગૂઢ અને ગુપ્ત જ રહેવા દીધી છે. 'જીવનગીતા'નું પ્રકાશન હાથ ધરાય એ પહેલાં વેદોના અભ્યાસી અને પુરાણશાસ્ત્રોમાં પારંગત શ્રી વિષ્ણુદેવ પંડિત, (એમ.એ.-વ્યાકરણતીર્થ)ને હસ્તપ્રત વાંચવા અપાઈ. શ્રી વિષ્ણુદેવે 'જીવનગીતા' પ્રકાશિત કરતા પહેલાં દરેક અધ્યાયના આરંભમાં જે તે અધ્યાયનો મર્મ સૂચવાય એ રીતનું ગદ્યલખાણ લખવા તથા કેટલાક મહત્ત્વના શ્લોકોની ભૂમિકા સમજાય એવી પ્રસ્તાવનાવાળું લખાણ ઉમેરવા સૂચવ્યું. પૂજ્ય શ્રીમોટાએ એ પ્રમાણે 'જીવનગીતા' તૈયાર કરી. વાચકને વાંચવામાં તથા અર્થ સમજવામાં સરળતા રહે એ માટે ટૂંકાં વિવરણવચનો સાથે 'જીવનગીતા'ની પહેલી આવૃત્તિની ૫૦૦ નકલ ૧૯૫૩માં પ્રગટ થઈ.

એ બધી જ નકલો ખપી ગયેલી. શ્રી ગુલાબરાય મંકોડીએ 'જીવનગીતા' વાંચી. આ પુસ્તક એમને સમજવામાં સરળ અને ભાવ-અર્થવાહી લાગ્યું અને લોકોપકારક દૃષ્ટિએ એનું પુનર્મુદ્રણ થાય એમ ઇચ્છ્યું. ૧૯૬૭માં મહાલમાં (ડાંગના જંગલમાં) પૂજ્ય શ્રીમોટા આરામમાં અને એકાંતમાં હતા ત્યારે પોતાથી રચાયેલી અને છપાયેલી 'જીવનગીતા' ફરી વાંચી, વિચારીને એમાં કેટલુંક ઉમેરણ કર્યું. એમાં 'સંગ્રામનો હેતુ', 'પામે તે આત્મપ્રેરણા', 'જીવનવિકાસક અંગો', 'મનાષ્ટક' તથા 'આહાર' વિશે, 'દિલનો ભાવ', 'રમે જે નિત્ય મારામાં'-ઉમેરાયાં. બીજી આવૃત્તિના નિર્માણ તથા પ્રકાશનમાં શ્રી ગુલાબરાય મંકોડીનો સહકાર મળેલો એનો પૂજ્ય શ્રીમોટાએ બીજી આવૃત્તિના 'બે બોલ'માં વિગતે

ઉલ્લેખ કર્યો છે. શ્રી મંકોડી સાહેબે હરિઃૐ આશ્રમમાં જઈને ‘જીવનગીતા’ વિશે ઘણો સત્સંગ કરેલો. એમણે ઝીણવટથી અને સૂક્ષ્મભાવથી જે અર્થ અને ભાવનો સુમેળ પ્રગટે એવાં કેટલાંક સૂચનો કર્યાં. પૂજ્ય શ્રીમોટાએ કદરભાવથી એનો સ્વીકાર કર્યો.

‘જીવનગીતા’ની બીજી સંવર્ધિત આવૃત્તિની પ્રસ્તાવના પૂજ્ય શ્રીમોટાએ ગુજરાત રાજ્યના એ વખતના મુખ્ય સચિવ શ્રી લલિતભાઈ ર. દલાલ પાસે લખાવી.

પૂજ્ય શ્રીમોટાએ ‘જીવનગીતા’ માટે ‘લેખકના બે બોલ’ બે તબક્કે લખેલા છે. ૧૯૬૬માં તેઓશ્રીએ ‘જીવનગીતા’ના પુનર્મુદ્રણની શક્યતા જાણીને તા. ૯-૬-૧૯૬૬ના રોજ હરિજન આશ્રમ, સાબરમતીમાં કેટલુંક લખેલું. એ પછી ૧૯૬૭માં ડાંગના જંગલમાં એકાંતવાસ દરમિયાન ‘જીવનગીતા’ની આ આવૃત્તિ માટે ઉમેરણ થયા પછી તા. ૧૫-૬-૧૯૬૮ના રોજ હરિઃૐ આશ્રમ, સુરતમાં ‘લેખકના બે બોલ’ પૂરા લખ્યા.

‘જીવનગીતા’ની બીજી આવૃત્તિ પ્રગટ કરતાં પહેલાં પૂજ્ય શ્રીમોટાએ ફાજલપુરમાં આવેલા ફાર્મ હાઉસમાં ‘જીવનગીતા’ને તદ્દન નવું જ રૂપ આપ્યું. એમાં ‘ગીતા વિશે’, ‘ગીતા-હાર્દભાવે વિકાસક વર્તન’, ‘ગુણનિરૂપણ’ તથા ‘પરિણામતણી આશા’ વિશે શ્લોક લખ્યા.

આથીય વિશેષ આ આવૃત્તિનું મહત્ત્વનું અંગ ‘જીવન-ગીતા’માં તેઓશ્રીએ ૧૯૩૨માં જે શ્લોકો લખેલા એમાંના ઘણા શ્લોકોનું અધિક સ્પષ્ટીકરણ કર્યું. એ અંગેના શ્લોકો ફૂટનોટ રૂપે ઉમેર્યા. આથી, ‘જીવનગીતા’ની આ આવૃત્તિ તદ્દન સ્વતંત્ર ગ્રંથરૂપે પ્રકાશિત થઈ.

ત્રીજી આવૃત્તિની ૨૦૦૦ નકલો છપાયેલી. એ પાંચ વર્ષ દરમિયાન વેચાઈ ગઈ.

'જીવનગીતા'ની ચોથી આવૃત્તિ પ્રેસમાં જાય એ પહેલાં પૂજ્ય શ્રીમોટાએ ત્રીજી આવૃત્તિની નકલ વાંચતાં એમાં બીજા વધુ ૬૦૦ શ્લોકનું ફૂટનોટ રૂપે ઉમેરણ કર્યું. ચોથી આવૃત્તિનું નિવેદન તા. ૫-૨-૧૯૭૬ના રોજ લખાયું છે. 'જીવનગીતા'ની આ ચોથી આવૃત્તિની (૧૨૫૦ નકલ) એ 'જીવનગીતા'ની અધિકૃત સંશોધિત સંવર્ધિત આવૃત્તિ બની રહી. પૂજ્ય શ્રીમોટાએ આ આવૃત્તિના પ્રકાશન પછીના પાંચ મહિના પછી દેહત્યાગ કર્યો.

'જીવનગીતા'ના લેખન-પ્રકાશનનો ઈતિહાસ પૂજ્ય શ્રીમોટાના અન્ય ગ્રંથોના પ્રકાશનના સંદર્ભમાં મૂલ્યવાન દસ્તાવેજ છે. તેઓશ્રીએ 'જીવનગીતા' સિવાયના કોઈ પણ પુસ્તકના પુનર્મુદ્રણમાં ક્યાંય ઉમેરણ કે ફેરફાર કર્યો નથી.

બીજી, ત્રીજી અને ચોથી આવૃત્તિમાં થયેલું ઉમેરણ એ સંશોધનાર્થે થયાનું પૂજ્ય શ્રીમોટાએ નોંધ્યું છે. ચોથી આવૃત્તિનું પ્રકાશન એ 'જીવનગીતા'નું પૂર્ણરૂપ છે. આવી સંશોધનાત્મક પૂર્તિનો હેતુ તેઓશ્રીએ 'ગીતા' વિશે લખેલા શ્લોકોમાં સ્પષ્ટ કર્યો છે. સર્વ ભાવિકોને એ ખ્યાલમાં રહે કે 'જીવનગીતા' એ ભગવદ્‌ગીતાનો સમશ્લોકી અનુવાદ કે અર્થગ્રાહી વિવરણ માત્ર નથી, પરંતુ એમાં 'ગીતાનો મૌલિક મર્મ' પ્રગટ થયો છે. જેમણે ગીતા કે શાસ્ત્ર વાંચ્યાં નથી, પરંતુ ઉત્કટ અને નિરંતર સાધનાથી જે અનુભવ પામ્યા અને અનુભવ પણ જેમ જેમ વિકાસ પામતો ગયો તેમ તેમ 'જીવનગીતા'માં પૂર્તિરૂપે ઉમેરાતો ગયો. આ

અર્થમાં 'જીવનગીતા' એ પૂજ્ય શ્રીમોટાના અનુભવવિકાસની પ્રમાણગાથા છે.

'શ્રીમદ્ ભગવદ્ગીતા' ભગવાન શ્રીકૃષ્ણે અઢાર અધ્યાયોમાં ગાઈ છે. પૂજ્ય શ્રીમોટાની 'જીવનગીતા'માં 'સંગ્રામનો હેતુ' ઉમેરાતાં ઓગણીસ અધ્યાય થાય છે 'સંગ્રામનો હેતુ' એ ઓગણીસમો અધ્યાય નથી, પણ 'જીવનગીતા'ની ભૂમિકારૂપે એને ઉમેરતાં મૂળનો અઢારમો અધ્યાય એ ઓગણીસમો ગણાવી શકાય. પૂજ્ય શ્રીમોટાએ 'સંગ્રામનો હેતુ'ને અધ્યાયના ક્રમરૂપે નથી મૂક્યો, પરંતુ એને ઉમેરણરૂપે ન ગણાવતાં 'જીવનગીતા'ની સાથે જ જોડ્યો હોવાથી આપણે આમ સમજી શકીએ.

'જીવનગીતા'ની ચાર આવૃત્તિ પછી તા. ૨૪-૨-૧૯૮૩ તથા તા. ૨૩-૭-૧૯૮૩માં 'જીવનગીતા'ની પહેલી આવૃત્તિનું પુનર્મુદ્રણ અનુક્રમે એક એક હજાર નકલમાં થયું. આથી, પ્રકાશન-હકીકતની દૃષ્ટિએ-પાંચમી, છઠ્ઠી આવૃત્તિરૂપે બે હજાર નકલ પ્રગટ કરાઈ ગણાય. પહેલી આવૃત્તિના આ પુનર્મુદ્રણથી ઈતિહાસક્રમના અભ્યાસમાં ગૂંચવાડો થવાનો સંભવ છે. પૂજ્ય શ્રીમોટાનાં બે સ્વજનોની આ આવૃત્તિના જ પુનર્મુદ્રણની પ્રેમભરી માગણીને તથા એ છપાવવાનો ખર્ચ આપવાની ઉદારતાને માન આપીને આવી આવૃત્તિઓ પ્રગટ થઈ હતી. આ પુનર્મુદ્રણની બે હજાર નકલ પણ આઠેક વર્ષમાં ખપી ગઈ.

આ રીતે છ આવૃત્તિ દ્વારા ૧૯૫૩ થી ૧૯૯૦ દરમિયાન 'જીવનગીતા'ની ૧૦,૭૫૦ નકલો ખપી ગઈ. કોઈ પણ પ્રકારના વિશિષ્ટ પ્રચાર વિના 'જીવનગીતા'ની આટલી નકલો વેચાય એ મહત્ત્વની ઘટના ગણાય.

૧૯૯૦ પછી ‘જીવનગીતા’ની નકલો મળતી ન હતી. આથી, એના પુનર્મુદ્રણની જરૂરિયાત ઊભી થઈ હતી. અગાઉની સંશોધિત ચોથી આવૃત્તિનું જ પુનર્મુદ્રણ કરાવવું એમ નક્કી થયું. અને એ યોગ્ય નિર્ણય હતો. ચોથી આવૃત્તિમાં ફૂટનોટમાં છપાયેલા શ્લોકોની ગોઠવણીમાં પાનાંના અનુસંધાનો ઘણાં આવતાં હતાં. વળી, એ શ્લોકો પ્રમાણમાં બાર પોઈન્ટના માપનાં હતાં. ચોથી આવૃત્તિનું મુદ્રણ થયું ત્યારે છાપકામ માટેની આધુનિક ટેક્નિક અમલમાં ન હતી. હવે કોમ્પ્યૂટરાઈઝ્ડ ટાઈપ સેટિંગ થતું હોવાથી, ‘જીવનગીતા’ની આ સાતમી આવૃત્તિ વાંચવામાં વધારે સરળ બને એવા હેતુથી સંવર્ધિત સંશોધિત શ્લોકો સળંગ ગોઠવી શકાયા છે. વળી, બંને પ્રકારની Text (મતલબ કે પહેલી આવૃત્તિનું મૂળ લખાણ તથા ઉમેરાયેલું લખાણ) અલગ દર્શાવી શકાય એ રીતે મુદ્રણ કરાવાયું છે. ‘જીવનગીતા’ની સાતમી આવૃત્તિ, ચોથી આવૃત્તિનું જ પુનર્મુદ્રણ હોવાથી એ અધિકૃત પ્રકાશનરૂપ છે.

૧૯૯૨માં ‘જીવનગીતા’ની આવૃત્તિના ટાઈપ સેટિંગ્સનું કામ શરૂ કરાવ્યું, પણ સેટિંગ કામમાં સંજોગો પ્રતિકૂળ થયા. ૧૯૯૪ના આરંભમાં ફરીથી સેટિંગ કરાવ્યું. ચોથી આવૃત્તિના પાઠ સાથેની મેળવણી તથા ચાર પ્રૂફ રીડિંગમાં ઘણો સમય વીત્યો. વળી, ‘જીવનગીતા’ની આ આવૃત્તિ સાથે ‘જીવનગીતા’ના લેખન-પ્રકાશનનો આ ઈતિહાસ જોડવો જરૂરી હતો. આથી પણ મોડું થયું.

પૂજ્ય શ્રીમોટા વિરચિત આ મૂલ્યવાન અને સૌથી વધુ પાનાંનો ગ્રંથ વધુ આકર્ષક અને સુઘડ બની રહે એવી ભાવના હતી. એમાં શ્રી દિલીપભાઈ શુકલ તથા શ્રી સી. બી. પટેલની સહયોગી દૃષ્ટિ મળી અને ભાઈ શ્રી વિજય દલાલે એનું આવરણ

સદ્‌ભાવથી તૈયાર કરી આપ્યું. આ બધી પ્રક્રિયા ખાસ્સો સમય માગે. આથી, 'જીવનગીતા'ની આ આવૃત્તિને પ્રગટ થવામાં ઘણો જ વિલંબ થયો છે.

જ્યાં જ્યાં ગુજરાતી વસે છે, તે દરેકના ઘરમાં 'જીવનગીતા' પહોંચે એવી પ્રબળ ભાવના રહ્યા કરે છે, કેમ કે આપણી પ્રાચીન સંસ્કૃતિનું આધુનિક સમય સંદર્ભમાં સંશોધિતરૂપ આપણી પ્રજાને જોવા, જાણવા અને સમજવા મળે. પૂજ્ય શ્રીમોટાનાં ચાહક સ્વજનો તથા અન્ય અભ્યાસીઓ 'જીવનગીતા'ની વધુ નકલો ખરીદીને પરિચિતોને ભેટ આપે એવી વિનંતી.

**રમેશ મ. ભટ્ટ**

તા. ૧ જુલાઈ, ૧૯૯૪

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (સાતમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત અનોખા ગ્રંથ **'જીવનગીતા'**ની સાતમી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો હર્ષ અનુભવીએ છીએ. આ આવૃત્તિ તૈયાર કરવામાં શ્રી રમેશભાઈએ આ પ્રકાશનકાર્યમાં જે સહકાર આપ્યો છે, તે બદલ અમો તેમના આભારી છીએ.

'જીવનગીતા'ની આ સાતમી આવૃત્તિ પ્રગટ કરવામાં બે વર્ષ વીતી ગયાં. આ વિલંબ બદલ અમો ક્ષમા ચાહીએ છીએ. વિલંબ થવા છતાં પુસ્તકનું રૂપ વધારે આકર્ષક અને સુઘડ બન્યું છે એનો અમને સંતોષ છે.

આ પુસ્તકના પ્રકાશન માટે અમને શ્રી ઈશ્વરભાઈ શિવાભાઈ પટેલ (નરોડા) તરફથી આર્થિક સહયોગ મળ્યો છે. એમણે પોતાનાં સદ્‌ગત માતાપિતાની સ્મૃતિમાં 'જીવનગીતા' સમાજનાં ચરણે ધરી છે. શ્રી ઈશ્વરભાઈ આ વર્ષે (૨૨ સપ્ટેમ્બર, ૧૯૯૪ના રોજ) પૂજ્ય શ્રીમોટાના જન્મદિનની ઊજવણીના યજમાન બનવાના છે. એમના આંગણે આ ઉત્સવ પ્રસંગે આ ગ્રંથ પ્રગટ થયો છે, એવા સંયોગથી અમો આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકની નકલો વધુ પ્રમાણમાં ખરીદાય અને સગાં સ્નેહીઓનાં ઘરોમાં પહોંચાડાય એવી વિનંતી કરીએ છીએ.

હરિઃૐ આશ્રમ, **સી. ડી. શાહ**

પો. બૉ. ૭૪, નડિયાદ, વ્યવસ્થાપક ટ્રસ્ટી

તા. ૨૨-૭-૧૯૯૪, ગુરુપૂર્ણિમા

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (આઠમી આવૃત્તિ)

સને ૧૯૩૨માં વિસાપુર જેલમાં પ્રથમ વખત શ્રીમદ્ ભગવદ્ગીતા પૂજ્ય શ્રીમોટાના વાંચવામાં આવી. દરેક અધ્યાયને એકથી વિશેષ વખત વાંચી જતા. તે પછી તેના હાર્દને પકડી સમશ્લોકી ભાષાંતર તરીકે નહિ પણ ગીતાના તત્ત્વજ્ઞાનને સરળ ગુજરાતી ભાષામાં ભાવાનુવાદ તરીકે અનુષ્ટુપ છંદમાં તેઓ રચતા ગયા. આ પ્રકારે **'જીવનગીતા'** રચાઈ છે.

પૂજ્ય શ્રી ગાંધીજીનું વ્યક્ત મંતવ્ય હતું કે આપણું ગુજરાતી સાહિત્ય સરળ અને 'કોશિયો' સમજે એવું હોવું જોઈએ. પૂજ્ય શ્રીમોટાને આ કથન સ્વીકાર્ય હતું. ઉપરાંત, તેમના ગુરુમહારાજે પણ જે તે લખાણ સરળ ભાષામાં લખવા કહેલું. અભણને પણ આ 'જીવનગીતા' સમજાય છે કે કેમ તે જાણવા સૌ પ્રથમ પોતાનાં માતુશ્રી સૂરજબાને પૂજ્ય શ્રીમોટાએ આ રચનાનો કેટલોક ભાગ વાંચી સંભળાવ્યો હતો અને તેમનાં બાએ સંતોષ વ્યક્ત કર્યો હતો કે તેઓને એ લખાણ સમજાય છે.

તાત્પર્ય કે આ 'જીવનગીતા'ની રચના સરળ ભાષામાં થઈ છે. પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોમાં તેમ જ જિજ્ઞાસુ ગુજરાતી ધર્મપ્રેમીજનોમાં પણ એ સ્વીકારાઈ છે. અત્યાર સુધીમાં તેની બારેક હજાર નકલ વેચાઈ ગઈ છે. હાલમાં આ પ્રકાશનની કોઈ પ્રત પ્રાપ્ય નથી. સ્વજનોમાં તેની સતત માંગ રહે છે, તેને ધ્યાનમાં રાખીને આ આઠમી આવૃત્તિનું પ્રકાશન ૧૩ વર્ષ પછી કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

**ખાસ ઉલ્લેખ કરવાનો કે અગાઉની આવૃત્તિઓમાં અનેક શ્લોકોમાં પૂજ્ય શ્રીમોટાએ જે જે નવી કડીઓ ઉમેરી હતી, તે ફૂટનોટ તરીકે જે તે પાનાંની નીચે છપાઈ હતી. તે તમામ કડીઓને તેમના યોગ્ય લગત સંદર્ભે આ પ્રકાશનમાં સમાવાઈ છે. તેથી, વાંચવામાં સળંગતા અને સરળતા જળવાઈ રહેશે.**

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અમોને આશા અને શ્રદ્ધા છે કે આ પ્રકાશનને પણ અગાઉનાં પ્રકાશનોની જેમ ધર્મપ્રેમી જિજ્ઞાસુઓ આવકારશે.

તા. ૨૯-૭-૨૦૦૭ **ટ્રસ્ટીમંડળ,**

ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ, સુરત.

# જીવનગીતા

❑

-પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## સંગ્રામનો હેતુ

*જ્ઞાનના ઉદ્દેશને માટે કોઈક એકાંત, શાંત, દિલને ભરી દે અને મુગ્ધ કરી દે એવા સૌંદર્યવાળું સ્થળ હોવું ઘટે, પરંતુ અહીં તો શ્રીકૃષ્ણ ભગવાન તેના સખા અર્જુનને જ્ઞાનનો ઉપદેશ સંગ્રામના ક્ષેત્ર ઉપર આપે છે. એનું રહસ્ય નીચેના શ્લોકોથી વધારે વિશદ અને સ્પષ્ટ થાય છે.*

(અનુષ્ટુપ)

‘ઉદ્‌ભવી શેં શકે જ્ઞાન સંગ્રામક્ષેત્ર ઉપરે ?’
પ્રશ્ન એવો ઊઠે સૌને, રહસ્ય એનું શું હશે ? ૧

કૃષ્ણે અર્જુનને દીધું ગીતાનું જ્ઞાન જે સ્થળે,
સૈન્ય સાથે જ બંનેનાં કૌરવો પાંડવો મળે. ૨

વેદવ્યાસ મહાજ્ઞાની શક્તિકેરા શિરોમણિ,
યદ્વાતદ્વા કશું તેમાં ક્યાંયે ના હોય ત્યાં કદી. ૩

છૂપું રહસ્ય હૈયાથી ખોળવા દિલ પ્રોઈને,
જે રીતે જાણ્યું તે આજે ઈશેચ્છાથી અહીં કથું. ૪

સંગ્રામનું ખરું ભાન ઉગ્ર, ઉત્કટ થાય જ્યાં,
સંગ્રામ જીતવા ત્યારે ગુણ ને શક્તિ જન્મતાં. ૫

સંગ્રામભાનથી જાગે તૈયારીની સભાનતા,
જે જે કૈં જોઈતું હોય એકઠું કરીએ તદા. ૬

સાવધાન રહી પૂરા ચારેબાજુથી ચેતતા,
જાગ્રત શા બધી રીતે તે પળે થઈએ સદા ! ૭

સંગ્રામ જીતવા કાજે સૌ જરૂરનું યોગ્ય જે,
પ્હોંચાડવા કટિબદ્ધ થઈએ યુદ્ધના સ્થળે. ૮

ક્યાંય નિર્બળતા પેસી જાય ના કોઈ બાજુએ,
સદા તત્પર ને શૂરા પૂરેપૂરા જ તત્ક્ષણે. ૯

સર્વ પ્રકારની શક્તિ ચારેબાજુથી એકઠી,
પડે કરવી એકાગ્ર કેંદ્રિત યુદ્ધના સ્થળે. ૧૦

યુદ્ધ આવી પડે જ્યારે બુદ્ધિ તેજસ્વી થાય શી !
યુદ્ધના કર્મની પૂરી સૌ હૈયાસૂઝ જાગતી. ૧૧

બધી ઇંદ્રિય સંગ્રામે એકાગ્ર થૈ ખડેપગે,
કેંદ્રિત શક્તિવાળી ર્‌હે આપમેળે જ તત્પરે. ૧૨

સંગ્રામતણું વિજ્ઞાન જાણવું પડતું ખરે,
આત્મવિશ્વાસ સંપૂર્ણ શ્રદ્ધાદિ હોવું જોઈએ. ૧૩

ચાલ સંગ્રામની જુદી જુદી અટપટી રહે,
બુદ્ધિ કુશાગ્ર થાતી ને યુદ્ધે વાપરતાં વધે. ૧૪

સંગ્રામ સંકળાયેલો સાથે શો કેટકેટલાં !
એ સર્વનોય વિચાર રહે શો કરવો ત્યહાં ! ૧૫

સંગ્રામ જીતવા કાજે એકલી બુદ્ધિ યોગ્ય ના,
આંતરશક્તિ તે કાજે ઘટે લાવવી કર્મમાં. ૧૬

સંગ્રામ ખેલવાકેરું જ્યારે ભાન ઊગે ખરું,
ત્યારે જીતી જવા કાજે એકાગ્ર બળ શું થતું ! ૧૭

પ્રત્યેક ભૂમિકાએ છે સંગ્રામ શો જુદો જુદો !
તે સંગ્રામ વિના જીત્યા ના સર્વોપરી થૈ શકો. ૧૮

પ્રત્યેક ભૂમિકાકેરું સત્ય સંગ્રામનું જુદું,
તે સર્વ સત્યને ત્યારે પાળવાનું રહે પૂરું. ૧૯

સંગ્રામની ભૂમિકાઓ એક એકથી ઉપરે,
એકનું સત્ય બીજીથી કેવું અવનવું તરે ! ૨૦

પ્રત્યેક ભૂમિકાકેરા સંગ્રામ જીતવા પડે,
એવા સંગ્રામ શા શા છે અનેક ઊર્ધ્વ જીવને ! ૨૧

પ્રત્યેક યુદ્ધનું સત્ય એકબીજાથી જુદું છે,
પ્રત્યેક સત્યનાં જુદાં જુદાં લક્ષણ હોય છે. ૨૨

સંગ્રામ જાગતાં શક્તિ પડે જગાડવી પૂરી,
સર્વ તાકાતથી યુદ્ધ ખેલવાને ખમીરથી. ૨૩

ખેલતાં ખેલતાં જાગે, મર્દાનગી ખરેખરી,
'કેટલામાં છીએ પોતે' એનું ભાન ઊગે સ્ફુરી. ૨૪

ખેલતાં ખેલતાં પામે હાર, તોયે ફરી ઊઠી,
થૈ બેઠા, ફરી પાછા યુદ્ધે મંડે ચહી સહી. ૨૫

પૂરું સંગ્રામથી જાગે જ્ઞાન શક્તિ-અશક્તિનું,
અશક્તિ જાણતાં, જાગી મંડે મથી ફરી ઊંડું. ૨૬

નિર્ણયશક્તિ ને પાકી શક્તિ નિશ્ચયની ઊંડી,
સંગ્રામથી દિલ જાગે ઘવાતાં ખૂબ યુદ્ધથી,
ખરો શો ખેલ ખેલે તે કમ્મર કસી યુદ્ધમાં ! ૨૭

સર્વ સમર્પવાકેરી ચઢે ચાનક યુદ્ધમાં,
ભલે સૌ ખોઈ બેસાયે પડે પાછો ન તે છતાં. ૨૮

પડેલી શક્તિ સુષુપ્ત સંગ્રામ કારણે બધી,
જાગ્રત થૈ પરોવાયે કર્મે એકાગ્ર કેંદ્રિત. ૨૯

કર્મનાં સર્વ પાસાંને જોઈ તેને વિચારવા,
દીર્ઘદૃષ્ટિ, નવી બુદ્ધિ પ્રેરે સંગ્રામ શીઘ્ર ત્યાં. ૩૦

ધારેલા લક્ષ્યને સિદ્ધ થવા તત્પર સર્વદા,
ચેતેલા તે રખાવીને મથાવે શા જિતાડવા ! ૩૧

હઠ્યા કદીક જો પાછા, પાછા સામગ્રી-સજ્જ થૈ,
કરે મથાવી ધક્કેલ્યાં જીતવા શત્રુ સૌ રીતે. ૩૨

ખરો ખેલાય છે ઉગ્ર સંગ્રામ જેમ જેમ તે,
શક્તિ કેટલી કેવી છે તેનું જ્ઞાન પમાય છે ! ૩૩

તમન્ના જેટલી ઉગ્ર, ઉત્કટમાંહી ઉત્કટ,
તેને સર્વ દિશાકેરી તૈયારી ઊગતી દિલ. ૩૪

મરણિયો જ નિર્ધાર સંગ્રામ જીતવા પૂરો,
જેહના દિલમાં ઊગે મર્દ માનવી શો ખરો! ૩૫

યોગ્ય સૌ ગુણ ને શક્તિ થવા વિકાસ જીવને,
ખીલે સંગ્રામથી, તેથી સંગ્રામ અનિવાર્ય છે. ૩૬

સર્વ દિશાતણી હૈયે જાગૃતિ ધારી ત્યાં સદા,
હામ ભીડી પૂરેપૂરી તત્પર ખપી ત્યાં જવા
એને આનંદ શો સ્ફુરે વારી વારી જઈ તદા ! ૩૭

સંગ્રામથી ખીલે ઊંડાં ચાતુરી ને ચકોરતા,
ચારેબાજુતણું ધ્યાન સ્ફુરે છે આપમેળ ત્યાં. ૩૮

સોંસરી દૃષ્ટિ એકાગ્ર કેંદ્રિત ધ્યેયમાં ઠરી,
અંતરશક્તિ સંગ્રામે ખીલી, કર્મે વરે ચહી. ૩૯

બતાવી ના શકે પીઠ વીરતા ઉગ્ર એવી શી !
સંગ્રામે જાગતી ઊંડી, વિકાસે શી જરૂરની ! ૪૦

વિના સંગ્રામને ખેલ્યા જાગે ભાન ન નિજનું,
જાગતાં ભાન પોતાનું પામે તે જ્ઞાન આપનું. ૪૧

ટેવો પડેલી જે જૂની ઉગ્ર સંગ્રામ કારણે,
મેળે જ બદલાઈને નવું જીવન સાંપડે. ૪૨

જૂના ચીલા પડેલા જે મેળે ભૂંસાઈ જાય શા !
સંગ્રામ કારણે માર્ગ નવા નવા કરે જડ્યા. ૪૩

નવું જોમ, નવો જુસ્સો, નવાં સાહસ, હિંમત,
સંગ્રામને લીધે જન્મે નવાં દૃષ્ટિ, પરાક્રમ. ૪૪

સંગ્રામ કેવી જન્માવે નવી ચાલ, નવી ગતિ !
જોયેલું, સાંભળેલું ના, જાગે જીવનમાં સ્ફુરી. ૪૫

ઉદ્યમ, ખંત, ઉત્સાહ, અદમ્ય પ્રેરણા નવી,
શાં શાં સંગ્રામ જન્માવે, પડી ર્‌હેવા ન દે જરી ! ૪૬

ઉગ્ર પ્રમાદ ખંખેરી નંખાવે ધરમૂળથી,
યુદ્ધ કાજે જરૂરી તે કરાવે એકઠું તહીં. ૪૭

બેસવા દે ન જંપી તે, રખાવ્યાં કરી ઉદ્યમી,
સંગ્રામ શી રખાવે છે તકેદારી નવી નવી ! ૪૮

ભૂલવા કે ભુલાવા કૈં ના દે સંગ્રામ ક્યાંય તે,
સદા તત્પર રહેવાનું પ્રેરે શિક્ષણ નિત્ય એ. ૪૯

થતી હાર નિહાળે જ્યાં દોડી પહોંચી ત્યાં જઈ,
યોગ્ય સહાય પ્‌હોંચાડે તુર્તાતુર્ત મથી ફરી. ૫૦

સંગ્રામ સંપડાવે છે નવું સત્ય સુઝાડવા,
નવાં વળાંક ને દૃષ્ટિ તરી સોંસરવા જવા. ૫૧

નિરાશા ને નિરુત્સાહ, હતાશા યુદ્ધથી થતાં,
કૃતનિશ્ચયી જેઓ છે બેઠા પાછા ફરી થતા. ૫૨

જતાં ફસાઈ કો વેળા તત્ક્ષણ ભાન જાગતું,
થવા મુક્ત ઉપાયો શા લેવાને તે સુઝાડતું ! ૫૩

પોતાના ઉપરે માત્ર આધાર રાખવાતણું,
ધ્યાન ઊંડું જગાડે છે, સંગ્રામ નવી પેરનું. ૫૪

ચેતેલા, જાગતા, નિત્ય ખંતીલા, દિલ ઉદ્યમી,
ર્‌હેવા તૈયાર, સંગ્રામ દે શિક્ષા બુદ્ધિ પ્રેરવી. ૫૫

સર્વ પ્રકારનું જ્યાં ત્યાં કર્મકૌશલ્ય જીવને,
કેવું સંગ્રામ પ્રેરાવે સ્થળકાળ યથાર્થનું ! ૫૬

પ્રવેશાવે જ તે માર્ગ કેવા કેવા ભયંકર !
છક્કા જાણે છૂટી જાય, છતાં પ્રેર્યાં કરે બળ. ૫૭

સંગ્રામ ભૂલવા ના દે તે કાજે જે જરૂરનું,
સંગ્રામ શક્તિ પ્રેરાવે જેમ જે કાળ જોઈતું. ૫૮

આંતરબાહ્ય શાં જુદાં સંગ્રામનાં સ્વરૂપ છે !
રૂપ જ્યાં બદલાયે ત્યાં તત્ક્ષણ પરખાય તે. ૫૯

સુષુપ્ત સર્વ શક્તિને કેવો સંગ્રામ પ્રેરતો !
જગાડી કર્મ પ્રેરાવી અંતરદષ્ટિ બક્ષતો. ૬૦

ચાલ જુદી જુદી કેવી શત્રુકેરી નિહાળવા !
ચોમેર દૃષ્ટિ શી પ્રેરે સંગ્રામ આપમેળ ત્યાં ! ૬૧

પ્રેરે સંગ્રામ શી ગૂંચો, મુશ્કેલી, વિઘ્ન, આપદા,
તે પછી શક્તિ પ્રેરાવે તે તે સર્વ નિવારવા. ૬૨

સંગ્રામ ઉગ્ર ઉત્પાત સંહાર શો ભયંકર !
સ્ફુરાવે જીવને, પાછી શક્તિ દે તે નિરંતર. ૬૩

કરાવે સર્વ સંહાર, પાછું સર્જન મૌલિક,
સંગ્રામ કેવું જન્માવે ! આગળે ધપતાં પથ. ૬૪

આડુંતેડું જવા ના દે લક્ષ્ય સંગ્રામ આપણું,
જીતવા કાજ ઉપાયો નવા નિત્ય સુઝાડતું. ૬૫

નવી દિશા, નવું જ્ઞાન, દૃષ્ટિ, શક્તિ, નવાં નવાં,
બક્ષે સંગ્રામ જેને હો જીતવા દૃઢ ધ્યેય ત્યાં. ૬૬

યાહોમ ઝંપલાવીને ફના થાવા બધી રીતે,
જેને લ્હે એવી લાગી છે, પાડી પોબાર તે શકે. ૬૭

નિરાશા ક્યાંય એવાને નીપજે ના કદી પથે,
હતોત્સાહ કદી થાતાં પાછો ઝઝૂમવા મથે. ૬૮

ફના થઈ જવા પૂરી જેને લ્હે એકમાત્ર છે,
તે તો ખપી જવામાં શો એકધારો જ લગ્ન છે ! ૬૯

પંથે શાં વિઘ્ન, મુશ્કેલી આવે અનેક જાતનાં !
તે તો નિવારતાં પંથે સ્ફુરે જ્ઞાન નવીન શાં ! ૭૦

લીધેલાને ન મૂકી દે, પાર ઉતારવા પૂરું,
મચ્યો જે એકધારો ર્‌હે, અંતે તે પામશે ખરું. ૭૧

સર્વ સમર્પવા હોંશ, હૈયે ઉમળકો ઊગે,
સંગ્રામ જીતવાકેરી શક્યતા સર્વ એહને. ૭૨

પોતે ખપી જવા પૂરું જેહને કોડ સ્ફુરતા,
સંગ્રામે સર્વ હોમાવા તેને જ્ઞાન ઊગે સદા. ૭૩

મળી, ગળી, થતાં એક જવાતાં મરી ત્યાં નવાં,
જન્મ, રૂપ અને કાયા ફળો કેવાં કરે મળ્યાં ! ૭૪

સ્થિતિમાં એકની એક રખાવ્યાં ના કદી કરે,
નવું જીવન, સંગ્રામ પાંગરાવે ક્રમે ક્રમે. ૭૫

મથે છે કેવું સંગ્રામ ગબડાવી જ નાખવા !
છતાં ટટ્ટાર પાછો તે રખાવ્યાં કરતો સદા. ૭૬

અનેક જાતના જુદા સંગ્રામ સૂક્ષ્મ પેરના,
તેને તે જીતવા કાજે જ્ઞાન સૂઝે નવાં નવાં. ૭૭

તીવ્ર સભાનતા જાગે ઉગ્ર સંગ્રામની હદે,
સંગ્રામ-ભૂમિકા જાગ્યા વિના જ્ઞાન ન સંભવે. ૭૮

સંગ્રામમાં વિના જીત્યા કશું બાકી રખાય ના,
પડે જીતવું પૂરું ને સ્વામિત્વ પામવાનું ત્યાં. ૭૯

જરૂરી તેથી સંગ્રામ થવો જીવનમાં ઘટે,
વિના સંગ્રામ શી રીતે જન્મે ઊથલપાથલે ? ૮૦

જીવને છે થરો કેવા ક્યાં ક્યાં ને કેટલા નવા,
કરાવે તેનું સંગ્રામ ભાન જીવનમાં તદા. ૮૧

યોગ્ય સમજણોનેયે સંગ્રામ શો ત્યજાવતો !
સંગ્રામ જીતવા યોગ્ય જે તે કૈં તે સુઝાડતો. ૮૨

નવી ભૂમિ, નવા દેશ, નવા શા થર કેટલા !
સંગ્રામથી મળે જોવા ને અનુભવ પામવા. ૮૩

જ્ઞાનને જન્મવા કાજે સંગ્રામ શો જરૂરનો !
સંગ્રામમાંથી જન્મે છે જ્ઞાન સૌ જીતવાતણું ! ૮૪

ઊગે સંગ્રામથી સાચું ખમીર જીવને ખરું,
યુદ્ધે ઝઝૂમવા ખંતે દક્ષતા ઑર પ્રેરતું. ૮૫

ગીતાજ્ઞાન દીધું તેથી સંગ્રામ-ભૂમિકા પરે,
મને યથાર્થ તે લાગ્યું પ્રભુકૃપાથી દિલપે. ૮૬

જિજ્ઞાસા કેવી જાગેલી, ચેતેલી ઉગ્ર જે હૃદે !
તેના ભાવથી સંગ્રામે મથાયું જેમ જે રીતે,
જુદા જુદા તબક્કામાં વર્તાયું જેમ જીવને,
તે સમજણને મેં હ્યાં કૃપાથી દાખવી શી છે. ૮૭-૮૮

મને જાણ્યો ન કોઈએ એવી તે રીતનો જગે,
કૃપા એ તો પ્રભુની શી ! લક્ષણ નમ્રતાનુંયે ! ૮૯

॥ હરિઃૐ ॥

## જીવનવિકાસક અંગો

તીવ્ર ઉત્કટ જિજ્ઞાસા જાગ્યા વિના ન સંભવે,
ભાવના જાગવી હૈયે અખંડિતપણે ખરે ! ૧

ભાવના આપમેળે જ્યાં જાગતાં મન જે વિશે,
ભાવના દિલ જાગેલી પરોવાયેલ ર્‌હે હ્દે. ૨

જીવનહેતુનો પાક્કો વિકાસ-અર્થ નિશ્ચય,
ઊગેલો હો ઊંડો તેમ જિજ્ઞાસા પ્રેરશે દિલ. ૩

અંતરપ્રેરણા હૈયે કેવી કેવી રીતે પથે,
પ્રેરતી તે રહે છે ! ને દોરવે છે શી જીવને ! ૪

તે વેળા ધ્યેયને યોગ્ય જાગૃતિ ચેતનાત્મક,
તત્પરે શી સદા પંથે રખાવે દિલને દૃઢ ! ૫

થવા સાકાર સંપૂર્ણ ભાવના, કર્મસાધન,
કર્મમાં હેતુનું ભાન જિજ્ઞાસા પ્રેરવે દિલ. ૬

‘જિજ્ઞાસા’, ‘ભાવના’, ‘ધ્યેય’, ‘હેતુકેરી સભાનતા’,
‘અખંડ જાગ્રતિ’, ‘કર્મ’, વિકાસે તે જરૂરનાં. ૭

આત્મવિશ્વાસ સંપૂર્ણ શ્રદ્ધા શી પ્રેરણાત્મક !
જિજ્ઞાસામાંથી જન્મે છે જ્યોત શી માર્ગદર્શક ! ૮

❑

# શ્રીમદ્‌ભગવદ્‌ગીતા

## અધ્યાય ૧ લો

(અર્જુનવિષાદયોગ)

*પવિત્ર કુરુક્ષેત્રમાં (જીવનમાં તો ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર બંને આવેલાં છે.) શ્રીકૃષ્ણ ભગવાન પોતે અર્જુનના સારથિ બનીને રણક્ષેત્રની વચમાં, લડાઈની શરૂઆત થવાની વેળા આવી પહોંચી ત્યારે, અર્જુનના રથને હાંકી જાય છે.*

## રણમેદાને

(અનુષ્ટુપ)

ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર બંને જીવનમાં વસે,
પાંડવો કૌરવો તેયે વસે ‘આધાર’ નિશ્ચયે. ૧

સામસામે જ સંગ્રામ એકબીજાની સાથ તે,
સદાયે જાગતો રહે છે કદી ના અટકે પથે. ૨

કૌરવો-પાંડવોનું છે આધારે સૈન્ય જો ખડું,
લડવાને કટિબદ્ધ સૌ રીતે સુસજ્જ શું ! ૩

સામનો કરવાને શા ઊભા બંનેય તત્પર !
ઉપાયો એકબીજાથી ચડિયાતા બધી રીતે
લેવાને તે કટિબદ્ધ ઊભા છે સામસામને ! ૪

ઊભી સેના કુરુક્ષેત્રે કૌરવો-પાંડવોતણી,
યોદ્ધા મહારથી કેવા ઊભા સર્વ સુસજ્જ થૈ ! ૫

થઈ આશ્ચર્યથી મુગ્ધ ગણાવે ત્યાં સુયોધન,
યોદ્ધા મહારથી મુખ્ય તે સમે ગુરુ દ્રોણને. ૬

એકએકથી ચડિયાતા યોદ્ધા કેવા ભગીરથ !
ટક્કર ઝીલવા ઊભા એકલક્ષો થઈ સ્થિર ! ૭

આડેતેડે કશે ધ્યાન કોઈનું ત્યાં જતું નથી,
એકમાત્ર શી તૈયારી કરવે રત યુદ્ધની ! ૮

તૈયારી યુદ્ધની થાતાં શંખવાદન જ્યાં થયું,
બંને એ સૈન્યની વચ્ચે કૃષ્ણે ત્યાં રથ આણિયો. ૯

*જ્યારે બરાબર લડાઈની પળ જાગી ત્યારે જ અર્જુન પોતાનાં સગાંસંબંધીઓને બંને બાજુએ એકબીજાને મારી નાખવા તૈયાર થઈને ઊભેલાં જોઈને ગભરાઈ જાય છે, કે શું હું જ 'મારાંને' હણું ?*

## અર્જુનનો ગભરાટ

આંખ સામે બધી વ્યૂહ-રચનાને નિહાળીને,
ગયો શો ઊતરી ઊંડો ગાંડીવધારી તે સમે ! ૧૦

ગભરાઈ, સ્થિતિ જોઈ, પાર્થ તે વેળ કૃષ્ણને,
પૂછે, 'આ સર્વની સામે મારાથી તે લડાય શેં ? ૧૧

તત્પર લડવા કેવાં ઊભેલાં સ્વજનો ખરે !
જોઈ મારાં બધાં ગાત્ર શાં શિથિલ થયેલ છે ! ૧૨

સુકાઈ જાય છે મોં ને વછૂટે છે ધ્રુજારી શી !
રૂંવાડાં શાં ઊભાં થાય ! ગાંડીવ જાય છે પડી. ૧૩

બીજાં તે પારકાં સાથે હોય કૈં લડવાનું, તો,
તત્ક્ષણ ફેંસલો આણી નાખું હું લડીને બધો. ૧૪

સગાં મારાં પ્રભુ, આ તો ! ભાસે 'મારાં' જ સૌ મને,
કૌરવો કોણ ને કોણ પાંડવો ! સહુ એક છે. ૧૫

નાખવાં મારી સંગ્રામે પોતાનાં ને બધાંયને,
એવી મતિ સૂઝે કેમ ? ત્યાં ચલાવાય શસ્ત્ર શેં ? ૧૬

સંહાર કારમો એવો જોવાય કેમ આંખથી !
મારી નાખી જ પોતાનાં, જિવાય કેમ તે પછી ? ૧૭

ઊંડો પોતાપણાનો શો સંબંધ જેની સાથ છે,
તેને સંહારવા હૈયે હામ ના ચાલતી જ છે. ૧૮

સંહારીને સગાં તે સૌ અર્થ જીવનનો કયો ?
સુખ ભોગવવું કોની સાથે પછી ? પ્રભુ કહો. ૧૯

સુખ, ભોગ અને રાજ્ય વાંછીએ કાજ જેમને,
તેજ ઊભા અહીં યુદ્ધે ત્યજવા ધન-પ્રાણને. ૨૦

સગાંસંબંધીઓ સર્વે, અમે તો ભાંડુઓ બધાં,
સાથે સૌ ઊછરેલાં ને સાથે સાથે રમ્યાં બધાં. ૨૧

*પોતાના બંને પૂજ્ય ગુરુજનોને પણ રણમેદાને લડવા ઊભેલા જોઈને, તેમને પણ હણવા પડે જ એવા ખ્યાલથી, અર્જુનને ભારે વિમાસણ થાય છે.*

## ગુરુહત્યાનો ભય

જુઓ આ ત્યાં ઊભા દ્રોણ, એકલા કૌરવોતણા
એ શું આચાર્ય થોડા છે ? એનાથી જ અમે ભણ્યા. ૨૨

શસ્ત્રાવિદ્યા અમે શીખ્યા, ગુરુથી તે નવું નવું,
અમારે માટ વેઠ્યું છે કષ્ટ તો તેમણે ઘણું. ૨૩

શીખતાં શીખતાં જ્યારે નિરાશા વ્યાપી જ્યાં જતાં,
ઉત્સાહ પ્રેરણા પ્રેરી પાછા ટટાર શા કર્યા ! ૨૪

વાળીવાળી અમારાં સૌ મનાદિકરણો તદા,
સૂક્ષ્મ શી ગૂઢ વિદ્યા તે પોતે શીખવવા મથ્યા ! ૨૫

રસ લેતા કર્યા કેવા પથે નાદાનને નવા !
તેવા વિદ્યા-ગુરુને શેં હણાયે અમથી હવાં ? ૨૬

ગુરુના ઉપકારો શા ! રળ્યા વિદ્યા શી ગુરુથી !
આજે જે અમે ઊભા તે તો ગુરુ-પ્રભાવથી. ૨૭

ગુરુએ જ બનાવ્યા છે, શા પારંગત શાસ્ત્રમાં !
અસ્ત્રાવિદ્યા વિશે પૂર્ણ શક્તિભર્યા બનાવિયા. ૨૮

પારમિતાનું કૌશલ્ય ગુરુથી સાંપડ્યું વળી,
શસ્ત્રાવિદ્યાનું સંપૂર્ણ યોગ્ય તે જ્ઞાન દિલમાં,
ગુરુએ સંપડાવ્યું છે કળાકૌશલ્ય શસ્ત્રમાં. ૨૯

માત્ર મેળવવા રાજ્ય ગુરુ સંહારવા મને,
બુદ્ધિ શી ચાલતી ના છે ! ગાત્ર મારાં બધાં ગળે. ૩૦

ઊભેલા ભીષ્મદાદા ત્યાં શા યુદ્ધ કાજ તત્પર !
તેઓ સાથે લડાઈ શી ! આથી મૃત્યુ બહેતર. ૩૧

વાતો કહી'તી દાદાએ નાના નાના હતા અમે,
સંસ્કાર પ્રેરવ્યા કેવા દાદાએ અમને હૃદે ! ૩૨

ગૂઢ રહસ્યના દીધા ઉકેલ જીવને સદા,
મુશ્કેલી, ગૂંચ, વિઘ્નોમાં ઉપાયો શીખવ્યા તદા. ૩૩

દાદાથી જ ઘડાયા ને દાદાથી જ અમે શીખ્યા,
જીવતાં સંસ્કૃતિ ઊંચી, જેનાથી જ અમે નભ્યા. ૩૪

કૌરવો, અમને હેતે રમાડ્યા જેમણે ઘણા,
તેવા તે સંસ્કૃતિકેરા સ્તંભને હણવા હવાં ! ૩૫

ના, ના, એ તો બને કેમ ? દાદાને ના હણાય તે,
દાદા પરત્વેની ભક્તિનો પછી અર્થ શો ખરે ! ૩૬

દાદા સમર્થ, સંપૂર્ણ, જેની શક્તિ અપાર છે,
શસ્ત્રવિદ્યા વિશે, જેના જેવા સમર્થ કો ન છે,
શાસ્ત્રપારંગત પૂર્ણ અડીખમ બધી રીતે,
તેવાને હણવા ક્યાંથી શક્તિ ચાલે જ મારી તે ? ૩૭-૩૮

આદર, ભક્તિ હૈયામાં જેને માટે ભરેલ છે,
તેવો જ્યાં ભાવ જીવંતો જેને માટે અપાર છે,
શો પૂજ્યભાવ હૈયામાં નર્યો પાંગરતો રહ્યો !
એવાને મારવા ક્યાંથી બુદ્ધિ તત્પર થાય તો ! ૩૯-૪૦

તમે શું આડફંટેય ચઢાવી અમને પથે,
કુબુદ્ધિ મારવા દાદા ના હો કૃપાથી તો હૃદે. ૪૧

*અર્જુન કંઈ કૌરવોનાં ત્રાસદાયી, દ્વેષી કર્મો ભૂલી નથી ગયો, પણ 'એ લોકો મૂઢ છે અને મને તો સમજણ છે' એમ કહે છે.*

## અર્જુનનો નૈતિક ભય

'કૌરવો ત્રાસદાયી છે, દુષ્ટ કર્મો કર્યાં ઘણાં,
વર્ત્યા અન્યાયથી તે સૌ, દગા ને છલ કૈં કર્યાં. ૪૨

પ્રપંચે જ પચાવી છે ગાદી આ અમ તાતની,
દુભાવી દ્રૌપદીને છે, અપમાની મહાસતી. ૪૩

તેમના દોષ એવા તો હજી કૈંક ઘણા હશે,
છતાંયે એમને મારી મારે ક્યાં જવું ? ના સૂઝે. ૪૪

અમે સૌ દોષથી મુક્ત નથી સંપૂર્ણ કો રીતે,
માત્રાનો ફેર બંનેમાં, એમાં સંદેહ ના કશો. ૪૫

તે તો છે મૂઢ, કાં થાઉં એમની જેમ મૂઢ હું ?
મને તો કૈંક છે ભાન, સારાસાર વિવેકનું.' ૪૬

*પણ અર્જુનમાં એક મોટો ગુણ છે - નમ્રતાભર્યો શરણભાવ. યુદ્ધપ્રસંગથી તેમાં જિજ્ઞાસાનો ગુણ ઉમેરાય છે. એટલે જ્ઞાન માટે તે તલસે છે, પણ પાછો સ્વભાવે કરીને પાણીમાં બેસી જાય છે.*

## અર્જુનની જિજ્ઞાસા

'જાણવા માગું છું તેથી, નમ્રતા દિલમાં ધરી,
લડવામાં સગાં સાથે પાપ કૈં શું રહ્યું નથી ?' ૪૭

મોહમુગ્ધ નશે એના જેથી બુદ્ધિ હણાઈ છે,
છતાં વાપરી બુદ્ધિ ત્યાં કહે અર્જુન કૃષ્ણને. ૪૮

ભલેને પાંડવોકેરો બેઠા ભાગ બથાવીને,
ભલેને અમ બંધુને સંહારે કૌરવો હવે. ૪૯

ઉગામાયે અમારાથી એમના પર હાથ શેં !
થતાં એવા વિચારો તો કંપારી દિલમાં છૂટે. ૫૦

લડું કેવી રીતે, કૃષ્ણ ! સગાંવ્હાલાંની સાથ તે ?
ઉપાડાશે ન આ હસ્તે મારાથી શસ્ત્ર તો ખરે. ૫૧

આવી વિમાસણે પાર્થ વ્યગ્ર પૂરો થતાં દિલે,
એને ના સૂઝતું કાંઈ યોગ્ય તે કરવાપણે. ૫૨

સંદિગ્ધ થઈને આમ રથે તે લથડી પડે,
કૃષ્ણ તેનું ઊભાં ઊભાં ડામાડોળપણું જુએ. ૫૩

નાખે વલોવી હૈયાને એવો ઊંડો વિષાદ જ્યાં,
સંપૂર્ણ પ્રગટ્યા વિના ભૂમિકા પાકી થાય ના. ૫૪

વિષાદ તે નિરાશા ના, નિરાશા ને વિષાદમાં,
ભેદ કેવો જુદો જુદો ! મર્મીને અર્થ સૂહેલમાં. ૫૫

નિરાશા તો હરી લે છે ગુણ ને શક્તિ, ભાવના,
આત્મનિરીક્ષણે કેવો પ્રેરાવે છે વિષાદ ત્યાં ! ૫૬

વિષાદ શું જગાડે છે પોતાનું ભાન આપમાં !
કેવી જીવનની પંથે પ્રેરાવે તે સભાનતા ! ૫૭

પ્રાણ ખંખેરી નાખીને નિરાશા તો ડુબાડી દે,
વિષાદ કેવું પ્રેરાવે ઊંડામાં ઊંડું જીવને ! ૫૮

ધક્કો વિષાદ મારીને જગાડે છે મનુષ્યને,
પ્રકાશ પામવાકેરો વિષાદ માર્ગ દાખવે. ૫૯

પૂરેપૂરું વિના ડંખ્યા, વિના ખૂંચ્યા ખરેખરું,
એક ડગલુંયે પંથે ન વધાયે જરા કશું. ૬૦

સલામત સ્થિતિમાંથી ખસેડાવે વિષાદ તે,
આવશ્યક ખરે તેથી થવો વિષાદ જીવને. ૬૧

ખસી શકે ન કેમેય જ્યાં હો ખૂંપેલ જીવને,
વિષાદ શો ખસેડાવે એકમાંથી બીજા વિશે ! ૬૨

ઘેરો વિષાદ ફેલાવે મૂર્છના, કિંતુ ના જડ,
મૂર્છનાથી જગાડી તે પ્રેરાવે ઉગ્ર મંથન. ૬૩

વિષાદ થકી ભારે શા આંચકા દિલ લાગતા !
આંચકા થકી ફેંકાઈ બેડીથી મુક્ત શા થતા ! ૬૪

ના ચિંતાગ્રસ્ત વિષાદ ના તે છે ગમગીનતા,
મનનચિંત્વન ઊંડું પ્રેરાવે છે વિષાદ જ્યાં. ૬૫

ગર્ભાવસ્થા શી વિષાદ જ્ઞાનની ભૂમિકા ગૂઢ !
કોયડા ગૂંચ વિષાદ ઉકેલાવે કળે દિલ. ૬૬

સુઝાડવા નવું સત્ય સંપૂર્ણ ઉપયોગિતા,
વિષાદકેરી કેવી છે મહત્તાવાળી યોગ્યતા ! ૬૭

શોકનું વાદળ ગાઢ શું છવાયેલ અંતરે !
તેને વિષાદ ના જાણો, વિષાદશક્તિ ઓર છે. ૬૮

ઊતરાવે ઊંડે ઊંડે ઊંડાણે છેક અંતરે,
ઊતરાવી વિચારાવે તે તારતમ્ય યોગ્ય જે. ૬૯

ઊંડા પ્રખર આઘાતે વિષાદનો જ જન્મ છે,
શા પ્રત્યાઘાત એના છે જીવન પલટાવવે. ૭૦

વિષાદ એમનો એમ છાનોમાનો ન રહે પડી,
ઊંચાનીચા હલાવ્યા તે વિના, જંપે નહિ કદી. ૭૧

જેને વિષાદ જન્મે છે, તેવો શો ભાગ્યશાળી છે !
વિચારવા નવું યોગ્ય પ્રેરાવશે શું વિષાદ જે ! ૭૨

જે મૂંઝાયેલ સંપૂર્ણ, ગૂંચવાયેલ છે જ જે,
એને વિષાદ વિશુદ્ધિ વિશે પ્રેરાવશે હૃદે. ૭૩

યોગ્ય કર્તવ્ય પોતાનું સંપૂર્ણ જે કર્યું જ છે,
વિષાદ તે બતાવીને યથાયોગ્ય કરાવશે. ૭૪

કેવો વિષાદ ઓચિંતો આંચકો દિલ પ્રેરીને,
આવરાઈ ગયેલાને કરે વિચારતો હૃદે ! ૭૫

પ્રકૃતિ-કર્દમે ખૂંપ્યા બ્હાર ના નીકળી શકે,
ઊંડો વિષાદ તેવાને ખળભળાવી શો મૂકે ! ૭૬

હલમલાવી સંપૂર્ણ દે, શો વિષાદ મૂળથી !
ઊંડું પોતાનું પોતાને વિચારાવે જ ચિત્તથી. ૭૭

ખૂંપેલા કળણે ત્યાંથી યોગ્ય ખસેડવા જ હો,
એકલો માત્ર વિષાદ તે કાજે ઉપયોગનો. ૭૮

ખસેડાવ્યા વિના મૂકે ના કદીયે વિષાદ તે,
વિધેયાત્મક પાસું છે વિષાદ કેવું જીવને ! ૭૯

ઉગ્ર પ્રચંડ આઘાત વિષાદે દિલ ઉદ્ભવે,
ઊંડું વિષાદથી ભારે સંક્રમણ થયાં કરે. ૮૦

સંવેદન જગાડીને વિષાદ પલટો નવો,
જીવને પ્રગટાવીને, પલટાવે નવાં રૂપો. ૮૧

નકારાત્મક નિરાશા, જ્યારે વિષાદ જીવને,
મથાવીને પ્રવેશાવી અંતરે જ્ઞાન પ્રેરવે. ૮૨

જાગૃતિ ચેતના કેરી, ધારણાની સભાનતા,
પ્રગટાવી શકે યોગ, વિષાદ તેથી મૂળમાં. ૮૩

વિષાદમાંથી જન્મે છે વૈરાગ્ય નિશ્ચયે ખરે,
ઉગ્ર વૈરાગ્ય પ્રેરાવે ચેતનાકેરી સાંકળે. ૮૪

વૈરાગ્યમાંથી તો જ્ઞાન આપમેળે ફળ્યાં કરે,
વિષાદને કહ્યો યોગ ગીતામાં એ જ કારણે. ૮૫

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૨ જો

## (સાંખ્યયોગ)

*કોઈ પણ નવી પરિસ્થિતિ જન્માવવાને માટે પહેલવહેલો વિષાદ જન્મવો ઘટે. સંઘર્ષ વિના સાંપડેલી પરિસ્થિતિ વિશેનો ઉકેલ કેમ કરવો તે યોગ્ય રીતે સૂઝી શકતું નથી. એટલે ગીતાકારે પહેલા અધ્યાયને વિષાદનું નામ આપેલું છે. શ્રીકૃષ્ણ ભગવાન, અર્જુનના આ વિષાદની પાછળનું કારણ તરત કળી જાય છે. તેથી, એને ઠપકો આપે છે.*

## ઠપકો

કૈંક પાર્થ થયો સ્વસ્થ ત્યાં કૃષ્ણે ઠપકો દીધો,
'આવો મોહ તને ક્યાંથી ? અરે, અર્જુન ! કાં ડગ્યો ? ૧

નરોમાં વ્યાઘ્ર જેવો તું, તારું ભૂલ્યો પરાક્રમ,
આવી વેળા ન છાજે છે તને આવો થવો ભ્રમ. ૨

સંમોહ આ તને ક્યાંથી ? તું તો વીર પરાક્રમી,
થાય મોહ તને કેમ ! સમજાતું મને નથી.' ૩

*પણ અર્જુનને આ ઠપકાની કંઈ અસર પહેલાં તો થતી નથી. એ તો લડવાની સ્પષ્ટ ના જણાવી દે છે.*

## અર્જુનનો નિષેધ

તોયે અર્જુનનો મોહ ટળે એમ હતું નહીં,
એને તો લડવાનું આ કેમેયે ગમતું નથી. ૪

તેણે તો સંભળાવી સૌ રીતે સ્પષ્ટ 'ના' હવે,
લડવાની સગાં સાથે, વિષાદે કૃષ્ણને વદે. ૫

'સગાંસંબંધી ને સ્નેહી, સંહારી વડીલો બધાં,
શું પૂછો રાજ ને પાટ ! ચહું ના સુખ સ્વર્ગનાં.' ૬

કર્મને કરવા ઈચ્છા મુદ્દલે જ્યાં ઊડી જતી,
ત્યારે ત્યાં કરવા લાગે બુદ્ધિ તર્ક દલીલ શી ! ૭

*આમ, એકબાજુએ તે સ્પષ્ટ 'ના' ભણે છે, પણ એનામાં, એટલે જીવનસાધના માટે ઉત્સુક થયેલા **જીવ**માં, શ્રીકૃષ્ણ ભગવાન માટે પ્રેમભક્તિ છે. તેથી, બીજી બાજુએ તે દિશાસૂઝ માગે છે અને શરણે જાય છે.*

## શરણાગતિ

મોહ-નશે પૂરેપૂરો ચકચૂર થતાં, મતિ
બચાવ કરવા એનો ત્યારે તત્પર શી થતી ! ૮

મુઝાઈ ત્યાં મતિ જાય, સંદિગ્ધપણું એહને
આવરી કેવું તે લે છે ! જાણે અંધાર સૌ દિશે. ૯

મુઝાયો છું હું તો કૃષ્ણ ! ધર્માધર્મતણું મને
રહ્યું છે ભાન ના કાંઈ, સૂઝે કો દિશ ના મને.' ૧૦

પ્રવેશે એક જ્યાં દોષ, પેસે નિર્બળતા ઊંડી,
એને શી છાવરે પોતે ! 'છીએ યોગ્ય' બતાવતી. ૧૧

પોતાને કરવું ઠીક જે લાગે તેમ તે થવા,
મથે પોતે, છતાં પાછો લેવા પ્રેરાય બોધ ત્યાં ! ૧૨

અર્જુન કૃષ્ણને તેથી જાણે નમ્ર પૂરો થઈ,
પ્રેરાય પૂછવા કેવો જિજ્ઞાસા - સ્વાંગ ઠેરવી ! ૧૩

મોહથી આવરાયેલી તેની બુદ્ધિ ન સ્વચ્છ છે,
આવરાયેલ જે હોય મુઝાયે મતિ ત્યાં પથે. ૧૪

અર્જુન કૃષ્ણને તેથી વારંવાર ફરી પૂછે,
કૃષ્ણને મિત્ર જાણીને પોતાનું દિલ ઠાલવે. ૧૫

'આવો પ્રસંગ કો કાળે આવ્યો મારે નથી વિભો !
એને ઉકેલવા બુદ્ધિ મારી ચાલતી ના પ્રભો ! ૧૬

શરણે કૃષ્ણ ! આવ્યો છું ઠેકાણે લાવીને મતિ,
શો હશે ધર્મનો મર્મ સમજાવો તે મને હરિ !' ૧૭

*શરણાગતની વહારે ધાવું એ તો શ્રીભગવાનનું બિરુદ છે. એટલે શ્રીકૃષ્ણ એનું અજ્ઞાન ટાળવા માટે બોધ આપવાની શરૂઆત કરે છે. તેના પહેલા જ પગલા તરીકે તેની બુદ્ધિના ઘમંડ ઉપર ટકોર કરે છે.*

## અહંકારને આઘાત

આવી રીતે મુઝાયેલો પાર્થને ખૂબ જોઈને,
જિજ્ઞાસા થોડી છે જેને હાવાં કૃષ્ણ કૃપા કરે. ૧૮

અમૃતત્વતણો દેવા લાગે છે બોધ તે પછી,
આણીને પ્રેમ હૈયામાં સમાધાન કરે હસી. ૧૯

'યુદ્ધ તેં કેટલાં ખેલ્યાં ? સંહાર કેટલો કર્યો ?
તને ત્યારે કશો આવો પ્રશ્ન જાગ્યો જ ના હતો. ૨૦

ખેલવામાં તને યુદ્ધો ત્યારે શો રસ જાગતો !
રણાંગણે થઈ ઘેલો ત્યારે કેવો તું ઘૂમતો ! ૨૧

વદે તું જ્ઞાનીના જેવું છતાં કાં શોક ધારતો ?
જન્મમૃત્યુતણો શોક જ્ઞાની તો ના ધરે કશો. ૨૨

નકામો કાં દુઃખી થાતો ? તું તે કૈં સમજ્યા વિના,
કરે કાં જ્ઞાનની વાતો ? વિદ્વત્તા તુજ ધન્ય હા ! ૨૩

અનેક જન્મ પામ્યો તું, લેશે અનેક જન્મ તું,
મર્યો તું કેટલી વારે, જન્મ લેશે ઘણાય તું. ૨૪

પ્રત્યક્ષ હાલ જે રાજા પહેલાં તે હતા બધા,
મૃત્યુ પામી વળી પાછા એમણે જન્મ તો લીધા. ૨૫

'શિશુ, જુવાન ને વૃદ્ધ' અવસ્થા દેહની જ તે,
તે સૌ ચાલી જતું દેખો, જે તે સૌ નાશવંત છે. ૨૬

જન્મ ને મૃત્યુની વાતે બુદ્ધિશાળી પુરુષ તે
મોહ પામી મુઝાતો ના જાણી તે બનવાનું છે. ૨૭

વિષયો ઈંદ્રિયાદિના સુખ, દુઃખાદિ જન્મ દે,
તે છે અનિત્ય, તેથી સૌ તે સહી, તું તટસ્થ ર્હે. ૨૮

શો અવિનાશી આત્મા છે, જન્મે છે ના, મરે ન તે,
શરીર તો બધાંનુંયે જવાનું છે જ આખરે. ૨૯

એવા શરીર પ્રત્યે તો મોહ હોવો ઘટે ન તે,
પ્રાપ્ત કર્મતણો ધર્મ તારે વિચારવો ઘટે. ૩૦

જે પ્રાપ્ત કર્મ પ્રત્યક્ષ આવી પડેલ છે શિરે,
'તેનો શો યોગ્ય છે ધર્મ' તે વિચારવું યોગ્ય છે. ૩૧

ક્યાંનું ક્યાં તું વિચારે છે ? મળેલું જે કર્મ તે વિશે,
નથી ઊતરતો ઊંડો, તેનો ખેદ તને ન છે. ૩૨

તારી શી બલિહારી છે ! તારી શી જ્ઞાન-વાત છે !
સંપૂર્ણ મૂઢ જ્યાં તું છે, મિથ્યા ત્યાં જ્ઞાન-વાત છે ! ૩૩

*આમ, એની વિદ્વત્તા નિર્મળ બુદ્ધિથી ઊપજી નથી એમ સમજાવી, હવે એનામાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા માટે પહેલાં તો દેહ અને દેહી-આત્મા વચ્ચેનો ભેદ બતાવે છે.*

## દેહ અને આત્મા

'દેહ ને દેહમાં રહેતા આત્માનો ભેદ કાં ભૂલ્યો ?
મરે છે દેહ, આત્મા તો કદી નાશ ન પામતો. ૩૪

જન્મથી ને સ્વભાવે તો દેહ આ નાશવંત છે,
જન્મ, યુવા, જરા, વ્યાધિ, મૃત્યુ એ સ્થિતિ દેહને. ૩૫

ભલે નાશ થતો દેહ, દેહીનો નાશ ના થતો,
દેહનો જન્મ તો થાયે, દેહીનો નવ સાંભળ્યો. ૩૬

અજન્મા તુજ આત્મા છે, ન વધે કે ન તે ઘટે,
હતો પ્હેલાં હજીયે છે, રહેવાનોયે નિત્ય તે. ૩૭

છે અખંડિત તો આત્મા, શક્તિ બ્રહ્માંડ રક્ષતી,
સર્વ વ્યાપ્ત અવિનાશી શક્તિ અમર શી ખરી !' ૩૮

*માનવીએ સાચું સુખ મેળવવું હોય તો પોતાની વૃત્તિઓનું મૂળ એણે શોધવું. અર્જુનના શોકનું મૂળ મોહ છે. એ હવે શ્રીભગવાન, અર્જુનને સારી પેઠે સમજાવે છે.*

## મોહ

'માટે હે પાર્થ ! તું શાને હૈયે શોક, વ્યથા ધરે ?
શોક તારાતણું મૂળ મોહ છે તુજ, લક્ષ દે. ૩૯

માને આ કૌરવાદિને 'તારાં' તું એટલે તને,
થઈ છે એમની પ્રત્યે માયાથી મમતા ખરે. ૪૦

મોહથી આવરાયે જે, ભૂલે તે નિજ ભાન સૌ,
સાચું ના દેખવા દે તે એવો શો મોહપાશ છે ! ૪૧

મોહની જબરી માયા પોતાનું આગવું જગ,
જન્માવે નિજમાં કેવું ભૂલે ભલભલા જન ! ૪૨

કર્મ-અકર્મનું ભાન, મોહને વશ થાય જે,
તેને ના સૂઝતું ક્યાંયે ? કેવો પ્રબળ મોહ છે ! ૪૩

મોહ પોતાની સર્જાવે અનોખી સૃષ્ટિ આગવી,
વિચારે તે પ્રમાણે ને ધારે તે સત્ય મોહથી. ૪૪

ફસેલો મોહમાં તેને જે સૂઝે દિલ તે પળે,
તેને તે સત્ય લાગે ને એથી તે ના છૂટી શકે. ૪૫

'કામ, ક્રોધ અને લોભ, મોહ' તે વૃત્તિનાં બધાં
કૂંડાળાં વલણોકેરાં ભમાવે ગોળ-ગોળમાં. ૪૬

મોહ તો પાશમાં તેના પૂરા ફસાવી દે ઊંડા,
નીકળવાની તેમાંથી જાગે છે ના સભાનતા. ૪૭

મોહના કાદવે જેઓ દટાયેલા જ પૂર્ણ છે,
થવાને મુક્ત તેમાંથી ર્‌હે ના જાગૃતિ કોઈને. ૪૮

ભગવાને કૃપાથી શો અર્જુનને મઠારીને,
મોહના પાશમાંથી તો કરાવ્યો મુક્ત એહને. ૪૯

સદંશ **જીવ**નો જ્યારે એવાયે મોહપાશમાં,
જાગે જ્યારે કૃપાથી, તે સમર્થ ત્યાં વિદારવા. ૫૦

મોહનાં પડળો કેવાં કેવાં દૃશ્ય ઊભાં કરે !
ભેરવાવી જ દે તેમાં, અંધાપો દૃષ્ટિમાં વસે.' ૫૧

*અને મોહ એટલે નાશવંત વસ્તુ ઉપરનો અથવા ઊંધી દિશાએ વહી જતો અને વિકૃત થયેલો પ્રેમ. અર્જુનનો જેના ઉપર મોહ થયો છે, એ દેહ તો નાશવંત છે.*

## નાશવંત દેહ

‘કિંતુ ભૂલી ગયો, જેનું મમત્વ તે શરીરનો
થવાનો નાશ છે નિશ્ચે, ખાલી કાં આથડી મરે ! ૫૨

મારે, કે નવ મારે તું, છતાં તે સર્વ નિશ્ચયે,
આજ કે કાલ પોતાના દેહને છોડશે જગે.’ ૫૩

*એવા નાશવંત દેહ ઉપર મોહ પામવાને બદલે જે અમર છે તે તરફ અર્જુન વળે, તે માટે આત્માના અમરપણા વિશેનાં અમર વચનો શ્રીભગવાનની વાણી ઉચ્ચારે છે.*

## અમર આત્મા

‘છોડીને જીર્ણ વસ્ત્રોને જેમ સૌ કો નવાં ધરે,
ધરે આત્મા નવા દેહો ત્યજીને દેહ જીર્ણ તે. ૫૪

દેહમાં વસતો આત્મા, વિચારે જો તું એ વિશે,
કરવા નાશ તો એનો સમર્થ કોઈયે ન છે. ૫૫

‘હણનારો’ ‘હણેલો’ કે, જે એને ગણતા હશે,
અજ્ઞાની બેય છે તેઓ, ન હણે, ન હણાય તે. ૫૬

પ્રજાળી ના શકે અગ્નિ, પાણી ના ભીંજવી શકે,
શકે ના સૂકવી વાયુ, શસ્ત્રો છેદી નહિ શકે. ૫૭

ના દેખાય, વિચારાય ના, વિકાર થતાં નહીં,
સ્થિર, નિત્ય, બધે ર્‌હેતા આત્માને કો શકે હણી ?’ ૫૮

*શ્રીકૃષ્ણ તો, એને આવી સાચી હકીકત પણ ગળે ન ઊતરે તો, બુદ્ધિની બીજી દલીલથી શોક ટાળવાનું સૂચવે છે.*

## શોક શાને

'વળી જો એમ માને 'તે સદા જીવે, સદા મરે',
તોય તારે ન એનો કૈં શોક તો કરવો ઘટે. ૫૯

જે જન્મ્યું, મરવાનું તે, મર્યું તે જન્મે નકી,
જેમાં તારું ન ચાલે કૈં શોક તેનો ઘટે નહીં. ૬૦

પ્‌હેલાં પ્રાણી રહે છૂપાં, પછી થાય છતાં, અને
મૃત્યુ પછી છુપાતાં તે, ત્યાં શોક શો ઘટે ? કહે.' ૬૧

*અર્જુનને આત્માના અમરત્વ વિશેની કે તેના છુપાઈ જવા અને પ્રગટ થવા વિશેની દલીલ ગળે ન ઊતરે એમ જાણતા હોવાથી, માત્ર આટલા સંસ્કાર તેનામાં નાખી એને તાત્કાલિક જગાડે એવી, એના સ્વભાવને સ્પર્શે એવી, દલીલ હવે કરે છે.*

## ધર્મદૃષ્ટિ

તારો ધર્મ વિચારી જો ! જાતે તું વળી ક્ષત્રિય,
થયું આ એકઠું સૈન્ય ઊભેલું કેવું પાછળ ! ૬૨

હવે કાયર જો થાશે, ધારે એનાથી ઊલટું
આવશે જ પરિણામ, ને થશે હાંસીપાત્ર તું. ૬૩

કાયર જે થતો તેનાં ગુણ-શક્તિ વિલાય છે,
ભાવના ધર્મની તેને પછી કેવી રીતે ઊગે ? ૬૪

કાયર માનવીની શી ધારા વિચારની બધી !
એકના એક ઠામે તે રખાવે ઘાણી-બેલ શી ! ૬૫

પછી કાયરને સ્ફુરે જ્ઞાન કેવી રીતે હૃદે !
નામર્દ તો મર્યા પહેલાં બહુ વાર ખરે મરે.' ૬૬

કાયરતાથી જન્મેલું ભલેને સત્ય હો ખરું,
કિંતુ જીરવવા એને છે શક્તિબળ ના કશું. ૬૭

જે કાયરનું સામર્થ્ય ક્ષણવાર ટકે નહીં,
તેવું જે જ્ઞાન તેનું તો પ્રસંગે તે ઊગે નહીં / ફળે નહીં. ૬૮

કાયર જ્ઞાનની વાતો ગમે તેટલી છો કરે,
'દોરવી લીટી પાણીમાં' તેવું તે વ્યર્થ હોય છે. ૬૯

મરજીવાપણાથી જે નીવડેલ અનુભવે,
જ્ઞાન ચિરંજીવી તે છે, નાશ કાયરનું થશે. ૭૦

કાયર જીવને પૂરા કેવા ફેંકાઈ તે જતા !
કીર્તિ, લક્ષ્મી, પ્રતિષ્ઠાને રળવા હામ ના જરા. ૭૧

ઉદ્યમ, ખંત, ઉત્સાહ, ખમીર ને પરાક્રમ,
શહૂર ને ખુમારી, સૌ ખેલવાને ન જોખમ. ૭૨

કાયર મરતાં પહેલાં મરે અનેક વાર તે,
એવાની જ્ઞાનની વાતો ક્ષણવાર ટકે ન છે. ૭૩

કાયરની જરા હામ પ્રસંગે ટકતી નથી,
ટેકોય કોઈનો એને ઊભો રાખી શકે નહીં. ૭૪

*ધર્મદૃષ્ટિ જો અર્જુન ન સ્વીકારે તો વળી એની પાછળ કીર્તિની વાત શ્રીકૃષ્ણ મૂકે છે.*

## કીર્તિની દૃષ્ટિએ

'આજ સુધી ગણાયો છે વીરોમાં નર-કેસરી,
હવે જો યુદ્ધ છોડી દે આમ તું વચમાં થકી,

તને લોક કહેશે કે 'ભાગ્યો નામર્દ એ થઈ',
કલંકિત થશે કીર્તિ, રળેલું ખોઈ બેસશે. ૭૫-૭૬

હણાશે તો જશે સ્વર્ગે, જીતે જો રાજ્ય પામશે,
તેથી તું ઊઠ, હે પાર્થ ! યુદ્ધનો કરી નિશ્ચય.' ૭૭

*વળી, અર્જુનની જે અપકીર્તિ લડાઈ ન કરવાથી થાય તે યોગ્ય જ થાય, કેમ કે અર્જુન ધર્મને નામે અધર્મ કરવા તૈયાર થયો છે.*

## અધર્મ

'કર્તવ્ય ભાગવું હોય, ચિંતા તારે પછી કંઈ,
લોકનિંદાતણી શાને ? ર્‌હેજે નિશ્ચિંત તું ભલે. ૭૮

અહીંથી ભાગશે કિંતુ, થાશે તો તો અધર્મ જ,
થયેલી લોકનિંદા તે ગણાશે પછી યોગ્ય જ. ૭૯

આ રીતે બેવડો દોષ તારાથી જાણજે થશે,
દીવા જેવું બધું સ્પષ્ટ બતાવી દઉં છું તને. ૮૦

અધર્મને પૂરો સ્પષ્ટ માનવી જોઈ ના શકે,
તેથી તો માનવી એને કેવો વળગીને જીવે ! ૮૧

અજ્ઞાની ધર્મને કેવો પંપાળીને જગે જીવે,
ધર્મને પામવાકેરી એને મર્દાનગી ન છે. ૮૨

અજ્ઞાની શો ઘણી વેળા મારે ડંફાસ ધર્મની,
સાવ પોકળ તે સર્વ પ્રસંગે તે જણાય શી ! ૮૩

બકરીના ગળાનો જે આંચળ દૂધ દે ન તે,
કાયરની જ્ઞાનની વાતો મિથ્યા શી એવી રીત છે ! ૮૪

અધર્મે માનવી ઊંડો જેમ જેમ ખૂંપ્યાં કરે,
ધર્મ નિહાળવા તેને કદી દૃષ્ટિ ન સાંપડે. ૮૫

સૃષ્ટિ અધર્મની કેવી અદ્‌ભુત ને નિરાળી છે !
જરાયે ધર્મની વાત કદી તે કાન ના ધરે. ૮૬

સંડોવાયેલ જે પૂરો અજ્ઞાને શો રમ્યાં કરે !
તેને સાચું જ તે લાગે, બીજે કેમેય ના વળે. ૮૭

ના સૂઝી શકતું ક્યાંયે પોતા વિના કશુંય તે,
પોતાનામાં રહે મગ્ન, પોતા વિના ન કૈં જુએ. ૮૮

અંધારામાં ધુમાડાનાં ભર્યાં તે બાચકાં કરે,
અજ્ઞાનીનો પુરુષાર્થ કેવો મિથ્યા જ નીવડે ! ૮૯

*આવી જુદી જુદી રીતે શ્રીભગવાને અર્જુનને તેના ધર્મ-કર્તવ્ય પ્રતિ પ્રેરવા માટે બુદ્ધિની દલીલો કરી. હવે, કર્મયોગની વાત સમજાવવાની શરૂઆત કરે છે. એટલે પહેલાં તો કર્મયોગનો મહિમા ગાય છે.*

## કર્મયોગનો મહિમા

'કરી છે બુદ્ધિથી આ તો તારી પાસ દલીલ મેં,
દેહ ને આત્માનો મેં તો બતાવ્યો ભેદ માત્ર છે. ૯૦

કરાવ્યું માત્ર છે ભાન કુળના ધર્મનું તને,
સમજાવું હવે વાત કર્મયોગતણી તને. ૯૧

એને જે આચરે છે, તે પામે ના નુકસાન કૈં,
કર્તાતણું સમાયેલું કલ્યાણ સહુ તે વિશે.
તર્કની વાત ના એમાં, એમાં તો કરવાપણું,
શીખી લેવાનું છે જાતે, તુજને જે હું આ કથું. ૯૨-૯૩

લાખો ખાંડી ભલેને હો તર્ક, તોય છતાં ચઢે,
થોડુંયે આચરેલું જે, એ વાત સુપ્રસિદ્ધ છે. ૯૪

એવું જે આચરંતા હો પ્રત્યક્ષ તે પળે હૃદે,
પ્રભુભાવ જીવંતો હો, તો તો તે કર્મયોગ છે. ૯૫

ભાવ વિનાનું જે કર્મ ઉત્તમોત્તમ હો ભલે,
કર્મયોગ છતાં એને માનીશ ના ભૂલેચૂકે. ૯૬

હેતુપૂર્વક જે કર્મ પ્રભુપ્રીત્યર્થ ભાવથી,
ધ્યેય ફળાવવા અર્થે થતું, તે કર્મ યજ્ઞશ્રી. ૯૭

જીવન-ધ્યેય-હેતુને જીવંતો લક્ષ ધારીને,
જ્ઞાન-ભક્તિથી જે કર્મ થાય, તે કર્મયોગ છે. ૯૮

કર્મનો યજ્ઞ થોડોયે ને ભાવે આચર્યો હશે,
તોયે તે ફળ દેનારો, ભાવમાં વૃદ્ધિ તે કરે. ૯૯

ના આવાં કર્મનો નાશ, કે પાછા પડવાનું ના,
થોડોયે ધર્મ પાળ્યો તો બચાવે ભયથી મહા. ૧૦૦

ધર્મની ભાવનાયુક્ત કર્મ જે જે થયાં જશે,
તેવાં કર્મનું જે યોગ્ય પરિણામ ફળ્યાં જશે. ૧૦૧

ધર્મભાવથી પ્રેરાઈ જે કોઈ કર્મ આચરે,
ભલે સદ્‌ભાવથી થોડું થયેલું હો, છતાં ફળે. ૧૦૨

યજ્ઞની ભાવનાથી જો કર્મ આચરવા કળા
સાંપડે સાવ નિશ્ચિંત એવો જીવ્યાં કરે સદા.' ૧૦૩

'યજ્ઞ' શી સંકળાવાની પ્રભુની સાથ રીત છે,
જાગ્યા વિના હૃદે ભક્તિ કર્મે તે ભાવ ના ઊગે. ૧૦૪

જીવન-ધ્યેય-હેતુને અર્થે જે કર્મ થાય છે,
પ્રભુપ્રીત્યર્થનો ભાવ તે સાથે સંકળાય જે, ૧૦૫

કર્મ તેવાં થતાં પાછાં સમર્પાવાય જે પદે,
એવાં તે કર્મને જાણો જીવને કર્મયજ્ઞ છે. ૧૦૬

કર્મ સમર્પણે એવાં ઉદ્‌ભાવે ભાવશક્તિ જે,
તે પ્રાપ્ત કર્મ સંપૂર્ણ થવા, મસ્ત ઝઝૂમશે.' ૧૦૭

*કર્મયોગનો આમ મહિમા ગાયા પછી શ્રીભગવાન હવે તેની સમજૂતી આપે છે.*

## વ્યાખ્યા

'જો કર્મ આચરેલામાં સારા કે નરસાતણા
ફળનો ખ્યાલ જન્મે, તો મળે તે સર્વ ધૂળમાં. ૧૦૮

પરિણામતણા કોઈ વિચારો મનમાં સ્ફુર્યે,
નિશ્ચયે જાણી લે, પાર્થ ! બુદ્ધિ મેલી ત્યહીં બને.' ૧૦૯

**જીવદશા**ની બુદ્ધિ તો મડાગાંઠ અનેકથી
ટેવો, સમજણોથી તે આવરાયેલ ર્‌હે પૂરી. ૧૧૦

નિરાળું એવી બુદ્ધિથી જે સત્ય જુદું હોય છે,
પારખી શેં શકે એવી બુદ્ધિ તે સત્યને હૃદે ? ૧૧૧

પ્રકૃતિકેરી બુદ્ધિમાં કામ ને ક્રોધ, લોભ છે,
મોહ-રાગ દ્વેષયુક્ત છે ઘેરાયેલી કેવી તે ! ૧૧૨

સદંશ બુદ્ધિમાં તેવી ભલેને હોય, તે છતાં
ખરડાયેલ બુદ્ધિથી યોગ્ય નિર્ણય થાય ના. ૧૧૩

પ્રકૃતિમાંની બુદ્ધિ તે હોશિયાર બહુ હશે,
તેને છતાંય મર્યાદા, અમર્યાદ ન પારખે. ૧૧૪

*પણ કર્મયોગ અને કર્મકાંડ જુદાં છે.*

## કર્મકાંડ

'વેદિયા માણસો કોઈ કર્મકાંડે રચીપચી,
પામવા કૈં ફળો જુદાં ક્રિયાઓ આદરે ઘણી. ૧૧૫

એકથી જો ન આવે તો પરિણામ, બીજી ક્રિયા
કરવા દોડતા તેઓ, ચાલે એવી પરંપરા. ૧૧૬

વળી કોઈ બતાવે જો ત્રીજું, તે કરવા મથે,
આચરંતાં બધું તેમ, બુદ્ધિ ડ્હોળાઈ જાય છે.' ૧૧૭

સ્વાર્થ મોહાદિથી કર્મ થવા, ઉત્સુક જે જનો,
લાગે છો જીતતા, પાછા પડવાના જ કિંતુ સૌ. ૧૧૮

સ્વાર્થ મોહાદિથી જેઓ પ્રેરાઈ, કર્મ જે કરે,
તેવાં કર્મે ભલીવાર યોગ્ય પ્રકારનો ન છે. ૧૧૯

જેમાં મોહાદિ છે સ્વાર્થ તેમાં બુદ્ધિ ન સ્વચ્છ ર્‌હે,
પાછી સ્વસ્થ જ સંપૂર્ણ તેવાં કર્મે ન બુદ્ધિ છે. ૧૨૦

*તેથી, એકાગ્ર બુદ્ધિથી, ફળની આસક્તિ રાખ્યા વિના, કર્મ તો કરવાં જ, પરંતુ પ્રભુપ્રીત્યર્થે અને સમર્પણભાવથી.*

'બુદ્ધિ એકાગ્ર તો તેથી કર્મે કેંદ્રિત ધારીને,
કર્યે જા કર્મ બુદ્ધિમાં તું સમભાવયુક્ત થૈ. ૧૨૧

એકાગ્ર બુદ્ધિવાળાં જે, વેધી તે લક્ષ્યને શકે,
જે બુદ્ધિ વીખરાયેલી, તે તો નિષ્ફળ થાય છે.' ૧૨૨

સંસારે માનવીકેરી બુદ્ધિ એવી જ રીતથી,
શી ડ્હોળાય અજંપાથી, પ્રીછે શેં ભાવ તે પછી ? ૧૨૩

**જીવદશા**ની વૃત્તિનો જેમાં અભાવ પૂર્ણ છે,
સૌ મડાગાંઠથી મુક્ત સંપૂર્ણ જેની બુદ્ધિ છે,
ઊર્ધ્વના ક્ષેત્રના ભાવે રંગાયેલ બુદ્ધિ જે,
કદી નિષ્ફળ ના જાય, એકાગ્ર કેમ કે જ તે. ૧૨૪-૧૨૫

શી વ્યવસાયવાળી ને, જંજાળે વ્યવહારની
ગૂંચવાયેલ ર્હે પૂર્ણ તેને સત્ય જડે નહીં. ૧૨૬

પ્રકૃતિ વ્યવસાયોથી મુક્ત જે બુદ્ધિ છે ખરી,
દૈવી સામર્થ્યવાળી શી ! શાખા અનંતધારિણી. ૧૨૭

એવી જે બુદ્ધિ ઊગેલી તે અમર્યાદ પારખે,
ગજું બાકીની બુદ્ધિનું જ્ઞાનપ્રદેશમાં ન છે. ૧૨૮

## કર્મયોગ

'કર્મને કરવાકેરો અધિકાર તને બધો,
કિંતુ ના ફળકેરો છે અધિકાર તને કશો. ૧૨૯

તેટલા કાજ તો કર્મે ફળેચ્છા નવ રાખજે,
અનાસક્તિથી કિંતુ સૌ તારાં કર્મ કર્યાં જજે. ૧૩૦

પરોવાતાં હૃદે ભાવ થતાં જે સર્વ કર્મમાં,
જ્ઞાનભક્તિથી જે થાય, છે અનાસક્તિ સર્વદા. ૧૩૧

જેમાં ન કામક્રોધાદિ, મોહલોભ કશાં ન છે,
**જીવદશા**ની વૃત્તિ ના, તે અનાસક્તિ જાણજે. ૧૩૨

ભાવ વિનાનું સૌ કર્મ ઉત્તમોત્તમ હો છતાં,
ફળાવે તે વિકાસે ના, ઊલટું રૂંધશે સદા. ૧૩૩

નિરાગ્રહી અનાસક્ત પૂરેપૂરા થયા વિના,
કેમેયે કરતાં જ્ઞાનનો અનુભવ થાય ના. ૧૩૪

મનમાં પરિણામોનો લાવ્યા વિના વિચાર તે,
એકવેગે કર્યે જાવું નિત્ય કર્તવ્યકર્મને. ૧૩૫

નિષ્ઠા તો ભાવથી જન્મે ભાવ-નિષ્ઠાથી કર્મને
એકધારું કરે તેને સંદેહ થાય શો પછે ?' ૧૩૬

જન્મે ભાવથી જે નિષ્ઠા કદી લુપ્ત ન થાય તે,
તે નિષ્ઠામાં ભળેલો છે ચેતનાનો જ ભાવ જે. ૧૩૭

ભાવ એવો હૃદે જેને હંમેશાં પ્રગટ્યાં જતો,
તેનો વિનાશ કો રીતે કશાનાથી ન તે થતો. ૧૩૮

ભાવનિષ્ઠા થકી પ્રાણ ચેતનાનો હૃદે ઊગે,
કર્મે હો ભાવનિષ્ઠા તો બેડો છે પાર જીવને. ૧૩૯

*કર્મયોગ કોને કહેવાય, એમાં શું હોય અને શું ન હોય, તે બતાવીને હવે અર્જુનને પોતાને કયું કર્મ મળેલું છે અને તે કેવા ભાવથી કરવું ઘટે તે શ્રીભગવાન સમજાવે છે.*

## મળેલું કર્તવ્ય

'મળેલાં કર્મને નિશ્ચે પડે આચરવું જગે,
તેમ કર્તવ્ય તારું આ યુદ્ધનું પાર્થ ! આ ક્ષણે. ૧૪૦

પ્રાપ્ત જે કર્મ છે તેને આચરવું તુજ ધર્મ છે,
હાર કે જીત કે લાભાલાભ ના તુજ હાથ છે. ૧૪૧

છો ભારે હો પુરુષાર્થ ભલે અદમ્ય શક્તિને,
નાખો વાપરી તોયે, ન કહી શકાય નિશ્ચયે. ૧૪૨

'હારશું કે જીતીશું તે' પરિણામ વિશે જ કૈં,
કોઈનાથી કહેવાતું નકીપણે ન તે વિશે. ૧૪૩

હારજીતતણો ખ્યાલ જે કર્મે મુદ્દલે ન છે,
શો વિકસાવવા ભાવ કર્મનો હેતુ જેહને ! ૧૪૪

પ્રભુપ્રીત્યર્થ સંપૂર્ણ કર્મ જે જે થયાં જતું,
કર્મયોગ સધાતો ત્યાં, તે કર્મયજ્ઞ જાણ તું. ૧૪૫

પ્રગટ્યે ભાવ સંપૂર્ણ કર્મે કૌશલ્ય જન્મતું,
સફળતા થવાની શી ઊગે કળાય આપ-શું ! ૧૪૬

છતાં નિશ્ચિતતા તેની સંપૂર્ણતાની તો કશી,
કહી શકાય ના, તેથી તે છોડી દેવું ખ્યાલથી. ૧૪૭

ઉપાડે ભાર કાં એનો ગાડાના શ્વાન જેમ તું ?
અથડાઈ મરે ખાલી ઘાણીના બેલ જેમ તું. ૧૪૮

*હારજીત વગેરેનો ભાવ આવવા દીધા વિના કરેલાં કર્મોમાં જ કુશળતા કે યોગ પ્રગટે છે, તે હવે સમજાવે છે.*

## કર્મની કુશળતા

'તડકો-ટાઢ ને હાર-જીતો, દુઃખ, સુખોય સૌ,
પડેલાં દેહની પૂંઠે, એને તો સહવાં ઘટે. ૧૪૯.

ગમે તે ફળને માટે રહી નિશ્ચિંત આપણે,
કર્તવ્યે નિજના પૂરું થવું તન્મય ત્યાં ઘટે. ૧૫૦

પરિણામતણું ભાન સ્‌હેજેયે પ્રગટ્યા વિના,
કર્મે હો ભાવ, તો કર્મે કૌશલ્ય જન્મતું તદા. ૧૫૧

કર્મમાં ભાવ સંપૂર્ણ પ્રેરાતાં, હાર-જીતનો
મુદ્દલે ખ્યાલ ના ર્‌હેતો, એવું તે, કર્મયજ્ઞ શો ! ૧૫૨

આનું જ નામ છે યોગ, કર્મકૌશલ્ય ત્યાં જ છે,
રહી છે કર્મની સિદ્ધિ કર્મને કરવા વિશે,
નહીં કે ફળમાં એના, પૂરું તે સમજી તું લે,
ફળને ઇચ્છતાં સાચે કર્યુંકારવ્યું ધૂળ છે. ૧૫૩-૧૫૪

ફળનો સૌ અહંકાર છોડી, કર્તવ્યપાલને,
શૂરો હે પાર્થ ! તું થાને સ્વસ્થ થૈ મનમાં હવે.' ૧૫૫

ફળ-ખ્યાલ જતો ર્‌હેતાં ને પ્રભુભાવ કર્મમાં,
થતાં સ્થિર, થતી બુદ્ધિ, નિર્મળ સર્વ રીતથી. ૧૫૬

નિર્મળ બુદ્ધિથી કર્મ થતાં પ્રત્યક્ષ ભાવ છે,
કર્મે સંપૂર્ણ જ્યાં ભાવ, તે કર્મયોગ જાણજે. ૧૫૭

*આવી રીતે કર્મયોગ કરતાં કરતાં તારી બુદ્ધિ નિર્મળ થતી જશે અને તેમ છતાં તું યોગ-નિષ્ઠ થશે.*

## સમત્વ બુદ્ધિ

'ત્રિગુણે વેદ પુરાયા, જાને તું પાર તેમની,
નિર્દ્વંદ્વ, નિત્ય, સાત્ત્વિક, નિશ્ચિંત, યોગક્ષેમથી. ૧૫૮

જડ કર્મથી સારો છે બુદ્ધિયોગ ધનંજય !
સાત્ત્વિક બુદ્ધિનો તેથી લે તું ભક્તિથી આશ્રય. ૧૫૯

રાગદ્વેષાદિથી મુક્ત થાતાં થાતાં મતિમહીં,
સમતા પ્રગટે ત્યારે બુદ્ધિ સાત્ત્વિક થાય છે. ૧૬૦

જે કર્મમાં ફળેચ્છા રહે કર્મબંધન તે બને,
અને કૃપણ જાણો તે, એવું વર્તન જે કરે. ૧૬૧

ફળ સારાં અને ખોટાં કર્મોનાં સર્વને મળે,
સમત્વ બુદ્ધિ પામેલા યોગીને કદી ના અડે. ૧૬૨

કર્મમાં ભાવ જ્યાં જન્મે સૌ કૌશલ્ય તહીં સૂઝે,
એને તું જાણજે યોગ, તું તેથી સાધ યોગ તે. ૧૬૩

મોહ-કાદવથી યુક્ત જે ઘેરાયેલ બુદ્ધિ છે,
આખરી સત્ય, તે બુદ્ધિ પામવા ના સમર્થ છે. ૧૬૪

ટેવો, સમજણો સર્વ મડાગાંઠો, મતાગ્રહો,
શંકા, સંદેહ, કુશંકા શા શા મતમતાંતરો ! ૧૬૫

તે તે સર્વથી મુક્ત સંપૂર્ણ બુદ્ધિ તો થતાં,
શી કર્મયોગમાં બુદ્ધિ તેવી લાગે ખરી તદા ! ૧૬૬

મોહ-કાદવથી જ્યારે તારી બુદ્ધિ થશે પર,
જાણેલું, જાણવાયોગ્ય, બંનેથી તું જશે પર. ૧૬૭

ભક્તિમાં તો ભળ્યા વિના બુદ્ધિ નિર્મળ થાય ના,
ભળાતાં ભક્તિમાં પૂર્ણ મેળે નિર્મળ બુદ્ધિ ત્યાં. ૧૬૮

કામક્રોધાદિ સંપૂર્ણ ત્યજાતાં તે સમૂળગાં,
ભાવથી ભરીને બુદ્ધિ નિર્મળ કેવી આપમાં ! ૧૬૯

જ્યાં સુધી ભ્રમ બુદ્ધિમાં, નિર્મળ બુદ્ધિ તે ન છે,
કર્મયોગે જરૂરી છે નિર્મળ બુદ્ધિ કેવી તે ! ૧૭૦

સાંભળીને જુદું જુદું થયો છે બુદ્ધિમાં ભ્રમ,
કિંતુ સ્થિર થતાં બુદ્ધિ, યોગમાં તું થશે રત. ૧૭૧

*અર્જુન લડાઈમાં તો શૂરવીર હતો, પણ સમતાયુક્ત ન હતો. વળી, હજી તો **જીવ**સ્વભાવવાળો જ હોવાથી એનામાં આત્મા ઉપરનો વિશ્વાસ પણ ન હતો. તેથી, કર્મયોગ અને સમબુદ્ધિની આ બધી વાત સાંભળીને તે ગભરાઈ જાય છે.*

## અર્જુનનો ભય

સાંભળી આ કહે પાર્થ, 'મારું આ મહીં ના ગજું,
માટીના માનવીથી તો શક્ય ના થવું આ બધું. ૧૭૨

છોડવા સૌ વિચારોને હાર ને જીતના ખરે !
ફળ-ખ્યાલ સમૂળોયે છોડવો ! કેમ તે બને ? ૧૭૩

સમતાયે હૃદે એવી ક્યાંથી હે કૃષ્ણ ! લાવવી ?
ને એવી સ્થિર બુદ્ધિ તે કેમ આવી શકે વળી ? ૧૭૪

લાગે અશક્ય આ તો સૌ એમાંનું ના બને હુંથી,
વધારે ઊલટો કેવો થયો દિઙ્મૂઢ સાંભળી ! ૧૭૫

દુર્બલ માનવી કેવો અનેક રીત જીવને !
નિર્ણયશક્તિ સંપૂર્ણ નિશ્ચયશક્તિ એહને,
જીવને ક્યાંથી તે હોય, રાગદ્વેષથી યુક્ત જે
વાવાઝોડાં વિશે એવો કેવી રીતે ટકી શકે ? ૧૭૬-૧૭૭

કામક્રોધાદિમાં જેની લોલુપતા અપાર છે,
બુદ્ધિ નિર્બળ તેવામાં, તે સારે હેતુ શી રીતે ? ૧૭૮

*અર્જુન આમ ઢીલો તો પડી જાય છે, પણ એનામાં ઉત્કંઠા છે. એટલે એ જાણવા માગે છે કે એવા સ્થિર બુદ્ધિવાળા કેમ બોલે, ચાલે અને કેમ વર્તે ? તેના એવા સવાલ ઉપરથી શ્રીભગવાન સ્થિરબુદ્ધિ-સમાધિસ્થ-નું વર્ણન આપવા માંડે છે.*

## સ્થિરબુદ્ધિ અથવા સ્થિતપ્રજ્ઞ

ભક્તિ લાગ્યા વિના પૂર્ણ કામક્રોધાદિ સર્વ જે,
પૂરેપૂરા હણાતા ના **પ્રાણ**નું ક્ષેત્ર સર્વ તે. ૧૭૯

**પ્રાણ**માંથી જન્મે છે કામક્રોધાદિ સર્વ જે,
ભળે જો **પ્રાણ** સંપૂર્ણ ભક્તિમાં, તો હઠે જ તે. ૧૮૦

ધ્યેયમાં દિલ સંપૂર્ણ એકાગ્રતા ભર્યુંભર્યું
કેંદ્રિત જ્યાં થયેલું છે, ને તેમાં રસ જ્યાં નર્યો. ૧૮૧

સ્વાભાવિક પૂરેપૂરો લાગેલ અંતરે જ હો,
ત્યારે જ માત્ર કામાદિ રહે પીગળતાં જ તો. ૧૮૨

જ્ઞાનભક્તિતણો કેવો શો પરસ્પર જોગ છે !
જ્ઞાનથી ભક્તિ જાગે ને ભક્તિથી જ્ઞાન તો સ્ફુરે. ૧૮૩

પ્રસ્થાપિત થતાં ભક્તિ જ્ઞાન-આધારમાં મૂળે,
બધાં કરણમાંયે તો, સમાધિસ્થ થવાય છે. ૧૮૪

સાધનાની પૂરેપૂરી તપશ્ચર્યા શી જીવને,
એકધારી થતી ર્‌હેતાં ! ભાવ ત્યાં શો પરિણમે. ૧૮૫

ભાવથી જ્ઞાનભક્તિનો યોગ્ય ઉદય થાય છે,
ને એમાંથી થવાનું છે સ્થિતપ્રજ્ઞ રૂડી રીતે. ૧૮૬

'એવી જે સ્થિરબુદ્ધિના હોય કેવા કહો મને,
કેમ તે ઓળખાયે તે મને ક્‌હો સમજાવીને.' ૧૮૭

ત્યારે કૃષ્ણ કહે છે કે સૂણજે ચિત્ત રાખી તું,
સમાધિસ્થ હશે કેવા તુજને તે હું વર્ણવું. ૧૮૮

'કામનામાત્રનો જેણે પૂરો ત્યાગ કર્યો ખરે,
સંતોષ મેળવી લે જે પોતામાંથી જ અંતરે, ૧૮૯

એવા સૌને 'સમાધિસ્થ' નિશ્ચયે પાર્થ ! જાણજે,
'સ્થિરચિત્ત', 'સ્થિતપ્રજ્ઞ', કહેવાયે 'સમબુદ્ધિ' તે. ૧૯૦

થશે ના દુઃખથી દુઃખી એવા માનવ તો કદી,
ફુલાઈ ના જશે એવા સુખની વૃષ્ટિ છો થતી. ૧૯૧

સૌ શુભાશુભ કર્મોમાં રે' અવિચળ ભાવથી,
ભય, રાગ ત્યજી ક્રોધ વર્તે તે જ્ઞાની જાણજે.' ૧૯૨

*આવા 'સ્થિરબુદ્ધિ' જીવનમાં કેમ વર્તે છે, તે સમજાવવા એક સચોટ દાખલો શ્રીભગવાન આપે છે.*

## દાખલો

'પાંચેય ઇંદ્રિયોની છે સુખદુઃખોની માન્યતા,
તે ડાહ્યા, કાચબા જેમ ઇંદ્રિયો ત્યાં સમેટતા. ૧૯૩

જ્યારે જ્યારે જુએ કોઈ શત્રુને કાચબો ખરે,
પોતાનાં સર્વ અંગોને સંકોચે ઢાલની નીચે. ૧૯૪

જે જે સૌ ઇંદ્રિયોકેરા સ્વભાવજન્ય ગુણ તે,
ગુણધર્મો ત્યજાતાં સૌ જન્મે સંયમ ઇંદ્રિયે. ૧૯૫

*સુખદુઃખોની માન્યતા તો ઇંદ્રિયોની છે, પરંતુ એ તો માનવીના અંતરમાં જ્યારે યુદ્ધ જામે ત્યાર પછી તે સત્યનો અનુભવ તેને થાય. તેથી, હવે યુદ્ધ વિશે વાત કરે છે.*

# આંતરિક હુમલો

‘કેવો માનવીની સર્વ ઇંદ્રિયો પર હુમલો
વિષયો કરવા ઊભા નિત્ય એક પગે જ સૌ ! ૧૯૬

માટે સૌ ઇંદ્રિયો એણે સમેટી સજ્જ રાખવી,
લડવું વિષયો સામે પોતે ઢાલ બની જઈ. ૧૯૭

થાય છે યુદ્ધ સાચું આ પ્રત્યેક દિલમાં સદા,
ચેતેલા સ્થિતબુદ્ધિ ર્‌હે, બાકી સૌ ર્‌હે અજાણમાં. ૧૯૮

જ્યાં સુધી ઇંદ્રિયો રાચે વિષયોમાં નિરંતરે,
સમેટી રાખવા પૂરી ઇંદ્રિયો ના સમર્થ તે. ૧૯૯

વિષયોથી થવા કાજે મુક્ત, કામાદિ શત્રુઓ,
સંગ્રામ ખેલી ખેલીને સંપૂર્ણ જીતવા પડે. ૨૦૦

પરાઙ્‌મુખ થવા સારુ કામક્રોધાદિથી પથે,
જીવનાદર્શમાં પૂર્ણ આસક્ત તો થવું પડે. ૨૦૧

જીવનાદર્શની હૈયે જેને લ્‌હે લાગી છે ખરી,
એવો જ માનવી માત્ર ધ્યેયમાં શો રહે ટકી ! ૨૦૨

એવો જ કામક્રોધાદિ, મોહલોભાદિ શત્રુઓ
સમર્થ જીતવા પૂરો, તે શો પરાક્રમી ખરો ! ૨૦૩

એવાં શાં ખેલવાં યુદ્ધ જેને નશો ઘણો દિલે,
જીવને ધોધની પેઠે શું પરાક્રમ ઊછળે ! ૨૦૪

સંગ્રામ ખેલવા કાજે મરણિયો જ થાય જે,
એવા ખેલાડી શા માત્ર ઇંદ્રિયો કબજે કરે ! ૨૦૫

બાકીનાનું ગજું ના છે, તે માત્ર રવડી મરે,
કેવા જીવનમાં તેવા સડ્યાં નિત્ય કર્યાં કરે ! ૨૦૬

નિપુણ યુદ્ધબાજીના જે સેનાપતિ હોય જે,
તેમના કરતાં ભારે સૂક્ષ્મ પરાક્રમે હ્દે. ૨૦૭

સજ્જ સંપૂર્ણ, ને ભાવે અંતરે ભરપૂર જે,
એવા મહારથી યોદ્ધા જીવનયુદ્ધ શા લડે ! ૨૦૮

*આવી સ્થિતપ્રજ્ઞની દુર્લભ સ્થિતિ મેળવવા લોકો કેવા પ્રયત્ન કરે છે, તેનો થોડોક ખ્યાલ શ્રીભગવાન આપે છે.*

## પ્રયત્નો

'વિષયો વારવા સારુ દમે છે કોઈ દેહને,
ઉપવાસ કરે કોઈ, કોઈ અન્ય ઉપાય લે.' ૨૦૯

*પણ એવા પ્રયત્નોનું પરિણામ ધાર્યા પ્રમાણેનું કેમ નથી આવતું ? તથા, ઈંદ્રિયો ક્યારે વશ થાય તે પણ હવે શ્રીકૃષ્ણ કહી દે છે.*

## નિષ્ફળતા

ઈંદ્રિયો વિષયો પ્રત્યે દોડે ના જ્યાં સુધી ખરે,
ઉપવાસે રહેનારો ત્યાં સુધી સ્થિર ર્‌હૈ શકે. ૨૧૦

કિંતુ સૌ ઈંદ્રિયો કેરા સુકાતા રસ ના કદા,
એકલા ઉપવાસે કે દમને, રાખ ધ્યાનમાં. ૨૧૧

છોડતાં ઉપવાસો તો કદી તે રસ તો વધે,
રસ-મુક્ત, પ્રભુ પામ્યે, રસો સર્વ શમી જશે. ૨૧૨

ભક્તિ જાગ્યા વિના, કોઈ રસ પ્રકૃતિનો બધો
કદી સુકાઈ ના જાય કરો કોટિ ઉપાય છો. ૨૧૩

પ્રકૃતિ-ક્ષેત્રાથી ઊર્ધ્વે મનન-ચિંતવને થતાં,
જીવંતું એકધારું તો, મનાદિ **હરિ**માં જતાં. ૨૧૪

**હરિ**ની ભક્તિમાં પૂર્ણ મનાદિ પલળ્યાં જતાં,
પ્રકૃતિના ગુણો, ધર્મો શા પલટાઈ તે જતા ! ૨૧૫

રસાતાં દિવ્યતામાં તો શાં રૂપાંતર પામતાં !
કરણો, ઇંદ્રિયો આદિ, શી પલટાય નિમ્નતા ! ૨૧૬

*ઇંદ્રિયો બહુ બળવાન છે. તેમને કોટિ ઉપાયે પણ વશ રાખવી જોઈએ.*

## બળવાન ઇંદ્રિયો

'ઇંદ્રિયો જબરી પૂરી એવી તો બળવાન કે
ઘસડે છે બળાત્કારે, જો તે જાગૃત ના રહે ! ૨૧૭

ઇંદ્રિયો તેથી સૌ પાર્થ ! પોતાના કબજા મહીં
સમેટી રાખવી તારે યત્ન કોટિય આદરી.' ૨૧૮

કબજે કરવા પાકી ઇંદ્રિયોને બધી રીતે,
**પ્રાણ**ની વૃત્તિઓને સૌ સંયમે લાવવી ઘટે. ૨૧૯

મૂળ છે ઇંદ્રિયોકેરું **પ્રાણ** જોવા જતાં ખરે,
વશ જેને રહે **પ્રાણ**, તેને ઇંદ્રિય ર્‌હે વશે. ૨૨૦

લોભ ને મોહ, કામાદિ, આશા, ઇચ્છા, શી ઝંખના !
લાલસા, કામના, તીવ્ર ને શી લોલુપતા સદા ! ૨૨૧

જીવને રાગદ્વેષાદિ, તૃષ્ણા અનેક જાતની,
**પ્રાણ**ની પ્રક્રિયા એવી કર્મે બંધનકારિણી. ૨૨૨

અનેક જાતના કેવા ફાંસલા ઇંદ્રિયોતણા !
તેમાં ભલભલાને તે ફસાવી દે ખરેખરા. ૨૨૩

તપશ્ચર્યા ભલે ભારે, ઇંદ્રિયો બળવાન જે,
ભોળવી ભોળવી કેવું ઠગાવે પળવારમાં ! ૨૨૪

ભક્તિ લાગ્યા વિના પૂર્ણ કદી ઇંદ્રિય તે બધી,
વશ થાય ન સંપૂર્ણ કર્યે લાખ ઉપાયથી. ૨૨૫

આદરો કોટિ છો યત્ન ઇંદ્રિયો વસ તો થવા,
એકમાત્ર જ ઉપાય ભક્તિનો યોગ્ય હો સદા. ૨૨૬

*પરંતુ એવા કોટિ ઉપાયો પણ ભક્તિ વિના સફળ થતા નથી. હૃદયથી સંપૂર્ણ પ્રભુભક્તિ હોય તો જ સ્થિરબુદ્ધિ થવાય.*

## ભક્તિની અનિવાર્યતા

'પ્રભુને હૃદયે ધારી અંતર્મુખ થઈ પૂરો,
અંતર્યામી રહેલા ત્યાં, તેને ઓળખીને હૃદે. ૨૨૭

ભક્તિ એની કરે ત્યારે ઇંદ્રિયો કબજે થશે,
તે વિના કોટિ યત્નેયે તારે તાબે નહીં થશે. ૨૨૮

મારામાં જે પૂરેપૂરો રહી ભક્તિપરાયણ,
મારામાં ઇંદ્રિયો રાખે, તે જાણો સ્થિરબુદ્ધિનો.' ૨૨૯

જીવતોજાગતો ઊંડો જીવંત ચેતનાત્મક,
હૈયે હૈયાતણો પાકો સંબંધ પ્રેરણાત્મક,
જતાં બંધાઈ આધારે પ્રભુની સાથ ઉત્કટ,
કૃપા એવા પરે થાતાં, કરણો થાય દિવ્ય જ. ૨૩૦-૨૩૧

ગફલત થવાની ને પ્રમાદે વર્તવાની ને,
પ્રજ્ઞાપરાધની સૂહેજે એવાને શક્યતા ન છે. ૨૩૨

જે ગફલત દેખાતી એવાના જીવને ભલે,
કિંતુ જે સૂક્ષ્મ હેતુ તો એનો કલ્યાણકારી છે. ૨૩૩

દોષ જેવું ભલે લાગે એવાના વર્તને કદી,
શકે કો પ્રીછી એવાનું અલૌકિકપણું તહીં ? ૨૩૪

ઇંદ્રિયો, કરણોના સૌ જે પ્રાકૃતિક ધર્મ છે,
તે તે જે પલટાયેલા, તેવાને ના કશું અડે. ૨૩૫

*પરંતુ જે એવી રીતે વર્તતો ન હોય તેના કેવા બેહાલ થાય છે, તે પણ જણાવીને શ્રીભગવાન એ રીતે પણ અર્જુનને ચીમકી આપે છે.*

## દુર્દશાનાં પગથિયાં

'વળી જે એમ ના વર્તે, એના હાલ તને કથું,
દશા શી થાય એવાની તે તું સાંભળજે બધું. ૨૩૬

જેની સ્વચ્છંદ વર્તે છે છૂટથી ઇંદ્રિયો સહુ,
ધરે છે ધ્યાન તે નિત્યે ઇંદ્રિયોના વિષયોતણું. ૨૩૭

એવા ધ્યાન થકી એને લગની એની લાગતી,
બીજું એના વિના કાંઈ દિલે એને સૂઝે નહિ. ૨૩૮

લગની એ થકી એને કામ ઉત્પન્ન થાય શો !
કામ સંતુષ્ટ ના થાતાં ક્રોધ એનો ભભૂકતો. ૨૩૯

ક્રોધાતુર થતાં અર્ધો ગાંડા જેવો બની જતો,
પોતાના ભાનનો સર્વ કાબૂ તે ખોઈ બેસતો. ૨૪૦

ગુમાવી સ્મૃતિ પોતાની એવો સ્વચ્છંદ વર્તતાં,
બકે છે આમ ને તેમ બુદ્ધિનાશ થઈ જતાં. ૨૪૧

થતાં જ્યાં બુદ્ધિનો નાશ સર્વસ્વ નાશ થાય છે,
મળેલો જન્મ આ મોંઘો એનો એળે જ જાય છે.' ૨૪૨

*ઈંદ્રિયોના ગુલામની દુર્દશા હજી વધારે અર્જુનના મનમાં ઠસાવવા એક સચોટ અને ચિત્રરૂપ દાખલો શ્રીભગવાન આપે છે.*

## દાખલો

'સુકાની વિણ જે વ્હાણ, એવી ચંચળ ડોલતી,
એની દશા થઈ જાતી ભમતી ઇંદ્રિયો થકી. ૨૪૩

અવળો વા ગમે તેવો નાવને ઘસડે ઊંધું,
ભેખડે અથડાઈને નાવ તે નાશ પામતું. ૨૪૪

ઇંદ્રિયો ભટકે જેની એની એવી દશા થશે,
એવા અજ્ઞાનીઓ પાર્થ ! સર્વસ્વ નાશ વ્હોરશે. ૨૪૫

ઇંદ્રિયોથી જ ચાલે છે સંસારે **જીવ**માત્ર તો,
ભલે જીવે, છતાં તેવા નાશ પામેલ જાણજો. ૨૪૬

ઇંદ્રિયો ભટકે છોને, ભલે જબ્બર તે હશે,
કિંતુ છે ધ્યેય નિશ્ચિત, ના ફંગોળાય તે કશે. ૨૪૭

જીવનધ્યેય સંપૂર્ણ જેને આધાર જીવતું,
ચેતનાત્મક સૌ રીતે એકધારું જ છે નર્યું, ૨૪૮

એકાકાર થયેલો જે એમાં જે રમમાણ છે,
એવો તે એકલોમાત્ર ઇંદ્રિયોમાં રમે ન છે. ૨૪૯

*આ દાખલાથી જીવમાત્રે સમજી લેવું ઘટે કે ઈંદ્રિયો ઉપર તો કાબૂ હોવો ઘટે અને એવો કબજો થતાં કેવાં સુંદર પરિણામ આવે છે, તે શ્રીભગવાન પોતાની દિવ્ય વાણીમાં કહે છે.*

## સુફળ

'તેથી સૌ કામનાઓને **જીવે** તો છોડવી ઘટે,
ઈંદ્રિયોની પરે તેથી રાખવો કબજો ઘટે. ૨૫૦

થતાં આમ, ન જે યોગ્ય, ઈંદ્રિયો કરશે ન તે,
આંખ યોગ્ય રહેશે ને શુદ્ધ વસ્તુ જ ભાળશે. ૨૫૧

ઈંદ્રિયો એમ પ્રેરાઈ વળીને અંતરે ખરે,
ભાવનું પ્રેમસંગીત પછી સાંભળશે હૃદે. ૨૫૨

ભાવ-નિષ્ઠાથી જ્યાં યુક્ત જ્ઞાન ને કર્મ-ઈંદ્રિયો,
કર્મયજ્ઞો જ એકાગ્ર રહેશે પછી ઠામ તો. ૨૫૩

પરોવાયેલી ર્‌હેશે સૌ ઈંદ્રિયો શ્રેય કર્મમાં,
સંપૂર્ણ તે સધાતામાં, પમાશે ઈશ્વરી કૃપા. ૨૫૪

મળે જ્યારે પ્રસાદી તે, ત્યારે દુઃખ બધાં જતાં,
તેજે સૂર્યતણા જેમ પીગળી હીમ જાય ત્યાં. ૨૫૫

પ્રસન્નચિત્ત એવાનાં ભાગે છે દુઃખમાત્ર ને,
પછી એવો કહેવાયે મનુષ્ય સ્થિરબુદ્ધિનો. ૨૫૬

હોવા છતાંય એવાને દુઃખ ને દર્દવેદના,
ને તેવી વેદનામાં તો લપેટાયે મનાદિ ના. ૨૫૭

વેદનાદર્દનો સાક્ષી પોતે તટસ્થ શો રહે !
વેદનાદર્દ છો થાયે, હારે તેથી કદી ન તે. ૨૫૮

એ સૌ ભોગવતાં સહેજે ક્ષીણ મનાદિ ના થશે,
એવી દશા થયે પૂર્ણ પોતે શો સ્વસ્થ, સાક્ષી છે ! ૨૫૯
શરીરને થતાં દર્દવેદનાને અનુભવે,
છતાં તેમાં લપેટાયે-ડૂબી ના જાય તે વિશે. ૨૬૦

દર્દ ને વેદનાની તો **एने** છે જાણકારી તે,
વત્તું, ઓછું બધું જાણે, છતાં પોતે તટસ્થ છે. ૨૬૧

શરીર સાથ શો આત્મા સંકળાયેલ શો ખરો !
શા ગુણધર્મ આત્માના તાદાત્મ્ય, સાક્ષી આદિ છે ! ૨૬૨

તાદાત્મ્ય ગુણને લીધે જે તે સાથે ભળે ગળે,
પ્રમાણે તેનું જે હોય તેને તે શો અનુભવે ! ૨૬૩

'તેવા શરીરવાળાને ના દર્દ-રોગ-વેદના',
માન્યામાં તે ન આવે છે, પ્રકૃતિ-ગુણધર્મ ત્યાં. ૨૬૪

ઊલટું, તે છતાં પોતે કેવો સ્વસ્થ, તટસ્થ છે !
તેવું હોવાથી તો તેવો શો અનુભવ થાય છે ! ૨૬૫

બાકી તે સાક્ષી શેનો છે ? ને શાથી તે તટસ્થ છે ?
તે અનુભવને કાજે હોવું તેવું જરૂરી છે. ૨૬૬

શરીર-પ્રકૃતિ મૂળ પોતાનો ગુણધર્મ જે,
મૂળે જે હોય તેનાથી સંપૂર્ણ બદલાય તે. ૨૬૭

ત્યારે ત્યારે કશાં દર્દ, રોગ કે વેદના ન છે,
ત્યારે પ્રકૃતિ શી પોતે ચેતનાની જ શક્તિ છે. ૨૬૮

*શ્રીભગવાન, જેમ જુદી જુદી રીતે સ્થિતપ્રજ્ઞનું માહાત્મ્ય અને તેનાં લક્ષણો વર્ણવી અર્જુનને તે તરફ આકર્ષે છે, તેમ વળી વળીને*

*સ્થિતપ્રજ્ઞ ન થવાનાં ભયંકર પરિણામ પણ જણાવે છે. કંઈક કરતાં અર્જુનમાં સદ્‌ભાવના અને સત્પ્રવૃત્તિ જાગે !*

## સ્થિર બુદ્ધિ અને ચંચળ બુદ્ધિ

'કિંતુ ના સ્થિર બુદ્ધિ જે, એને શી શુભ ભાવના ?
જેને ના ભાવના ઊર્ધ્વ શાંતિ ક્યાં થકી એહમાં ? ૨૬૯

નથી જ્યાં શાંતિ કાંઈ ત્યાં સુખ ક્યાંથી મળે ? કહે,
એવાઓ તો અશાંતિના સમુદ્રે જ ડૂબ્યાં કરે. ૨૭૦

દીવા જેવું જણાયે જ્યાં સોંસરું સ્થિતપ્રજ્ઞને,
વિષયોમાં રચેલા છે, અજ્ઞાની કૈં ન ત્યાં જુએ. ૨૭૧

અજ્ઞાનીને દીસે 'ચોખ્ખું' તે ભાસે સ્થિર બુદ્ધિ ને
યોગી જે છે, સમાધિસ્થ, 'મેલું' જુએ અવશ્ય તે.' ૨૭૨

*આવા સ્થિરબુદ્ધિ કે સ્થિતપ્રજ્ઞ યોગીનો પરમાનંદ કેવો હોય છે, તે તરફ આંગળી ચીંધી શ્રીભગવાન સ્થિતપ્રજ્ઞનું લંબાણભર્યું અને મોહક વર્ણન સમાપ્ત કરે છે.*

## બ્રાહ્મી સ્થિતિ

નદી-નાળાંતણાં પાણી સમુદ્રે શમી જાય છે,
વિષયોમાત્ર યોગીમાં તેવી રીતે સમાય છે. ૨૭૩

એનેયે વિષયો ઊઠે, કિંતુ તેમાં ન તે ભળે,
પસાર તે થવા દે છે, ઊભી શો વેગળો દૂરે ! ૨૭૪

થતો વિકાર ના એને વિષયો ઊઠવા છતાં,
મળે, ભળે, ગળે છે ના વિષયોમાં કદી જરા. ૨૭૫

વિષયોમાં ભળેલો હો દેખાય એવી રીતનો,
છતાંયે શો વળેલો તે અંતરે પૂર્ણ હોય છે ! ૨૭૬

સત્‌અસત્‌ વિશે હોય, છતાં શો સ્વસ્થ અંતરે
સાક્ષી, તટસ્થ સંપૂર્ણ જીવતો ચેતના વિશે ! ૨૭૭

શકે પારખી એવાને કોણ ? શી રીત જીવને !
કિંતુ ગાઢ થતાં ભાવે સંબંધ, ઓળખાય તે. ૨૭૮

અનેક નદીઓ મોટી સમુદ્રે શી વહ્યાં કરે !
મર્યાદા છોડતો તે ના સ્થિતપ્રજ્ઞનું એવુંયે. ૨૭૯

રહે સમુદ્રની પેઠે તેઓની શાંત પ્રકૃતિ,
એવી તે યોગીઓની શી નિત્ય દિવ્ય રહે સ્થિતિ ! ૨૮૦

કામનાઓતણો કામી એને શાંતિ નહિ મળે,
કામના સૌ શમાવે જે અંતરે શાંતિ મેળવે. ૨૮૧

જે સ્થિતપ્રજ્ઞ સંપૂર્ણ એકાકાર થયેલ છે,
**હરિ**ની ચેતના વિશે, છતાં એનેય જીવને.
દિવ્યમાં દિવ્ય એવી જે ભૂમિકાઓની તે વિશે
પસાર તો થવાનું છે વટાવી શી વટાવી તે ! ૨૮૨-૨૮૩

ઊર્ધ્વ એવી ભૂમિકાઓ કેટકેટલી કેવી તે !
સૂક્ષ્મથી સૂક્ષ્મ શી દિવ્ય ! કલ્પાય **જીવ**થી ન તે. ૨૮૪

સ્થિતપ્રજ્ઞ થયો છે જે એને એવા પથો વિશે,
કૃપા સાક્ષાતનો સાથ જીવતો છે નિરંતરે. ૨૮૫

એવો નિશ્ચિત સંપૂર્ણ જીવને ભરપૂર છે
બધી રીતે, બધી વાતે જીવે છે **હરિ**માં જ જે. ૨૮૬

યોગ્ય ના પરખાયે છે જેમ વિના જ લક્ષણ,
શું સર્વોપરી તે યોગ્ય જેમાં તેમાં જ લક્ષણ ! ૨૮૭

લક્ષણે તો જણાયે છે જે તે-નું સત્ત્વ કેવું તે !
યોગ્યાયોગ્ય બધું જે તે લક્ષણથી જણાય છે. ૨૮૮

બુદ્ધિ, શક્તિ અને શ્રદ્ધા, વિશ્વાસ, ભાવના બધું,
તે તે લક્ષણથી માત્ર, આપમેળે જણાય શું ! ૨૮૯

સભ્યતા, સંસ્કૃતિ, ઊર્ધ્વ ગતિ જીવનની જ જે,
તે લક્ષણ વડે કેવાં ઓળખવાં સહેલ છે ! ૨૯૦

જે જે અસ્તિત્વ વિશ્વે છે, તેનુંય સર્વ જીવન,
લક્ષણોથી જ સૌ તેવાં તેવાં વર્તાય તત્ક્ષણ. ૨૯૧

જીવને યોગ્યતા કેવી કેટલી માનવીની છે !
તેને લક્ષણથી માત્ર લેવાય ઓળખી જ તે. ૨૯૨

જેને બધું જણાયે છે તેના તેના જ સત્ત્વને,
તેનાં તેનાં બધાં તેવાં લક્ષણો પરખાય છે. ૨૯૩

કશુંયે આંધળેબ્હેરું ક્યાંયે વિશ્વમાં ન છે,
સૌ સૌને લક્ષણો તેનાં શાં સ્વાભાવિક હોય છે ! ૨૯૪

લક્ષણ સાચું તે માપ ને પારાશીશી યોગ્ય છે,
માપદંડ બધાં માટે લક્ષણ કેવું શ્રેષ્ઠ છે ! ૨૯૫

મહત્ત્વ જીવને કેવું લક્ષણનું યથાર્થ છે !
વિના લક્ષણ તે યોગ્ય કશુંયે ના યથાર્થ છે. ૨૯૬

સર્વ પારખવાકેરી લક્ષણ મૂળ ચાવી છે,
વિના લક્ષણ કૈં યોગ્ય કશું ના પરખાય છે. ૨૯૭

જે તે કૈં પરીક્ષાનું લક્ષણ શી કસોટી છે !
લક્ષણ જે વિનાનું તે સૌ ગરબડિયું જ છે. ૨૯૮

શાંતિ, સમત્વ, સાક્ષિત્વ, વિવેક ને પ્રસન્નતા,
જેનાં તેનાં જ છે યોગ્ય લક્ષણ તે પ્રકારનાં. ૨૯૯

અધ્યાત્મ-શાસ્ત્ર-વિજ્ઞાન યદ્વાતદ્વાપણે ન છે,
યોગ્ય પ્રકારનાં કેવાં એનાં લક્ષણ હોય છે ! ૩૦૦

જ્ઞાન-વિજ્ઞાન-અજ્ઞાન, જડતા, પામરતા બધાં
લક્ષણ સર્વ જે તે-નું કશુંયે જેમ તેમ ના. ૩૦૧

કેટકેટલું સંસારે લક્ષણ-શાસ્ત્ર યોગ્ય છે !
'પારખો લક્ષણો જે તે' **ગીતા મા** શીખવે જ તે. ૩૦૨

સ્થિતપ્રજ્ઞતણાં તેથી લક્ષણો શાં કથેલ છે !
હેતુ-મર્મ બધો તે કે 'પારખો સર્વ લક્ષણે'. ૩૦૩

ત્યજીને કામના સર્વે નિરહંકારી તે રહે,
રહી તટસ્થ તે વર્તે, છોડી સૌ મમતા જીવે. ૩૦૪

અંતરબાહ્ય સ્થિતિ એવી પ્રત્યક્ષ પ્રભુમાં જીવી,
મૃત્યુ પર્યંત જે જીવે, તે પામે બ્રહ્મની સ્થિતિ. ૩૦૫

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૩ જો

## (કર્મયોગ)

*સ્થિતપ્રજ્ઞ એટલે અંતરની પરમ શાંતિવાળું હૃદય. તોયે તેનો અર્થ એમ નહિ કે તે આળસુ થઈને બેસી રહે અને કંઈ કામ ન કરે. માનવીએ ભાગે આવેલાં કર્મ તો શ્રીપ્રભુપ્રીત્યર્થ અને અનાસક્તિપૂર્વક કરવાનાં જ છે, એવું શ્રીભગવાન હવે અર્જુનને, તેના પ્રશ્નના જવાબમાં સમજાવે છે.*

## મળેલાં કર્મ

***અર્જુન પૂછે છે :–***

‘કર્મથી જ્ઞાન* જો શ્રેષ્ઠ, તો ખેંચો મુજ લક્ષને
યુદ્ધના કર્મ ઘોરે કાં ? ના ગળે ઊતરે મને. ૧

મને મોહ પમાડો કાં ? કહો જે એક નિશ્ચયે,
ખરું કલ્યાણ શેમાં છે ? બતાવો માર્ગ તે મને.’ ૨

***શ્રીકૃષ્ણ જવાબ વાળે છે :–***

‘બંને પ્રકારની નિષ્ઠા મેં તો દર્શાવી છે તને,
પહેલી છે જ્ઞાનયોગીની, બીજી છે કર્મયોગીની. ૩

વિમુખ કર્મથી જે ર્‌હે તેને મોક્ષ ન સાંપડે,
છોડી જો કર્મ દે, તોયે એને ના સુખ થાય છે. ૪

અનેક જાતના ઘોડા દોડાવે કૈં માનવી મને,
બેઠાડુ, આળસુ, જેવા મિથ્યાચારી જ મૂર્ખ તે. ૫

ક્ષણવાર કર્યા વિના કર્મ કો ના રહી શકે,
પ્રાણીમાત્ર પરાધીન પ્રકૃતિના ગુણો વિશે. ૬

* અહીંયાં જ્ઞાનને ‘સાંખ્યની બુદ્ધિ’ જાણવી રહી.

સર્વને બાંધીરૂંધીને પ્રકૃતિના ગુણો ત્રણે
કર્મમાં સર્વને પ્રેરે, ત્યાં કો ના અપવાદ છે. ૭

શો ભગવાન સર્જે છે ! પળવાર વિના કશા,
કર્મ કદી ન તે ર્‌હે છે, એવો તો કર્મયજ્ઞ ત્યાં. ૮

નિરંતરે જ ચાલે છે અટક્યા વિના બધું
આ આખું કેવું બ્રહ્માંડ ! અટકે પળવાર શું ? ૯

અનંતાનંત આદિનો એવો તે કર્મયજ્ઞ જે,
અખંડાકાર સાતત્યે ચાલ્યા કેવો કરેલ છે ! ૧૦

તો પછી માનવી તેથી મુક્ત શેં કૈં રહી શકે ?
કર્મ વિના કશો આરો કોઈનોયે કશો ન છે. ૧૧

**हरि**માં ચેતવા પૂર્ણ જીવન આ સમગ્ર તે,
ભાવને પૂર્ણ સાકાર થવા કર્મ જરૂરી છે. ૧૨

પ્રભુપ્રીત્યર્થના ભાવે ઊર્ધ્વ જીવનને થવા,
હેતુપૂર્વક જે થાય કર્મ તેવાં જરૂરનાં. ૧૩

ઇંદ્રિયો વશ રાખીને યજ્ઞ જે તુજ નિશ્ચિત,
ભાગે આવેલ જે કર્મ, તે તું પ્રેમે કર્યાં કર. ૧૪

આળસુ માત્ર બેસી ર્‌હે, એનાથી, પાર્થ ! જાણજે,
કલ્યાણ આળસુનું તો કદીયે ના થવાનું છે. ૧૫

અધૂરો, છીછરો કિંતુ સંયમ ઇંદ્રિયો પરે,
રાખવાનો કરે ડોળ, તેની ઇંદ્રિય બ્‌હેકશે,
બને દંભી, દુરાચારી મલિન મનને કરે,
છતાં એનાથી તો પાપી ખુલ્લો સંપૂર્ણ યોગ્ય છે. ૧૬-૧૭

જીવનાદર્શ સામે ને સામે જેને ટક્યાં કરે,
જીવનધ્યેયમાં ભાવે એકધારો રમ્યાં કરે,
સંયમભાવના કાજે ખંત જેને અપાર છે,
સંયમે ઇંદ્રિયો તેવો રાખવા શો સમર્થ તે ! ૧૮-૧૯

જ્ઞાન ને ભક્તિમાં લાગ્યા વિના સંપૂર્ણ લક્ષ તે,
ઇંદ્રિયો ના કદી તાબે સંપૂર્ણ થાય જીવને,
જીવનધ્યેયને તેથી હેતુપૂર્વક જીવને
અડગ નિશ્ચયે ખંતે ઉત્સાહે વળગ્યાં જશે. ૨૦-૨૧

તેમાંથી ભાવ જે ઊંડો અખંડ જાગતાં હૃદે,
જીવને પછી એવાનું ધ્યાન બીજે ન જાય છે. ૨૨

પૂરો સંયમ સાધીને અનાસક્ત થઈ પૂરા
ભલે ઇંદ્રિયથી કર્મ કરે, આનંદ પામતા.' ૨૩

કર્મેન્દ્રિયો વડે કર્મયોગ આરંભ જે કરે,
તેને ઇંદ્રિયમાં કાબૂ સંપૂર્ણ રાખવો પડે. ૨૪

સંગ, મોહાદિ છોડીને, નિઃસંગ પૂર્ણ શો થઈ !
યજ્ઞાર્થે પ્રાપ્ત જે કર્મ કર્યાં કર સમર્પીને. ૨૫

કર્મના અંતરે ભાન ધ્યેય હેતુનું તીવ્ર છે,
પ્રભુપ્રીત્યર્થ તે કર્મ આચરાતાં જતાં હૃદે.
ચેતનામાં ધરી લક્ષ પ્રાપ્ત કર્મ કર્યે જતાં
સમર્પાતાં પદે પાછાં, એવાં તે કર્મ શ્રેષ્ઠ શાં ! ૨૬-૨૭

*હવે, એવાં મળેલાં કર્મો પણ કેવા ભાવથી કરવાથી તે કર્મયજ્ઞ થાય, કે જેથી એવાં કર્મો બંધનરૂપ ન નીવડે, તે બતાવે છે.*

## કર્મયજ્ઞ

'કરો નિયત જે કર્મ, શ્રેષ્ઠ કર્મ, અકર્મથી,
કરો જો ના કશું કર્મ, કાયાધર્મ પડે તૂટી. ૨૮

કરંતાં કર્મને, તારે રાખવું યાદ આ મન,
યજ્ઞની ભાવનાહીન કર્મ ના, કિંતુ બંધન. ૨૯

ઉત્પત્તિ, પ્રાપ્તિ, સંસાર, વિકાર કર્મમાત્રથી,
તે ચારે ઊપજે નિશ્ચે, તેથી મોક્ષ ન કર્મથી. ૩૦

કિંતુ જે કર્મમાં ભાવ અનાસક્તિતણો થયે,
પ્રભુપ્રીત્યર્થ જો કર્મ થાય, તો મોક્ષ શીઘ્ર છે. ૩૧

અજ્ઞાનનિવૃત્તિ એ જ સાચો તે મોક્ષ જાણજે,
'પ્રભુપ્રીત્યર્થ નિષ્કામે કર્મ સૌ બનતાં જતે,
થતી અજ્ઞાનનિવૃત્તિ !' સાચો એ જ ઉપાય છે. ૩૨

પારકાના ભલા સારુ ઉઠાવેલો બધો શ્રમ,
રહે તેમાં પ્રભુભાવ હૈયે, તો કર્મયજ્ઞ તે. ૩૩

ભાવ વિનાનું જે કર્મ ઉત્તમોત્તમ હો ભલે,
કર્મયોગ છતાં તેને માનતો ના ભૂલેચૂકે. ૩૪

સ્વાર્થ, મોહાદિથી કર્મ કરવા ઉત્સુક જે જનો
લાગે શા જીવતા ! કિંતુ શા મુડદાલ તે જનો ! ૩૫

અજ્ઞાની મૂઢ સંસારી હોવા છતાં પૂરેપૂરા,
એવાયે જો વળે પૂર્ણ **હરિ**માં ભાવથી તદા, ૩૬

અભીપ્સા જેહને હૈયે અપરંપાર ઊછળે !
**હરિ**માં ભળવાનો શો પુરુષાર્થ અપાર છે ! ૩૭

તેવાયે કેટલા કેવા સંસારના સમુદ્રથી,
તરી પાર ગયેલા છે ! જાણ્યા છે ઈતિહાસથી. ૩૮

પરંતુ અજ્ઞાનમાં જેઓ નરાતાર પૂરેપૂરા,
કામ, મોહાદિ વૃત્તિથી જીવે સંસારમાં નર્યા, ૩૯

છૂટી તેવા શકે કેમે માયાજંજાળથી કદી ?
છૂટવા માત્ર ઉપાય એક જ ભક્તિનો સહી. ૪૦

*અને એ કર્મયજ્ઞ ભક્તિસ્વરૂપ હોવો ઘટે. આવાં ભક્તિ અને કર્મના સમન્વયના પ્રસંગ માટે અર્જુને-એટલે સૌ કોઈએ અને સાધકે-સદાય તત્પર રહેવાનું છે.*

## ભક્તિ-કર્મ-યજ્ઞ

'બ્રહ્માએ સૃષ્ટિ-આરંભે સર્જ્યો યજ્ઞ સનાતન,
કરંતાં યજ્ઞ સંસારે તમોને સિદ્ધિ સાંપડે. ૪૧

આવો જે યજ્ઞ તે ભક્તિ, ભક્તિ કાજ કરાય જ્યાં,
આસક્તિ, રાગ ને દ્વેષ હોય ના લેશમાત્ર ત્યાં. ૪૨

આવો યજ્ઞ અને આવી ભક્તિ નિત્ય કર્યા કર,
તક આવી મળે માટે ર્‌હેજે ભાવથી તત્પર.' ૪૩

*આવો યજ્ઞ તો વિશ્વનો સનાતન સિદ્ધાંત છે, જાણે કે વિશ્વ સરજાવતી વખતે બ્રહ્માએ જ બધાને આપેલો છે.*

## વિશ્વવ્યાપી યજ્ઞ

'બ્રહ્માએ વિશ્વની સાથે સર્જેલો છે જ યજ્ઞ આ,
કેમ જાણે પ્રસારેલો વળી તે સાથ મંત્ર આ ! ૪૪

'એકબીજાતણી સેવા પ્રભુભાવે કર્યાં કરો',
વૃદ્ધિને પામશો તેથી, **જીવ** સૌ દેવતા ગણો. ૪૫

સર્વમાં **હરિ** શો-તે તે છુપાયેલો જ ગૂઢ ત્યાં,
તેથી સદ્‌ભાવ સૌ સાથે રાખવો યોગ્ય દિલમાં. ૪૬

દોષ જોતાં, થતાં નિંદા ઈન્કાર **હરિ**નો થતો,
પછી ક્યાંથી જ એવામાં વધે તે ભાવ ભક્તિનો ? ૪૭

વળવું **હરિ**માર્ગે હો દોષ જોવાની ટેવને,
સમજી દિલ સંપૂર્ણ સમૂળી ત્યાગવી ઘટે. ૪૮

નિંદા શ્રેયાર્થી થકી તો કોઈની ના થવી ઘટે,
થતાં, સંપૂર્ણ ઈન્કાર **હરિ**ભાવતણો જ તે. ૪૯

પ્રસન્ન દેવતા રાખ્યે ભક્તિથી, તમને સદા,
પ્રસન્ન રાખશે દેવો, સેવાયજ્ઞ કરો કર્યાં. ૫૦

તમને દેવ રીઝેલા આપશે મનવાંછિત,
**જીવ**નું શ્રેય જે સર્વ, વિના માગ્યા મળે ફળ.' ૫૧

પ્રભુપ્રીત્યર્થ નિષ્કામે થતાં તે કર્મયજ્ઞ છે,
એવા યજ્ઞ થતાં, દેવો પ્રસન્ન આપણી પરે. ૫૨

થતી અજ્ઞાનનિવૃત્તિ નિષ્કામ કર્મયજ્ઞથી,
જ્ઞાન, શક્તિ વધે તેથી દિવ્યતા ઑર ખીલતી. ૫૩

દિવ્યતા ખીલતાં કેવી અનંત શક્તિઓ ખીલે !
થૈ તેથી આત્મસંતોષ જીવન કૃતકૃત્ય છે. ૫૪

અનંત શક્તિઓ એવી જાણો તે દેવતા સમી,
આત્મસંતોષ થાયે છે એવા શક્તિ-પ્રભાવથી. ૫૫

એવો જે આત્મસંતોષ દેવોની તે પ્રસન્નતા,
મળે અનુભવીને શી સંકલ્પસિદ્ધિ જ્ઞાનમાં ! ૫૬

'આપે દેવ રીઝેલા તે મનવાંછિત જે બધું',
એવી સંકલ્પશક્તિ જે તો તે અર્થનું જાણવું. ૫૭

*આવો યજ્ઞ કર્યા વિના ખાનારો 'ચોર' છે અને એ યજ્ઞ સાથે તો ભોગ પણ ભોગવાય અને પાપમાંથી મુક્તિ મળે એવું અભય-વચન ભગવાન, અર્જુન દ્વારા જીવમાત્રને આપે છે.*

## યજ્ઞનો લાભ

'યજ્ઞકર્મ કર્યા વિના પ્રભુનો ભાગ ઝૂંટવી,
ખાય છે, તે ગણાયે છે 'ચોર' નિશ્ચે તું લે ગણી. ૫૮

આપીને પ્રભુનો ભાગ ખાય, ને બાકી ભોગવે,
યોગ્ય છે 'ભક્તિ' એવી તે, પાપથી મુક્ત થાય તે.' ૫૯

ખરેખરો જ શ્રેયાર્થી હો સાચેસાચ જીવને,
તેવાનાં કર્મ પોતાના સંસાર અર્થ ના જ છે. ૬૦

કર્મ સૌ કરવાનાં છે, એવાને **हरि** અર્થ તો,
હૈયાના ભાવથી ઊંડાં થતાં, સમર્પી દે જ સૌ. ૬૧

થવા વિકાસને અર્થે એનાં છે કર્મ સર્વ તો,
થતાં કર્મ વિશે હેતુતણું એને શું ભાન સૌ ! ૬૨

એવો જે તે બધું તે તે કરે જ્યાં **हरि** અર્થ જે,
પછી સર્વ સમર્પી દે, બાકી ર્‌હે શેષ ભોગવે. ૬૩

સંપૂર્ણ પ્રભુપ્રીત્યર્થ થવા વિકાસ હેતુએ,
જે કર્મ જીવને થાય, કર્મયજ્ઞ જરૂરથી. ૬૪

ઉત્તમોત્તમ હેતુથી, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભાવથી,
થવા કલ્યાણ જે સાચું થાય જે, કર્મયજ્ઞ છે. ૬૫

થયા વિના પ્રતિષ્ઠા તે બ્રહ્મની, યજ્ઞ ના બને,
કર્મયજ્ઞોથી પ્રત્યક્ષ બ્રહ્મ શો અપરોક્ષ છે ! ૬૬

અસ્તિત્વ જેનું જેનું છે, સંકળાયેલ તે બધું,
એકબીજાની સંગાથે, એકબીજાથી ના જુદું. ૬૭

સર્જાતું તે રહે, તેનો સંબંધ શો પરસ્પરે !
એકબીજાની સંગાથે, એકલદોકલ ન કૈં. ૬૮

સર્જન જે થતું, તેમાં સ્થૂળ ને સૂક્ષ્મ, કારણ,
ત્રણેય સંકળાયેલાં એકબીજાની સાથ જ. ૬૯

કારણ, સૂક્ષ્મ ને સ્થૂળ એકમેક પરસ્પરે,
ત્રણે પ્રત્યેક કર્મે છે, કર્મમાત્ર ત્રણે થકે. ૭૦

સ્થૂળ જે લાગતું કર્મ, તેનાં છે મૂળ સૂક્ષ્મમાં,
સ્થૂળ ને સૂક્ષ્મનાં મૂળ કારણે તે પ્રમાણવાં. ૭૧

એક જ વ્યક્તિ જન્માવે જે જે જીવનમાં બધું,
તેની સંગાથ જોડાયાં છે, મનાદિ બધાંય શું ! ૭૨

સ્થૂળ છો હો છતાં, તેના સર્જને, તો મનાદિ છે,
મનાદિથી જ છે સ્થૂળ ભાવના કેવી જીવને ! ૭૩

બન્યાં જે જે કરે, તેનો સંબંધ, મન સાથ છે,
માનવી સંકળાયેલાં તેથી સર્જનને વિશે. ૭૪

માનવી જન્મતાં જેમ સ્થૂળ ને સૂક્ષ્મ, કારણે,
તેમ પ્રત્યેક જન્મે છે એકમેકથી જીવને. ૭૫

તેવું કર્મથી તો થાય યજ્ઞ તેમ પરસ્પરે,
યજ્ઞ પ્રકાશ તો ભાવ, ભાવસંબંધ જીવને. ૭૬

પ્રત્યેક જન્મતું જે જે તેનો સંબંધ મૂળમાં,
ખરું જોતાં, નર્યો મૂળે ભાવ સાથે રહેલ ત્યાં. ૭૭

જોતાં સર્જનનાં મૂળે ભજવે ભાગ ભાવયે,
અસ્તિત્વ સર્વનું ભાવ, શો સૂક્ષ્માતીત ભાવ છે ! ૭૮

યજ્ઞના મૂળમાં ભાવ, ભાવ વિના ન યજ્ઞ છે,
જે જે થયાં કરે સર્વ, તેમાં ભાવ પ્રમાણ છે. ૭૯

ભાવ શો ભજવે ભાગ આદિ ને મધ્ય, અંતમાં !
ભાવ લીધે જ **આ** વિશ્વ ભાવ કારણ મૂળમાં. ૮૦

યજ્ઞમાં ભાવ, ને પાછો ભાવથી યજ્ઞ આપ છે,
તેથી જ સર્વના મૂળે યજ્ઞ ને ભાવ નિશ્ચયે. ૮૧

જે જે નીપજતું તેમાં યજ્ઞ મહત્ત્વનો ખરો,
સર્જને યજ્ઞ છે, સાથે હોવો ઘટે જ ભાવ તો. ૮૨

'યજ્ઞથી થાય છે વર્ષા', એમ જોવા જતાં ઊંડું,
ગીતામાં જે ગવાયેલું સાચું શું લાગતું જતું ! ૮૩

મંત્રોચ્ચારતણો યજ્ઞ, યજ્ઞ જે આહુતિતણો,
તે યજ્ઞતણી તો વાત ક્યાંય આમાં લખી ન છે. ૮૪

જે ભાવનાતણો યજ્ઞ યજ્ઞની લખી વાત તે,
સૂક્ષ્મ તે ભાવનો યજ્ઞ સમર્થ કેટલો જ છે ! ૮૫

સમૂહગતનો ભાવ સળંગતાભર્યો જ જે,
પ્રસરાયેલ હૈયામાં એકભાવે નર્યો ખરે. ૮૬

ભાવ સળંગની સાથે, ભાવ સમગ્રતાતણો,
શા પ્રચંડ પ્રવાહેથી વર્ષાને ખેંચી લાવતો ! ૮૭

થતાં જતાં જ તે યજ્ઞ **હરિ**પદે સમર્પતાં,
બાકી જે શેષ રહે તેનો તારો છે અધિકાર ત્યાં. ૮૮

કિંતુ જેને **હરિ**ભાવ સમૂળગો ન જીવને,
**હરિ**ને જે ગણે છે ના કશામાંય જરા હૃદે,
નર્યા સંસારના સ્વાર્થે જે સંપૂર્ણ જ રાચતા,
એવા સૌ ચોર તે જાણ, મિથ્યા તે જીવતા સદા. ૮૯-૯૦

*આવા કર્મયજ્ઞના આધારે જ વિશ્વ નભે છે, એમ કહી એવા યજ્ઞનો મહિમા શ્રીભગવાન ઑર વધારી દે છે.*

## યજ્ઞાધારે વિશ્વ

'નભે છે અન્નથી **જીવો**, વર્ષાથી અન્ન થાય છે,
યજ્ઞથી થાય છે વર્ષા, કર્મથી યજ્ઞ તો બને. ૯૧

કર્મ પ્રકૃતિથી થાય, પ્રકૃતિ પ્રભુથી બને,
પ્રતિષ્ઠા બ્રહ્મની યજ્ઞે તેથી તો નિત્ય થાય છે. ૯૨

યજ્ઞચક્ર સદા આવું ચાલે, જીવે ન તે રીત,
મિથ્યા જીવે, નરો તેવા જાણજે મૂર્ખ લંપટ. ૯૩

પાર્થ ! જો **જીવ** જે મૂઢ શ્રમજીવી જ દીસતા,
પડ્યાં જ રહીને તેયે ખાઈ ના શકતા કદા. ૯૪

દેખાયે આ જ્યહીં સત્ય સર્વ મૂઢ **જીવો** વિશે,
વધારે કેટલું સાચું તો તો માનવી માટ તે. ૯૫

*કર્મમાં અક્ષરબ્રહ્મ પણ વિરાજે છે અને જે આ કર્મયજ્ઞ કરતો નથી તે નકામો જીવે છે, એમ કહીને પણ કર્મયજ્ઞનું મહત્ત્વ અર્જુનના મનમાં શ્રીભગવાન ઠસાવે છે.*

## કર્મ-બ્રહ્મ-ચક્ર

'ઊપજ્યું બ્રહ્મથી કર્મ, બ્રહ્મ અક્ષરબ્રહ્મથી,
વસેલા અક્ષરબ્રહ્મ કર્મમાં પણ એ થકી. ૯૬

કર્મનું રૂપ તો યજ્ઞ, ભક્તિ ને યજ્ઞ એક છે,
ભક્તિ, સેવામહીં તેથી વિરાજે પરબ્રહ્મ તે. ૯૭

અનુસરે ન જે કોઈ આવી આ ઘટમાળને,
વૃથા જ જીવતો **જીવ**, એને પાપી તું જાણજે.' ૯૮

પરમાર્થે અને ત્યાગે પ્રભુપ્રીત્યર્થ જીવન
ગાળતા જે નથી, તેવા છે મિથ્યાચારી તે પણ,
ભરેલો સ્વાર્થ સંપૂર્ણ જેમનાં કર્મમાં જ છે,
મિથ્યા છે જીવવું તેવું દોષને પાત્ર કેવું તે !
એવા તે દોષને પાત્ર ગણાયું તેથી જીવને. ૯૯-૧૦૦

*આવી રીતે યોગ્યપણે કર્મયજ્ઞ કર્યા કરવાથી માનવી કર્મની પાર જાય છે, ત્યારે તેની સ્થિતિ કેવી હોય તે શ્રીભગવાન જણાવે છે.*

## કર્માતીત

'સદા સંતુષ્ટ જે રહે છે, ભોગવે શાંતિ અંતરે,
'ના' કરવાપણું એને રહેતું કાંઈ પછી ખરે. ૧૦૧

કર્યેથી લાભ ના કાંઈ ના કર્યેથીય હાનિ ના,
પર બધાથીયે, એને રાગદ્વેષાદિ ક્લેશ ના. ૧૦૨

કોઈ માટે કંઈ સ્વાર્થ ના, છતાં પણ કો દિને
છોડી નહિ શકે જોજે, યજ્ઞના દિવ્ય કર્મને. ૧૦૩

**हरि** પ્રત્યક્ષ શો કર્મે સહજ **ते** પળેપળે,
સર્જન કરતો કેવો દેખાય આપમેળ તે ! ૧૦૪

તેમાં તે કરવાકેરો શો નિરાકાર ભાવ છે !
તેવા અનુભવીનેયે કર્મ હોવાં ઘટે ખરે. ૧૦૫

*આવી રીતે પૂર્ણપુરુષ પણ જ્યારે કર્મયજ્ઞ કર્યા કરે છે, તો હે અર્જુન ! તું શેનો કર્મ છોડવાની વાત કરે છે ? માટે, કર્મ તો જરૂર કર, પણ કેવાં ?*

## અનાસક્ત કર્મ

'કર્તવ્યકર્મ તેથી સૌ નિત્ય તું કરતો રહે,
કિંતુ કૈં રાગ કે દ્વેષ, આસક્તિ ત્યાં ન રાખજે. ૧૦૬

યજ્ઞકર્મ કરે જે કો અનાસક્ત રહી સદા,
પામે તે પ્રભુનો ભાવ શંકા ત્યાં ના રહે કદા. ૧૦૭

તો પછી કેમ તારાથી વર્તાયે ઊલટું ? કહે,
હજીયે ગૂંચ આ તારી પાર્થ ! કેમ ન ઊકલે ?' ૧૦૮

*જેઓ કર્મથી પર થયા છે, એવા શ્રેષ્ઠ જનો પણ-ભગવાન પોતે પણ-કર્મ કરે છે, તો હે અર્જુન ! તારા જેવાએ તો શા માટે કર્મ છોડવાં ?*

## કર્મયોગી ભગવાન

'સારા અને વળી મોટા શ્રેષ્ઠ જે જગમાં જનો,
જેવું તે આચરે તેવું, સામાન્ય આચરે જનો. ૧૦૯

વધારે ક્યાં જવું આઘે ? જોને અર્જુન ! તું મને,
મારે શો સાધવાનો છે કરીને કર્મ સ્વાર્થ તે ? ૧૧૦

છતાંયે થાક ના ખાતાં કેવો રાચું છું કર્મમાં !
અનુવર્તે મને લોકો ઓછાવત્તા પ્રમાણમાં.' ૧૧૧

*અને ધાર કે હું જ આળસ કરું, તો આ આખા વિશ્વનું શું થાય? બધે અંધેર જ ફેલાયને ? માટે, તારે પણ મારી જેમ કર્મ કરવાં જ જોઈએ.*

## હું આળસી જાઉં તો -

'વર્ણસંકરતા જન્મે જો હું કર્મ કરું ન તો,
ઘાતક હણનારો તો ગણાઉં હું જ સર્વનો. ૧૧૨

કિંતુ હું આળસી જાતાં, થાયે શી જગની દશા ?
એવી તો કલ્પનાને કો કલ્પવાયે સમર્થ ના. ૧૧૩

સૂર્ય, ચંદ્ર અને તારા ઈત્યાદિ સ્થિર થાય, ને
વિશ્વનો નાશ તો થાય, એ તો તું સમજી શકે. ૧૧૪

પ્રકૃતિના ગુણે થાતાં કર્મ સૌ તોય, ને ગણે
અહંકારે થઈ મૂઢ કર્તા માને જ નિજને. ૧૧૫

**જીવદશા**ની સ્થિતિના **જીવો**થી સર્વ કૈં થતું,
સંસ્કારવૃત્તિના વ્હેણે તે તે સર્વ બન્યાં જતું. ૧૧૬

વૃત્તિવલણથી બીજી રીતે વર્તી ન તે શકે,
તેથી સંસ્કારથી **જીવો** દોરવાતા સદા રહે. ૧૧૭

કિંતુ જે **જીવ**ને પાકો નિશ્ચય ધ્યેયને વિશે,
એવા તે માત્ર ખાળી તો શકે સંસ્કારવ્હેણને. ૧૧૮

બાકી સામાન્ય જે **જીવો** તે તો સંસ્કારવાસના
રીતે જ દોરવાવાના, વહેવાના જ વ્હેણમાં. ૧૧૯

'ધર્માધર્મ સંસ્કારે કરેલી પ્રાપ્ત વાસના,
ઊતરેલી અનાદિની આ જીવને મળેલ ત્યાં',
પ્રકૃતિનો અહીં અર્થ આ પ્રમાણે થવો ઘટે. ૧૨૦

એ પ્રમાણે જ પ્રવૃત્તિ ભૂતમાત્રની થાય સૌ,
નિગ્રહ ત્યાં નકામો છે, દોરાય પ્રકૃતિથી સૌ. ૧૨૧

અવકાશ રહ્યો ના તો કૈં પુરુષપ્રયત્નનો,
જેમ જેમે થવું હોય ભલે તેમ થયાં જતું. ૧૨૨

શમ, દમાદિકેરો ને નીતિ, નિયમ, સંયમ,
એ બધાંનોય ના અર્થ, નકામો પુરુષાર્થયે ? ૧૨૩

પ્રારબ્ધવાદને ક્યાંયે ગીતામાં અવકાશ ના,
જ્ઞાનને પામવા કાજે બતાવ્યાં યોગ્ય કર્મ શાં ! ૧૨૪

આડુંઅવળું સંસારે કો પ્રવર્તાવનાર છે ?
રાગદ્વેષ વિના બીજું જણાતું કોઈ ના ખરે. ૧૨૫

તો રાગદ્વેષ કોનો છે તે ગુણધર્મ જીવને ?
જાણવું જોઈએ સ્પષ્ટ, ખુલાસો તે બધો ખરે. ૧૨૬

કર્મ-જ્ઞાનેન્દ્રિયોના શા છે ગુણધર્મ જીવને ?
રૂપ ને રસ, ઇત્યાદિ ને સાંભળવું, જાણવું.
સ્પર્શવું, સૂંઘવું, જોવું, સ્વાદવું, એમ જે બધું,
રાગદ્વેષતણી એમાં વ્યવસ્થિતિ રહેલ છે. ૧૨૭-૧૨૮

આવા તે ધાડપાડુને થવું કદાપિ ના વશે,
**પુરુષ**માત્રનો એવો વિષય નિત્યનો પથે. ૧૨૯

કેવી કર્મ વ્યવસ્થા છે જ્ઞાનીઅજ્ઞાનીની ખરે !
માત્ર જણાવવાનો છે એવો ઉદ્દેશ સ્પષ્ટ તે. ૧૩૦

પોતાના સર્વ સંસ્કારો જેવા જેવા પડેલ છે,
તે પ્રમાણે જ પ્રવૃત્તિ સર્વ અજ્ઞાનીની જગે. ૧૩૧

જ્ઞાનીયે કિંતુ તે રીતે વર્તે, છતાં સભાન છે,
મનાદિને ન જોડે ત્યાં, પ્રભુના ભાવમાં જ ર્‌હે. ૧૩૨

**જ્ઞાની** તે ભોગવે, તોયે શો તે તટસ્થ, સાક્ષી છે !
ભેળો શો ! અળગો કેવો, તોય પોતે રહી શકે ! ૧૩૩

અનિષ્ટ બુદ્ધિએ જાણ્યું, ખંચકાતું છતાં નથી,
બળાત્કારે જ જોડાવે ઇંદ્રિયોને જ તે મહીં. ૧૩૪

ને કેટલાય સંસારી અનિષ્ટ કર્મમાં ખરે,
લ્‌હેરથી પડતું નાખે આનંદ મ્‌હાલવાપણે. ૧૩૫

તેમનો તેમનો તેમાં અત્યંત રાગ હોય છે,
તેથી તેમાં ઘસેડાયે આપમેળે જ તે વિશે. ૧૩૬

આમ જે રાગદ્વેષોના સંસ્કારો શા પડેલ છે !
અનાદિના મનાદિમાં, પ્રેરાયે જન તે રીતે. ૧૩૭

અજ્ઞાની સર્વ સંસારી તેવા તો તેમ વર્તશે,
છે જ જે જીવને શ્રેષ્ઠ શ્રેયાર્થી ખચકી જશે. ૧૩૮

રાગદ્વેષાદિના કર્મે સંસારી સહકાર દે,
ને સહકારનુંયે તે એને ના જ્ઞાન હોય છે. ૧૩૯

લાલસારસના જોરે, શા ઘસડાય છે જનો !
કિંતુ જ્ઞાની ન તે કર્મે દે સહકાર જરા કશો. ૧૪૦

પ્રકૃતિવશ શા પોતે છે રાગદ્વેષ જીવને !
રાગદ્વેષથી તો મુક્ત થવું શ્રેયાર્થીએ રહ્યું. ૧૪૧

રાગદ્વેષે જ ખેંચાવું જ્ઞાનીનો પરધર્મ છે,
રાગદ્વેષે તણાવું ના શ્રેયાર્થીનો સ્વધર્મ છે. ૧૪૨

ગતિ આપનારો તો તે સૌનો હું જ છું ખરે,
વળી હું રાખનારો છું તે સૌને નિયમે બધે.' ૧૪૩

*આમ, શ્રીભગવાન અવિરત કર્મ કરનાર હોવા છતાં, એનાં કર્મ અને લોકોનાં કર્મ વચ્ચે જે ફરક છે, તે હવે બતાવે છે.*

## મોટો ફેર

'છતાં લોકો અને મારા મહીં તો ફેર એ જ કે
મને આસક્તિ ના કાંઈ, આસક્ત સહુ **જીવ** છે. ૧૪૪

રહીને સ્વાર્થને તાબે મજૂરી જ કર્યાં કરે,
જડતામાં ડૂબેલાં જે, એવાં ના મુજને લહે.' ૧૪૫

*અર્જુન જેવા સમજુ **જીવે** તો અનાસક્તપણે કર્મ કરીને પોતાનું તથા સર્વનું કલ્યાણ થાય એમ જીવન ગાળવાનું છે.*

## અર્જુનને શિખામણ

'તું જેવો સમજુ, ડાહ્યો છોડે જો નિજ કર્મને,
તેમ વર્તી પછી લોકો બુદ્ધિભ્રષ્ટ થઈ જશે. ૧૪૬

તારે આસક્તિ છોડીને કર્તવ્યો કરવાં ઘટે,
એને તું યજ્ઞ માની, ત્યાં હોમી દે તુજ સર્વને. ૧૪૭

હોમતાં એમ હોમાતાં યજ્ઞભાવેથી કર્મને,
કરંતાં, પામશું જ્ઞાન તેમાંથી પ્રભુ પેર જે. ૧૪૮

*અને એવાં કર્મયોગ બીજાઓમાં બુદ્ધિભેદ ન ઊપજે, તેઓ આળસુ ન થાય અને એ બધાં ધીરે ધીરે શ્રીભગવાનને પંથે પળે એ રીતે કરવાનો છે અને તારે જીવતા પદાર્થપાઠ થવાનું છે.*

## જીવંત પદાર્થપાઠ

‘કર્તવ્યપાલને પાર્થ ! બુદ્ધિનો ભેદ કોઈને,
રખે કરાવતો ! જો જે ! સદ્‌વિવેક તું ખોઈને. ૧૪૯

કર્મભ્રષ્ટ થતાં લોકો અટકે એમ વર્તજે,
તારો ધડો બધાં લેશે, માટે સાવધ તું રહે. ૧૫૦

‘યોગ્ય વર્તનનો બોધ બધાં લૈશે જ જીવને’
સર્વાંશે સત્ય ના માન, બધાં તેમ ન વર્તશે. ૧૫૧

પુત્ર શા કોલસા જેવા દેવતાના જગે ખરે !
કંઈક દાખલા એવા જોવા સંસારમાં મળે. ૧૫૨

‘સજ્જનો આચરે જેવું તેનો તે દાખલો જગે,
જોઈને તે પ્રમાણેનું લોક આચરશે જ તે.’ ૧૫૩

કિંતુ બીજાથી તો તેવું આચરાતું ન જોયું છે,
એ વિશે સો ટકા સત્ય તેથી ના માનવાનું તે. ૧૫૪

શા સદાચારી, સદ્‌ભાવી પિતા જીવનમાં જ છે !
પોતાનો પુત્ર સંસારે કિંતુ તેવું ન વર્તશે. ૧૫૫

યોગ્ય સજ્જનનું જોઈ શ્રેષ્ઠ, આચરશે બધાં,
તેવું સંપૂર્ણ ના સત્ય સંસારમાં દીઠું સદા. ૧૫૬

સજ્જને છોડવાનું ના ઉત્તમ કર્મ તેથી જે,
સૌ સત્કર્તવ્ય પોતાનું કર્યાં જ કરવાનું છે. ૧૫૭

સત્કર્મ સજ્જને જે જે કર્યાં તે કરવાનું છે,
'બીજા ધડો જ તે લેશે' એવું ના ધારવાનું છે. ૧૫૮

સત્કર્મ યોગ્ય પોતાનું પોતાને કાજ શ્રેષ્ઠ છે,
દિલમાં એમ ધારીને કરવું પૂર્ણ, યોગ્ય તે. ૧૫૯

ધીરે ધીરે અનાસક્ત થાય સૌ એમ તું રહે,
પદાર્થપાઠ પ્રત્યક્ષ જીવી દે અન્ય **જીવને**.' ૧૬૦

*વળી પાછું બીજી રીતે વિચારીએ તો :-*

'આપણી રીતથી લોકો ચાલશે એમ જાણીને,
આપણે વર્તવાનું ના, શ્રેયાર્થે વર્તવું ઘટે. ૧૬૧

પ્રભુપ્રીત્યર્થના ભાવે ભલે કર્મ થયાં જતાં,
'વર્તશે તેમ તો બીજા' ના થવા એવી શક્યતા. ૧૬૨

યજ્ઞકર્મતણો ઊંડો પ્રભાવ ને પ્રતાપ છે,
તેની છાપ પડે જેથી જીવન ઊર્ધ્વ થાય છે. ૧૬૩

થયેલા ભક્ત જ્ઞાની છો, 'તે રીતે વિશ્વ વર્તશે',
એવું માની કદી કર્મ ના થવા દેવું જોઈએ. ૧૬૪

જીવનશ્રેયને અર્થે, થવા વિકાસ જીવને,
કર્મયજ્ઞ પ્રભુભાવે કર્યાં કરો નિરંતરે.' ૧૬૫

*માનવી પોતાના સ્વભાવને લીધે સર્વ કંઈ કર્મ કરે છે. આમ છે તો પછી શા માટે માનવીએ અહંકાર રાખવો જોઈએ કે 'હું આ કરું છું !'*

## સ્વભાવજન્ય કર્મ

'પ્રવર્તે ગુણ ગુણોથી, ગણે ગુણજ્ઞ ધર્મને,
'ગુણમાં ગુણ જે વર્તે' જાણી આસક્ત ના બને.* ૧૬૬

'સ્વભાવકારણે ર્‌હેતા ગુણો સર્વ મનુષ્યમાં,
કર્તવ્યક્ષેત્રમાં તેને પ્રેર્યાં તે કરતા સદા. ૧૬૭

'કરું છું હું' પછી એવું, હોય જે મૂર્ખ, માનશે,
તેથી એવો અહંકાર કાઢી મનથી નાખજે. ૧૬૮

શ્વાસ લેવાનું કર્તવ્ય પ્રકૃતિ **જીવ**માત્રની,
સ્વભાવે પાંપણો હાલે આંખે જો બેસતું કંઈ.' ૧૬૯

'સ્વભાવે કર્મ આવાં સૌ થાય જે આપમેળથી,
ભાન કર્તાતણું ત્યારે કોઈને હોતું ત્યાં નથી. ૧૭૦

ધરવો શો અહંકાર તો એવાં કર્મકારણે ?
કરવાં આમ જો કર્મ, **સ્વ-ભાવે** કાં ન થાય તે ?' ૧૭૧

'કર્મવિભાગ'ની એવી પ્રક્રિયા જીવને શી જે !
'ગુણવિભાગ'ની ચેષ્ટાઓ એમની શી પરસ્પરે ! ૧૭૨

સૌ કર્મ તે થકી થાય **અહં**નું સ્થાન તે પછી,
કર્મમાં ક્યાં રહેલું છે ? લે જાણી બધું મૂળથી. ૧૭૩

---

**સત્ત્વ, રજસ, તમસ, એમ ત્રિગુણાત્મિકા માયાનાં કાર્યરૂપ પાંચ મહાભૂત, (આકાશ, તેજ, વાયુ, જળ, પૃથ્વી), બુદ્ધિ, અહંકાર અને પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તથા શબ્દાદિ પાંચ વિષય-આ બધાંના સમુચ્ચયને 'ગુણવિભાગ' કહેવાય છે અને એમની પરસ્પરની ચેષ્ટાઓ કે પ્રક્રિયાનું નામ 'કર્મવિભાગ' છે.*

બુદ્ધિથી તે કબુલાય એ રીતે સમજાવ્યું છે,
હવે શંકા કશી એના વિશે રહેવી ના ઘટે. ૧૭૪

કર્તા સૌ કર્મનો પોતે ક્યાંયે તે ના રહેલ છે,
પ્રકૃતિવશ સૌ થાય, ત્યાં પ્રકૃતિનું જોશ છે. ૧૭૫

*આવી રીતે અહંકારને વશ થઈને માનવી પોતાનો સ્વ-ભાવ (પોતાનો અસલ ભાવ, એટલે કે શ્રીભગવાનનો ભાવ) ભૂલી જઈને કર્મો કરે છે. તેમાંથી કેમ બચવું તે શ્રીભગવાન કરુણા કરીને અર્જુનને બતાવે છે.*

## સમર્પણથી મુક્તિ

‘**સ્વ-ભાવે**’ કરવાં કર્મો માર્ગ મધ્યમ એક છે,
‘બધાં કર્મો મને આપો, મમતા કાઢી નાખીને.’ ૧૭૬

મારામાં ચિત્ત પ્રોઈને, સમર્પી કર્મ સૌ મને,
આશા, મમત્વ ત્યાગીને જ્વરમુક્ત થઈ લડ. ૧૭૭

રાગદ્વેષાદિ છે એ જ શો ભયંકર તે જ્વર !
હોવા છતાં જ ભાઈ શા ભાઈ સાથે જ તત્પર
બાખડવા થયા કેવા રાગદ્વેષ જ કારણ ! ૧૭૮

રાગદ્વેષથી બુદ્ધિમાં ભ્રમ કેવો થઈ જતો !
એવાને સમજાવાનો નથી કોઈ રીતે કશો. ૧૭૯

એની બુદ્ધિતણાં ચશ્માં શાં બદલાઈ જાય છે !
ઊંધાંને પછી સાચું તે માની લેતો જ હોય છે. ૧૮૦

શા રાગદ્વેષને તેથી લુટારા, ધાડપાડુ શા !
ગીતામાં જે કહેલા છે, તે યથાર્થ પ્રમાણમાં. ૧૮૧

સહુ સ્વાર્થ, અહંવૃત્તિ, ભાગશે તેમ વર્તતાં,
સ્વાભાવિક સહુ કર્મો નિર્દોષ થઈ સૌ જતાં. ૧૮૨

બધી માંહીની જંજાળે થશે તે વેળ મુક્ત તું,
રહેશે ના પછી તારે કાંઈ બંધન કર્મનું.' ૧૮૩

*કેટલાક સંન્યાસીઓ સ્વભાવને એટલે પ્રકૃતિને વશ કર્મો કર્યાં કરતાં હોય છે, તેમ છતાં એવો દાવો રાખે છે કે તેઓ કર્મ કરતાં નથી. તેઓ બહારથી કર્મો કરતા દેખાતા નથી, પણ તેવો તેમનો દાવો મિથ્યા છે.*

## બળાત્કારે નિવૃત્તિ

સ્વભાવે કર્મ તો થાય, બળાત્કારે છતાં કરી
ભાગે આવેલ કર્મોયે ત્યજી, દાવો કરે કદી.
કોઈ, કે 'હું કશું કાંઈ કદીયે કરતો નથી',
તો એ દાવો નથી યોગ્ય, ભ્રમ એ જાણજે નકી. ૧૮૪-૧૮૫

ભલેને બ્હારથી એવો કર્મ ના કરતો દીસે,
મન તોયે છતાં એનું ઘડે ઘાટ, પ્રપંચ કૈં. ૧૮૬

બાહ્ય ચેષ્ટાથીયે આ તો ભૂંડું ને વધુ બાંધશે,
માટે તું ભાગ ! એનાથી, શ્રેય તું ઉર જો ચહે.' ૧૮૭

ભાગે આવેલ કર્મોને યોગ્ય સમજવાં ઘટે,
કામ્યકર્મો નથી આવી જતાં એમાં કદી ખરે. ૧૮૮

પ્રભુપ્રીત્યર્થ જે કર્મ હો પરમાર્થનાં બધાં,
ગુણશક્તિ વિકાસાર્થે મળેલાં કર્મ જાણવાં. ૧૮૯

ભાવ કેળવવા કાજે, ત્યાગ, સમત્વ અર્થ જે
આચરવાં પ્રભુભાવે ગણીને પ્રાપ્ત કર્મ તે. ૧૯૦

કર્મયજ્ઞ અનાદિનો જેનો આરંભ ક્યાંય ના,
કોઈથી ના ભગાયે છે, કર્મ અનાદિનાં બધાં. ૧૯૧

*પણ સામી બાજુએ કર્મ કરતાં 'રખે ઈંદ્રિયોને વશ થઈ જવાય!' એવી અત્યંત જરૂરી ચેતવણી પણ શ્રીભગવાન અર્જુનને આપે છે.*

## ચેતવણી

ઈંદ્રિયો પોતપોતાના વિષયો મહીં રાખતી,
રાગદ્વેષ, તું ના થાતો તાબે એ ધાડપાડુને.' ૧૯૨
વિષયો વરવા સારુ જિજ્ઞાસા* ઉગ્ર તીવ્ર શી
જાગેલી ! જે મથાવીને રાખશે સ્થિર માર્ગથી. ૧૯૩

*એટલી ચેતવણી આપીને શ્રીભગવાન બેસી નથી રહેતા. ઈંદ્રિયોને વશ ન થવાના ઉપાયો પણ બતાવે છે.*

## ઉપાયો

'અનાસક્ત થવા કાજે, કર્મ કાંઈ ન ગોતશો,
ભાગે આવેલ જે કર્મ, પ્રભુપ્રીત્યર્થ તે કરો. ૧૯૪
આગે એમ જતા જાશો, 'પ્રભુ કર્મ કરાવતો',
ઉત્પન્ન ભાવના એવી તમારા દિલમાં થશે. ૧૯૫
અહંભાવ ટળી જાશે, એવું ભાન હૃદે થતાં,
સ્વધર્મે તું મથ્યો ર્‌હેજે જોજે ! તું ચૂકતો જરા.' ૧૯૬
અહંને કારણે જે તે કર્મબંધન જીવને
પ્રકૃતિ સાથ સંબંધ એકધારો **अहं** લીધે. ૧૯૭
**अहं** તે જીવને કેવો જેમાં તેમાં જ **જીવ**ને,
નર્યો બંધાવી રાખે છે ! મારે શો જકડાવીને ! ૧૯૮

* 'જિજ્ઞાસા' ઉપરનું આ જ લેખકનું સ્વતંત્ર પુસ્તક જોવું. –સંપાદક

પ્રકૃતિ-પ્રક્રિયા વિશે **अहं**તણું ન સ્થાન છે,
'ગુણકર્મ વિભાગે' સૌ જે તે કર્મ થયાં કરે. ૧૯૯

છતાં સંસારી તે **જીવ** પોતે તે કર્યું માનીને,
**अहं**ને કારણે કેવાં બંધનો તે ઊભાં કરે ! ૨૦૦

ઘડીભર જ માની લો **अहं** કારણ કર્મમાં,
કિંતુ તેયે જ શી શક્તિ **हरि**ની સર્વ મૂળમાં ! ૨૦૧

**अहं**ને ટાળવા તેથી જીવને જાગતા બધા,
ભાવભર્યા પુરુષાર્થે મથ્યાં જ કરવાનું ત્યાં. ૨૦૨

સંપૂર્ણ ભક્તિ આધારે પ્રગટતાં જ જીવને,
**अहं** વિલીન તે થાય, **हरि** જ્યાં કબજો જ લે. ૨૦૩

**अहं**ને કારણે કેવી પકડ પ્રકૃતિની છે !
પ્રકૃતિમાં રૂંધાવાનું બને **अहं**થી **जीव**ને. ૨૦૪

જેમાં તેમાં બધાં વિશે **अहं**નો શો પ્રવેશ છે !
**अहं**ને કારણે તેથી મૂળ ના પરખાય છે. ૨૦૫

**अहं** લીધે થવાતું ના મુક્ત પ્રકૃતિથી કદી,
ટળવા **अहं** સંપૂર્ણ ઉપાય, ભક્તિ માત્ર શી ! ૨૦૬

મનનચિંત્વને ઊર્ધ્વે એકધારું થયાં જતાં,
ભાવ બઢાવવા અર્થે સાધનાદિ થયાં જતાં. ૨૦૭

શી ધગધગતી તીવ્ર જિજ્ઞાસા ધ્યેય અર્થ જ્યાં !
મનાદિ જ્યાં વળ્યાં ધ્યેયે, **अहं** મોળું થતું જ ત્યાં. ૨૦૮

*મળેલાં કર્મ સિવાયનું કર્મ એટલે પરધર્મ. તે ન જ આચરવો, પરંતુ સ્વધર્મ તો મરણને ભોગે પણ આચરવો જ.*

## સ્વધર્મપાલન

‘પરધર્મ ભલે છોને આકર્ષે તુજ ચિત્તને,
તોયે તે ભયકારી છે, મનથી તું જાગતો રહે. ૨૦૯

થતાં જે કર્મ આત્માર્થે સાચો તે જ ‘સ્વધર્મ’ છે,
જીવવૃત્તિથી અજ્ઞાને જે થાય, ‘પરધર્મ’ તે. ૨૧૦

સ્વધર્મપાલને મૃત્યુ આવે તો તુજ મોક્ષ છે,
ધન્ય કો આત્માને થાતી મૃત્યુની ભેટ એ રીતે. ૨૧૧

*આટલું છતાં અર્જુનના મનને સમાધાન થતું નથી. તેથી, તે વળી પ્રશ્ન પૂછે છે.*

## પ્રશ્ન

થયું તોય સમાધાન પાર્થના મનનું નહીં,
પૂછે છે નમ્રતાથી કૈં પ્રશ્ન તે ફરી ને ફરી. ૨૧૨

‘કોનો પ્રેર્યો કરે છે તો પાપકર્મ મનુષ્ય આ ?
ઘણી વારે બળાત્કારે શાથી તે ઘસડાય ત્યાં ?’ ૨૧૩

*શ્રીભગવાનને આવા પ્રશ્નથી પ્રેમ, આનંદ ઊપજે છે અને તે જોરદાર વાણીમાં જવાબ આપે છે.*

## કામક્રોધ

‘પ્રેરે છે પાપકર્મોમાં કામક્રોધ મનુષ્યને,
સાથી તે એકબીજાના, એકબીજા વિશે ભળે. ૨૧૪

પૂર્ણ, કામ થયો ના જો, ઊભો રહે ક્રોધ આવીને,
શત્રુ એ નિત્યના લાગ્યા, દક્ષ એ તો રજોગુણી. ૨૧૫

ઝઘડો તેમની સાથે ઊભો હંમેશનો રહે,
જન્મ્યા બે, જન્મની સાથે, દોહ્યલા જીતવા ખરે. ૨૧૬

*આ કામક્રોધનું એક થઈ ગયેલું જોડકું માનવીને કેવા આવરી લે છે, ગૂંગળાવી મૂકે છે, તેનો આબેહૂબ ખ્યાલ આપવા માટે શ્રીભગવાન ત્રણ સચોટ દાખલા આપે છે.*

## ત્રણ દૃષ્ટાંતો

'જ્યાં સુધી ઑરમાં ગર્ભ, ત્યાં સુધી ગૂંગળાય તે,
ધુમાડો જ્યાં સુધી હોય, પૂરો ચેતે ન અગ્નિયે. ૨૧૭

દર્પણ શ્વાસથી કેવું ઝાંખું તે થઈ જાય છે !
એ રીતે કામ ને ક્રોધ જ્ઞાનીનું* જ્ઞાન આવરે.' ૨૧૮

*એ કામક્રોધ જીતવા કેવા કઠણ છે અને કેવાં સાધનો વડે તે માનવીને પછાડે છે, તે પણ બતાવી દે છે.*

## કામરૂપી અગ્નિ

'પામવા દે ન તે તે જ એને તે ગૂંગળાવી દે,
માટે તને વદું પાર્થ ! એથી તું ચેતતો રહે. ૨૧૯

કેવો દુષ્કર કામાગ્નિ ! શો સર્વભક્ષી કામ છે !
દેખાય તે કશાથી ના, એને તો હણવો ઘટે. ૨૨૦

જેટલો તે સધાવાય એટલો સાધવો રહ્યો,
કિંતુ કરણ, ઇંદ્રિયો એ કાજે સાધવી પડે. ૨૨૧

ઇંદ્રિયો, મન, બુદ્ધિ સૌ **કામ**નાં સૂક્ષ્મ સ્થાન છે,
ચળાવી **કામ** તે સૌને, પામવા દે ન જ્ઞાનને. ૨૨૨

---

* અહીં 'જ્ઞાનીનું' એ શબ્દનો અર્થ પૂરેપૂરો અનુભવી નહિ એવો જ્ઞાની.

જ્ઞાનને પામવું જેને **काम**ને જીતવો પડે,
મનાદિ ઇંદ્રિયો, તેથી પ્રભુમાં જોડવી ઘટે. ૨૨૩

**काम**થી ઉચ્ચ તે દેશ, તે દેશે રમવું થતાં,
**काम**ને પાડવો લૂલો એ રીતે સ્હેલું તે તદા. ૨૨૪

સ્મરણ, પ્રાર્થના, ભાવે, ભજનો, કીર્તનો વડે,
આત્મનિવેદને, સામે હૈયે રાખી ધીમે ધીમે. ૨૨૫

અભય, મૌન, એકાંત, નમ્રતા, સૌ વધારીને,
ભક્તિનો ભાવ જ્ઞાનેથી રહો વધારતા હૃદે. ૨૨૬

અભય, નમ્રતા કેવી અંતરમુખતા હૃદે
સમર્થ પ્રગટાવાને, જો તેનો સંગ નિત્ય છે ! ૨૨૭

મૌન, એકાંત બે સેવ્યે જીવને જ્યાં નિરંતરે,
તે બહિર્મુખતા કેવી ઘટાડ્યાં કરતી રહે ! ૨૨૮

પ્રથમે ઇંદ્રિયો ભાવે સંયમે લાવવી પડે,
પ્રવૃત્તિ તેમની સર્વે નિયમે લાવવાની છે,
તે પછી મન, બુદ્ધિનો સાચો સંયમ જાગશે,
ઇંદ્રિયો, મન, બુદ્ધિનો એમ યોગ થશે હૃદે. ૨૨૯-૨૩૦

ભક્તિનો યોગ જાગીને જ્ઞાનવાન બન્યો જશે,
હેતુ જીવનનો ત્યારે અગ્નિ જેવો થયો હશે. ૨૩૧

હેતુસભાનતા તીવ્ર તે કાળે કેવી ઑર છે !
**काम**ની વાળવા વૃત્તિ સંયમે, કાળ યોગ્ય તે. ૨૩૨

ઇંદ્રિયો, મન, બુદ્ધિ સૌ સંયમે પ્રગટ્યા વિના,
ચેડાં કામાગ્નિ સંગાથે જશે જે કરવા, મર્યા. ૨૩૩

કામને અગ્નિના જેવો ભીષણ એમ જાણજે,
બુદ્ધિ, મનેન્દ્રિયો તાબે લૈ પછાડે મનુષ્યને. ૨૩૪

આશ્ચર્ય ! 'કામ ને ક્રોધ' ઇંદ્રિયો, મન, બુદ્ધિ સૌ
ત્રણે તે જ્ઞાનને ઢાંકી પમાડે મોહરાગ શો !' ૨૩૫

*આમ, માનવીનાં બુદ્ધિ, મન અને ઇંદ્રિયો વશ કરી, તેને જ સાધન બનાવી એ માનવીને પછાડે છે. તેથી, પાછાં એ જ સાધનો વડે કામક્રોધ જિતાય.*

## જીતની રીત

'એટલે ઇંદ્રિયો પ્હેલી સંયમે નિજ રાખીને,
પછી લે મનને જીતી સાધવા તુજ ધ્યેયને. ૨૩૬

બુદ્ધિ, એમ થતાં, તારે નિશ્ચયે વશ શી થશે !
જિજ્ઞાસાથી રહી તેવો યજ્ઞ તું કર ઉદ્યમે.' ૨૩૭

*ઇંદ્રિયો, કામ, ક્રોધાદિ શક્તિ ગમે તેટલી બળવાન હોય, પણ તે બધી જ શક્તિ એકઠી કરીએ તોપણ એથી આત્મશક્તિ વધારે બળવાન છે. એવી રીતે હે અર્જુન ! તું નિશ્ચયથી દૃઢ થઈને પાકું સમજજે.*

## આત્માની શક્તિ

'ઇંદ્રિયો, મન ને બુદ્ધિ ચઢે છે એકએકથી,
આત્મશક્તિ બધાંથી આ અપાર બળવાન છે. ૨૩૮

આત્માની શક્તિનું ભાન ક્ષુદ્ર માનવીને નથી,
ઇંદ્રિયો, મન ને બુદ્ધિ તેથી ના વશ તો થતી. ૨૩૯

તનુથી શ્રેષ્ઠ ઇંદ્રિયો, શ્રેષ્ઠ ઇંદ્રિયથી મન,
મનથી શ્રેષ્ઠ બુદ્ધિ છે, આત્મા છે શ્રેષ્ઠ બુદ્ધિથી.' ૨૪૦

*તેથી, આત્માની શક્તિનું ભાન જાગવાની એટલે કે આત્મવિશ્વાસ જાગવાની ઘણી જ જરૂર છે, તેમ થાય તો કામક્રોધ તાબે થાય.*

## આત્મવિશ્વાસ

'આત્માની શક્તિનું જાગે ભાનવિશ્વાસ જો હૃદે,
પછી તો સર્વ બીજું તે સૂહેલું તુર્ત થઈ પડે. ૨૪૧

આધારે પ્રભુનો ભાવ એકધારો ટકાવવા,
ઉલ્લાસ, ખંત, ઉત્સાહે, ઉદ્યમેથી દઢાવવા.
દઢ નિશ્ચયથી પાકા મથે છે જે નિરંતરે,
આત્મવિશ્વાસ તેવાના જીવને પાંગર્યાં કરે. ૨૪૨-૨૪૩

ઇંદ્રિયો, મન, બુદ્ધિ જે ઠામે રાખી સદા શકે,
કામ ને ક્રોધનું સૈન્ય એને કૈં ના કરી શકે. ૨૪૪

*આવો આત્મવિશ્વાસ કેવી રીતે જાગે ?*

## પ્રાપ્ત કર્મ દ્વારા

'પ્રયત્ને જ વસેલું છે, સાફલ્ય સર્વ કર્મનું,
પ્રાપ્ત કર્મ કર્યે જા તું પ્રભુપ્રીત્યર્થ ભાવશું ! ૨૪૫

પ્રસન્નચિત્તાથી એવા કર્મને યજ્ઞ માનીને,
સ્થિર ચિત્તે કર્યે જાજે જાણીને નિજ ધર્મ તે.' ૨૪૬

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૪ થો

(કર્મબ્રહ્માર્પણયોગ)

*કર્મયોગ કંઈ નવો ઉપજાવેલો નથી અને એ તો સનાતન છે અને તારી અગાઉ કેટલાયને તે બતાવ્યો છે અને તેથી તેમનો ઉદ્ધાર થયો છે. તું ધર્મસંકટમાં પડ્યો છે, એમ જોઈને મેં તને સમજાવ્યો.*

## સનાતન યોગ

કથે છે પાર્થને કૃષ્ણ, ‘નિષ્કામ કર્મયોગનો,
બતાવ્યો જે તને યોગ, એ છે પ્રાચીન કાળનો. ૧

એ તો છે ના નવી વાત, પૂર્વે મેં કહી કૈંકને,
પ્રિય ભક્ત હૃદે જાણી માર્ગ તે શીખવ્યો તને. ૨

સાચો તે માર્ગ જાણીને કેટલા, શા ઊંચે ગયા !
તેમણે કેટલા ઊંચા પ્રેર્યા, એવા ઘણા થયા. ૩

તારામાં ભાવ હૈયામાં મને છે કેટલો બધો !
તેથી તને જ મેં માત્ર અર્પ્યું **આ** યોગજ્ઞાન સૌ. ૪

તને મારો જ જાણીને તે ઉગારવા હૃદે,
ગુહ્ય ને ગૂઢ **આ** જ્ઞાન બતાવ્યું છે તને ખરે. ૫

તેના મહત્ત્વનું ભાન તને જાગે ન જો હૃદે,
ત્યાંનો ત્યાં જ હતો જેવો તેવો ને તેમ તું હશે. ૬

આવું જ્ઞાન ન આપ્યું છે બીજા તે કોઈને જગે,
સખા, મિત્ર તને જાણી પ્રેમથી બક્ષ્યું છે તને. ૭

તને જ્યારે દીઠો આવી પડેલો ધર્મસંકટે,
પામવા એ થકી મુક્તિ, જ્ઞાન ગુહ્ય દીધું તને.’ ૮

'કથ્યું કંઈકને પૂર્વે, તમે તો હમણાં થયા',
એવું અર્જુનને લાગ્યું, પૂછે તે કૃષ્ણને તદા. ૯

'તારા મારા ખરે જન્મ થયા છે કેટકેટલા !
તે તે અર્જુન ! જાણું હું, તને યાદ નથી રહ્યા. ૧૦

જીવ-અજીવનો સ્વામી, મારે જન્મ ન મૃત્યુ છે,
આધારે પ્રકૃતિના હું આત્મમાયાથી જન્મું તે. ૧૧

*જ્યારે જ્યારે ભક્તને ભીડ પડે છે અને સમાજમાં અધર્મ ફેલાય છે, ત્યારે ત્યારે હું જન્મ લઉં છું અને ધર્મની સ્થાપના કરું છું.*

## ધર્મે જય

'ધર્મગ્લાનિ થતી જ્યારે, ફેલાયે છે અધર્મ જ્યાં,
ત્યારે ત્યારે લઈ જન્મ, ભક્તોને મુજ રક્ષવા.
કાઢું છું જુલ્મીઓનું ને જુલ્મનું હું નિકંદન,
સંહારી પાપીને, પાછું ધર્મનું કરું હું સ્થાપન. ૧૨-૧૩

'અધર્મનો ગમે ત્યારે થશે લોપ જ નિશ્ચયે,
બેલી તો સાધુઓનો છે પ્રભુ' એમ દઢાવીને.
જાણી આ મુજ માયાને, હૈયે વિશ્વાસ રાખીને,
કર્મધર્મ ન ત્યાગે જે, અંતે તે પામશે મને. ૧૪-૧૫

મૂળથી જ ધરે ધ્યાન ને જે લે મુજ આશ્રય,
હોય જ્ઞાન-તપે શુદ્ધ, કામાદિ થકી મુક્ત જ.' ૧૬

*શ્રીભગવાને ગુણકર્મ પ્રમાણે ચાર વર્ણો રચ્યા, છતાં પોતે અકર્તા રહ્યા, એવું વિરોધના દેખાવવાળું સત્ય હવે શ્રીભગવાન, અર્જુનને કહે છે.*

## કર્તા - અકર્તા

'વાવે જેવું લણે તેવું, કરે તેવું જ પામશે,
કર્મના કાયદાથી થૈ મુક્ત, કો ના જીવી શકે. ૧૭

સ્તવે જે હેતુભાવે કો, તેને હું સ્તવું તે રીતે,
ભજે ઊંડું મને જેઓ, તેઓ અનુસરે મને. ૧૮

ગુણકર્મ-સ્વભાવે તો કર્યા છે ચાર વર્ણ મેં,
'કર્તા એનો છતાં હું છું', માનતો એમ તું રખે ! ૧૯

મારે તો કર્મમાંથી તે કશું ના ફળ જોઈતું,
પાપ કે પુણ્ય એકેયે મને ના હોય એ તણું. ૨૦

માયા આ ઈશ્વરી તારે જાણવા યોગ્ય ગૂઢ છે,
પ્રવૃત્તિ વિશ્વની જે જે, વર્તે ઈશ્વરી નિયમે. ૨૧

અલિપ્ત તે છતાં ર્‌હેતો એનાથી જાણ તું મને,
કર્તાયે, ના અકર્તાયે, એવો હું વળી જાણજે. ૨૨

'કર્મે શું છે ? અકર્મે શું ? વિકર્મે શું રહસ્ય છે ?
કર્મની ગતિ શી ગૂઢ ! એનો પાર ન પામશે.' ૨૩

મન ને વાણી, કાયાથી જે બને તે 'કર્મ' છે,
કશું જ કરતો ના તે 'અકર્મ' તે જ જાણજે,
જે છે નિષેધ વેદોક્ત તેને 'વિકર્મ' જાણજે. ૨૪

*આ બધું કંઈ પોતાના ગુણગાન ગાવા સારુ નહિ, પરંતુ અર્જુન એ પ્રમાણે અલિપ્ત રહીને કર્મ કરે, તે માટે શ્રીભગવાને કહ્યું છે.*

## અનાસક્ત કર્મયોગ

'અલિપ્ત રહીને તેમ ફલેચ્છા સર્વ ત્યાગીને,
વર્તું હું જેમ, તું તેમ વર્તે તો મોક્ષને વરે.' ૨૫

*આવી રીતે અલિપ્ત રહીને શ્રીપ્રભુપ્રીત્યર્થે સમર્પણ કરી કરીને કર્મ કરનારને જ્ઞાન થાય છે અને તેવી તેની જ્ઞાનદશા સર્વ કર્મ બાળી નાખે છે.*

## કર્મમાંથી જ્ઞાન

'અકર્મે કર્મને પેખે, કર્મે અકર્મ પેખતો,
એવો નિઃસ્પૃહી યોગી, તે લેખે સૌ કર્મને કરે. ૨૬

કર્મ ના કરવા રૂપ એને 'અકર્મ' જાણ,
કેવાં અનુભવીને છે નિમિત્ત જીવને બધાં
જુદાં જુદાં જ શાં કર્મો જુદી જુદી જ રીતનાં !
પ્રકૃતિ રીતથી કર્મ અયોગ્ય એવું નિમિત્તે. ૨૭-૨૮

તે અનુભવીને થતાં પ્રાપ્ત, ત્યાં કર્મ યોગ્ય જે,
પોતાના જીવને જ્યારે, તેમાં પ્રવૃત્ત થાય તે,
કિંતુ તેમાં ન લેપાતો એવો સ્હેજેય જીવને,
અકર્મમાં કર્મને પેખી નિઃસ્પૃહતાથી તે કરે
પ્રાપ્ત અકર્મમાં કર્મ મળેલું, તે પૂરું કરે. ૨૯-૩૦

કર્મે અકર્મ એ રીતે જ્યાં અનુભવીને મળે,
તેનેય નિઃસ્પૃહી પૂર્ણ કૃપાથી રહી, તે કરે. ૩૧

કર્મે અકર્મને દેખે, આવો જે કો મનુષ્ય છે,
જે કર્મો યોગ્ય ના જ્યાં છે, જાણી લે છે જ તુર્ત તે. ૩૨

બેઠેલો નાવમાં જે કો નાવની ગતિની પટે,
વૃક્ષોને ચાલતાં પેખે, **જીવ**નું કર્મ તેવું છે. ૩૩

અધ્યાત્મશાસ્ત્ર ગીતા છે ને જ્ઞાનાનુભવ કારણે,
લખાયેલી શી પોતે ! તો લ્હેવું તે રીત તો ઘટે. ૩૪

જગે માનવી સામાન્ય આચરે કર્મ જીવને,
તેવાં કર્મતણો અર્થ ગીતાના 'કર્મનો' ન છે. ૩૫

અનુભવાર્થ આત્માનાં જે જે કૈં થાય, 'કર્મ' તે,
તે વિનાનું બીજું કૈં જે 'અકર્મ' જાણવું ખરે. ૩૬

ડામાડોળપણું જેમાં, શી સગડગ ર્‌હે પૂરી !
કશો નિશ્ચય જેમાં ના, જેમાં છે 'આમતેમ' તે.
યદ્વાતદ્વાપણું જેમાં, ગમે ત્યારે થતું ભલે,
તેવી રીતે થતું કર્મ 'વિકર્મ' જાણવું ખરે. ૩૭-૩૮

વધુ પ્રાણાદિની વૃત્તિ 'અકર્મ'માં પ્રદીપ્ત છે,
રજસ ભજવે ભાગ જીવને શો મહત્ત્વનો ! ૩૯

સત્ત્વ તે ભજવે ભાગ 'કર્મ'કેરા પ્રદેશમાં,
તામસ તો વિકર્મે છે, જાણી તે રીત લ્હેવું ત્યાં. ૪૦

'તનુ છે કર્મને તાબે' જાણી સંગ્રહ જે ત્યજે,
સર્વ પ્રકારનાં કર્મે, એને પાપ ન લાગશે. ૪૧

સૌ શુભાશુભ કર્મોને કસે જે જ્ઞાન-અગ્નિથી,
કહે વિદ્વાન સૌ એને, થતો તત્ત્વજ્ઞ બુદ્ધિથી. ૪૨

કર્મફળની આસક્તિ ત્યજી, કર્મ કરે ભલે,
પ્રભુપ્રીત્યર્થ પ્રવૃત્તિ તે કરે, તોય ના કરે. ૪૩

સંકલ્પો, કામના, છોડી થાય યજ્ઞાર્થ કર્મ જો,
બળે છે જ્ઞાન-અગ્નિમાં પોતાનાં સહુ કર્મ તો. ૪૪

'વિષયસંગથી મુક્ત' જે પૂરો જ્ઞાનમાં સ્થિર,
તે યજ્ઞાર્થે કરે કર્મ, સ્પર્શે તેને ન બંધન. ૪૫

અનાયાસે મળે તેમાં સંતુષ્ટ જે રહે સદા,
બધી સિદ્ધિઅસિદ્ધિમાં સમભાવથી તે તદા. ૪૬

કામક્રોધાદિથી મુક્ત થવાતાં પૂર્ણ સૌ રીતે,
સમત્વ પાંગર્યાં કેડે મનાદિ સૌ ઠરે પદે. ૪૭

આત્મશક્તિ જ સંપૂર્ણ જ્યારે છે જાગી જીવને,
તે પ્રભાવે થતાં કર્મ તે કર્મ યોગ્ય શાં ખરે ! ૪૮

કેમ કે કર્મ તેવાં તો પ્રકૃતિથી થતાં નથી,
તેમાં તો કામક્રોધાદિતણું જોશ રહ્યું નથી. ૪૯

દ્વંદ્વગુણાદિથી મુક્ત જ્ઞાનીનાં કર્મ જાણવાં,
સમત્વ પ્રગટેલું છે જીવતું પૂર્ણ જ્ઞાનીમાં. ૫૦

'વિકર્મ', 'કર્મ' ને જે જે 'અકર્મ' સર્વ નિમિત્તે,
મળે અનુભવીને તે નિઃસ્પૃહી પૂર્ણ રહી કરે. ૫૧

*આવાં અનાસક્ત કર્મ કરનાર જ્ઞાનીનાં લક્ષણો અને તેની સ્થિતિ શ્રીભગવાન સમજાવે છે, કે જેથી અર્જુનને તે પરત્વે દિલ થાય.*

## જ્ઞાનીનાં લક્ષણો

'કર્મઆસક્તિથી મુક્ત થવાને, સર્વ કર્મને,
કરંતાં પ્રભુપ્રીત્યર્થે, કર્મ તે યજ્ઞરૂપ છે. ૫૨

કર્મનાં ફળનો પૂરો છોડી દે આમ સંગ જે,
સ્વતંત્ર હોય, સંતુષ્ટ, ઠેકાણે મન એનું રહે. ૫૩

સંગ્રહે છે કશું ના તે, સહેજે સૌ નીરોગીની
શારીરિક ક્રિયા જેમ, તેની પ્રવૃત્તિ ચાલતી. ૫૪

વિચાર, વૃત્તિ, સંકલ્પ કે એવું બીજું સૂક્ષ્મ જે,
સંગ્રહાયે ન એવાથી, મુક્ત તે શો બધાંથીયે ! ૫૫

આખરે દિલ એવાને સંગ્રહ કે સમર્પણ,
બાકી એવું કશું ના રહે, સ્પષ્ટ છે જેમ દર્પણ. ૫૬

'ચલાવી એ રહ્યા પોતે' એવું તો અભિમાન કૈં,
અરે ! ભાન જરાકેયે હોતું ના મન એહને. ૫૭

નિમિત્તમાત્ર પોતે રહે, દુઃખ નિષ્ફળતાથી ના,
સાફલ્યે ના વળી હર્ષ, એને સર્વ સમાન ત્યાં. ૫૮

આશા, તૃષ્ણા વિનાનો જે નિરિચ્છ સાવ મુક્ત છે,
એવો નિમિત્ત સાચું જે, ઇશારે પ્રભુના જીવે. ૫૯

એવો નિમિત્તમાં કેવો

ફુલાઈ ના જતો એવો, ગભરાતો કદી ન તે,
કરે છે યજ્ઞરૂપે જ સર્વ કર્મો સદાય તે. ૬૦

સર્વ ક્રિયામહીં જોતો 'મુજને' નિત્ય અર્જુન !
છેવટે તે 'મને' પામે, એમાં ના કોઈ સંશય. ૬૧

જેમાં તેમાં 'મને' દેખે, સામે રાખ્યાં 'મને' કરે,
પોતાનામાં ગળી પોતે, પોતાને દિલ મેળવે.' ૬૨

*જુદી જુદી જાતના યજ્ઞો વર્ણવી, એવા યજ્ઞો કેમ ઊલટા નુકસાન પણ કરી શકે, તેનું કારણ અને તેના ઉપાયનું સૂચન કરે છે.*

## યજ્ઞ

'છે ઘણી જાતના યજ્ઞો મૂળમાં સર્વ તેહના,
હોય છે, પ્રેમભક્તિથી બ્રહ્માર્પણ જ સર્વદા. ૬૩

આહારનો કરી કાબૂ અગ્નિ જિવાડવા જમે,
યજ્ઞાર્થે ભાવ જ્યાં કર્મે, તેને પુનિત જાણજે. ૬૪

સમર્પે સંયમાગ્નિમાં જ્ઞાની ઇંદ્રિય તે બધી,
સમર્પે વિષયો સૌ ને મનાદિ સર્વ અગ્નિમાં. ૬૫

આત્મનિગ્રહ અગ્નિ શો જન્મે છે જ્ઞાનયોગથી !
બધાં કર્મો દીયે હોમી વૃત્તિ-સંયમ-યોગથી. ૬૬

'રાખવી ઇંદ્રિયો તાબે' યજ્ઞની એક રીત એ,
યજ્ઞકર્મ કરે તેમાં હેતુનું જ્ઞાન રાખજે. ૬૭

જુદા જુદા જગે યજ્ઞ ત્યાગ ને તપ, યોગના,
જ્ઞાનયજ્ઞ કરે કોઈ, ઉગ્ર વ્રતો કરે ઘણા. ૬૮

પ્રાણ અપાનમાં હોમી, પ્રાણે અપાન હોમતા,
પ્રાણાયામી કરે એવા કેવા કેવા જ યજ્ઞ હા ! ૬૯

'પ્રાણાયામતણો માર્ગ સંસારી કાજ યોગ્ય ના
છે પ્રાણાયામ અર્થે ના પૂરતાં યોગ્ય ફેફસાં. ૭૦

સંસારી કામનાથી જે જીવતા જીવને જનો,
તેમને ના અધિકાર 'પ્રાણાયામતણો' કશો. ૭૧

કામક્રોધાદિ વૃત્તિથી, વાસના અતિરેકથી,
લોભમોહાદિ વૃત્તિથી **પ્રાણ** ક્ષીણ થતા સહી. ૭૨

કાળની યોગ્ય રીતેથી, શ્વાસ લેવા પ્રમાણથી,
સરખા એકધારાથી, એવાં તે ફેફસાં નથી. ૭૩

લેવામાં શ્વાસમાં દોષ થતાં, છે નુકસાન ત્યાં,
યોગ્ય પ્રમાણ તેનું ના જળવાતાં જ, હાનિ ત્યાં. ૭૪

સપ્રમાણ યથાયોગ્ય ગણના યોગ્ય કાળની,
તેમાં ખામી થતાં, દોષ ફેફસાંમાં થતો વળી. ૭૫

કોઈને દાન દેવાનું પાર્થ તે પણ યજ્ઞ છે,
જો તેમાં ના પ્રભુભાવ મિથ્યા તે દાન જાણજે. ૭૬

શમાવે પ્રાણ ને વૃત્તિ, કરે શુદ્ધિતણી ક્રિયા,
યજ્ઞ છે સર્વ તે પાર્થ ! એવા યજ્ઞ ઘણા ઘણા. ૭૭

જે યજ્ઞામૃત ર્હે શેષ ખાતાં, ઈશ્વરને વરે,
ને યજ્ઞાહીનને વિશ્વે ક્યાંય ના સુખ સાંપડે. ૭૮

પ્રવૃત્તિ યજ્ઞને નામે સમજ્યા વિણ આચરે,
ભલાને બદલે ભૂંડું થાય અજ્ઞાનને લીધે. ૭૯

દ્રવ્યયજ્ઞથી તો શ્રેષ્ઠ જ્ઞાનયજ્ઞ જરૂર છે,
'સૌ કર્મ જ્ઞાનમાં પૂર્ણ થાય છે' એમ જાણજે. ૮૦

પ્રત્યેક કર્મને તેથી કરવું જ્ઞાનપૂર્વક,
કરી મનાદિ એકાગ્ર, પાછું તે હેતુપૂર્વક. ૮૧

*યજ્ઞ યોગ્ય રીતે કરવા માટે જ્ઞાનની જરૂર છે, એમ ઉપર કહ્યું. તેથી હવે જ્ઞાન કેમ મળી શકે તે શ્રીભગવાન બતાવે છે.*

## જ્ઞાન

'જિજ્ઞાસા*, વિનયાદિથી હૈયે ઉત્સાહ ધારીને,
ગુરુ કો જાણનારાથી જ્ઞાન તે મેળવાય છે. ૮૨

શીખવા કાજ જિજ્ઞાસા જેવી તેવી ન ચાલશે,
જ્વાળામુખી સમી ઉગ્ર ચેતેલી હોવી જોઈશે. ૮૩

જીવને શીખવાનું છે જેની પાસેથી આપણે,
તેવાની સાથ હૈયામાં ભક્તિ જાગેલી જોઈશે. ૮૪

વિનય, નમ્રતા, ભક્તિ, વિવેકાદિ ઊગ્યા વિના,
જીવનહાર્દ તેવાનું પ્રવેશે નવ દિલમાં. ૮૫

જ્ઞાનને પામવા હૈયે તીવ્ર ગરજ ઉત્કટ,
જાગેલી જો હશે, તો તો કેંદ્રિત ગુરુમાં દિલ. ૮૬

અક્ષરોનું ન આ જ્ઞાન, શંકાને નહિ સ્થાન ત્યાં,
એનો આરંભ શ્રદ્ધાથી, અનુભવાય અંતમાં. ૮૭

કર્મશીલ, ગતિશીલ શ્રદ્ધા સર્જનશીલ છે,
ઊગ્યે શ્રદ્ધા હ્રદે એવી રાખે બેસાડી ના પથે,
ગતિને દૃઢ પ્રેરાવી શ્રદ્ધા તો માર્ગ પ્રેરશે,
પ્રેરણા, ભાવના, જ્ઞાને શ્રદ્ધા શી ચેતનાત્મક ! ૮૮-૮૯

ધ્યેયવિકાસના કર્મે શ્રદ્ધા ઉન્નતગામી છે,
રખાવે ચીટકી શ્રદ્ધા ભલે વંટોળ લાખ છે. ૯૦

મુશ્કેલી, દુઃખ, ગૂંચોમાં, ચિંતા, ત્રાસમહીં બધે,
એકધારા ટકાવી ત્યાં શ્રદ્ધા દૃઢ રખાવશે.' ૯૧

* (વધુ માટે જુઓ શ્રીમોટા રચિત 'જિજ્ઞાસા' પુસ્તક)

ઘડાવા ઉચ્ચ ને દિવ્ય શ્રદ્ધાશક્તિ જરૂરની,
જિજ્ઞાસા તે ઉગાડીને નિષ્ઠામાં શી ફળાવતી ! ૯૨

વિનયયુક્ત ને નિષ્ઠા - ભક્તિસંપન્ન જીવને,
તે જિજ્ઞાસાનું કર્તવ્ય ફળાવી, ધ્યેયને વરે. ૯૩

દૃઢ પ્રતીતિ તે શ્રદ્ધા, સંભાવના ખરેખરી,
તેની પરત્વેનું જ્ઞાન, તેને શ્રદ્ધા પ્રમાણવી. ૯૪

જેનો જન્મ થવાનો તે વર્તમાનનું દર્શન,
તે છે સ્વરૂપ શ્રદ્ધાનું વિકસે જેથી જીવન. ૯૫

અનિશ્ચિત વિશેની શી નિશ્ચિતતા ઊગે હૃદે !
શ્રદ્ધાનું તે પરિણામ નિશ્ચે જાણવું જીવને. ૯૬

શ્રદ્ધા નિર્ભર છે પોતે નિજ અનુભવો પરે,
આત્યંતિક છતાં ના તે શ્રદ્ધા અનંતવર્તી છે. ૯૭

શ્રદ્ધા અનુભૂતિનું તે પરિણામ ખરેખરું,
ફળાવે રણકો કેવો શ્રદ્ધા તો પ્રેરણાભર્યો ! ૯૮

યોગ્ય આંતરિકે કેવી તે સક્રિયપણા વિના !
વાસ્તવિકપણું પૂર્ણ શકે નક્કર ઊગી ના. ૯૯

સર્જનાત્મક છે શ્રદ્ધા, પ્રેરે વિચારશક્તિને,
કુંઠિત ના થવા દે શાં, શ્રદ્ધા વિકાસ પ્રેરશે ! ૧૦૦

જિજ્ઞાસામાંથી જન્મેલી શ્રદ્ધા શક્તિની બ્હેન છે,
કદી આંધળી ના શ્રદ્ધા, શ્રદ્ધા પ્રકાશવર્તી છે. ૧૦૧

પથે જે જે મળે તેની શ્રદ્ધા ક્રાંતિ કરાવીને,
પ્રેરણા, નવી દૃષ્ટિને, દે નવો વેશ સર્વને. ૧૦૨

શ્રદ્ધાથી સંકળાયેલી આશા શી મનઃસ્થિતિ છે !
તેવી મનઃસ્થિતિ વિના ચેતનવંતી ન તે રહે. ૧૦૩

જિજ્ઞાસાથી ઊગી શ્રદ્ધા દે છે ખૂંપાવી અંતરે,
થરો જુદા જુદા વિશે પ્રવેશાવી શી ફેરવે ! ૧૦૪

જિજ્ઞાસાથી ઊગી શ્રદ્ધા રાખે તટસ્થ ચિત્તને,
કોઈ પ્રકારનો ક્ષોભ થવા દે ના કશા વિશે. ૧૦૫

હૈયે જીવતી સંપૂર્ણ નિષ્ઠા ઈષ્ટની જો હશે,
આત્મા-અનાત્મનો સાચો વિવેક શો પ્રવર્તશે ! ૧૦૬

શ્રદ્ધા જે પ્રગટેલી છે, ત્યાં પુરુષાર્થ હોય છે,
તે પુરુષાર્થ જીવંતો ફળાવનાર શો પથે ! ૧૦૭

નિષ્ઠામાં આપમેળે શો પ્રયત્ન વિણ યત્ન છે !
તે પરિપક્વતા ટોચે પ્હોંચાતાં સાધ્ય પાસ છે. ૧૦૮

શ્રદ્ધા જાગેલી છે જેને ધ્યેયને પામવાતણી,
જાગી, ઊઠી મથે પાછો, ચૂકે તે પંથ ના કદી. ૧૦૯

પર્વત સમ મુશ્કેલી, વિઘ્નો છોને ભલે હશે,
કિંતુ શ્રદ્ધા શી તે સામે ટક્કર લે, ટટાર રૈ' ! ૧૧૦

કદી ના નમતું તોલે સંજોગ કારમા ભલે,
સંગ્રામ આપતી શ્રદ્ધા, બળ જેનું અપાર છે. ૧૧૧

મરીને કટકા છોને થાય, લીધેલું તે છતાં,
પૂરું પાર પડ્યા વિના, શ્રદ્ધા મૂકી ન દે કશું. ૧૧૨

અવલંબન પોતાનું શ્રદ્ધા એકલાનું છે,
પોતાથી મેળવે પોતે શક્તિ અમાપ આપ તે. ૧૧૩

નિરાડંબરી શી શ્રદ્ધા ! કેવી દઢ મનોબળે !
એના જેવો ન કોનોયે આત્મવિશ્વાસ જીવને. ૧૧૪

નિરાશા કારમી ઘોર ભલે જીવનમાં મળે,
શ્રદ્ધા તે વેળ પોતાનો ફેલાવે શો પ્રકાશ તે ! ૧૧૫

આરપાર ઉતારી દે શ્રદ્ધા તો પાર જીવને,
શ્રદ્ધાનો આશરો લીધો, નિષ્ફળ તે ન થાય છે. ૧૧૬

શ્રદ્ધા સદાય જીવંતી શી ઉપયોગથી વધે !
વપરાતાં શી દે જ્ઞાન, દે પ્રસંગ પ્રમાણ તે ! ૧૧૭

શ્રદ્ધા જો પ્રગટેલી હો પોતે ગતિ કરાવીને,
ધક્કેલતી રહે કેવી ! પ્રેરાવ્યાં કરશે પથે. ૧૧૮

લીધેલાં કર્મમાં પોતે એકાગ્રે શી રમ્યાં કરે !
શ્રદ્ધાનું ધ્યાન તો કેમે આડેતેડે જતું ન છે. ૧૧૯

ફતેહ પામવા કાજે પુરુષાર્થ કર્યાં કરે,
પ્રયત્ન કરવાથી તે થાકતી ના કદી ખરે. ૧૨૦

આપમતલબી શ્રદ્ધા, પોતાનામાં જ લક્ષ દે,
મારે ડાફરિયાં ક્યાંયે આમતેમ ન તે બીજે. ૧૨૧

ભુલાતાં નિજનું લક્ષ પોતે સાવધ શી થતી !
પોતાના લક્ષ્યનું ભાન શ્રદ્ધાને રહે જ આપથી. ૧૨૨

શી મરજીવી છે શ્રદ્ધા ! કેવો નિશ્ચય વજ્ર છે !
પોતે ડૂબે કદી ના તે, ડૂબવા દે ન તે પથે. ૧૨૩

તરે પોતે, તરાવે છે ભરોંસે જે રહે હૃદે,
જેનો હાથ ગ્રહેલો છે, તેને કદી ન છોડી દે. ૧૨૪

શ્રદ્ધાવંત થતો પોતે જીવને બળવાન તે,
શ્રદ્ધા એકલી છો પોતે પહોંચી સર્વને વળે. ૧૨૫

શ્રદ્ધા બેસાડી ના રાખે, ગતિ કરાવીને પથે,
ધક્કેલતી રહે કેવી ! પ્રવેશાવે ક્રિયા વિશે. ૧૨૬

શ્રદ્ધા જ્યાં જ્યાં પ્રવેશે છે, ફેરફાર કર્યા વિના,
શ્રદ્ધા પોતે ઠરે છે ના, ધપાવ્યાં ચહતી સદા. ૧૨૭

પોતે બેસી કદી ના ર્‌હે, રાખે બેસાડી ના જરા,
વિકાસકર્મમાં શ્રદ્ધા કેવી પોતે ચલાવતી ! ૧૨૮

ચોક્કસ દ્વાર ના કોઈ શ્રદ્ધાને તો પ્રવેશવા,
ક્યાંથી પ્રવેશીને કર્મ કરવું જાણતી તદા. ૧૨૯

પ્રસંગ સાંપડ્યે **એને** શીખવા જવું ના પડે,
પોતાની મેળ શીખીને વર્તાવે તેમ જીવને. ૧૩૦

એકની એક છે કેવી પ્રચંડ ઝંખના હૃદે,
ચહેલા ધ્યેયની તીવ્ર શ્રદ્ધાને તો અખંડ છે ! ૧૩૧

શ્રદ્ધા જેમાં ભળેલી છે, છે એકાકાર જે વિશે,
હાર્દ તે મેળવ્યા વિના કદી કાળ ન ઝંપશે. ૧૩૨

હેતુપૂર્વક શ્રદ્ધાને વાપરે નિજ ધ્યેયમાં,
તેને શ્રદ્ધા ધપાવે છે આગળે આગળે સદા. ૧૩૩

શ્રદ્ધા તે વપરાતામાં ડગ આગળનાં ધપે,
જણાવ્યાં શું કરે મેળે ! શ્રદ્ધા શી જ્ઞાન વાળી છે ! ૧૩૪

શ્રદ્ધા શી આંખવાળી છે ! ચોપાસ તે જુએ બધે,
વળી છે એની તો આંખ ચકોર સર્વલક્ષી છે. ૧૩૫

શ્રદ્ધા પોતે જ પોતાને ચલાવ્યાં કરીને પથે,
જીવને મેળવે કેવું જ્ઞાન આપબળે હૃદે ! ૧૩૬

સદા નીડર છે શ્રદ્ધા, અચળ સૌ પ્રસંગમાં,
ભયંકર નિરાશામાં રખાવે દૃઢ તે સદા. ૧૩૭

સર્વ પ્રકારના આડા ઊંધા એવા પ્રસંગમાં,
શ્રદ્ધા તો સીધું દર્શાવી, રમે છે કેવી આપમાં ! ૧૩૮

કેંદ્રિત, કેવી એકાગ્ર પોતાના લક્ષ્યમાં રહે !
લક્ષ્યને વીંધવા નિત્ય મથ્યાં કેવી કરે હૃદે ! ૧૩૯

વિચારે એકનાએક શ્રદ્ધા રખાવશે હૃદે,
શ્રદ્ધા પોતાનું ધારેલું પાર શું પાડવા મથે ! ૧૪૦

શ્રદ્ધા એકલ પોતાને માને છે ના કદી પથે,
પોતાની શક્તિનો એને આત્મવિશ્વાસ પૂર્ણ છે. ૧૪૧

શ્રદ્ધા જેને વરેલી છે, શ્રદ્ધા એને જિવાડશે,
જિવાડીને, તરાવીને પાર પ્હોંચાડશે પથે. ૧૪૨

શ્રદ્ધાની શક્તિનો છેડો ક્યાંયે ના આવી જાય છે,
ઉપયોગે વધે છે શી ! આવે છે તે અનુભવે. ૧૪૩

જ્ઞાનપૂર્વક હેતુથી લક્ષ્યના જીવને પથે
શ્રદ્ધા તો વપરાતામાં કેવી પોતે અમાપ છે ! ૧૪૪

શ્રદ્ધાની શક્તિ કેવી તે ઉપયોગે જણાય છે !
તેથી શ્રદ્ધા વિના ક્યાંયે કશામાં ના વધાય છે. ૧૪૫

મને માતા મળી શ્રદ્ધા, જીવને તો ટકી શક્યો,
શ્રદ્ધાએ જ કરેલો છે મને કેવો જ જીવતો ! ૧૪૬

લાચારી ભોગવે છે ના કદી કોઈ પ્રકારની,
શ્રદ્ધા સ્વતંત્ર સૌ રીતે વર્તાવે કેવું આપથી ! ૧૪૭

આપને આપ જાણે છે નાણે છે વળી આપને,
તાવે છે ને તવાવે છે, તવાવી કેવું **તે** ઘડે ! ૧૪૮

તપાવાનું જરૂરી છે ઘડાવા કાજ યોગ્ય તે,
શ્રદ્ધા તેમાં પડે છે ના કાચી કોઈ રીતે પથે. ૧૪૯

કેવું છે ઘડવાનું તે શ્રદ્ધાને અંતરે ઊગે,
જે કાળે વર્તવાનું હો જેવું, તે તેમ વર્તશે. ૧૫૦

અનંત પાંખવાળી છે, શ્રદ્ધા ગગનગામી છે,
શ્રદ્ધા તો કેવી ઊંચે ને ઊંચે દૃષ્ટિ દોડાવશે ! ૧૫૧

છો ભયંકરતા ભારે ઉગ્રમાં ઉગ્ર હો ભલે,
શ્રદ્ધાનો ત્યાંય તો ટેકો લૂલો કેમે નહિ પડે. ૧૫૨

આપી દેતાં જ તો માથું શ્રદ્ધા શું શીખવ્યાં કરે !
શું પરવારતાં શ્રદ્ધા શીખવે નિત્ય જીવને ! ૧૫૩

અનંત આંખવાળી ને એને અનંત કાન છે,
અનેક અંગવાળી શી ! શ્રદ્ધા એવી અજોડ છે. ૧૫૪

શ્રદ્ધા ચાલ્યાં કરે ખૂબ, છતાં થાક ન એહને,
પ્રયત્ન કરવામાં તે પાછી પાની કરે ન તે. ૧૫૫

મંડતાં, મંડતાં ર્‌હેવા, મથાવ્યા કરવા ચહે,
જરીયે બેસી ર્‌હેવાનું શ્રદ્ધાને ગમતું ન છે. ૧૫૬

સદા ઉદ્યોગી, ખંતીલી, નિશ્ચયી, શક્તિશાળી શી !
શ્રદ્ધા પોતે સદા કેવી જીવંતી ધ્યેયમાં વળી ! ૧૫૭

શ્રદ્ધા કદી ભૂલે છે જો એને જાણ પડ્યાં કરે,
પડી ગઈ ભલે હોય, વાર બેઠી થતાં ન છે. ૧૫૮

શી મર્દાનગી શ્રદ્ધાની ! એની તોલે ન કોઈની,
મુશ્કેલી, ગૂંચ, પ્રશ્નોમાં પોતે બને શી સાબદી ! ૧૫૯

શ્રદ્ધા શી વર્તનારી છે પોતાની રીત જીવને !
આપમેળે શીખે છે તે મેળે વર્તે શી જીવને ! ૧૬૦

ગુરુ શો એકલો માત્ર શ્રદ્ધાને કોઈ હોય જે !
શ્રદ્ધા પોતે જ પોતાનો ગુરુ છે યોગ્ય જીવને. ૧૬૧

અગાઉથી ઘડે છે ના યોજના કોઈ જાતની,
પ્રસંગ સાંપડે જેમ વર્તે ત્યાં તે પ્રમાણથી. ૧૬૨

અનોખું કેવું પોતાનું જીવન આગવું પથે !
સ્વતંત્ર પાછું મૌલિક શ્રદ્ધાનું ચાલવું પથે. ૧૬૩

શ્રદ્ધાને આવડે કેવો ઉકેલ કાઢતાં બધો !
શ્રદ્ધા પોતે જ પોતાનો જીવને ગુરુ યોગ્ય શો ! ૧૬૪

વફાદારી શી સંપૂર્ણ ! ચહેલા ધ્યેય માટ તે,
શ્રદ્ધા કેવી દઢાવે છે ! ચળે છે પથથી ન તે. ૧૬૫

પોતે પોતા વિશે હૈયે નિશ્ચયી ટેકવાળી છે,
માથું મૂકે ભલે, કિંતુ મૂકે નાક કદી ન તે. ૧૬૬

શ્રદ્ધા કેવી જિવાડે છે પ્રેરાવી પ્રાણ જીવને,
અનેક વાર તે મૃત્યુ પમાડીને જિવાડશે. ૧૬૭

કદીક ડગી જો જાય, પાછી પોતે સજાગ છે,
શ્રદ્ધા જાગ્રત કેવી તે અખંડ નિજ જીવને ! ૧૬૮

શ્રદ્ધા પોતે જ પોતાને ચલાવ્યાં કરતી રહે,
છતાં શી નિરભિમાની ! નિરાડંબરી જીવને. ૧૬૯

સૂઝતાં વાર ના એને, એને જોતાં ન વાર છે,
ભૂલને, દોષને ખોળી કાઢતાં વાર ના થશે. ૧૭૦

વિલંબ નવ પોષાય શ્રદ્ધાને કોઈ પેર તે,
નકામો કાળ ના ખુએ ઉપયોગ વિના પથે. ૧૭૧

પોતે પોતામહીં શ્રદ્ધા સદા કર્તવ્યનિષ્ઠ છે,
પોતાના લક્ષ્યને પોતે નાક સામે ધર્યાં કરે. ૧૭૨

શ્રદ્ધા ખોવા જ જેવું જે નાખે તત્ક્ષણ ખોઈ તે,
ખોટ ખાવાનું તો શ્રદ્ધા જાણતી ના જરી પથે. ૧૭૩

સર્વદા કેવી જીવંત શ્રદ્ધા કાળજીયુક્ત છે !
શી વ્યવસ્થિતિ જન્માવે શ્રદ્ધા તો આપ જીવને ! ૧૭૪

શ્રદ્ધાને પોષતા જેઓ, તેને જિવાડતી જ તે,
શ્રદ્ધા જીવન જે પ્રેરે તેવું પ્રેરી ન કો શકે. ૧૭૫

શ્રદ્ધા પોતે જ પોતાથી સર્વ કૈં શીખવા ચહે,
મથે શી એકલી પોતે ! નિત્ય નિત્ય નવું શીખે. ૧૭૬

પોતે છે એકલી તોયે પોતાને એકલી જ તે,
સમજે છે કદીયે ના, એવી સમર્થ ઑર તે. ૧૭૭

શ્રદ્ધા પોતે મરે છે ના, શ્રદ્ધા અમૃત જીવને,
જીવન પ્રેરતી રહે છે, અમૃતદાયિની જ છે. ૧૭૮

શ્રદ્ધા જીવનને કેવી દોરાવે નિજ ધ્યેયમાં !
પથ નિશ્ચિત જાણે ના, પથ એને કરે સૂઝ્યાં. ૧૭૯

શ્રદ્ધા પોતે જ પોતાને નિરખાવે નવું પથે,
વળી તેમાંથી તો જ્ઞાન સંપડાવે જ જીવને ! ૧૮૦

પંથ જીવનના આડા ને અવળા જ શા ખરે !
શ્રદ્ધા અજાણ છે ત્યાં શી ! છતાં તે ખોળી કાઢશે. ૧૮૧

હોવા છતાં અજાણ્યું તે, શ્રદ્ધા ત્યાંયે દડ્યાં કરે,
અંધારામાં જ શો પોતે ભૂસકો મારતી પથે ! ૧૮૨

પોતે બધું કરાવે છે, છતાં **एने** જ કોઈએ,
જીવને એવી રીતે તે જાણતું નથી દિલપે. ૧૮૩

શ્રદ્ધા જીવંત છે નિત્યે, દૃષ્ટિ પોતાની ધ્યેયથી,
ચળે છે ના કદી એની, એવી નિશ્ચળ આપ શી ! ૧૮૪

જીવતાં જીવતાં શ્રદ્ધા, ચાલતાં ચાલતાં વળી,
બઢતાં બઢતાં કેવી શ્રદ્ધા પોતે થતી છતી ! ૧૮૫

અપાર બળ, શક્તિ શી શ્રદ્ધા તો પ્રેરતી રહે !
**गुण** ને **भाव** શ્રદ્ધાથી જીવને કેળવાય છે. ૧૮૬

શ્રદ્ધા કદી પછાડે ના નિમ્નગામી ન તે કરે,
શ્રદ્ધાથી જીવવું કેવું ઉન્નતગામી થાય છે. ૧૮૭

શ્રદ્ધાખોળે જ જે બેઠો તેને નિશ્ચિતતા વરે,
શ્રદ્ધા શી જીવને એવી પોતે અનુભવાય છે ! ૧૮૮

શ્રદ્ધા સદાય છે પોતે પોતા પરે જ આશ્રિત,
લેવા બીજાનું ના ઈચ્છા એહને અવલંબન. ૧૮૯

લઈ જવા જ શી પાર શ્રદ્ધાને તીવ્ર ઝંખના !
ઠામ પાડ્યા વિના **एने** પડે જંપ ન દિલમાં. ૧૯૦

શ્રદ્ધા તો ચસવા ના દે આમ કે તેમ ચિત્તને,
લીધેલા ધ્યેયમાં પૂર્ણ ખૂંપાવ્યા દિલને કરે. ૧૯૧

શ્રદ્ધા શી એકલક્ષી છે ! એકનાએક તાનમાં,
ધ્યેયની ધૂનમાં પોતે શી એકાકાર દિલમાં ! ૧૯૨

જિવાડે છે જ પોતાને પોતે શ્રદ્ધા શી જીવને !
વફાદાર સદા કેવી શ્રદ્ધા રહેતી જીવને ! ૧૯૩

પાંગળાપણું તો કેવું તે સમૂળુંય કાઢશે !
કેવું સામર્થ્ય બક્ષે છે શ્રદ્ધા સમગ્ર જીવને ! ૧૯૪

પોતાને શિર બોજાને લેવા પોતે ડરે ન તે,
ભાગે આવેલ કર્તવ્ય પાર ઉતારવા ચહે. ૧૯૫

કશુંય ના ભૂલે પોતે, સૌ એની આંખમાં જ છે,
કશું છટકી ના જાય શ્રદ્ધાના લક્ષમાંથી તે. ૧૯૬

શ્રદ્ધા ચેતેલી ર્‌હે નિત્ય, તે ના ચેતાવવી પડે,
તે ઉપયોગમાં લેતાં ચેતે અગ્નિની પેઠ તે. ૧૯૭

ઉચ્ચ શી અભિલાષા ને મહત્ત્વાકાંક્ષી કેવીયે !
શ્રદ્ધા પોતે જ પોતાથી ભવ્ય ને દિવ્ય જીવને. ૧૯૮

કોઈએ જાતનો **એને** અજંપો, ક્‌લેશ છે જ ના !
વળી મુક્તવિહારી શી પોતાના તે પ્રદેશમાં ! ૧૯૯

લાગે મુક્તવિહારી તે છતાંયે યોગ્યતા વિશે
પ્રવેશી એકધારી ને ઘાટ વિકાસનો ઘડે. ૨૦૦

શ્રદ્ધાની યોજના, તેને બુદ્ધિ પોતે કળે ન તે,
પોતે જ એકલી જાણે, વર્તે શી સપ્રમાણ તે ! ૨૦૧

અજાણ્યો માર્ગ કોઈ ના શ્રદ્ધાને જીવને ખરે,
અજાણ્યો પંથ છે, તોયે પોતે તે શોધીને ઠરે. ૨૦૨

શ્રદ્ધા પોતે ન બેસે છે, બેસવા દે ન નિજને,
સદા ઉદ્યમશાળી તે, ધ્યેયે પ્હોંચાડવા મથે. ૨૦૩

શ્રદ્ધાનું લક્ષ ધ્યેયેથી કદીયે ચળતું નથી,
શ્રદ્ધા તે જીવને મારે કૃપાથી કેવી છે વરી ! ૨૦૪

શ્રદ્ધાથી ચાલતું ગાડું પથે જીવનનું સદા,
**એને** જે પકડી રાખે, શ્રદ્ધા તેને વરે તદા. ૨૦૫

શ્રદ્ધા તો ચાલવાનું શું નિત્ય નિત્ય કર્યાં કરે,
નવી જીવનની સૂઝ **એને** કેવી પડ્યાં કરે ! ૨૦૬

શરૂમાં જાણતી ના છે, છતાં આગળ તે જતાં,
તે તે **તે** જાણી સૌ લે છે જે જાણવાનું જીવને. ૨૦૭

આગ્રહી ધ્યેયમાં પૂર્ણ, ધ્યેયે લક્ષ દઢાવતી,
વરેલાં કર્મમાં નિષ્ઠા શી પ્રેરાવતી **તે** વળી ! ૨૦૮

શ્રદ્ધા કેવી મરેલાને નવા **પ્રાણ** પુરાવશે !
મરેલાને જિવાડીને અવતાર નવો જ દે. ૨૦૯

ધ્યેય પરત્વેનું ઝંખે શ્રદ્ધા શું એકધારું તે !
ઝંખના એવી જીવંતી થકી, જ્ઞાન પમાય છે. ૨૧૦

ધ્યેયની સર્વ દિશામાં શ્રદ્ધા ચલાવીને હૃદે,
તે તે માર્ગનું તો સર્વ જાણવા યોગ્ય સૂઝવે. ૨૧૧

શ્રદ્ધા પોતે જ પોતાને સમર્થ માનતી નથી,
છતાં એના જ સામર્થ્ય તોલે આવે કશું નહીં. ૨૧૨

શ્રદ્ધા ના હો, તોયે તે તેવા અભ્યાસથી કરી,
પ્રગટે છે જ શી પોતે ! આવે અનુભવે સહી. ૨૧૩

શ્રદ્ધાને ખોળવા ક્યાંયે જવું ના પડતું કદી,
ધગધગતી જિજ્ઞાસા તેને શ્રદ્ધા વરે ચહી. ૨૧૪

શ્રદ્ધાથી માર્ગની ભાળ આગળ આગળે શી તે
આપમેળે જણાયે છે ! શ્રદ્ધાલક્ષણ એવું તે. ૨૧૫

શિક્ષણે દિલ જેનું છે ઉત્કટ શીખવા ઘણું,
શ્રદ્ધાને ગમતું કેવું એવાને શિખવાડવું ! ૨૧૬

જાગતું દિલ જેનું છે, જેને છે દિલ ધ્યેયમાં,
શ્રદ્ધા તેને પમાડે છે જીવને આરપાર ત્યાં. ૨૧૭

પારમિતા શી શ્રદ્ધા છે ! શ્રદ્ધા શી જ્ઞાનવર્ધિની !
શ્રદ્ધા તો પોષતી કેવું શ્રદ્ધાને શી વરે ચહી ! ૨૧૮

શ્રદ્ધાને શરણે જે કો તેને શ્રદ્ધા કદી પથે,
એકલો ના મૂકી દે છે, એને દે સાથ જીવને. ૨૧૯

શ્રદ્ધા પોતે રખાવે છે ચિત્તને લક્ષ્યમાં હૃદે,
મારી-મથાવીને ખંતે રખાવે લક્ષ જીવને. ૨૨૦

શ્રદ્ધાની આંખ તો કેવી ચોપાસે શી ફર્યા કરે !
ધ્યેય વિના કશું **એને** ખપે કાંઈ ન જીવને. ૨૨૧

આગળે ભરવાનાં છે કેવાં તે ડગ જીવને !
આપમેળે ઊગે છે શાં શ્રદ્ધાને તે પળે પથે ! ૨૨૨

શ્રદ્ધાની ચાલ કો સાથે સરખાવાય ના કદી,
સ્વતંત્ર આગવી કેવી વળી મૌલિક સર્વથી ! ૨૨૩

શ્રદ્ધા જે શીખવે છે તે, બીજું ના શીખવી શકે,
શ્રદ્ધાની જીવને શિક્ષા અજોડ, અણમોલ છે,
જીવતીજાગતી શ્રદ્ધા સદા ચેતનવંતી છે. ૨૨૪

કૌશલ્યે, વ્યવહારેયે શ્રદ્ધા કુશળ વર્તને,
તે કશાનોય બોજો કૈં માથે વ્હોરતી ના રહે,
ચિંતા, ફિકર બોજાની શ્રદ્ધાને નવ હોય છે. ૨૨૫

જીવને મોખરે શ્રદ્ધા જ્યારે વર્તતી હોય છે,
ત્યારે પ્રભાવ શ્રદ્ધાનો વર્તાતો ખાસ જીવને. ૨૨૬

સ્ફુરેલી અંતરે શ્રદ્ધા થયેલી જે પ્રતિષ્ઠિત,
ભાવ તેનાથી જાગે તે, આપે મેળવી ઈપ્સિત. ૨૨૭

શ્રદ્ધા નિષ્ઠા જ છે બંને જીવન સાધનાતણું,
જિજ્ઞાસા ભાવથી બંને કેવાં પોષાય છે ઘણું ! ૨૨૮

જીવંત પ્રાણ, શ્રદ્ધા છે, નિષ્ઠા-ચેતન-હાર્દ છે,
પચાવી ભાવ આધારે જીવન ખીલવ્યાં કરે. ૨૨૯

શ્રદ્ધા નિષ્ઠા બને જ્યારે અખંડ પ્રાણવંત તે,
ભાવ જે નિર્ઝરે, જાણો ચેતનાનો પ્રવાહ તે. ૨૩૦

શ્રદ્ધા વિનય, વિવેક ધારી વર્તે શી જીવને !
જીવવું છીછરું **એને** કેમેય કર્યું ના ગમે. ૨૩૧

શ્રદ્ધાથી નમ્રતા જન્મે, પાંગરે શૂન્યતા પછી,
અભાવાત્મક ના શૂન્ય, ચેતનાનુભવે સ્થિતિ. ૨૩૨

ચેતનાનિષ્ઠ શ્રદ્ધાની પ્રતિભા શી પ્રકાશી ર્હે !
કેવા **તે** અજવાળે છે ખૂણેખૂણાય જીવને ! ૨૩૩

આત્મશ્રદ્ધા પરિપૂર્ણ શી આધ્યાત્મિક શક્તિ તે !
અંતરે પ્રગટાવી શાં પ્રકાશ, શક્તિ, જ્ઞાન દે ! ૨૩૪

રખાતાં આશરો, ટેક સંપૂર્ણ ઈષ્ટનો હૃદે,
કેવી ખબરદારી તે ઊગે પ્રચંડ જીવને ! ૨૩૫

પોતાનું નીરખે પોતે બીજાનું ના જરી જુએ,
પોતાના દોષ જોઈને પોતે મઠારવા મથે. ૨૩૬

શ્રેયાર્થી દોષ બીજાના જોવા તત્પર ના હશે,
સર્વ કાંઈતણું મૂળ પોતાનામહીં ભાળશે. ૨૩૭

શ્રેયાર્થીને નિરાશા ના, શ્રેયાર્થી છો પડે છતાં,
નિરુત્સાહ થતો તે ના, ફરી ઊઠી મથે સદા. ૨૩૮

અંતર્મુખી સદા એવો મચેલો, મથતો દિલ,
ને બહિર્મુખી છે જેઓ, શ્રદ્ધા તેમની નિષ્ફળ. ૨૩૯

શ્રદ્ધા, શક્તિ પ્રવેશાવી પમાડે જ્ઞાન **જીવ**ને,
અમાપ શક્તિ શ્રદ્ધાની કુદાવે માર્ગ વિષમે. ૨૪૦

આવિર્ભાવ થતો પ્રેમ શ્રદ્ધાના ભાવથી હૃદે,
નવાં દૃશ્ય, નવો જન્મ, શ્રદ્ધાથી દિલ સાંપડે. ૨૪૧

કેવું આત્મબલિદાન, કેવું આત્મવિસર્જન
શ્રદ્ધા પોતે કરાવે છે ! ઘડે કળાથી જીવન ! ૨૪૨

એવો પ્રભાવ શ્રદ્ધાનો જેના જીવનમાં ઊગે,
એવો નિશ્ચિંત સૌ વાતે શ્રદ્ધાબળે થતો હૃદે. ૨૪૩

'આંખથી જોવું', 'શ્રદ્ધાથી જોવું' બેમહીં ફેર છે,
એકનું જોવું તો સ્થૂળ, બીજાનું જોવું સૂક્ષ્મ છે. ૨૪૪

આંખથી જોઈએ જેમ, શ્રદ્ધા આત્મની આંખ છે,
શ્રદ્ધાથી નિરખાયેલું તે આંતરસ્વરૂપ છે. ૨૪૫

આધ્યાત્મિકતણા તત્ત્વનું સંકલન થાય છે,
જેનાથી કરી આધારે, તેને શ્રદ્ધા પ્રમાણજે. ૨૪૬

સમગ્ર આત્મની કેવી શ્રદ્ધા એ તો પ્રતીતિ છે !
આત્મદર્શનની શ્રદ્ધા પોતે શી અનુભૂતિ છે ! ૨૪૭

બોલ્યા વિના મુખેથી શી શ્રદ્ધા પોતે કથે નવું,
શું નિવેદન આત્માનું શ્રદ્ધા પોતે ખરેખરું ! ૨૪૮

આધારે પ્રભુનો ભાવ એકધારો ટકાવવા,
ઉલ્લાસ, ખંત, ઉત્સાહે, ઉદ્યમેથી દૃઢાવવા. ૨૪૯

દૃઢ નિશ્ચયથી પાકા મથે છે જે નિરંતરે,
શ્રદ્ધા, વિશ્વાસ તેવાનાં જીવને પાંગર્યાં કરે. ૨૫૦

શ્રદ્ધા જે પક્વ સંપૂર્ણ, નિષ્ઠા તેમાંની શી ફળે !
નિષ્ઠામાંથી ખસી ના કો શકે, કેમે કર્યાય તે. ૨૫૧

*જ્ઞાન મેળવવાની રીત બતાવી, તેનાં શુભ પરિણામ હવે ગણાવે છે.*

## જ્ઞાનનાં અમરફળ

'એવા તે જ્ઞાનને પામી માનવી **જીવ**માત્રને,
પોતાનામાં જુએ ને તે એ રીતે મુજને જુએ. ૨૫૨

એને પ્રત્યક્ષની જેમ સૌ મારામય લાગતું,
જ્ઞાન આ નામીમાં નામી પાપીને પણ તારતું. ૨૫૩

મનુષ્યોનાં બધાં છૂટે આ જ્ઞાને કર્મબંધન,
સ્પર્શતુંયે નથી તેને એથી કૈં કર્મનું ફળ. ૨૫૪

કાષ્ઠને અગ્નિ બાળીને જેમ રાખ કરે બધી,
તેમ જ્ઞાનાગ્નિ સૌ કર્મ કરે છે ભસ્મ આપથી. ૨૫૫

શ્રદ્ધા સંયમની લાગે હૈયામાં લ્હે ખરેખરી,
મળશે જ્ઞાન તો સાચું, પામે અપૂર્વ શાંતિ શી !' ૨૫૬

*વળી પાછા શ્રીભગવાન, અર્જુન તરફ વળીને એને ઉદ્‌બોધન કરે છે કે 'તું મથીકૂટીને પણ એ જ્ઞાન મેળવ.'*

## જ્ઞાન મેળવ

'તેથી તું રાખીને શ્રદ્ધા થૈ મારામાં પરાયણ,
ઇંદ્રિયો વશ રાખીને જ્ઞાનને પામવા મથ. ૨૫૭

આત્મલક્ષી ઊંડી શાંતિ દિવ્ય તું પામશે હૃદે,
બ્રહ્માનંદનિધિમાં તું પછી નિત્ય તર્યા જશે.' ૨૫૮

શ્રદ્ધાભક્તિથી સંપૂર્ણ ખૂંપે જીવનધ્યેયમાં,
તદાકાર થતાં તેમ ઇંદ્રિયો વશ આપ ત્યાં. ૨૫૯

ઇંદ્રિયો નિજની મેળે સંયમે પ્રગટે ન તે,
**પ્રાણની** પ્રમાણે તે વર્ત્યાં જીવનમાં કરે. ૨૬૦

જેવા જેવા જ સંસ્કાર જેવી જેવી જ વૃત્તિ છે,
જેવાં તે વલણો ઊઠે, દોડે ઇંદ્રિય તેમ તે. ૨૬૧

કોઈકના જ આધારે ઇંદ્રિયો જીવને દડે,
કોઈક એવું જે, તેને આત્મની ભક્તિમાં ઊંડે,
પ્રવેશવાનું તે થાતાં, ઇંદ્રિયો તેમ વર્તશે. ૨૬૨

શો રાજમાર્ગ તો હોવા ઇંદ્રિય યોગ્ય તે ખરે !
જ્ઞાનભક્તિતણો યોગ એ માટે શો જરૂરી છે ! ૨૬૩

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૫ મો

## (કર્મસંન્યાસયોગ)

*શ્રીભગવાને પહેલાં સાંખ્યયોગ એટલે જ્ઞાનના યોગની ('સ્થિતપ્રજ્ઞ'ની) વાત કરી, પછી કર્મયોગ કહ્યો, પછી કર્મો બ્રહ્માર્પણભાવે કરવાં એમ જણાવ્યું અને વળી ચોથા અધ્યાયને અંતે જ્ઞાનનો મહિમા ગાયો. આથી, અર્જુન (એટલે કે જિજ્ઞાસુ* ***જીવ****) મૂંઝાય છે અને પહેલાં તો એના સંશયો જાણે કે ઊલટા વધે છે.*

## અર્જુનના સંશયો

શંકા ઉદ્‌ભવી તેથી તો, પૂછે અર્જુન કૃષ્ણને,
'પૂછવું પડતું મારે વારે વારે પ્રભો ! તને. ૧

જ્ઞાન શ્રેષ્ઠ કહો જ્યારે, 'કર્મની ના જરૂર કૈં,
છે સંન્યાસ વધુ સારો', લાગતું એમ ત્યાં મને. ૨

વખાણો કર્મને જ્યારે, યોગ શ્રેષ્ઠ જણાય તે,
મન મારું કંઈ એનો કરી નિર્ણય ના શકે. ૩

દ્વિધાભાવ જવો પૂર્ણ શક્ય ના માનવીતણો,
કિંતુ શ્રેયાર્થી જે પાકો તેને શક્ય ખરેખરો. ૪

હજી જેને દ્વિધાભાવ ધ્યેયે નિશ્ચિત તે ન છે,
ધ્યેયમાં લક્ષ સંપૂર્ણ ચોટંતાં, તેવું રહે ન તે. ૫

પ્રભો ! બંનેમહીં સારું વધારે શું કહો મને,
કયે માર્ગે વળું, જેથી હૈયે શાંતિ મળે મને.' ૬

*આ ઉપરથી 'સંન્યાસ'એ જ જ્ઞાન, અને 'યોગ' એટલે જ 'નિષ્કામ કર્મ', એમ સમજૂતી આપી એ બેમાં પોતાની પસંદગી સ્પષ્ટપણે કહે છે.*

## યોગની વિશેષતા

સાંભળી તે કહે કૃષ્ણ, 'સારાં બંનેય જાણજે,
'સંન્યાસ' એ જ છે જ્ઞાન, નિષ્કામ કર્મ 'યોગ' તે. ૭

સર્વ પ્રકારની વૃત્તિ ઊઠતાં ઊઠતાં પથે,
સમર્પી દે પ્રભુપાદે, એને સંન્યાસ જાણજે. ૮

મારે પસંદગી નક્કી કરવાની જ હોય જો,
બંનેમહીં ગણું સારો નિષ્કામ કર્મનો પથ.' ૯

*તોપણ જ્ઞાની અને યોગી અંતે તો એક જ છે. એવો સંન્યાસી કર્મ કરે કે ન કરે તે સરખું જ છે. અજ્ઞાની જ એ બેમાં ભેદ જુએ છે. પંથ જુદા છતાં એક જ લક્ષ્યે બંને પહોંચે છે.*

## સંન્યાસી તે જ યોગી

'આશા, તૃષ્ણાથી જે મુક્ત જેને દ્વેષ કશો નથી,
સંન્યાસી તે, રહે નોખો સુખદુઃખાદિ દ્વંદ્વથી. ૧૦

સર્વ ભૂતાત્મ ભૂતાત્મા થવામાં સર્વ સાર છે,
તેમાં 'હુંયે ન, ઇંદ્રિયો નથી', ભોગ કશો ન છે. ૧૧

જિતેન્દ્રિય, વિશુદ્ધાત્મા જિતાત્મા જીવને થશે,
શો તેવાને જ ત્રિદંડી થવાનો અધિકાર છે. ૧૨

જીવને શા મનોદંડ, વાગ્દંડ, કામદંડ છે,
સંપૂર્ણ જીતી લૈ તે તે, પૂર્ણ સંન્યાસી તે હૃદે. ૧૩
પૂર્ણ નિઃસ્પૃહી છે હૃદે.

સ્વભાવવશ તો કર્મ એવાનાં નિત્યજીવને,
શ્વાસાદિ જેમ તેવાનું જે તે સર્વ થયાં કરે ! ૧૪

કુશળ જ્ઞાનવાર્તામાં, કિંતુ જે વૃત્તિ હીન છે,
ઇંદ્રિયોથી કરે ભોગ અજ્ઞાની સાવ મૂર્ખ છે. ૧૫

વિચાર, વૃત્તિ, સંકલ્પ તે તે સર્વતણો થતો,
સંન્યાસ મન સંપૂર્ણ, તેને સંન્યાસી જાણવો. ૧૬

કરંતો હો ભલે કર્મ, કે પછી કર્મ ના કરે,
આવો જે તે સ્હેજેયે મુક્ત બંધનથી થશે. ૧૭

સ્વભાવ પ્રકૃતિજન્ય નોખા નોખા અનેક છે,
સાધન સૌ જુદાં તેથી રહેવાનાં જ જીવને. ૧૮

ફાવે જે એકને તે તો બીજાને ફાવતું ન હો,
તેથી તો જેમને ફાવે તે તેણે દિલ સાધવું. ૧૯

જ્ઞાન ને યોગને નોખા અજ્ઞાની જન તો ગણે,
જ્ઞાનીને મન ના જુદા બંને એક જ રૂપ છે. ૨૦

સધાતું લક્ષ્ય બંનેથી એક, તેથી જ બેયને,
ઓળખે એકરૂપે જે, ખરો તે જાણકાર છે. ૨૧

કેમ કે શુદ્ધ જ્ઞાની જે, કર્મની સિદ્ધિ પામતો,
સંકલ્પમાત્રથી, એવો બાહ્ય કર્મ કરે ન છો. ૨૨

એવો તે વિરલો કોક બિંદુ સમુદ્ર આગળે,
છતાં સમુદ્ર ને બિંદુ ગુણધર્મે જ એક છે.' ૨૩

*આમ, લક્ષ્યસ્થાનમાં બંને એક જ છે. છતાં આવો કર્મસંન્યાસ કર્મયોગ વિના સાધવો બહુ મુશ્કેલ છે. વળી, શાંતિ તો કર્મયોગીને અને કર્મત્યાગીને અંતે તો એકસરખી જ મળે છે. તેથી, કર્મયોગનો પંથ વધુ સારો છે.*

## કર્મયોગની શ્રેષ્ઠતા

'કર્મયોગ વિના સાધ્યે, કર્મસંન્યાસ સાધવો,
મુશ્કેલ પાર્થ ! તે ભારે, સધાયે ના કદી પૂરો. ૨૪

કર્મયોગતણા ભાવે સાધે જે જ્ઞાનયોગને,
પામે તે જ પરબ્રહ્મ નિશ્ચયે જાણ, અર્જુન ! ૨૫

જ્ઞાનમાર્ગે મળે શાંતિ, ને શાંતિ કર્મમાર્ગથી,
બંને શાંતિમહીં ફેર કોઈ પ્રકારનો નથી. ૨૬

જ્ઞાનનો માર્ગ શો સૂક્ષ્મ સ્હેલ આચરવો ન તે !
શરીર સાથ તો મૂળે સંકળાયેલ કર્મ છે. ૨૭

કર્મયોગતણો માર્ગ તેથી સ્હેલો કહ્યો તને,
કર્મયોગ થવો સ્હેલો જે તે કોઈ મનુષ્યને.' ૨૮

*કર્મયોગ થતાં થતાં કર્મસંન્યાસ અથવા જ્ઞાનયોગ આપોઆપ કેમ સધાય છે, તે હવે શ્રીભગવાન કહે છે.*

## કર્મમાંથી જ્ઞાન

'ત્યજાતાં રાગદ્વેષાદિ કામક્રોધાદિ સર્વશઃ,
નિષ્કામભાવ સંપૂર્ણ સ્ફુરંતો કર્મમાં દિલ. ૨૯

કરંતાં કર્મ નિષ્કામ, ધીરે ધીરે મનુષ્યનું,
વધતું જાય છે, જોજે ! બળ સંકલ્પનું ઘણું. ૩૦

બાહ્ય કર્મ થતાં જાય, ઓછાં આમ ધીમે ધીમે,
એની એને ખરું જોતાં કાંઈ ના ખબરે પડે. ૩૧

એવો છતાંય સૌ કર્મ છોડી દેતો ન હોય છે,
અને પાછો કરે કર્મ લાગે એવું ન એહને,

એને સારુ નથી હોતો પ્રયત્ન પણ એહનો,
કર્મ, ભક્તિમહીં એ તો રોકાયેલો રહે ઊંડો. ૩૨-૩૩

વિરોધાભાસ શો એવો બંને પાસાંતણો ખરે !
સધાયે મેળ એવામાં, કર્મસંન્યાસી જાણજે.' ૩૪

*આમ, દેખીતી રીતે બહારનાં કર્મ ઓછાં થતાં જાય, પણ ખરી રીતે તો એનામાં ભારે કર્મશક્તિ પ્રગટે છે.*

## સંકલ્પ દ્વારા કર્મ

'બને જો તેમ, તો ભારે કર્મશક્તિ ઘણી વધે,
એવી ઉગ્ર બને, કે ના લેતો થાક જણાય તે. ૩૫

સંકલ્પે જ વસે તેનાં એમ તો કર્મ છેવટે,
ગતિ જેની ઘણી, વસ્તુ લાગે છે સ્થિર જેમ તે. ૩૬

દેખીતું કહેવું ના યોગ્ય 'આવો કૈં કરતો નથી',
કલ્પાયે જ સ્થિતિ એવી, છેલ્લો આદર્શ તે જ છે.' ૩૭

*આથી, જે કર્મયોગને અંતે પાછું સંન્યાસનું જ ફળ મળે છે, તે કર્મયોગનો રસ્તો જ વધુ સારો એમ શ્રીભગવાન ફરીથી ભાર મૂકીને કહે છે.*

## કર્મયોગની શ્રેષ્ઠતા

'કર્મયોગ કહ્યો તેથી સારો મેં તુજને ખરે,
કોટિ નિષ્કામ કર્મોથી ફળ સંન્યાસનું મળે.' ૩૮

*વળી, કર્મયોગ કર્યા વિનાનો સંન્યાસ જોખમકારક છે, એવી ચેતવણી પણ શ્રીભગવાન આપે છે.*

## અધકચરો સંન્યાસી

‘સંન્યાસી જો થવા જાય, બાવાનાં બગડેય બે,
ઘાટનો, ઘરનો, ના ર્‌હે, કઢંગી સ્થિતિ પામશે. ૩૯

મિથ્યાચારી થવા પૂરો સંન્યાસીને જ સંભવ,
પડ્યા જો કર્મમાંથી તો ખોયું સર્વસ્વ, અર્જુન !’ ૪૦

*પણ જેણે અનાસક્ત કર્મ કરી-કર્મયોગ કરીને-કેવળ અલિપ્તતા મેળવી છે, તેનું ‘નીરોગીપણું’ તથા ‘કર્મસંન્યાસ’ વખાણે છે.*

## નિર્લેપની સ્થિતિ

અનાસક્તિ વડે કિંતુ શુદ્ધ જે કર્મ આચરી,
જેણે છે મનને જીત્યું, સંયમે ઇંદ્રિયો ધરી,
પોતાની એકતા સાધી જેણે સૌ **જીવ** સાથમાં,
આત્મ જેવા ગણે સર્વે, કર્મને કરવા છતાં,
એનાથી તે જુદો ર્‌હે છે, બંધને પડતો નથી, ૪૧
ર્‌હેતો અલિપ્ત એ આત્મા સંસર્ગે જગના થકી. ૪૨-૪૩

કામક્રોધ વળી લોભ ને રાગદ્વેષ, મોહ ને
મતાગ્રહો, બધી ટેવો, મુક્ત સમજણોથી તે.
લગાતાં ભક્તિમાં પૂર્ણ તે તે મોળાં પડ્યાં જ તે,
અનાસક્તિ શી ત્યારે તો જન્મે જીવન આખરે ! ૪૪-૪૫

સૂણતાં, સૂંઘતાં, જોતાં, ખાતાં ને વદતાં, સૂતાં,
ઊઠતાં, બેસતાં, શ્વાસક્રિયા સૌ કરતાં છતાં
‘તે કરતો ન કૈં હું તો’ તે આપોઆપ થાય શાં !
કર્તૃત્વભાન ના એમાં, તેમ સંન્યાસી કર્મમાં. ૪૬-૪૭

બોલવું, ચાલવું, એ સૌ ક્રિયા, તે કરતો છતાં,
સ્વભાવે ઇંદ્રિયો વર્તે સ્વ- સ્વ- તે ગુણધર્મમાં. ૪૮

શારીરિક ક્રિયા હોય સ્વાભાવિક નીરોગીની,
દેવાપણું નથી હોતું તેને કૈં ધ્યાન તે મહીં. ૪૯

છોડતાં ફળની તૃષ્ણા શાંતિ શી જ્ઞાની પામતા !
કામી, અજ્ઞાની તો બદ્ધ કર્મના ફળમાં સદા. ૫૦

'કર્મ, કર્તૃત્વ ને કર્મફળનો યોગ ના થતો
પ્રભુને તો, થતો એ તો, ભોગ પ્રકૃતિને બધો. ૫૧

કોઈનું પાપ કે પુણ્ય લઈ ના શકે પ્રભુ શિરે,
આવૃત્ત જ્ઞાન અજ્ઞાને મોહાયે **જીવ** તેથી તે. ૫૨

નીરોગી જેમ તે આત્મા શરીરે તે રહે છતાં
પોતે અલિપ્ત છે, તે કૈં કરતો નથી જાણ ત્યાં'. ૫૩

*માટે હે અર્જુન ! તારે અને માનવીમાત્રે તમામ કર્મો બ્રહ્માર્પણ કરવાં કે જેથી દિવ્ય પરમ શાંતિમાં જ રહેવાય.*

## અનાસક્તની દિવ્ય શાંતિ

'મનુષ્યે કરવાં તેથી સૌ કર્મ બ્રહ્મ-અર્પણ,
બ્રહ્મને જ નિમિત્તે તો કરવાં કર્મ, અર્જુન ! ૫૪

કર્મ સમર્પવાકેરી ભાવનાથી થયાં કર્યે,
બ્રહ્માર્પણ સદા, તેની બુદ્ધિ 'પ્રજ્ઞા' તદા બને. ૫૫

પાપ કે પુણ્યનો પુંજ તે નથી રચતો અને,
પાણીમાં પદ્મની જેમ કોરો, કર્મ કરી રહે. ૫૬

કેળવી છે અનાસક્તિ જેણે, તે યોગી નિત્યનાં,
કાયા ને મન, બુદ્ધિથી કર્મ સૌ કરતો છતાં,
છોડીને હુંપણું સર્વ વર્તે જે સંગ વર્જીને,
શુદ્ધ તે થાય છે પૂરો, પામતો દિવ્ય શાંતિને. ૫૭-૫૮

મનાદિ પ્રકૃતિથી જે સંપૂર્ણ હો અલિપ્ત ને,
વર્જ્યો છે સંગ એ રીતે તે અનાસક્ત જાણજે. ૫૯

શ્વાસાદિની ક્રિયા જેમ સહજ કર્મ આચરે,
કરંતો કર્મ તે, તોયે કરંતો કર્મ ના દીસે'. ૬૦

*બ્રહ્માર્પણ કરનાર યોગીનું મહત્ત્વ અર્જુનના દિલમાં વધુ ઠસાવવા માટે એનું બીજી રીતે પણ મનોહર વર્ણન શ્રીભગવાન કરે છે.*

## યોગીની સ્થિતિ

'જે સ્પર્શ-જન્ય ભોગો સૌ, દુઃખનું મૂળ તે મહા,
આદ્યંતયુક્ત ભોગોમાં જ્ઞાની તે ના રમે કદા. ૬૧

મૃત્યુને આવતાં પ્હેલાં શમાવી કામ, ક્રોધને,
પોતાનામાં રમે પોતે તે નિજાનંદ યોગી છે. ૬૨

ભ્રમર મધ્ય દૃષ્ટિને એકાગ્રે પ્રાણ રોકતાં,
વિષયોથી થઈ મુક્ત ધારીને લક્ષ્ય મધ્યમાં,
ત્યજાતાં ભય, ક્રોધાદિ મન સંયમ મેળવે,
તે વેળા ઓળખે પોતે પોતાને એકરૂપ તે. ૬૩-૬૪

પરોવાયેલ ર્‌હે બીજા અયોગી પરિણામમાં,
કેદીની જેમ બંધાયે પોતાના કર્મપાસમાં. ૬૫

નવ મુખોતણા દેહે મનથી કર્મ ત્યાગીને,
કરંતો ના, કરાવે ના, યોગી એમ સુખે રહે. ૬૬

આત્મા સંસ્કારી સંશુદ્ધ પાપ કે પુણ્ય ના કરે,
અલિપ્ત નિત્ય ર્હે તેવો ને આનંદે સદા વહે. ૬૭

આસક્તિ લીધી છે ખેંચી સર્વ કર્મો થકી બધી,
અહંભાવનું થાયે તો ત્યાં રૂપાંતર ચિત્તથી. ૬૮

પ્રભુપ્રીત્યર્થનો ભાવ આચરાયા વિના પૂરો,
ફળેચ્છાકેરી આસક્તિ કેમે ખસે ન, છો મથો. ૬૯

પ્રભુની ભક્તિ એકાગ્ર કેંદ્રિત કરણેન્દ્રિયે
જેની છે થઈ સંપૂર્ણ, તેને આસક્તિ કૈં ન છે. ૭૦

ફળત્યાગ કર્યો જેણે, વર્તે શો જડવત્ બની !
નિમિત્તમાત્ર તે થાયે, સ્પર્શે તો પાપપુણ્ય શેં ?' ૭૧

જ્ઞાનીમાંયે થતું કર્મ, કો કર્મ પ્રેરનાર તે ?
જ્ઞાની અનિચ્છ સંપૂર્ણ, ધક્કો તો ક્યાંથી કર્મને ? ૭૨

નિમિત્ત જ્ઞાનીને તેથી, વર્ત્યાં નિમિત્તથી કરે,
ગતિ નિમિત્તમાંની જે આત્માની ગતિ જાણજે. ૭૩

*એનાથી ઊલટું પાપપુણ્યનો મેળ રાખી કર્મ કરનારા અજ્ઞાનીઓ જ કૂવામાં ઊંડા ને ઊંડા ઊતરે છે.*

## અજ્ઞાનીની દુર્દશા

'ઊલટું એથી, અજ્ઞાને પડેલા સર્વ જે જનો,
તેઓ જ નિત્ય રાખે છે મેળ સૌ પાપપુણ્યનો. ૭૪

કરંતાં કર્મ એ રીતે ઊંડે ઊતરતા જશે,
એને કર્મે રહી જાશે અંતે તો 'પાપ' નિશ્ચયે.' ૭૫

*પણ જે પાપપુણ્યનો નહિ પણ જ્ઞાનનો જ મેળ રાખે છે, તે જ નિર્મળ થાય છે અને તેનાં કર્મ પણ નદીની માફક સરળ સરળ વહ્યે જાય છે.*

## જ્ઞાનીનાં કર્મો

'જેમ અજ્ઞાનનો નાશ કરતો જાય જ્ઞાનથી,
સ્ફુર્યાં કરે સદા તેનાં કર્મે નિર્મળતા સહી. ૭૬

થવાતાં નાશ અજ્ઞાન એનાંયે લક્ષણો ખરે,
મનાદિકરણોમાં શો ફેરફાર થતો દીસે ! ૭૭

તેનાં સર્વેય કામોમાં પૂર્ણતા ને પવિત્રતા,
આપમેળે જ સર્જાય સમદર્શી રહે સદા. ૭૮

આવા મનુષ્યનાં કર્મ સ્વાભાવિક જ લાગતાં,
વહ્યો જાયે ગતિ એની પ્રવાહ જેમ સર્વદા. ૭૯

શો જીવમાત્રનો મિત્ર ! સૃષ્ટિનો સ્વામી તે મહા,
તેવા પૂરા મને પામે, પામે છે શાંતિ દિલમાં.' ૮૦

*એવો કર્મયોગી સમદૃષ્ટિ થઈ જાય છે અને પૂર્ણ સમત્વને પામે છે.*

## સમત્વપૂર્ણ યોગી

'વિદ્યાવિનયથી યુક્ત ને બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ,
ગૌ, હસ્તિ, શ્વાન, ચાંડાળ, ગણે છે સર્વ તે સમ. ૮૧

સ્વભાવ, પ્રકૃતિ જેવાં જેવું જેવું નિમિત્ત છે,
તેવા તેવા પ્રમાણે તે વર્તતો જ્ઞાની જીવને. ૮૨

જે સાથે વર્તવાનું છે, કિંતુ તે સાથ અંતરે,
ગમે તેવાં ભલે તે હો, પોતે સમત્વ ધારશે. ૮૩

સમત્વમાં કશો એવો એને ના ફેરફાર છે,
કળા શી વર્તવાકેરી જ્ઞાનીની જુદી જુદી છે ! ૮૪

સરખો, એકધારો તે સમત્વની હકીકતે,
તેમાં ના આંચ આવે છે, ત્યાં શી નિપુણતા જ છે ! ૮૫

આવા તે સરખા ભાવે સર્વની ભક્તિ તો કરે,
ને તુચ્છકાર કે માન 'નાનાંમોટાં' ગણી હૃદે. ૮૬

'મોટા'થી તે નથી નાનો, મોટો નાના થકી ન તો,
સમત્વ દૃષ્ટિવાળો તે પૂરું સમત્વ પામતો.' ૮૭

*આવો પૂરું સમત્વ પામેલો યોગી શું કરે, કેમ વર્તે વગેરે લક્ષણો જણાવે છે.*

## સમત્વપૂર્ણનાં લક્ષણો

'હો અનાસક્ત સંપૂર્ણ દેવાદાર ગણી હૃદે,
લ્હેણું દે સર્વને પોતે, એવો દે ન્યાય સર્વને. ૮૮

એવાના ન્યાયની રીત સંસારી રીતની નથી,
છે દ્વંદ્વગુણના ઊર્ધ્વે એના ન્યાયની રીત શી ! ૮૯

ન્યાય તે સરખાવાને એના જો બેસશું કદી,
આપણી રીત તોળાતાં, અન્યાય થાય શો તહીં ! ૯૦

'બંનેની પરિસ્થિતિમાં બંનેની ભૂમિકાતણો,
સમૂળગો જ શો ફેર !' લક્ષ તે દિલ રાખજો. ૯૧

વિશ્વને જીતી લીધું છે એવાયે અહીં અર્જુન !
બ્રહ્મનિષ્ઠા વિશે રહેતો કર્તવ્યરત તત્પર. ૯૨

એનું પ્રિય કરે કોઈ, ફુલાતો તે થકી ન એ,
કોઈ જો ગાળ દે, તેથી દુભાતોય વળી ન તે. ૯૩

બહારથી સુખ શોધે છે આસક્તિયુક્ત માનવી,
મેળવે છે અનાશક્ત શાંતિ અંતરથી ઘણી,
કેમ કે બહારથી તેણે લીધો છે ખેંચી **જીવ**ને,
ઇંદ્રિયોજન્ય ભોગો સૌ દુઃખનાં કારણો ખરે. ૯૪-૯૫

કામક્રોધ થકી ઊઠે જે જે સર્વ ઉપદ્રવો,
અંતરે માનવીકેરા, સહી લેવા ઘટે સહુ. ૯૬

મન, બુદ્ધિ, અહં, પ્રાણ પ્રભુમાં લગ્ન રાખીને,
સહી તે લેતી વેળા ના તેમાં લક્ષ પરોવવું.' ૯૭

સાધક જ્યાં સુધી જ્ઞાની પૂરેપૂરો થયો ન છે,
મનાદિકરણોમાં ત્યાં કામક્રોધાદિ જાગશે. ૯૮

જાગતાં જાગતાં કિંતુ બુદ્ધિ શ્રેયાર્થીની પથે,
જાગ્રતિ સેવીસેવીને સીધો રહેવા સદા મથે. ૯૯

કામક્રોધાદિથી જે જે ઉપદ્રવો થતા રહે,
સહી લેવાની શક્તિયે સામાન્ય જનને ન છે. ૧૦૦

કિંતુ શ્રેયાર્થી જે પક્વ જીવને પૂર્ણ, માત્ર તે
શો ઉપદ્રવને તેવા સહેવા શક્તિવાન છે ! ૧૦૧

બાકીનાનું ગજું તેમાં જીવને તો કશું નથી,
તણાયાં કરવાના તે કામક્રોધ પ્રવાહથી. ૧૦૨

*આમ, જોકે અંતરમાં સમાયેલો રહે છે, પણ તેથી જ એ બધાં પ્રાણીઓના હિતમાં પણ યોગ્ય રીતે વર્તે છે. એવાં બીજાં અનેક લક્ષણો એનામાં દેખા દે છે.*

## સમત્વપૂર્ણનાં બીજાં લક્ષણો

'હિતે પ્રાણીતણા સર્વે અનાસક્ત મચ્યો રહે,
પીડાતો નથી સંદેહે એવો યોગી કદીય તે. ૧૦૩

નિઃસ્પૃહી ને નિરાળો ર્હે તે યોગી બાહ્ય વિશ્વથી,
કૈં બીજા વિષયો એવા સ્પર્શી એને શકે નહીં. ૧૦૪

પ્રાણાયામ વગેરેની ભાવના ધરીને જીવે,
અંતર્ધ્યાન રહે ઊંડો નિષ્કામ કર્મયોગી તે. ૧૦૫

નિશ્ચળ પ્હાડના જેવો, નિશ્ચિંત શો બધી રીતે !
નિશ્ચિત 'નિર્ણયોમાં તે', એની નિર્મળ દૃષ્ટિ છે. ૧૦૬

ઈચ્છા, કામ, ભય, ક્રોધ, રાગદ્વેષાદિથી ખરે,
રહીને વેગળો એવો યોગી શો અંતરે રમે ! ૧૦૭

કામક્રોધાદિનાં વ્હેણો એનામાં શમી જાય છે,
ડ્હોળાય ત્યાં ન તે, એવો મુક્ત આનંદમાં રમે. ૧૦૮

નિમિત્તો પ્રગટે જે જે તેનો મર્મ પિછાનીને,
કેવાં નિમિત્તવાળાનાં પ્રકૃતિ ને સ્વભાવ છે !
તે તે જાણી પ્રમાણે તે વર્તશે સર્વ સાથ તે,
કિંતુ સમત્વ સૌ સાથે એકધારું શું એનું છે ! ૧૦૯-૧૧૦

બધાં સાથે જ વર્તે છે પોતે તદ્રૂપ શો થઈ !
છતાં સાક્ષિત્વ જીવંતું એનું ચેતતું દિલથી. ૧૧૧

પોતે નોખો બધાં સાથેતણા વર્તનથી નર્યો,
આપ, આપમાં પૂર્ણ ભાવે જીવનમાં ભર્યો. ૧૧૨

જેમાં તેમાં જુએ હૈયે મુજને ભક્તિપૂર્વક,
કર્તાહર્તા મને માને બધાંનો જ્ઞાનપૂર્વક. ૧૧૩

મને યજ્ઞાદિનો ભોક્તા, બધાંનોય મહેશ્વર,
સહુ પ્રાણીતણો મિત્ર જાણે યોગી જ કોઈક. ૧૧૪

એવો કોઈક યોગી જે શાંતિ સંપૂર્ણ મેળવી,
રહે મુક્ત મને પામી તે મારા રૂપની મહીં.' ૧૧૫

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૬ ઠ્ઠો

## (અધ્યાત્મયોગ)

*અર્જુન પ્રિય મિત્ર હોવાથી તેના સંશયો પૂરેપૂરા દૂર કરવા શ્રીભગવાન પોતાનું બધું કરી છૂટે છે. તેથી, ફરીફરીને કહે છે કે યોગી છે તે જ સંન્યાસી છે.*

## યોગી-સંન્યાસી

વદે છે પાર્થને કૃષ્ણ વિશેષ સમજાવવા,
થવા સંશયથી મુક્ત કરે છે તે પ્રયત્ન શા ! ૧

'ફળ આશ્રય છોડી જે કર્તવ્યકર્મ આચરે,
સંન્યાસી ને વળી યોગી કહી બંને શકાય તે.' ૨

છતાં શા એકબીજાથી ભિન્ન તો નવ હોય છે !
તેવા બંને વિશે એક, બંને શા એકમાં જ તે ! ૩

'સંન્યાસી યોગી તે હોય, યોગી સંન્યાસી હોય છે,
ભેદબુદ્ધિ જ એમાં છે', જાણી લે તેમ નિશ્ચયે. ૪

પણ, એવો યોગી-સંન્યાસી એટલે આળસુ નહિ. એણે પણ કર્મ તો કરવાનાં જ છે. કર્મયોગથી સમત્વ અને સમત્વથી શાંતિ તેને મળે છે.

## કર્મયોગથી શાંતિ

'ક્રિયામાત્ર કરી ત્યાગ રહી બેસી જ આળસુ,
દોડાવે મનના ઘોડા, નિશ્ચે તે કર્મ છોડવું. ૫

યોગની સાધના માટે યોગ્ય છે કર્મસાધન,
થશો તો યોગ આરૂઢ કર્યે શમાદિ સાધન. ૬

અનાસક્ત થવા કાજે ફળેચ્છા ત્યાગવી ઘટે,
ભાવના, ગુણ ને શક્તિ કેળવાવા જ કર્મ છે. ૭

દૃઢાવવા પ્રભુભાવ ને પાદે તે સમર્પવા,
વિકાસાર્થે મળેલાં છે પ્રયોગાત્મક કર્મ શાં ! ૮

કર્મ વિના કદી ભાવ સાકાર તે ન થાય છે,
થવા સંપૂર્ણ સાકાર ભાવ, કર્મ જરૂરી છે. ૯

કર્મ આધારથી ભાવ નક્કર, વાસ્તવિક તે,
થયા કેવો કરે પક્વ સ્વાભાવિક જ જીવને ! ૧૦

કર્મમાં જ્યાં પરિપક્વ ભાવ સંપૂર્ણ હોય છે,
તેવાં કર્મ ખરે સાચો કર્મયોગ પ્રમાણજે. ૧૧

કર્મમાં લક્ષ જેનું છે કર્મમાં ધ્યાન જેનું છે,
કર્મમાં દિલ સંપૂર્ણ એકાગ્ર ભાવમાં જ છે,
જે ઓતપ્રોત કર્મે છે ધારી શો ભાવ અંતરે !
તેવો શો કર્મયોગી છે ! કર્મનો યોગ્ય હેતુ તે. ૧૨-૧૩

એવો જે યોગી સંપૂર્ણ તેના સંકલ્પમાત્રમાં,
સર્વ કર્મ સમાયાં છે, એમાં સંશય ના જરા. ૧૪

સમત્વ એટલે યોગ, તે ચાહે કોઈ સાધવા,
ચાલતું ના વિના કર્મ તેને તો કદીયે જરા. ૧૫

વિષયાધાર સંકલ્પ, વિષયો તેથી છોડી દૈ,
સંકલ્પમાત્ર છોડે જે માત્ર તે યોગી થૈ શકે. ૧૬

વિષયો ઇંદ્રિયાધારે તેનું મમત્વ છૂટતાં,
મટે તે પછી સંકલ્પ, યોગારૂઢ થવાય ત્યાં. ૧૭

પ્રાપ્ત એવું થયું જેને સમત્વ, તે મનુષ્યમાં
શાંતિ અનુભવે આવે, એમાં સંદેહ કાંઈ ના.' ૧૮

*આવા યોગીના વિચારમાત્રમાં ક્રિયાશક્તિ છે અને તેનું મન તરંગ વગરનું છે અને તેવો કહેવાય છે, યોગારૂઢ.*

## યોગારૂઢ

'વિચારમાત્રમાં તેનાં કર્મનું બળ તે સમે,
ઊગેલું હોય છે પાકું, કર્મે રાચે ભલે ન તે. ૧૯

ત્યારે તે ઇંદ્રિયોકેરા વિષયોમાં નહિ રમે,
મનના છોડી દેવાયે ત્યારે તરંગમાત્રને. ૨૦

એવું અનુભવાતાં તે 'યોગારૂઢ થયો પૂરો',
સાધે જે યોગ એવો તે વસે છે પરબ્રહ્મમાં.' ૨૧

*આવી યોગસિદ્ધિ માટે પોતે જ પોતાનો મિત્ર કે શત્રુ છે-નહિ કે બીજું કોઈ-એમ અનુભવી, સાધકે મનને જીતવાનું છે.*

## પોતે જ શત્રુમિત્ર

'ઉદ્ધાર થાય આત્માનો આત્મથી જ પૂરેપૂરો,
પ્રત્યેક પોતપોતાનો શત્રુ કે મિત્ર તેથી તો. ૨૨

જીત્યું છે મનને જેણે પોતે શો મિત્ર તેમનો !
જીત્યું ના મનને જેણે પોતે તો શત્રુ આપનો.' ૨૩

*મનને જીતનાર યોગીને ઓળખાવનારી અને એ રીતે અર્જુનને તે માર્ગે જવા પ્રેરનારી, એક વળી નવી વ્યાખ્યા શ્રીભગવાન કહે છે.*

## યોગીનાં લક્ષણો

'જીત્યું છે મનને જેણે એની ઓળખ એવી કે,
સુખદુઃખાદિ દ્વંદ્વો સૌ તેને તો સમ હોય છે. ૨૪

છે અનુભવ, છે જ્ઞાન જેને, જે છે અચંચલ,
કાબૂ છે મેળવ્યો જેણે પૂરતો ઈંદ્રિયો પર.
પથરો, સોનું કે માટી જેને સર્વ સમાન છે,
સંતૃપ્ત જ્ઞાન-વિજ્ઞાને તે બાહ્યાંતર એક ર્હે. ૨૫-૨૬

પથરો, સોનું, માટીમાં ભલે હો સમભાવ તે,
પરંતુ અર્થ તેનો તો, નિઃશંક સ્પષ્ટ એ જ કે
તે દ્રવ્યતણો સ્થૂળ પોતે તો ભેદ પારખે,
છતાં પાછો બધામાં તે શો અનાસક્ત પૂર્ણ છે ! ૨૭-૨૮

ગમા, અણગમા, સર્વ જેમાં તેમાંથી પૂર્ણતઃ
નીકળી છે ગયા, તેવો તે તે દ્વંદ્વથી મુક્ત જ. ૨૯

શત્રુ, મિત્ર અને સાધુ, અસાધુ આદિ સાથ જે,
સમભાવથી વર્તે છે સાક્ષી યોગી હંમેશ તે.' ૩૦

કિંતુ નિમિત્ત જેવાં હો તેને પ્રમાણ રીતનું,
જ્ઞાનીયોગી સદા વર્તે તેમાં સંશય ના કશો. ૩૧

રાંધવાની ક્રિયા જેવી જે રીતે તે થતી હશે,
તેને તે જ પ્રમાણે તે શી કરવાની હોય છે ! ૩૨

જ્ઞાની, યોગી રીતે તેવી શો નિમિત્તે પ્રવર્તતો,
કદીક શો રડે ! પાછો હસે કેવો શિશુ સમો ! ૩૩

રંગઢંગ અનેકે શા એવાના હોય જીવને !
એને પારખવાના તે માપદંડ ન હોય છે. ૩૪

એવાનાં લક્ષણોને તો શકે જે જાણી ભક્ત છે,
છે આંતરિક તે સર્વ, બાહ્યથી સમજાય શેં ? ૩૫

*યોગીની આવી રીતે અનેક પણ સચોટ વ્યાખ્યા આપી તે તરફ અર્જુનનું ચિત્ત ખેંચી, હવે તે સ્થિતિ મેળવવા શું કરવું તે કહે છે.*

## સાધના

'એ સ્થિતિ પ્હોંચવા કાજે આ બંને કરવાં પડે,
વાસનામાત્રનો ત્યાગ, ને પૂરું મનને સ્થિર. ૩૬

આસનાદિ ક્રિયા માત્ર એ અર્થે પૂરતું નથી,
સંયમો, નિયમોકેરું થવું પાલન ઈષ્ટ છે. ૩૭

મસ્તક, ડોક ને કાયા ટટાર સ્થિર રાખીને,
દેખવું નાસિકાગ્રે ને એકાગ્રે દૃષ્ટિ ધારીને. ૩૮

સમત્વે પ્હોંચવા માટે જરૂરી વળી લાગતાં,
બ્રહ્મચર્ય અને બીજાં ઘટે તે વ્રત પાળવાં. ૩૯

નિશ્ચય, દૃઢતાદિ સૌ ગુણો એવા બીજા સહી,
કેળવાતાં જતાં પૂરા, જાગશે ભાવ દિલથી. ૪૦

નિરાગ્રહ, અનાસક્ત, નિષ્કામ, મોહવર્જિત,
નિર્લોભ, રાગદ્વેષેથી મુક્ત એવો જ જે નર,
સમત્વ પાળવા યોગ્ય નિશ્ચે જાણ તું અર્જુન. ૪૧

એવું બધું થવા કાજે '**હરિ**માં જે પૂરેપૂરો,
જીવને જે દૃઢાયેલો', એવો વહે સમત્વને. ૪૨

બ્રહ્મચર્ય વિના કેમ શી એકધારી ધારણા
ટકે શેં કૈં કશામાંય ? શો અનિવાર્ય ગુણ ત્યાં ! ૪૩

ભાવના, ગુણ, શક્તિમાં એકધારું જિવાડવા,
બ્રહ્મચર્ય વિના એવો બીજો કોઈ ઉપાય ના. ૪૪

સમુદ્ર તરવા કાજે હોડી સાધન યોગ્ય છે,
પ્રભુ મેળવવા તેવું બ્રહ્મચર્ય જરૂરી છે. ૪૫

મનાદિકરણો પૂરાં એકાગ્ર દિલ કેંદ્રિત,
બ્રહ્મચર્ય વિના કેમે થવાયે ના પ્રભુરત. ૪૬

ગૃહસ્થાશ્રમી જે કોઈ તેને સંસારી કર્મમાં,
સંયમે વર્તવાનું છે, ઋતુની પેર ધર્મમાં. ૪૭

છોડવા જોઈશે એણે સ્વચ્છંદ સૌ પ્રકારના,
રાગ, મોહાદિ શત્રુને નિશ્ચયે જીતવા પડે. ૪૮

શમ, દમાદિથી પૂર્ણ જીવને તો થવું પડે,
સૌ વ્યવહારમાં એના યમ, નિયમ હોય છે. ૪૯

જેમાંતેમાંય રાખે છે મોખરે પ્રભુને હૃદે,
કરે જે જે, સમર્પે છે ભક્તિથી પ્રભુને પદે. ૫૦

ગૃહસ્થાશ્રમી એવો જે સંસારમાં ભલે હશે,
પ્રભુને મોખરે રાખી જીવે જે એમ તે રળે. ૫૧

બેસી એકાંતમાં ધ્યાન પ્રભુનું ધરવું સદા,
પરોવી રાખવું તેમાં શ્રદ્ધાથી ચિત્ત સર્વદા. ૫૨

જ્વાળામુખી સમી જેની જિજ્ઞાસા આમ ઉત્કટ,
જીવંત તીવ્ર શ્રદ્ધા છે, તેનું રહે ધ્યાન સુદૃઢ. ૫૩

થયેલો આસને બદ્ધ, યમ ને નિયમોતણું,
કરે પાલન પૂરું ને વ્રતો આચરતો રહે,
સ્થિર રાખે પરબ્રહ્મે મનને વાળી વાળીને,
પરમ, દિવ્ય શી શાંતિ મળે છે પછી એહને ! ૫૪-૫૫

*આવી યોગની પરમ દિવ્ય શાંતિ કોને ન મળે, એ જણાવી તેનાથી દૂર રહેવાનો ઉપદેશ આડકતરી રીતે આપે છે.*

## મધ્યમ માર્ગ

(હરિગીત)

'અકરાંતિયા, ઉપવાસી, નકરા ઊંઘનાર ઘણું અને
ઉજાગરા કરનારનેયે નહિ સમત્વ કદી મળે. ૫૬

(અનુષ્ટુપ)

સમત્વ પામવા જેને જિજ્ઞાસા હ્રદયે વસે,
ક્રિયાઓ સર્વમાં તેણે સપ્રમાણ થવું ઘટે. ૫૭

જેમાં તેમાં બધાંમાંયે સપ્રમાણ થવા પૂરું,
પ્રયોગ આદર્યા વિના સમત્વ ક્યાંથી પામવું ? ૫૮

(હરિગીત)

એક દિવસે ખૂબ ખાવું, ખાવું નહિ બીજે દિને,
એક દિવસે ખૂબ ઊંઘી, ઊંઘવું નહિ દિન બીજે. ૫૯

(અનુષ્ટુપ)

યોગ્ય આહાર, વિહાર તેમ હો સર્વ કર્મમાં,
સપ્રમાણ સદા એવું જેમાં તેમાં જ યોગ્ય હા !' ૬૦

રમવા, ફરવા, સૂવા, પીવા-સૌ વ્યવહારમાં,
શ્રેયાર્થીએ જ શા યોગ્ય નિયમો તેથી પાળવા. ૬૧

નિદ્રા, આહાર, આદિમાં પૂર્ણ સંયમ ધારતાં,
સૌ શરીરની ક્રિયાઓ આચરો વશ ર્હે-રીતે. ૬૨

સૌ વાતે વર્તવાનો તો માર્ગ મધ્યમ રાખજો,
ચિત્ત વિક્ષિપ્ત ના થાય, હો વ્યવહાર એમ સૌ. ૬૩

*આમ, વચમાં એક દીવાદાંડી જેમ ચેતવણી આપી યોગીની સ્થિતિનું વર્ણન આગળ ચાલે છે.*

## યોગીની સ્થિતિ

(અનુષ્ટુપ)

'યોગી સદાય તો પૂરો સ્થિરચિત્ત હશે મને,
કામનામાત્રનો ત્યાગ થતાં નિઃસ્પૃહી તે બને. ૬૪

જે સ્થળે હોય ના વાયુ, દીપ ત્યાં સ્થિર જેમ ર્‌હે,
યોગીનું મન છે તેવું કશાથીયે ન તે ચળે. ૬૫

યોગીના ચિત્તમાં પૂરો પાકો સંયમ હોય છે,
સમાધિલગ્ન એકાગ્ર થતાં તે રસમાં રમે. ૬૬

નિમિત્તે ઊઠતાં જે જે મોજાં સૌ 'આમતેમ' નાં,
બને જે કૈં જગે ખેલો, એને ના અફળાવતાં. ૬૭

*આવા યોગી થવા માટે પ્રયત્નમાં દૃઢતા રાખી મનને વશ રાખવાનું છે અને તે ખંત અને પરિશ્રમથી બને.*

## સાધના

શ્રદ્ધાથી દૃઢતા પ્રેરી ખંતે યત્ન કર્યે જતાં,
યોગ આ આચરાયે છે, પામે ઐશ્વર્ય તે તદા. ૬૮

મન ચંચળ દોડે છે આમથી તેમ અર્જુન !
એથી એને ધીમે ધીમે પ્રયત્ને રાખજે સ્થિર. ૬૯

એકાગ્ર થાય જો યત્ને, શાંતિ તો જ મળી શકે,
આત્મચિંત્‌વનમાં લગ્ન રાખજે તે નિરંતરે. ૭૦

'શ્રદ્ધાવિશ્વાસ' જીવંત ચેતનાત્મક જન્મતાં',
આત્માની શક્તિ શી દિવ્ય જન્મે અનુભવે તદા ! ૭૧

આત્માનુભવ ઇંદ્રિયો ના શકે જાણી તે કદા,
પ્રજ્ઞાથી સમજાયે તે આનંદે ન્‌હાય તે સદા. ૭૨

પૂર્વગ્રહો બધાથીયે, શંકા, સંશય, સર્વથી
તર્ક, વિતર્કથી મુક્ત થતાં, પ્રજ્ઞા થતી મતિ. ૭૩

**જીવદશા**ની બુદ્ધિમાં પૂર્વગ્રહો અનેક છે,
કામક્રોધાદિ વૃત્તિમાં પરોવાયેલ બદ્ધ તે. ૭૪

સંશય, તર્ક, વિતર્કે, શંકા, દલીલબાજીથી
આવરાયેલ જે બુદ્ધિ તેમાં ભાવ ઠરે નહિ. ૭૫

ભક્તિના રંગથી જ્યારે બુદ્ધિ રંગાઈ જાય છે,
ભક્તિરંગ પ્રવેશાતાં સંપૂર્ણ બુદ્ધિને વિશે. ૭૬

પળેપળ **હરિ**ભાવ જેમાં સંપૂર્ણ નીતરે,
ત્યારે બુદ્ધિ થતી પ્રજ્ઞા, પ્રજ્ઞા શી આત્મ ઓળખે ! ૭૭

*પછી બધે ઠેકાણે જુદી જુદી દેખાતી વસ્તુઓમાં અભેદ દેખતો અને અભેદ પામતો યોગી સર્વત્ર અભેદપણે મારાં જ દર્શન કરે છે. એનાં કાર્યોમાં પૂર્ણતા જ હોય.*

## યોગીની દૃષ્ટિ

'થયો જે લીન મારામાં, બધે એ મુજને જુએ,
આપ પોતે મટ્યો તેવો, ગમે તે કરતો છતે,

પરોવાયેલ ર્હે છે તે નિત્ય મારામહીં ખરે,
કદીયે હાથથી તેના અયોગ્ય કર્મ ના થશે. ૭૮-૭૯

ગમે તેવું ભલે લાગે તેમાં કલ્યાણ હેતુ છે,
જ્ઞાની યોગીતણો હેતુ પરિણામે જણાય તે. ૮૦

**જીવો**ને સર્વ તે પેખે પોતાના મહીં અર્જુન !
ને બધાંને વિશે દેખે પોતાને વળી તે જન. ૮૧

કેમ કે સર્વની માંહી જુએ છે તે સદા મને,
મારા વિશે બધાંનેયે તે નિહાળી રહ્યો હૃદે.' ૮૨

*અર્જુન જેવા મહાપરાક્રમી વીરને પણ (સાધના કરવા માટે ઉત્સુક અને સર્વસ્વ ત્યાગવા તત્પર એવા **જીવ**ને પણ) આવો યોગ અઘરો લાગ્યો તેથી અર્જુન પૂછે છે :-*

## મનની ચંચળતા

અઘરો યોગ આ લાગ્યો તેથી પાર્થ પૂછે હવે,
'પામી શકાય, કહો, આવી શી રીતે આત્મમગ્નતા ? ૮૩

મન તો વાંદરા જેવું, દબાવાયે જ વાયુ જો,
સંયમે તે રહે, કિંતુ આ તે શેં વશ થાય ? કહો. ૮૪

લાગે અશક્ય આ તો સૌ, એમાંનું ના બને હુંથી,
વધારે ઊલટો હું તો થયો દિઙ્મૂઢ સાંભળી.' ૮૫

*મન ગમે તેટલું બળવાન હોય તોપણ તે વશ જરૂર થાય છે. તે કેવી રીતે થાય તે હવે શ્રીભગવાન કહે છે.*

## મનોનિગ્રહના ઉપાય

કૃષ્ણે ઉત્તર ત્યાં વાળ્યો, 'કહે તું સાચું, તે છતાં,
કરી લે દૃઢ સંકલ્પ, એ વિશે એક વાર તું. ૮૬

એક વાર કર્યો જો હો સંકલ્પ તો પછી, ચહી
પાળવાને પૂરેપૂરું મંડ્યા રહેવું ખંતથી. ૮૭

ચળ્યા જો પાળવામાંથી, નિશ્ચયશક્તિ દિલની,
વધારે ને વધારે તો થયાં જ કરશે ઢીલી. ૮૮

સંકલ્પ જે થયો હોય, તેને પાર ઉતારવા,
મરી, મથી જ સંપૂર્ણ સંકલ્પ સિદ્ધ તે થતાં,
નિશ્ચયબળ ત્યારે શું ઊગે અપાર જીવને !
અનુપમેય તે શક્તિ કેવો પ્રચંડ વેગ તે ! ૮૯-૯૦

યેનકેન પ્રકારેણ થવા સંકલ્પ સિદ્ધ તે
કોટિ ઉપાયથી એને કરવો પૂર્ણ જીવને. ૯૧

યદ્વાતદ્વા ઉપાયોથી સિદ્ધ કેમે ન તે થશે,
છંછેડી મૃત્યુનેયે તે પૂર્ણ સિદ્ધ થવો ઘટે. ૯૨

અનેક વારના એવા સંકલ્પસિદ્ધિના નર્યા,
પ્રયોગોથી ભરેલું છે જીવન, જાણવું જ ત્યાં. ૯૩

સંકલ્પસિદ્ધિ શી ત્યારે પ્રતિષ્ઠિત થઈ હશે !
સંકલ્પસિદ્ધ તો એવા કોઈક વિરલા જ છે. ૯૪

મન છોને સદા હોય વાયુની જેમ ચંચળ,
શ્રદ્ધાથી એકમાં એને પરોવ્યાથી થતું સ્થિર. ૯૫

તેને વૈરાગ્ય-અભ્યાસે મથી મથી જ રાખતાં,
થવાનું નિશ્ચયે જાણ સ્થિર તે આત્મસ્થિતિમાં. ૯૬

નિરાગ્રહ, અનાસક્તિ, પૂર્વગ્રહોથી મુક્તતા,
હો નિર્મોહી જ નિષ્કામ, જેનામાં એની પૂર્ણતા. ૯૭

સંસારાદિક ક્ષેત્રોમાં મન જેનું ચળે ન ત્યાં,
સાચો વૈરાગ્ય તે જાણો આવે આત્મોપયોગમાં. ૯૮

એકના એક કર્મે જે એકધારું જ ચિંતવન,
શ્રદ્ધા સદ્ભાવથી ચાલે, અભ્યાસ જાણ ઉત્તમ. ૯૯

જેને છે પામવું તેની પ્રાપ્ત્યર્થે મંડવું સહી,
લગાતાર રહેવાનું મંડેલા એકતાનમાં. ૧૦૦

એકના એક તે કર્મે એકાગ્રતા દૃઢાવીને,
એકાકારપણાથી જે થતું, અભ્યાસ જાણજે. ૧૦૧

'કામ, ક્રોધ અને લોભ, અહં, મોહ વિનાનું જે
થતું ચિંતવન' જે કર્મે વૈરાગ્ય પાર્થ ! જાણ તે. ૧૦૨

વૈરાગ્યની ભૂમિકામાં અભ્યાસ જો થતો રહે,
અભ્યાસ ફળદાયી શો ! ને પરિણામ લાવશે. ૧૦૩

ને વૈરાગ્ય વિનાનો જે અભ્યાસ, છો ભલે થતો,
કાળાંતરે ફળે, તેથી શો વૈરાગ્ય જરૂરનો ! ૧૦૪

જે અસંયમી હો તેને યોગ મુશ્કેલ છે ખરે,
સંયમશીલ જે યત્ને, તેને તે પ્રાપ્ત થાય છે. ૧૦૫

રાગ ને દ્વેષ જીત્યાથી, પ્રયત્નો કરવાથી જે,
મુશ્કેલ તે કરી સ્હેલું શકાયે છે, તું જાણજે. ૧૦૬

ઘણાં મુશ્કેલ કર્મોને મનુષ્યે પાર પાડિયાં,
છતાં વિશ્વાસ કાં એનો તને ના આવતો હવાં ? ૧૦૭

જે કર્મ કરવું હોય તેને યોગ્ય થવું ઘટે,
જન્માવવા પરિણામ યોગ્યતા તો જ સાંપડે. ૧૦૮

એવો આ યોગઅભ્યાસ કર્યે જા તું નિરંતર,
શ્રદ્ધા, સદ્‌ભાવથી ખંતે પ્રેરાવી સ્થિર ત્યાં મન. ૧૦૯

સૌ સ્પર્શજન્ય શા ભોગ દુઃખમૂલક જીવને !
આશાઆસક્તિ જો તીવ્ર શા ક્‌લેશકર સર્વ તે ! ૧૧૦

લાલસાને, શી તૃષ્ણાને જન્માવી પ્રાણ-ઇંદ્રિયે,
શા અફળાવી મારે છે આમથી તેમ કાદવે ! ૧૧૧

કેવા ઇંદ્રિય સંસ્પર્શે સંકલ્પ ઉદ્‌ભવી નડે !
બાહ્યાંતરે મનાદિ સૌ સંયમે રાખવાં ઘટે. ૧૧૨

થતાં એમ પરિણામ જો ના દેખાય જીવતું,
તોયે નિર્વેદ ના પામી, સંયમે શા મથ્યા જવું ! ૧૧૩

અત્યંત ધૈર્ય આ માર્ગે કેવું જરૂરી લાગતું !
ધૈર્ય ચૂક્યો, બધું ચૂક્યો, એને ના મળતું કશું. ૧૧૪

પ્રયત્નવંત શા ધીમે ધીમે શી દઢતાથી તે,
આગળે વધવું પંથે ધરીને વૃત્તિ સંયમે. ૧૧૫

મનને તો વિના જીત્યે સાધવો યોગ શક્ય ના,
તે વિશે ના જરા શંકા રાખ તે વાત લક્ષમાં.' ૧૧૬

મનને જીતવા પૂર્ણ અડગ, દઢ, મક્કમ,
નિશ્ચય પ્રગટેલો શો હોવો ઘટે નિરંતર ! ૧૧૭

એવું થવા જ, તે કાજે ધ્યેયલગની ઉત્કટ,
જ્વાળામુખી સમી તીવ્ર ભભૂકેલી જ જો દિલ. ૧૧૮

તે વેળા મન સંપૂર્ણ ધ્યેયના વિષયે વળે,
જેમાં જેમાં નર્યો સ્વાર્થ મન નિશ્ચયી ત્યાં જ છે. ૧૧૯

મન નિશ્ચયી સંપૂર્ણ જ્યારે એવા નર્યા હ્રદે,
ગરજ, લગની, સ્વાર્થ, રસ સંપૂર્ણ હોય છે. ૧૨૦

મનનો દોષ ના કોઈ સ્વાર્થ સંપૂર્ણ જ્યાં હ્રદે,
મન તત્પરતા સાથે શું ઓતપ્રોત ત્યાં જ છે ! ૧૨૧

*પણ, માનવીને અજાણમાં ભૂસકો મારતાં કંઈ કંઈ ભય લાગે છે. અર્જુનને તેથી વળી બીજી શંકા થાય છે : 'પ...ણ, ધારો કે અર્ધે લટક્યા તો ? 'ન ઈધરના, ન ઉધરના', એમ તો ન થાય ?'*

## અર્જુનની શંકા

ત્યારે પાછો પૂછે પાર્થ, 'શ્રદ્ધા હોવા છતાંય જે,
પ્રયત્ને મંદ છે, તેથી ધ્યેય પામી નહિ શકે. ૧૨૨

પૂર્ણ પક્વ ન શ્રદ્ધા જ્યાં અધૂરા ત્યાં પ્રયત્ન છે,
પરિપક્વ થતાં પૂર્ણ શ્રદ્ધા પ્રચંડ શી વહે ! ૧૨૩

જેને ના નાચવું, તેને આંગણું વાંકું લાગતું,
શ્રદ્ધાનો દોષ ના એમાં, શ્રદ્ધાથી તો પમાતું સૌ. ૧૨૪

પડેલું વાદળું છૂટું જેમ કો નાશ પામતું,
પામતો તેવી રીતે ના નાશ એવો મનુષ્ય શું ? ૧૨૫

એવાની ગતિ શી થાય ? સમજાવો મને બધું,
પામે એવો દશા શી ? તે વિગતે કહો, પ્રભુ !' ૧૨૬

*પણ, જિજ્ઞાસુ શંકાશીલ અર્જુનનાં શ્રદ્ધાપ્રેમ ભગવાનમાં કેવાં છે, તે તો જુઓ !*

## અર્જુનની શ્રદ્ધા

'શંકા આવી પ્રભો ! મારી છેદવા યોગ્ય છે પૂરી,
આપના વિણ એ શંકા કોઈ છેદી શકે નહીં.' ૧૨૭

*આવાં શ્રદ્ધાપ્રેમયુક્ત વચનોથી શ્રીકૃષ્ણનું હૃદય ઊછળે છે અને અર્જુનને નિશ્ચયપૂર્વક પ્રતિજ્ઞા આપે છે કે એવાનો ક્યાંય નાશ નથી.*

## અભય વચન

વળતા બોલિયા ત્યારે પાર્થને ભગવાન ત્યાં,
'ખરે ! થાયે જ ના નાશ એવા શ્રદ્ધાળુનો કદા. ૧૨૮

કલ્યાણમાર્ગ લેનારો દુર્ગતિ નહિ પામશે,
ગમે તેમ થતાં એનું અકલ્યાણ નહિ થશે.' ૧૨૯

*એવા યોગભ્રષ્ટ જીવની મરણ પછી શી ગતિ થાય છે, તે જણાવી અર્જુનના મનમાંની આ વિશેની રહીસહી શંકા દૂર કરે છે.*

## યોગભ્રષ્ટની ગતિ

'પ્રમાણે કર્મની એવો મૃત્યુની પછી કોઈયે,
પુણ્યલોકે વસી પાછો આવે છે જગ ઉપરે. ૧૩૦

પવિત્ર ઘેર તે જન્મે, આવો છે જન્મ દુર્લભ,
કરેલો પૂર્વનો એનો ઊગી સૌ નીકળે શ્રમ.' ૧૩૧

જ્યાં સાનુકૂળ સંજોગો જીવનહેતુ સાધવા,
એવાં માતાપિતા વચ્ચે તે અવતરતો તદા. ૧૩૨

*'પણ, પૃથ્વી ઉપર આવીને ફરીથી એને એકડે એક તો ન ઘૂંટવો પડે ?' એવો અર્જુનને સંદેહ ઊપજે તે પહેલાં જ, એની એવી શક્ય શંકાનું નિવારણ કરે છે.*

## જન્મ્યા પછી

'સંસ્કારો શુભ તેના સૌ પૂર્વના કાંઈ જે હશે,
આપોઆપ ફળે સર્વે જન્મ્યા પછીથી જીવને. ૧૩૩

પુરુષાર્થ પછી એનો ઉત્કટ શો વધુ બને !
અંતે તે એમ સિદ્ધિને નિશ્ચયે પાર્થ ! પામશે. ૧૩૪

વહેલું કોઈ અને કોઈ વીત્યા જન્મ કંઈ પછી,
જેવું પુરુષાર્થનું જોમ, શ્રદ્ધા પોતાની જેવી હો,
તે પ્રમાણે જ પામે છે સમત્વ પાર્થ ! તે જન,
વિના શંકા મને પામે એવો જે કોઈ સાધક.' ૧૩૫-૧૩૬

જેનું છે ચિત્ત ના સ્થિર, વિક્ષિપ્ત જેનું ચિત્ત છે,
તેવોયે વળગી જો રૂહે 'ભાવનાથી પ્રભુ પદે'
અનેક જન્મમાં યત્ન તેના તેવા જ જો હશે,
કાળાંતરે છતાં સિદ્ધિ મળ્યા વિના જ ના રહે. ૧૩૭-૧૩૮

નિરંતરે પ્રયત્નો શા હૈયે શ્રદ્ધાથી, ધૈર્યથી !
કંટાળ્યા તે વિના, ચાલ્યાં આગળે શો કરે, ચહી ! ૧૩૯

શો જ્ઞાનોદયને બાધ જે કૈં કિલ્મિષથી હૃદે !
મલિન વાસના એવી થકી શો મુક્ત થાય છે ! ૧૪૦

અંતરે શો થઈ શુદ્ધ, વૃત્તિશૂન્ય થતાં પૂરો !
થાય છે પ્રાપ્ત તેવાને તે નિર્વિકલ્પ યોગ શો ! ૧૪૧

*હવે, યોગથી મળતા સમત્વનો મહિમા ગાતાં ગાતાં શ્રીભગવાન અર્જુનને (સાધકને) સમત્વ પામવાનો ઉપદેશ આપે છે.*

## સમત્વનો મહિમા

'કર્મકાંડતણાં કર્મો, તપજ્ઞાનાદિ યજ્ઞ જે,
મહત્ત્વ સમતાકેરું વિશેષે એ બધાંથીયે. ૧૪૨

કેમ કે છેવટે યજ્ઞ-તપાદિતણું જે ફળ
મળવું જોઈએ, એ તો સમત્વ છે જ નિશ્ચલ. ૧૪૩

સમત્વ તે થવા પ્રાપ્ત એકધારા પ્રયત્નને,
શ્રદ્ધાથી વળગી ખંતે નિશ્ચયે તે પમાય છે. ૧૪૪

કલ્પના માત્ર ના આ છે, જે અવિરત યત્નથી
પામ્યા આત્મસ્થિતિ તેવા અનુભવીની આ મતિ. ૧૪૫

સમત્વ પામ તેથી તું, એવો યોગી જહીં થશે,
સંકલ્પો ને વિકલ્પો સૌ મનના તુજ છૂટશે.' ૧૪૬

*પણ, એવા સમત્વપૂર્ણ યોગીમાંયે સૌથી ચડે એવો તો ભક્તયોગી જ. શ્રીહરિ પોતે જ તેનો બધો ભાર ઉપાડી લે છે.*

## ભક્તયોગી

'કિંતુ આ સર્વમાંયે જે સર્વસ્વ નિજનું,-ચહી
મને,-શ્રદ્ધાથી અર્પીને, ભાવેથી મુજને ભજે,
જાણજે શ્રેષ્ઠ તું એને, એવો તું બન, એટલે
તારો તે ભાર પ્રેમે હું ઉપાડીશ બધો શિરે.' ૧૪૭-૧૪૮

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૭ મો

(જ્ઞાનવિજ્ઞાનયોગ)

*હવે, શ્રીભગવાન પોતાને કેમ પૂરેપૂરી રીતે ઓળખી શકાય તે બતાવે છે.*

### જ્ઞાનપ્રાપ્તિની રીત

પોતાના ભક્તને કેવો **હરિ** સંભાળતો રહે !
પ્રેમભાવે કરે વાતો ઠેકાણે પાડવા હૃદે. ૧

છેડે અનેક પ્રશ્નો તે, છતાં કંટાળતો નથી,
તેના બધાય પ્રશ્નોનો ઉત્તર વાળતા ચહી. ૨

કહે છે પાર્થને કૃષ્ણ : 'મર્મની વાત હું કહું,
લક્ષ દે ચિત્ત રાખીને ટાળી સંશય સર્વ તું. ૩

થઈ આસક્ત મારામાં મારો આશ્રય લૈ હૃદે,
શ્રદ્ધાભક્તિથી મંડે જે, પામે છે તે મને ખરે ! ૪

પરોવી ચિત્ત મારામાં, લઈને મુજ આશ્રય,
આચરે કર્મનો યોગ જે કો નિશ્ચયપૂર્વક,
શકે તે ઓળખી કેમ મને સંપૂર્ણ રીતથી,
કહું છું તે તને સર્વ, પાર્થ ! સાંભળ લક્ષથી.' ૫-૬

*આવી રીતે ટૂંકમાં સાધનાની રીત બતાવી, તેથી, મળતું જ્ઞાન કેવું અમૂલ્ય છે, તે બતાવે છે.*

### જ્ઞાનનો મહિમા

'આ અનુભવનું જ્ઞાન જાણવા જેવું એ થકી,
બીજું જ્ઞાન રહેશે ના બાકી, એ જાણજે નકી. ૭

હજારોમહીંથી કોક મને મેળવવા મથે,
કોક ભાગ્યે જ તેમાંથી પામે છે નિજ ધ્યેયને. ૮

ભડભડતી જિજ્ઞાસા પ્રચંડ અગ્નિના સમી,
જેને ધ્યેય પ્રાપ્ત્યર્થે લાગેલી છે હૃદે ઊંડી. ૯

જીવનવ્યવહારોમાં જેનાં મનાદિ ના દડે,
એવા સંપૂર્ણ જે મગ્ન, લગ્ન મારા વિશે જ છે. ૧૦

તેમાંના માત્ર કોઈક વિરલા વીર પાત્ર જે,
**હરિ**ને સર્વમાં ધારે, એવા શા ભક્ત-જ્ઞાની તે ! ૧૧

મારા વિના બીજાનામાં જેનું લક્ષ જતું નથી,
મારા વિશે જ તે માત્ર પરોવાયેલ ર્‌હે ચહી,
જેમાં તેમાં બધાંનામાં જુએ માત્ર મને સહી. ૧૨

એવા પરાક્રમી ભક્ત-જ્ઞાની કોઈક જીવને,
મારી પ્રસાદી પામીને મને ભજે નિરંતરે. ૧૩

કરોડોમાંથી કોઈક એકાદો વિરલો વીર,
ભક્ત-જ્ઞાની મને જાણે, 'બધાંનો પરમેશ્વર.' ૧૪

*આવું અમૂલ્ય જ્ઞાન અનુભવાય અને પમાય તે સારુ તેની શરૂઆત રૂપે શ્રીભગવાન પોતાની બે પ્રકૃતિની સમજણ આપે છે.*

## પ્રકૃતિઓ

'પૃથ્વી, પાણી અને અગ્નિ, વાયુ, આકાશ ને મન,
બુદ્ધિ, ને 'હુંપણું', એવી પ્રકૃતિ આઠ જાતની ૧૫

અપરા પ્રકૃતિ આ તો, બીજી પ્રકૃતિ છે પરા,
વિશ્વજીવન જે ધારે **જીવ** પ્રકૃતિ, તે પરા. ૧૬

*એ બંને પ્રકૃતિઓ દ્વારા શ્રીભગવાન આ આખા વિશ્વનું તંત્ર ચલાવે છે.*

## વિશ્વાધાર

'આ બંને પ્રકૃતિમાંથી, એટલે દેહ-**જીવ**ના
સંબંધેથી, થયેલું છે અર્જુન ! આખું વિશ્વ આ. ૧૭

બધાંની તેથી ઉત્પત્તિ, બધાંના નાશ કારણે,
હું જ છું, એમ તું પાર્થ ! બંનેમાં જાણ તું મને. ૧૮

ઉત્તમ મુજથી કો ના, મારા વિણ કશું નથી,
સંકળાયેલું જે તે સૌ મારામાં જાણ પ્રેમથી. ૧૯

મણકા જેમ માળાને આધારે લટક્યા કરે,
મારા જ તેમ આધારે સર્વ વિશ્વ રહેલ છે.' ૨૦

*પોતે જ સર્વ કંઈ છે અને સર્વ કંઈમાં છે, તે સવિશેષપણે સમજાવવા કેટલાક દાખલા ટાંકે છે.*

## દાખલાઓ

(વસંતતિલકા)

'પાણીમહીં રસ હું છું, નભ, સૂર્ય, ચંદ્ર,
એ સૌનું તેજ નકી, તું મુજને પિછાણ,
આકાશનો વળી મને તું પિછાણ શબ્દ,
ને હું તપસ્વી જનનું તપ છું વિશુદ્ધ. ૨૧-૨૨

સૌ પ્રાણીઓતણું હું જીવન છું સદાયે,
અગ્નિનું તેજ, બળ છું બળવાનનુંયે,

જે બુદ્ધિશાળી જનની બધી બુદ્ધિ, તે હું,
મોટા પુરુષનું પરાક્રમ હું વળી છું. ૨૩-૨૪

ૐકાર છું, અખિલ વેદતણો વળી હું,
માટીમહીં મધુર વાસ રૂપે વસું હું.' ૨૫

*આ બધાના ઉપસંહાર રૂપે ટૂંકમાં શ્રીભગવાન કહે છે કે આખા વિશ્વમાં પ્રકૃતિના ત્રણે ગુણોના આધારે જે કંઈ થાય છે, તે બધાનો સરજનહાર અને ખેલાડી હું જ છું.*

## નટવર

(અનુષ્ટુપ)

'ધર્મને પોષનારી જે કામના સર્વ **ભૂત**માં,
શુદ્ધ ને સાત્ત્વિકી એવી હું જ છું સર્વ ભાવના. ૨૬

ભાવ સાત્ત્વિક જે જાગે, રાજસ વળી તામસ,
ભાવો તે જાણ ઉત્પન્ન મારામાંથી સદા થતા. ૨૭

આધારે નિશ્ચયે મારે રહી તે શકતા બધા,
રમાડું છું, નચાવું છું, ગુણોથી વિશ્વને હું આ. ૨૮

સાત્ત્વિક ગુણને યોગ્ય જેનાં ચિંતવન, વર્તન
ચાલે છે એકધારાં, તે પામે છે ગુણ સાત્ત્વિક. ૨૯

રાજસ ગુણને યોગ્ય કર્મધાંધલ જેહનાં,
એક જ્યાં ના થયું પૂરું વિચારે કર્મ તે બીજાં. ૩૦

વાયુવંટોળની પેઠે ઊડે જ્યાં ત્યાં નવે નવે,
એવો તે જીવ પામે છે ગુણ રાજસ જીવને. ૩૧

પ્રમાદી આળસુ થૈને યદ્વાતદ્વા કર્યાં કરે,
કરોડો મણ વિચારે તોયે તે ડગ ના ભરે,
એવો તે મેળવે નિશ્ચે ગુણ તામસ આખરે. ૩૨

*ત્રણે ગુણોમાં ડૂબી ગયેલા લોકો મને ઓળખી શકતા નથી, તો પામી ક્યાંથી જ શકે ? ત્યારે મારી આ માયાની પાર કોણ જાય છે ? માત્ર :-*

## શરણું લેનારા

'ત્રિગુણ સર્વ ભાવોમાં થયા મોહિત લોક જે,
અવિનાશી મને એવા ઓળખી ના કદી શકે. ૩૩

મારી જે ત્રિગુણી એવી માયા તરવી દોહ્યલી,
કિંતુ જે શરણું લે છે મારું, એ જ શકે તરી. ૩૪

કિંતુ જેના વિચારોનું, આચારોનું, કંઈ નથી
ઠેકાણું, મૂઢ તે શોધે શરણું કઈ રીતથી ? ૩૫

રહીને પડી માયામાં અંધારામાં ફર્યાં કરે,
અજ્ઞાની તે, કદી એવા પામે ના જ્ઞાન જીવને.' ૩૬

*જેઓના આચાર યોગ્ય છે અને જેઓ શ્રીભગવાનને ભજે છે, એવાઓના ચાર પ્રકારો છે.*

## ભક્તના પ્રકાર

'કિંતુ આચાર જેના છે યોગ્ય, એવા જનો હૃદે,
જુદા જુદા પ્રકારોથી પ્રેમે તે ભજતા મને. ૩૭

(વસંતતિલકા)

કોઈ ભજે નિજનું દુ:ખ મટાડવાને,
કોઈ ભજે મુજ સ્વરૂપ પિછાનવાને,
કોઈ મને કંઈક મેળવવા ભજે છે,
કર્તવ્ય કો સમજી, જ્ઞાન થકી, ભજે છે.' ૩૮-૩૯

*આવા ચાર પ્રકારના ભક્તોમાંથી પણ હરિને કોણ સૌથી વહાલું છે ?*

## સૌથી વહાલો

(હરિગીત)

'રહી ના શકે તેના વિના કર્મો પરાયણ તેથી ર્‌હે,
શા ભક્ત એવા જ્ઞાની મુજને સર્વથી અતિ પ્રિય હૃદે ! ૪૦

વધુમાં વધુ હૃદયે મને વળી ઓળખે જે નિજ લહી,
જે નજીકમાંય નજીક છે, તે ભક્ત મારા દિલ મહીં. ૪૧

*પણ, આવી સર્વોચ્ચ જ્ઞાનદશા કંઈ ઝટ મળી જતી નથી. એવાની દૃષ્ટિ કેવી હોય છે ?*

## જ્ઞાનીની દૃષ્ટિ

'જન પામતો તે જ્ઞાન આવું કૈંક જન્મોની પછી,
પામ્યા પછી તે આ જગતમાં મુજ વિના જોતો ન કૈં.' ૪૨

*પણ, કામનાવાળા અજ્ઞાની લોકો પોતાની કામના પૂર્ણ કરાવવા જુદા જુદા દેવોને ભજે છે, તેમનું શું ?*

## કામનાનાં ફળ

'પણ જેમને છે કામના, જુદા જુદા દેવો ભજે,
ને જેવી જેની ભક્તિ, તે અનુસાર ફળ દઉં તેમને. ૪૩

ટૂંકી તેવી સમજવાળાને મળે ફળ તે ટૂંકું,
પણ તેટલામહીં જ સંતોષાય છે મન તેમનું. ૪૪

દેવને એ લોક માને ટૂંકી પણ નિજ બુદ્ધિથી,
તેઓ મને મન-ઇંદ્રિયોથી ઓળખી શકતાં નથી. ૪૫

તેઓ ન જાણે મુજ સ્વરૂપ જે ઇંદ્રિયોથી પર રહ્યું,
જે મન, નયન કે કાન આદિથી ન જાણી શકાય છે.' ૪૬

સૂર્ય હોવા છતાં રાતે દેખાતો તે જરા નથી,
અજ્ઞાને આવરાયેલા મને ઓળખતા નથી. ૪૭

તારા ને ચંદ્ર આકાશે હોવા છતાં પૂરેપૂરા,
તેમાંના દિવસે કોઈ જણાતા નથી તે તહાં,
તેવી રીતે જ અજ્ઞાની કોઈયે દેખતા નથી,
હોવા છતાં હું સંપૂર્ણ હાજરાહજૂરે વળી. ૪૮-૪૯

બધાંનામાં ભરેલો છું પૂરેપૂરો છુપાઈને,
કોઈને કાઢવા ખોળી કશું દિલ થતું ન છે. ૫૦

મને પિછાનવા કોક વિરલા ભાગ્યશાળી જે,
કોક જ માત્ર શા પાત્ર મને ઓળખવા મથે ! ૫૧

એવા જે મથનારામાં કોઈક પ્રીછવા ચહે,
એમાંથી કોક શા માત્ર મને હૈયે અનુભવે ! ૫૨

છતાં જે રૂપ મારું જે બ્રહ્માંડાતીત કેવું છે !
કલ્પનામાંય ના આવે ખોળીખોળી ભલે મથે. ૫૩

*અસંખ્ય **જીવો** શ્રીભગવાનની અદ્ભુત યોગમાયાની શક્તિથી જ અજ્ઞાનમાં અને મોહમાં પડી રહે છે.*

## માયાની અદ્ભુતતા

(અનુષ્ટુપ)

‘મારાં રૂપની મર્યાદા માને અજ્ઞાની તો સદા,
સ્વરૂપ મારું વિરાટ તે જાણી ના શકે કદા. ૫૪

બધીયે વસ્તુનો આમ જન્મ દેનાર, તે છતાં
મને અજ્ઞાની લોકો તે ઓળખી શકતા ન હા ! ૫૫

છવાયો યોગમાયાથી દેખાતો નથી સર્વને,
અલૌકિક, અવિનાશી, જાણે કોઈ ન મર્મ તે. ૫૬

પામે વિસ્મય કાં ? પાર્થ ! તને એ શું ન સૂઝતું
કે મારી યોગમાયાની શક્તિથી બનતું બધું ? ૫૭

થયાં સૌ જગ પ્રાણીઓ, ત્રણે કાળે થયાં જશે,
જાણું છું તેમને સૌને કિંતુ જાણે ન કો મને. ૫૮

રાગદ્વેષ વડે થાય સુખદુઃખાદિ સર્વદા,
તેથી જ મોહમૂર્છામાં રહે છે આખું વિશ્વ આ.’ ૫૯

*આ યોગમાયામાંથી કોઈક નિર્મળ યોગીઓ જ બચે છે. તેઓ જ શ્રીભગવાનને પામે છે અને ઓળખે છે.*

## નિર્મળ યોગી

‘તેમાંથી કિંતુ જેઓનું થયું વર્તન નિર્મળ,
ભજે છે મુજને પ્રેમે વ્રતે તે રહી નિશ્ચલ. ૬૦

પૂર્ણબ્રહ્મરૂપે તેવા યોગીઓ પ્રાણીમાત્રમાં,
**જીવ**રૂપે રહેલા ને ભાસતાય જુદા જુદા,

એવા મને હૃદે જાણી, એ પ્રમાણે જ ચિંતવે,
મારાં કર્મો, મને જાણે યોગી તે નિત્ય એ રીતે.' ૬૧-૬૨

*તેવા નિર્મળ થયેલા યોગીઓ સમત્વ પામે છે, મુક્તિ પામે છે અને મારા હૃદયમાં સમાઈ જાય છે.*

## યોગીની સંપૂર્ણતા

(હરિગીત)

'વળી આમ જેઓ નિત મને સહુ ભૂતમાં, સહુ દેવમાં,
સહુ યજ્ઞરૂપે ઓળખે, તેથી સમત્વ જ પામતા. ૬૩

મૃત્યુ પછી, બંધનમહીંથી મરણના ને જગતના,
શા મુક્ત તેઓ થાય ! કારણ મન બીજે કહીં ભમતું ના. ૬૪

ને જગત આખું જોઈ પ્રભુમય તે સમાયે બ્રહ્મમાં,
તે ભક્ત-જ્ઞાની કોઈ એવાને દઉં સ્થળ હૃદયમાં.' ૬૫

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૮ મો

## (અક્ષરબ્રહ્મયોગ)

*આટલી સમજૂતી છતાં અર્જુનનું (એટલે કે સાધક જીવનું) મન સમાધાન પામતું નથી, પણ તે જરાતરા જિજ્ઞાસુ છે અને નમ્ર છે. તેથી, મૂળ ગીતામાં વાપરેલા અધિભૂત, અધિદૈવ, અધિયજ્ઞ વગેરે શબ્દો વિશે પ્રશ્ન પૂછે છે.*

*તેથી, શ્રીભગવાન એ બધાંનો અર્થ સમજાવે છે.*

## પ્રશ્નો

(અનુષ્ટુપ)

હજીયે સંશયો સર્વે ટળ્યા અર્જુનના નથી,
જિજ્ઞાસાથી પૂછે છે તે રાખીને નમ્રતા ઘણી. ૧

બુદ્ધિમાં ભક્તિનો રંગ જ્યાં સુધી ચઢેલ ના,
ત્યાં સુધી તો રહે શંકા, તર્ક, દલીલ બુદ્ધિમાં. ૨

મતાગ્રહો, મડાગાંઠો, શી વિવિધ સમજણો !
એવું તો બુદ્ધિમાંનું સૌ ટળે ના એની મેળ તો. ૩

બુદ્ધિ જે સાવ કોરી છે, **જીવદશા**ની ભૂમિકા
કેરી જે બુદ્ધિ છે, તેમાં શ્રદ્ધા સંપૂર્ણ ના કદા. ૪

શંકા, સંશયવાળી જે બુદ્ધિથી સાધનાતણું
કર્મ યોગ્યપણે સારું સધાઈ ના શકાતું છે. ૫

કિંતુ જે બુદ્ધિમાંની છે શંકા, સંશયવૃત્તિ જે,
સત્ય અન્વેષણાર્થે તે કેવાં મહત્ત્વનાં ખરે ! ૬

કુદરતે તે મૂકેલાં છે શાં સહેતુક જીવને !
તેની મદદથી શોધી શકાયે, તત્ત્વ જીવને. ૭

'અધ્યાત્મ', 'પૂર્ણ તત્ત્વાદિ', 'કર્મ'ને 'અધિભૂત' જે,
'અધિદૈવ', 'અધિયજ્ઞ', દીધાં છે નામ જે તમે,
પ્રભુ ! અર્થ બધાંના તે હું કાંઈ સમજ્યો નથી. ૮

અધિભૂત વગેરે જે આપનાં રૂપ, તે મહીં,
યોગીઓ મૃત્યુની વેળા આપને કેમ ઓળખે,
કૃપા કરી તમે આ સૌ સમજાવો હવે મને. ૯

## સમજૂતી

કૃષ્ણે ઉત્તર આપ્યો કે 'સ્વરૂપ સર્વ-ઉત્તમ,
નાશવંત કદી ના જે, તે 'પૂર્ણ બ્રહ્મ' અર્જુન ! ૧૦

કર્તાભોક્તારૂપે, દેહ ધરીને, પ્રાણીમાત્રમાં,
આત્મારૂપે રહે જે, તે 'અધ્યાત્મ' જાણ તત્ત્વમાં. ૧૧

ઉત્પત્તિમાત્ર થાયે છે જે ક્રિયા થકી, 'કર્મ' તે,
'અધિભૂત' વિનાશી એ મારું દેહસ્વરૂપ છે. ૧૨

સ્વરૂપ શુદ્ધ 'અધ્યાત્મ' દેહે યજ્ઞાથી જે થતું,
તે 'અધિયજ્ઞ' તું જાણ મને જ, પાર્થ નિશ્ચયે. ૧૩

મૂર્છિત-**જીવ**રૂપે હું દેહરૂપે બધે રહું,
**જીવ**રૂપે હું છું શુદ્ધ, પૂર્ણ બ્રહ્મરૂપે જ છું.' ૧૪

*પણ, આ બધું સમજાવવા પાછળનો હેતુ માત્ર બૌદ્ધિક સમજણ આપવાનો નથી. એટલે સૂક્ષ્મ રીતે જીવનહેતુ કે જીવનધ્યેય તરફ શ્રીભગવાન, અર્જુનને વાળે છે.*

## યોગીનો દેહાંત

(હરિગીત)

‘આવો હું તેનું મરણ સમયે જે ધરે છે ધ્યાન, ને
ચિંતા કરે કો જાતની ના, ભૂલી નિજને જાય તે. ૧૫

ઈચ્છા કરે ના, પામતો તે સ્વરૂપ મારાને નકી
ને એ વિશે શંકા ન મન તું લાવતો અર્જુન ! જરી. ૧૬

જે સ્વરૂપનું ધ્યાન ધરતો હોય નિત્યે ચિત્તમહીં,
નિજ અંતકાળે ધ્યાન કરતો સ્વરૂપ તે પામે સહી.’ ૧૭

*માટે, ‘હે અર્જુન ! તું આમ કર કે જેથી મારું ધ્યાન તું ધરે અને મને હૃદયમાં પામે’, એવો સ્પષ્ટપણે બોધ આપે છે.*

## બોધ

‘તેથી સતત મારું સ્મરણ કરતો જ ર્હેજે તું, વળી
મન, બુદ્ધિ, અંતઃકરણ, ચિત્ત, પ્રાણને મારામહીં.
નિત્યે પરોવી રાખજે, ચૂકીશ ના, જોજે જરા,
તું એટલે પામીશ મુજને હે પરંતપ ! હૃદયમાં. ૧૮-૧૯

‘મુજ ચિત્ત આમ થશે નહિ સ્થિર’ એમ જો કદી તું કહે,
અભ્યાસ ને વૈરાગ્યથી એકાગ્ર પાર્થ ! થવાય છે.’ ૨૦

જે તે કૈં સર્વ મિથ્યા છે શો પ્રચલિત અર્થ તે,
વૈરાગ્યને વિશે સૌને જડાઈ તે ગયેલ છે ! ૨૧

જે સમજણ આવી જે પ્રસારાયેલ જીવને
યોગ્ય પ્રકારની ના તે, ખરું જાણવું તે ઘટે. ૨૨

મોળા કામક્રોધાદિ થવા માંડેલ તે દશા,
વૈરાગ્યકેરી ભૂમિકા યથાયોગ્ય પ્રકારની. ૨૩

એકના એક તે માત્ર ચિંત્‌વને હૃદયે ઊંડું,
રહેવાયાં કરાતું જે, અભ્યાસ જાણવો ખરો. ૨૪

જીવન ઊર્ધ્વ ને દિવ્ય થવા કાજે જ જીવને,
લીધેલાં સાધનાદિ જે એકધારાં પળાય જે,
ને તેમાં ભાવ હૈયામાં પરોવાયેલ ચેતતો
લગાતાર રહે, તેને સાચો અભ્યાસ જાણવો. ૨૫-૨૬

જે સાનુકૂળ પોતાને લાગે સાધન જીવને,
એકાગ્રતાથી, ભાવેથી મંડ્યો મગ્ન, લગ્ન છે જે,
ને તદાકાર તે વિશે અંતરે જે રહેલ છે,
સાચો અભ્યાસી એવો તે જીવનનો પ્રમાણજે. ૨૭-૨૮

વૈરાગ્યની ભૂમિકામાં જેનો અભ્યાસ ચાલતો,
ફળંતાં વાર ના, તેનું પરિણામ શું તુર્ત તો ! ૨૯

*મરણ સમયે શ્રીભગવાન યાદ આવે કે યાદ રહે તે માટે, અગાઉથી જીવનભર, ઘણી તૈયારીની જરૂર છે.*

## તૈયારીની રીતો

(હરિગીત)

'કારણ તને ઉપર કહ્યું કે દેહધારી પણ ખરે,
જો મૂળથી જ વિચારતાં મારું જ સાચું રૂપ છે. ૩૦

તૈયારી કરવી માનવીએ તેથી તો શરૂઆતથી,
જેથી ચળે નહિ મરણ સમયે તેનું મન ક્યાંયે જરી. ૩૧

લીન ર્‌હેવું ભક્તિમાં, વળી પ્રાણને સ્થિર રાખવો,
અજ્ઞાન-તિમિર નિવારનારા સૂર્ય જેવા પ્રભુ સ્મરો. ૩૨

મન, બુદ્ધિ, પ્રાણ થકી નિરંતર ઊંડું ઊંડું અંતરે,
ચિંત્વ્યા કરે છે, **પ્રાણ** તેનો આપમેળે સ્થિર રહે. ૩૩

સર્વજ્ઞ, પુરાતન, નિયંતા, સૂક્ષ્મ, એ હોવા છતાં,
સહુ ભક્ત જનને પાળવાની દિવ્ય શક્તિ ધરાવતા. ૩૪

કરતાંય ચિંત્‌વન જેહનું જે ઓળખી ન શકાય છે,
તું પ્રાણપ્રિય એવા પ્રભુને ધ્યાનમાં નિત લાવજે.' ૩૫

*વળી પાછા એવા પરબ્રહ્મને પામવા યોગીઓ શું કરે છે, તે શ્રીભગવાન કહે છે.*

## સાધનો

'આ પરમ પદ પામવા ઈચ્છા ધરે જે, સર્વ તે,
પાલન કરે છે ચીવટ રાખી બ્રહ્મચર્યતણું હૃદે. ૩૬

એકધારું લગાતાર ટકી ર્‌હેવા નિરંતરે,
*ધ્યેયના વિષયે પૂર્ણ જે શક્તિની જરૂર છે,
ભાવ વિના ટકાવું ત્યાં કદી કાળ ન શક્ય છે,
એવું સૌ ઊપજે તેને બ્રહ્મચર્ય ગણાય છે. ૩૭-૩૮

ધ્યેયની લગની જેને અગ્નિ સમી પ્રચંડ છે,
જીવને ધારણા જેની એકની એક નિત્ય છે,
તેવી તે ધારણા વિશે સંપૂર્ણ તે મનાદિ છે,
એવું જેના વડે થાય, તે બ્રહ્મચર્ય જાણજે. ૩૯-૪૦

ઊંડામાં ઊંડું સંપૂર્ણ ને તેનાથીય અંતરે,

---

* ધ્યેય એટલે અહીં પ્રભુપ્રાપ્તિ, જીવન્મુક્ત થવાનું ધ્યેય.

હજી ઊંડું વધારે જ્યાં છે ઊતરાતું જીવને,
સ્નિગ્ધ ને મુગ્ધ ને લુબ્ધ એવી શી ભૂમિકા વિશે !
ખબરદારી, ટટારીથી રખાવે બ્રહ્મચર્ય તે. ૪૧-૪૨

નિશ્ચય મરણિયો જે ટકાવી જે રખાય છે,
મરણાન્તેય છુટાયે લીધેલા ધ્યેયથી ન તે,
ઢીલુંપોચું થવા ના દે, સાતત્યે જે ટકાવતું,
એકાકારપણે મસ્ત, તે બ્રહ્મચર્ય જાણવું. ૪૩-૪૪

જીવન ખીલવા કાજે મર્દાનગીતણા ગુણો,
ને સાતત્ય ટકાવામાં ભાવનાભર્યું મગ્ન તો,
લગાતાર વિના થાક્યા મંડાયા જે જેવાનું છે,
એવી જે દોટ ચાલે છે બ્રહ્મચર્ય પ્રતાપ તે. ૪૫-૪૬

ઝુકાવીને, ઝુકાવીને ઝઝૂમ્યાં જે કરે સદા,
પડાતાં પાછું શો પાછો ઊભો થઈ જતો તદા !
વિના જંપ્યા કરે દોડ્યા બ્રહ્મદેશે અવિરતે,
દૃષ્ટિ ત્યાંથી ન છોડાતી બ્રહ્મચર્ય પ્રભાવ તે. ૪૭-૪૮

થતો ખુવાર સંપૂર્ણ ફના સંપૂર્ણ થઈ જતો,
મરજીવો શું સંગ્રામે પરાક્રમે અફાટ શો !
**हरि**પંથે હૃદય જેનું અપરંપાર શૌર્ય છે,
ભક્તિ-જ્ઞાન-નશો પૂર્ણ બ્રહ્મચર્યનું તેજ તે. ૪૯-૫૦

એકનીએક શી મસ્ત ધૂન ઝનૂન ઑર છે !
કમાવાને **हरि** જેને માથું દેતાં ન વાર છે,
સાધનાભ્યાસમાં પૂર્ણ ગળાબૂડ ડૂબેલ છે,
શો નિરંતરનો ભાવ ! તે બ્રહ્મચર્ય જાણજે. ૫૧-૫૨

ઊર્ધ્વ ને દિવ્ય જે દેશ બ્રહ્મનો જે પરાત્પર,
નિરંતર તહીં હોવા પુરુષાર્થ અદમ્ય છે,

બ્રહ્મે ત્યાં જીવતા રહેવા અખંડાકાર વૃત્તિ છે,
તે પાદામૃતનો ભાવ, બ્રહ્મચર્ય લીધે જ છે. ૫૩-૫૪

એકધારી વિના થાક્યા જેની દોટ અતૂટ છે,
સાતત્યે બ્રહ્મના દેશે જેની ચાલ અમાપ છે,
વલણ, વૃત્તિ ને દૃષ્ટિ શાં પળેપળ બ્રહ્મમાં !
તે બ્રહ્મચર્યના ભાવતણું તો પરિણામ છે. ૫૫-૫૬

ઊર્ધ્વ દેશે ગતિ જેની, સતત ચાલવાતણી,
ભલે છો અવરોધો હો, છતાં તે ડગતી નથી,
મસ્તી શી ચાલવામાં તે ! જેની અડગ ટેક છે,
એકનેએકમાં હોવું તે બ્રહ્મચર્ય સાચું છે. ૫૭-૫૮

કાયા, વચન ને મન સહુ તે સંયમે રાખે સદા,
ને વચન, કાયા, મન થકી તે ત્યાગતા વિષયો બધા.' ૫૯

*આટલી પૂર્વતૈયારીવાળાએ પણ અંતકાળે શું કરવાનું છે, તે કહે છે.*

## અંતકાળે સ્મરણ

(અનુષ્ટુપ)

ધરીને પ્રાણ ભ્રૂમધ્યે, સુયોગે પ્રેમભક્તિએ,
સ્તવે હૈયે મને અંતે તે પામે છે ખરે મને. ૬૦

ધારવા પ્રાણ ભ્રૂમધ્યે સહેલી વાત કૈં ન તે,
એકાગ્રતા જ શી તીવ્ર કેળવાયેલ સંયમે !
જીવતીજાગતી એવી સંપૂર્ણ જેની અંતરે,
તેવા જ માત્ર શા પાત્ર કરી તે શકવા ખરે ! ૬૧-૬૨

એવું સાધન સંપૂર્ણ ચેતનાત્મક જેનું છે,
પછી વાર ન તેવાને ચેતનાના અનુભવે. ૬૩

સંયમ કિંતુ તે એવો રસ્તા વચ્ચે પડ્યો ન છે,
સાધના શી જરૂરી છે ! એ કાજે ભવ્ય જીવને. ૬૪

ઠેકાણે એકથી બીજે મૂકવી હોય જ્યાં જ તે,
ઊંચકીને શકો મૂકી તેમાં શા શક્તિવંત તે ! ૬૫

ચિત્ત કે લક્ષને જ્યાં કૈં મૂકવું હોય તે સ્થળે,
મૂકી શકો હૃદે એવી કળાશક્તિ મળેલ છે,
એવો સંયમ જેનો છે તેવા કાજે ઉપાય તે. ૬૬

સંયમના પ્રકારો છે એકએકથી ભિન્ન તે,
સંયમ ઊર્ધ્વના ક્ષેત્રો **જીવદશા**થી ભિન્ન છે,
જુદી જુદી ભૂમિકામાં, તબક્કા તે જુદા વિશે,
સંયમ નિર્‌નિરાળો તે સૂક્ષ્મ ને ભવ્ય, દિવ્ય છે. ૬૭-૬૮

શરીર-ભાન સંપૂર્ણ ધ્યાનમાં તે જતી પળે,
જે સંકલ્પ મુકાતાં ત્યાં સાવ પ્રત્યક્ષ થાય તે. ૬૯

કિંતુ ધ્યાનની શક્તિ એવી જેની થયેલ છે,
તે જ કરી શકે તેવું બાકીનાનું ગજું ન છે. ૭૦

યોગશાસ્ત્ર વિશે એને સંયમ શ્રેષ્ઠ તો કહ્યો,
કેવો પ્રયોગથી એને જાતે અનુભવેલ શો ! ૭૧

એથી સંયમની શક્તિ એવી પ્રચંડ જાગતાં,
તેવું કરી શકાતું છે, એમાં સંશય ના જરા. ૭૨

એવી સંયમની શક્તિ જાગવા-અર્થ અંતરે,
દૃઢ એકાગ્રતા પૂર્ણ થવી પ્‌હાડ સમી ઘટે. ૭૩

એકાગ્રતા શી સંપૂર્ણ એવી સધાઈ તે જતાં,
સંયમની બધી શક્તિ મળે સાંપડવા તદા ! ૭૪

વિરોધી ઇંદ્રિયદ્વારો રોકીને, ચિત્ત પ્રોઈને,
તાળવે રોકીને લક્ષ સાધે જે યોગ સ્થિર થૈ,
સ્મરે એવી રીતે અંતે ભાવેથી પામતા મને. ૭૫

(હરિગીત)

ઇંદ્રિયોને લઈ સમેટી મંત્ર 'ઓમ્' ઉચ્ચારીને,
મારું જ ચિંત્વન હૃદય કરીને દેહને જૈ કો ત્યજે,
તે પરમ પદને પામશે, ને ચિત્ત એવાઓનું જે
કોટિ ઉપાધિઓ છતાં, તે ક્યાંય બીજે નહિ ભળે. ૭૬-૭૭

*હવે, આવા મહાત્માઓને શું સુફળ મળે છે, તે જણાવે છે.*

## સારાં ફળ

'એવા મને જે પામતા, તે તે બધાય મનુષ્યને,
આ જન્મ, જે 'દુઃખઘર' ગણાતો, પામવાપણું ના રહે.' ૭૮

(અનુષ્ટુપ)

મને જે મેળવે તેને જન્મમૃત્યુ ન હોય છે,
દુઃખ કે શોક, વ્યાધિમાં કેમે તે ચળી ના શકે. ૭૯

'જન્મમૃત્યુ જ ના હોય,' તેનો શો અર્થ જાણવો ?
'અવતાર જ ના થાય ?' એવોયે અર્થ ના ઘટે. ૮૦

જડનો જે થયો, તેના સ્વભાવ-પરિણામને,
પામવાનો જ તે નિશ્ચે વારંવાર બહુ રીતે. ૮૧

દેહમાંના રહેલાને આત્માનુભવ જો ઊગે,
તેવાને જન્મમૃત્યુ ના, નિઃસંદેહ તું જાણજે. ૮૨

(હરિગીત)

આ જન્મ ને વળી મરણનાં ચક્રો થકી છૂટવાતણો,
ને પામવા મુજને, ખરે ! આ રામબાણ ઈલાજ શો ! ૮૩

*પોતાના જીવનકાળના ટૂંકા ગજે અનંત કાળને માપવાની મૂર્ખતા કરી માનવી ઉપાધિ વહોરે છે, તેની ચેતવણી પણ અર્જુનને-માનવીને-આપે છે. તથા, ક્ષણજીવી માનવીને શું શોભે તે જણાવે છે.*

## ક્ષણિક માનવજીવન

'સો વર્ષના નિજ જીવનકાળથી કાળ માપે માનવી,
ને એટલા તે સમયમાં જાળો બિછાવે ખૂબ કૈં. ૮૪

કંઈ કંઈ યુગોને એક દિન બ્રહ્માતણો તું જાણ જ્યાં,
ત્યાં એક દિન કે વર્ષ સોની ગણતરી શી મનુષ્યનાં ? ૮૫

કરીને ગણતરી અલ્પ એવા કાળની કાં માનવી,
ફાંફાં નકામાં મારતો ? ઘસી હાથ મરતો મૂર્ખ થૈ. ૮૬

ક્ષણમાત્ર જેવું જીવન જનનું કાળચક્ર અનંતમાં,
ધ્યાન જ પ્રભુનું શોભતું એને ટૂંકા આ સમયમાં. ૮૭

ભોગો ક્ષણિક કેડે પડી, કાં શ્વાસભરી દોડી મરે ?
બ્રહ્માતણા દિનરજનીમાં ઉત્પત્તિનાશ થયાં કરે.' ૮૮

*પરંતુ એવા બ્રહ્માથીયે પર એવું મારું અવ્યક્ત બ્રહ્મરૂપ છે અને તેથીય પરનું જે મારું સ્વરૂપ છે, એને પામનારનાં બંધન ટળે છે, એવી ઉત્સાહભરી વાણી અર્જુનને કહે છે.*

## સ્વરૂપો

(અનુષ્ટુપ)

'કરે જે લયઉત્પત્તિ બ્રહ્મા, મારો જ ભાવ આ,
અવ્યક્ત ઇંદ્રિયોથી તે, ઓળખે મનબુદ્ધિ ના. ૮૯

અવ્યક્ત રૂપ આ મારું, તેથીયે પર બીજું તે,
પામે જે, ટળતાં તેનાં બંધનો જન્મમૃત્યુનાં. ૯૦

દિનરાત્રી સમા દ્વંદ્વ થકી છે પર રૂપ એ,
અચલ, શાંત, એવું તે રૂપ કેવળ મારું છે.' ૯૧

*વળી પાછા શ્રીભગવાન ભક્તિ અને અનાસક્તિ ઉપર ભાર દે છે અને તેવું જીવન જીવી એ સ્વરૂપને તું પામજે એમ અર્જુનને જણાવે છે.*

## સાધના

'અનન્ય ભક્તિથી થાય એનાં દર્શન, અર્જુન !
અને એને જ આધારે ટકેલું વળી આ જગ. ૯૨

બધે ઠામે જ વ્યાપીને રહેલું છે સ્વરૂપ તે,
અનાસક્ત કરી યોગ પામજે તે સ્વરૂપને.' ૯૩

*હવે, મુક્તિ કયે પથે અને પુનર્જન્મ કયે પથે મળે, તે જણાવે છે.*

## બે રસ્તા

'ઉત્તરાયણમાં જેઓ સ્મરંતાં સુદ પક્ષમાં,
મરે જે, તે મને પામે, ને વળી દક્ષિણાયને,
કૃષ્ણપક્ષની રાત્રીમાં પામે છે મૃત્યુ, તેહને,
જન્મોજન્મતણા ફેરા રહે છે શેષ, જાણજે. ૯૪-૯૫

આવા જે મર્મનો સ્પષ્ટ અર્થ પ્રેમે કહું તને,
કેમ કે ભક્ત તું મારો ને વળી પ્રિય મિત્ર છે. ૯૬

(હરિગીત)

ઉત્તર-અયનમાં શુકલ તિથિ નિષ્કામ કર્મતણી ગતિ,
દક્ષિણ-અયનમાં કૃષ્ણ તિથિને જાણ સ્વાર્થતણી ગતિ. ૯૭

છે મુક્તિ ભક્તિમાર્ગમાં ને સ્વાર્થપથમાં બંધન,
અજ્ઞાનપથ, તે સ્વાર્થપથ, ને જ્ઞાનપથ, ભક્તિપથ.' ૯૮

*આવા બે રસ્તાઓ વિશે સમજણ પામ્યા પછી કયો અભાગી અજ્ઞાનપથને વળગી રહે ? એમ પૂછી અર્જુનને આદેશ આપે છે કે તારે જ્ઞાનપથે જ જવું.*

## શું કરવું ?

'જે જ્ઞાનમાર્ગે જીવતો તે મેળવે છે મોક્ષને,
અજ્ઞાનમાર્ગે ચાલતો જકડાય છે તે બંધને. ૯૯

જાણ્યા પછી બે માર્ગને શું મોહમાં જ પડી રહી,
કરશે પસંદ અભાગી કો અજ્ઞાનપથને તે પછી ? ૧૦૦

મનુજમાત્રે આટલું જાણ્યા પછી નિષ્કામ થૈ,
પુણ્યફળની આશ ત્યાગી, યુક્ત રહી કર્તવ્યથી,
આ જ્ઞાનમય ઉત્તમ પરમ પદ પામવાને ખંતથી,
સૌ યત્ન કરવો તો ઘટે છે નિત્ય શ્રદ્ધા હામથી.' ૧૦૧-૧૦૨

॥ હરિઃ ૐ ॥

# અધ્યાય ૯ મો

## (રાજવિદ્યા-રાજગુહ્યયોગ)

*આઠ અધ્યાય સુધીમાં ભક્તિ-જ્ઞાન-કર્મયોગનો મહિમા શ્રીભગવાને ગાયો, પરંતુ જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ વિશે કેટલાક ખ્યાલો છે, તે બરાબર નથી એવી સ્પષ્ટતા હવે શ્રીભગવાન કહે છે.*

## યોગીએ શું કરવું ?

(અનુષ્ટુપ)

શ્રીકૃષ્ણે વ્હાલ આણીને સ્પષ્ટતા ગૂઢ અર્થની
કરી અર્જુનને તે તે ઉકેલી અર્થ પ્રેમથી. ૧

જે ભગવાનને વ્હાલું, તે અનુભવવા હૃદે,
જેની છે ભૂમિકા યોગ્ય, તેને કૃષ્ણ કૃપા કરે. ૨

જુદા જુદા પ્રકારેથી તેને આકર્ષતો **હરિ**,
કેવાં તર્કદલીલોથી તેને સમજાવતો **હરિ** ! ૩

**હરિ**નો ભાવ તેનામાં શો કેટકેટલો જ છે !
પ્રેરાઈ તે થકી કૃષ્ણ, જે તે સ્પષ્ટ કથ્યાં કરે. ૪

ગૂઢમાં ગૂઢ જે વિદ્યા વાણીથી જે કથાય ના,
તેને સખા હૃદે જાણી સ્પષ્ટ વિદ્યા કરે તદા. ૫

જુદા જુદા બધા માર્ગોતણી સમજ પ્રેરતા,
કેવા અર્જુનને કૃષ્ણ આણીને વ્હાલ દિલમાં ! ૬

'ખૂબ જ ગૂઢ જે જ્ઞાન જેને વિજ્ઞાન છે કહ્યું,
પ્રકૃતિથી કરે મુક્ત, તે જ્ઞાન હું તને કહું.' ૭

પવિત્ર સુખકારી તે, વિદ્યા ઉત્તમ સર્વમાં,
તે અનુભવવા યોગ્ય જ્ઞાન તે શ્રેષ્ઠ સર્વદા. ૮

ધારે જે ધર્મ અજ્ઞાને અશ્રદ્ધા થકી જીવને,
નહિ પામે મને તેવો, જન્મોજન્મ ભલે ભજે. ૯

અજ્ઞાને જે પ્રવર્તેલા ભૂમિકા તેવીમાં છતાં,
ધર્મને ધારતા જેઓ, સાચો ધર્મ ન જાણતાં. ૧૦

અજ્ઞાનમાં નર્યા જેઓ રચેલા ને પચેલ છે,
શ્રદ્ધા યોગ્ય સંપૂર્ણ તેમનામાં ન હોય છે. ૧૧

ભલે અજ્ઞાનમાં હોય કિંતુ જેને જ અંતરે,
**हरि** હોવા વિશે પૂર્ણ શ્રદ્ધા જીવતી જીવને. ૧૨

ખરેખરી જ જાગેલી જેના જીવનમાં હૃદે,
તેવા જ શા ધરાવી તે શકે શ્રદ્ધા શું જીવને ! ૧૩

**જીવ**માત્ર બધા જે તે ડૂબી અજ્ઞાનમાં રહ્યા,
તો પછી તે બધાં શું ના ધર્મ પાળી શકે તહીં ? ૧૪

વિશ્વ વ્યાપ્ત રહ્યું મારા અદૃશ્ય ગૂઢ રૂપથી,
મારામાં સૌ ભૂતો કિંતુ અલિપ્ત છું હું સર્વથી. ૧૫

મારે અંશે રહેલા તે કોઈ ના પૂર્ણ રૂપમાં,
હુંમાં સૌ ભૂત તોયે હું તેમાં લેપાઉં ના કદા. ૧૬

વહેનારો બધે વાયુ જેમ રહે વ્યોમમાં બધે,
રહે ચરાચર મારામાં લેજે સમજી તેમ તે. ૧૭

પૂર્વે નિર્દિષ્ટ તે યોગી શુષ્ક જ્ઞાની નહિ હશે,
ભક્ત તે વેવલોયે ના, જ્ઞાની ને ભક્તિ-શીલ તે. ૧૮

અનાસક્ત કરે કર્મો એવા જે મુજ ભક્ત તે,
નિષ્કામ-કર્મયોગી તે સર્વસ્વ અર્પતા મને.' ૧૯

જીવને ભાવથી પૂર્ણ જે સમર્પણ થાય છે,
તેમાંથી જે ફળે છે તે જીવન-નવનીત છે. ૨૦

સમર્પણતણો અર્થ સ્પષ્ટમાં સ્પષ્ટ ગૂઢ જે,
સ્પષ્ટ ભાષાથી તેને શો વ્યક્ત આજ કરેલ છે ! ૨૧

સમર્પણ થતાં જેનું સૌ અદૃશ્ય થાય જે,
મનાદિમાંય તેનો તો સ્હેજે અંશ રહે ન છે,
વૃત્તિ, વિચાર, સંકલ્પ, આશા, ઈચ્છા, મતિ-ગતિ
એવું એવું સમર્પાતાં, તે તે ત્યાં ટકતાં નથી. ૨૨-૨૩

જેમ કોઈકનું દેવું દેવાતાં આપી, તો પછી
કશુંયે લેણું-દેણું ત્યાં બાકી રહેતું ના જરી. ૨૪

તેવી રીતે **हरि**-પાદે ભક્તિભાવથી હેતુએ
સમર્પાતું જ જે જે હો, તે તે ઘટતું હોય છે. ૨૫

*શ્રીભગવાન હવે અર્જુનને કહે છે કે આ જે ગુહ્ય જ્ઞાન તને કહું છું, તે તું આચારમાં મૂકશે તો તારું કલ્યાણ જ થશે.*

## કલ્યાણની શરતો

ભગવાન કહે, 'પાર્થ ! તારામાં કાંઈ દ્વેષ ના,
થશે કલ્યાણ પામ્યાથી કહ્યું જે ગુહ્ય જ્ઞાન આ. ૨૬

રાગદ્વેષાદિ સંપૂર્ણ જેનાં ટળ્યાં ન જીવને,
તેવાને ગુહ્ય તે જ્ઞાન કદીયે ના પચી શકે. ૨૭

તેવાને ઊલટો કેવો અપચો તો થયાં કરે !
મિથ્યા ખાલી કરે વાતો જ્ઞાનની, રહી મૂઢ તે. ૨૮

જ્ઞાન સર્વોપરી આ તો આચારેય મુકાય છે
સહેલાઈથી, કહું તેથી ઊભો થા, ઉદ્યમી રહે. ૨૯

આને વિશે હૃદે શ્રદ્ધા હોય ના, તે ન પામશે,
મારું સ્વરૂપ ઇંદ્રયે કોઈ ના પારખી શકે.' ૩૦

સંસારે સર્વ સંબંધો વિશ્વાસે શા નભે, ટકે !
વ્યવહાર બધો ચાલે શ્રદ્ધા-વિશ્વાસથી જગે. ૩૧

તેટલાં માત્ર વિશ્વાસ, શ્રદ્ધા જો **હરિ**માં જ છે,
તો તો તેટલુંયે માત્ર **જીવ**ને બસ છે પથે. ૩૨

*હવે, પોતાનું વિરોધાભાસી ઐશ્વર્ય જણાવી આ ગુહ્યજ્ઞાન આપવાની શરૂઆત કરે છે.*

## ભગવાનની અદ્‌ભુતતા

'જોકે વ્યાપક છે તત્ત્વ રહેલું જગમાં બધે,
ને તેના પૂર્ણ આધારે નભે આ વિશ્વ જાણજે,
તોય આ પણ છે સાચું, આધારે વિશ્વના ન તે. ૩૩

જે આ ઉત્પત્તિ પ્રાણીની, તેનું કારણ હું છું ને
ભર્તા છું તેમનો, તોયે વળી એક રીતે બધાં
પ્રાણીઓમાં નથી હું ને તેઓ છે મુજમાંય ના. ૩૪

તેઓ મારામહીં છે ના, તેમનામહીં હું નથી,
અજ્ઞાની કેમ કે તેઓ મને તો જાણતા નથી. ૩૫

એવા અજ્ઞાનીમાં છાંટો ભક્તિનો કંઈયે ન છે,
આ છે મારો ચમત્કાર પાર્થ ! તું એમ જાણજે. ૩૬

વસું સૌ પ્રાણીઓમાં હું, જોકે દેખાઉં ત્યાં ન હું,
જેમ આકાશમાં વાયુ વહે સર્વ સ્થળે, રહું.' ૩૭

*આખા વિશ્વના સર્જનહાર, પાલક અને સંહારનાર હોવા છતાં પોતે તો તદ્દન બંધનમુક્ત છે, તે સત્ય પણ અર્જુનને જણાવે છે.*

## બંધનમુક્ત વિશ્વકર્મા

'પ્રલયકાળમાં **જીવો** પામે છે લય, અર્જુન !
થતાં આરંભ જન્મે છે વળી પાછા બધા **જીવ**. ૩૮

હું આ કર્મોતણો કર્તા, છતાં બાંધે ન તે મને,
કેમ કે કાંઈ આસક્તિ મને છે નહિ તે વિશે. ૩૯

તે વિશે છું ઉદાસીન કર્મ સૌ તો થયાં જશે,
કેમ કે પ્રકૃતિ એ છે મારી, એનો સ્વભાવ તે.' ૪૦

*પણ, લોકો-જગત-આવા ભગવાનને ઓળખતા નથી અને અજ્ઞાની અને આસુરી વૃત્તિવાળા તેઓ શું કરે છે, તે શ્રીભગવાન કહે છે.*

## અજ્ઞાની જનો

'ઓળખે ના મને આવા લોકો ઈન્કાર તે કરે,
બને નાસ્તિક, ના જાણે મારા અસ્તિત્વને ખરે. ૪૧

આવા લોકો રચે કિલ્લા આશાઓના નવા નવા,
કિંતુ સૌ તેમનાં કામો નકામાં હોય છે બધાં. ૪૨

અને અજ્ઞાનથી તેઓ રહે છે ભરપૂર ને
તેથી ક્હેવાય છે પાર્થે ! આસુરી વૃત્તિના જ તે.' ૪૩

કામ, ક્રોધથી સંપૂર્ણ ભરેલા, પૂર્ણ લંપટ,
નિન્મમાં નિમ્ન વૃત્તિમાં જેમનું લુબ્ધ જીવન. ૪૪

જેઓ સંતોષવા માત્ર નિમ્ન રીતની કામના,
કેવા રંજાડવા પૂરા તત્પર ખૂબ દિલમાં ! ૪૫

પોતાના એકલા માત્ર સ્વાર્થને તે ફળાવવા,
હજારગણું બીજાનું નુકસાન પમાડતા. ૪૬

નીરખે એકલું માત્ર પોતાનું સુખ સર્વદા,
તેની આડે જ જે આવે તેને ખૂબ સતાવતા. ૪૭

પોતાના સુખને માટે બીજાને મારી નાખતાં
આંચકો કાંઈ ના જેને, અરેરાટી ન દિલમાં. ૪૮

નીતિ, નિયમ, મર્યાદા જેને કોઈ પ્રકારનાં
જીવનમાં નથી, પૂરા સ્વચ્છંદી સર્વ રીતમાં. ૪૯

અમર્યાદ રીતે જેનું વર્તન, ભ્રષ્ટ રીતનું,
ગયેલા ઊતરી પૂરા પાટા પરથી સાવ શું ! ૫૦

પોતાના જે વિરોધી હો તેનો નાશ કરાવતાં,
જેને ના વાર લાગે છે, અત્યંત જેની ક્રૂરતા. ૫૧

એવા આસુરી વૃત્તિના અસુરો તે ગણાય છે,
છતાં એવા વિશે ભક્ત કેટલાક થયેલ છે. ૫૨

અસુરોમાં છતાં એવા કેવા સદ્ગુણ હોય ત્યાં !
દેખાતા તેથી જેવા હો, જાણવા માત્ર તેમ ના. ૫૩

*પણ, દૈવી વૃત્તિવાળાઓ તો મને જુદી જુદી રીતે ભજે છે.*

## જ્ઞાની ભક્તો

'જે દૈવી વૃત્તિઓવાળા હોય, તે જન તો મને,
અવિનાશી લહી સ્રષ્ટા ભાવથી અંતરે ભજે. ૫૪

નિશ્ચયે દૃઢ રહે કોક પ્રયત્ને રત હોય જે,
ધરે છે ધ્યાન મારું, તે ભજે ને કીર્તનો કરે. ૫૫

હું છું એક જ એવું તે માને છે કેટલાક, ને
બહુ રૂપે વળી માને હૃદે કોઈ જનો મને. ૫૬

ગુણો અનંત છે મારા, માનનારા બહુ રૂપે,
ગુણો નોખા, રૂપો નોખાં છતાં તે સર્વને વિશે,
અવિનાશીરૂપે **એક** ભાળે, તે મુજ ભક્ત છે' ૫૭

*હવે, શ્રીભગવાન આવાં પોતાનાં જુદાં જુદાં સ્વરૂપોમાં પણ પોતે જ છે, એ સત્ય અર્જુનના દિલમાં દૃઢાવે છે.*

## અનંત અને એક

(વસંતતિલકા)

'આધાર પિતૃજનનો, વળી હું છું મંત્ર,
સંકલ્પ છું, સહુય યજ્ઞતણો હું યજ્ઞ,
હું તાત આ જગતનો, વળી હું છું માત,
ને પાર્થ ! હું હવનમાંહી મુકાતું દ્રવ્ય. ૫૮

છું આપનાર, વળી અર્પણ જે થતું ને
જેને અપાતું, ત્રાણ તે મુજને જ જાણ,
હું તો વનસ્પતિ છું યજ્ઞની, અગ્નિ છું હું,
ધારું હું આ જગત, પોષણ હું, ગતિ હું. ૫૯

જે જાણવા સમ બધું કંઈ હોય તે હું,
ૐકાર મંત્ર, પ્રભુ હું, વળી સાક્ષી છું હું,
ઋક્, સામ ને યજુર્વેદ મને તું જાણ,
કલ્યાણ સર્વ જગનું હું છું ઈચ્છનાર. ૬૦

ઉત્પત્તિ, નાશ, તડકો, વળી ટાઢ હું છું,
સર્વેનું મૂળ, સત ને અસતેય હું છું.' ૬૧

*દુનિયા તો કામનાઓ રાખે છે અને તેનાં ફળ માટે કેટલીક વિધિઓ પણ કરે છે. તેઓ કેવા ગણાય ?*

## અભાગી જનો

(અનુષ્ટુપ)

‘વેદમાં વર્ણવેલી જે - ફળની પ્રાપ્તિ કાજ કૈં
કરે છે જે ક્રિયાઓ, તે સ્વર્ગને મેળવે ભલે. ૬૨

તેમને કિંતુ રહે બાકી ફેરા મરણજન્મના,
માનજે પાર્થ ! એઓને અભાગી જન સર્વથા.’ ૬૩

*પણ, જેઓ એકલા શ્રીભગવાનને અનન્ય ભાવે ભજે છે, તેમનો તો બેડો પાર છે, એવી ખાતરી શ્રીભગવાન અર્જુનને આપે છે.*

## અભય વચન

‘અનન્ય ભાવથી ઊંડું કર્યાં ચિંતવન જે કરે,
ભજે પ્રેમે મને, એના ઉપાડું સર્વ ભારને. ૬૪

છે જોડાયેલ મારામાં સંપૂર્ણ જે નિરંતરે,
બધાં જીવનપાસાંમાં સૌ દિશેથી મને સ્તવે. ૬૫

જોડાયેલો જ આદિથી સાતત્યે મુજ સાથ શો !
હું યોગ-ક્ષેમ એવાનો ઉપાડી લઉં છું બધો. ૬૬

જીવનનાં બધાં પાસાંતણું જે યોગ-ક્ષેમ છે,
પોતાને શિર શો પોતે વહી લે છે બધી રીતે ! ૬૭

કલ્યાણ-ક્ષેમની વાત જો અહીં હોય, સાચું તે,
લેવું તે સત્ય ના પૂર્ણ વ્યવહારની બાબતે. ૬૮

વ્યવહાર બધી રીતે પ્રભુ-પરત્વેનો હદે,
જીવને જે થતો રહે તે યોગનું ક્ષેમ-ક્ષેત્ર તે. ૬૯

તેમને ખપ જેનો હો પૂરો પાડું છું હું સહુ,
સત્પંથે એમને પ્રેમે સર્વદા પ્રેરતો રહું.' ૭૦

*પોતાના સિવાય બીજા દેવતાઓમાં શ્રદ્ધા રાખીને તેમને ભજનારને વિશે વળી પાછા શ્રીભગવાન કહે છે :-*

## દેવપૂજકો

'જે જે દેવો બીજા, તેને હૈયામાં રાખીને ભજે,
શ્રદ્ધાથી કેટલાકો, તે અજ્ઞાન તેમનું ખરે. ૭૧

કેમ કે છેવટે તો સૌ તે ભજે મુજને જ, ને
સર્વ યજ્ઞાતણો સ્વામી આખરે હું જ છું ખરે.' ૭૨

*પણ, આવા અજ્ઞાની દેવપૂજકો આખરી સ્થિતિને નથી પામતા, એમ જણાવી અર્જુનને સૂચવે છે કે તારે તો મારી જ અનન્ય ભક્તિ કરવી.*

## મારી જ ભક્તિ

'જાણતા નવ હોવાથી મારી વ્યાપકતા બધે,
આખરી સ્થિતિને તેઓ પહોંચી જ નહિ શકે. ૭૩

જીવનધ્યેય આદર્શ ઉચ્ચમાં ઉચ્ચ ઊર્ધ્વનો,
વળી વિસ્તાર જેનો છે, અપરંપાર ભવ્ય શો ! ૭૪

વળી વિકાસમાં પાછું જવાતાં જ્યાં ક્ષિતિજ છે,
તહીં ક્ષિતિજ આઘી ને આઘી ઠેલાય આપ તે. ૭૫

ધ્યેય-પરંપરા એવી વિસ્તરતી જતી પથે,
અનંતાનંત શી એવી કળા **હરિ**ની દિવ્ય છે ! ૭૬

આવતાં લાગતું પાસે, જતાં છેક નજીક જ્યાં,
વળી પાછું જતું આઘે, શો અનુભવ તેમ ત્યાં ! ૭૭

ટૂંકો ધ્યેય-આદર્શ તેને ટૂંકું મળ્યે જતાં,
એને સંતોષ સંપૂર્ણ તેટલામાં જ છે તદા. ૭૮

છતાં એવા અધૂરા શા ! છતાં તે જાણતા નથી,
બધું જાણ્યાતણો દાવો તેવા શા કરતા વળી ! ૭૯

ભેંસનાં શિંગડાં ભારે ભેંસને પડશે ખરાં,
જેમ જે માનતા હોય ભલે છો તેમ માનતા. ૮૦

તેવાઓને છતાં પાછું કોક દી દિલ જાગશે
કે આ દશા જ સંપૂર્ણ તે અનુભવવી જ છે. ૮૧

પૂજે જે દેવલોકોને, પામે છે દેવલોકને,
પિતૃને પૂજનારા જે, પામે તે પિતૃલોકને. ૮૨

પૂજે જે ભૂતપ્રેતાદિ, પામે તે સર્વ લોક તે,
મને જે સમજી પૂરું ભજે, પામે મને જ તે.' ૮૩

બ્રહ્માનુભવને કાજે જ્ઞાનપૂર્વક તીવ્ર ને
સંવેગવાળી ભક્તિની અનિવાર્ય જરૂર છે. ૮૪

*ભાવ જ શ્રીભગવાનને તો વહાલો છે. એટલે ભાવ-પ્રેમભક્તિભાવ-નો મહિમા અહીં પોતે ગાય છે.*

## ભાવ

'નજીવુંયે ભલેને હો અર્પે જે ભક્તિપૂર્વક
મને તેવાની હું ભક્તિ સ્વીકારું પ્રેમપૂર્વક. ૮૫

ફૂલ કે ફળ કે પાણી, પાંદડું, ભક્તિભાવથી
અર્પે જે કોઈ, તેનું તે સ્વીકારું ખૂબ ભાવથી.' ૮૬

*ભાવપૂર્વકનું સંપૂર્ણ અર્પણ એટલે સમર્પણ. એનું મહત્ત્વ અર્જુનના દિલમાં ઠસાવવાને અર્જુનને સ્પષ્ટ આદેશ આપે છે.*

## સમર્પણનો આદેશ

‘કરે જે, ભોગવે તું જે, યજ્ઞ કે દાન જે કરે,
તપશ્ચર્યા કરે, કે કો બીજી એવી ક્રિયા કરે,
અર્જુન ! ટૂંકમાં જે કૈં કરે તું સઘળુંય તે
ભૂલતો તું રખે ! જો જે તે કર અર્પી સૌ મને. ૮૭-૮૮

જીવને કરવાનું જે સમર્પવાનું પાદ તે,
કરવાનું વિકાસાર્થે, જીવનશ્રેય અર્થ તે. ૮૯

જે વ્યવહાર સંપૂર્ણ રોજરોજ થયેલ છે,
મુનીમ સઘળો તે તે શેઠને કહી દૈ, સૂએ. ૯૦

કહી દીધા પછી એને કેવી નિરાંત તો વળે !
કહ્યા વિના બધું તે તે એને ના ચાલતું જ છે. ૯૧

બધો બોજો જ માથાનો દિવસભરનો નર્યો,
નિવેદન કર્યાં કેડે ઓછો શો થઈ જાય સૌ ! ૯૨

મુનીમ જે કરે, તે તે શેઠને અર્થ તે કરે,
તેવી સભાનતા પાકી મુનીમને શી હોય છે ! ૯૩

લાભ કે ખોટ ના તેની, સમર્પાઈ બધું જતાં,
સંપૂર્ણ હળવો કેવો ! આપ પોતે બની જતો. ૯૪

તેથી શ્રેયાર્થીને માટે નિવેદન, સમર્પણ,
કેવાં અગત્યનાં ખૂબ ! વિકસાવા જ જીવન. ૯૫

સમર્પાતું બધું જાય થયેલું, થતું સર્વ જે,
કર્મનાં બંધનો કેવાં એનાં સમૂળગાં જશે ! ૯૬

એવાને પછીથી રંગ ભક્તિનો જામતો જશે,
સમર્પણાદિનું કેવું શ્રેષ્ઠ સાધન જીવને !
જાતે અનુભવી તેને કૃપાથી તે લખાયું છે. ૯૭

જાતે કેવા મળ્યા લાભ, હૈયે અનુભવી જ તે,
ઉત્તમોત્તમ છે શ્રેષ્ઠ શું તે સાધન જીવને ! ૯૮

*એવાં ભાવપૂર્વકનાં સમર્પણોનાં શુભ પરિણામ વર્ણવી અર્જુનને (એટલે કે કોઈ પણ સદ્‌ભાવી **જીવ**ને) સમર્પણ કરવા માટે પ્રેરણા આપે છે.*

## પરિણામ

કર્મનાં સૌ શુભાશુભ તારાં બંધન છૂટશે,
લય થૈ યોગ - સંન્યાસે તું મારામાં મળી જશે. ૯૯

રહેશે એટલે કાંઈ શુભાશુભ ફળોતણી
જવાબદારી તારી ના, કર્મો તું કર જ્ઞાનથી. ૧૦૦

ફળકેરો થશે ત્યાગ એ રીતે વર્તવા થકી,
મૃત્યુજન્મતણા ફેરા તારે તો ના રહે પછી.’ ૧૦૧

મન, બુદ્ધિ અહં, પ્રાણ, ચિત્ત પૂરાં ગળી જતાં,
પૂરું યંત્ર થતાં મારું, કર્મ ત્યાં મુજથી થતાં. ૧૦૨

*તે ઉપરાંત, શ્રીભગવાન કહે છે કે પોતાનામાં સમત્વદૃષ્ટિ હોવા છતાં, તેની સાથે સાથે તેઓ ભક્તમાં અને પોતાનામાં કશો જ ભેદ માનતા નથી.*

## ભક્તવત્સલ

‘મને તો સર્વ પ્રાણીઓ પ્રિય છે સરખાં, અને
પ્રિય એક, બીજાં કોઈ અપ્રિય, એવું કૈં ન છે. ૧૦૩

ભજે છે ભક્તિથી કિંતુ જે જે, તે મુજમાં વસે,
ને તેઓની મહીં હું છું પાર્થ ! તું એમ જાણજે. ૧૦૪

ભજી નથી શકાતું તે જાણ્યા વિના જ એહને,
જાણ્યું તે ના કહેવાતું ભજ્યા વિના જ અંતરે. ૧૦૫

ભજવું એટલે જાણો છે અપરોક્ષ જ્ઞાન તે,
જણાય છે જ ભક્તિથી તત્ત્વ અંતરનું ખરે. ૧૦૬

લાગતાં ભક્તિ સંપૂર્ણ એક દિલ થવાય છે,
પરસ્પરે હૃદે કેવું થવાતું **एक** હોય છે ! ૧૦૭

વિષયભોગમાં જ્યારે સંપૂર્ણ જ્યાં પડાય છે,
ભિન્નત્વ ત્યાં ન લાગે છે, શાં પરસ્પર એક છે ! ૧૦૮

તેથી તો ભક્તિમાં પૂર્ણ લગાતાર થવાય છે,
શો અનુભવ **एकत्व** ચેતનાત્મક થાય છે !
ભક્તિથી કેવું તાદાત્મ્ય ! જીવને તો સધાય છે. ૧૦૯

ભક્તિથી **प्राण** નાથંતાં એક દિલે પૂરેપૂરા,
એક રંગે જ સંપૂર્ણ **हरि** સાથે જડાયેલા. ૧૧૦

ભક્તિથી શો પમાયે છે **एकत्व**નો અનુભવ !
ભક્તિ સંપૂર્ણથી કેવો થાય જ્ઞાન-અનુભવ ! ૧૧૧

પક્ષપાત નથી એમાં કિંતુ પોતાની ભક્તિનું
પામે છે ફળ તેઓ, જે વાવે તેવું જ તે લણે.’ ૧૧૨

*હવે, શ્રીભગવાન ભક્તિનો અત્યંત મહિમા ગાય છે. ભક્તિ તો ભારે ચમત્કારિક શક્તિવાળી છે.*

## ભક્તિની સ્તુતિ

‘ભક્તિનો જો ચમત્કાર ! એકભાવે મને ભજે,
ભલેને હો દુરાચારી તોય તે સાધુ થાય છે. ૧૧૩

સૂર્યની આગળે જેમ અંધારું ના ટકી શકે,
તેમ જે શરણે આવે, દુરાચારી મટી જશે. ૧૧૪

નિશ્ચયે જાણ તેથી તું, કરે છે ભક્તિ જે મુજ,
પામતા જ નથી નાશ, છે સદા ભક્તનો જય. ૧૧૫

રહે છે ચિંત્વતા મારા રૂપને જે ક્ષણે ક્ષણે,
ધર્માત્મા થાય તેવા સૌ, શાંતિ તે દિવ્ય ભોગવે. ૧૧૬

ભક્તિનો મહિમા એવો કે જેઓ પાપયોનિમાં
જન્મ પામ્યા ગણાયે છે, વળી જે કૈં જ ના ભણ્યા,
સ્ત્રીઓ, વૈશ્ય અને શૂદ્ર, જે લેતા મુજ આશ્રય,
મને પામે જ તે સર્વે નિશ્ચયે જાણ, અર્જુન ! ૧૧૭-૧૧૮

લઈ શકે બધાં જે તે આશ્રય ભક્તિનો હૃદે,
પાપીમાં પાપીયે તેને ભક્તિ નકારતી ન છે. ૧૧૯

જ્ઞાન તો યોગ્ય ભૂમિકા માગી લેતું જ હોય છે,
ભક્તિને અર્થ કિંતુ તે આવશ્યકતા ન એવી છે. ૧૨૦

જે લોકનીય સંપૂર્ણ સમગ્રતા શી તે બધી !
આશ્રય ભક્તિનો કેવો લઈ તે શકતી ચહી,
જ્યારે જ્ઞાનનું તેવું ના યોગનું તેવુંયે ન છે,
સંપૂર્ણ છૂટથી જે તે ભક્તિઆશ્રય લૈ શકે. ૧૨૧-૧૨૨

સુલભ ભક્તિ તેથી તો લોકના સમુદાયને,
ભક્તિથી દિલ રંગાતાં, યોગ્ય, પૂર્ણ સધાય છે. ૧૨૩

જ્ઞાન ને યોગનું જે તે જીવને ફળ જન્મતું,
તે જ ભક્તિથી સંપૂર્ણ પમાતું ફળ મૂળનું. ૧૨૪

*જ્યારે ભક્તિનો એટલો બધો મહિમા છે કે દુરાચારી પણ સાધુ થઈ જાય છે, ત્યારે પુણ્ય કરનારા બ્રાહ્મણ-ક્ષત્રિયોની તો વાત જ શી ? માટે, બીક અને ચિંતા છોડીને તું મારો ભક્ત થા.*

## અર્જુનને આદેશ

'પુણ્ય કર્મોતણા કર્તા પછી બ્રાહ્મણ-ક્ષત્રિયો,
તેઓનું તો કહેવું શું ? તેઓ નિશ્ચે મને વરે. ૧૨૫

બ્રાહ્મણ, ક્ષત્રિયો એવા મળેલાં કર્મધર્મમાં,
હૈયે થૈ મુક્ત મારામાં, મને નિશ્ચય પામતા. ૧૨૬

કરે છે ભક્તિ જે, તેને મળે છે ફળ તેહનાં,
માટે અસાર સંસાર, કરી કીર્તન પાર જા. ૧૨૭

મન, બુદ્ધિ, અહં, પ્રાણ મારામાં તું પરોવી દે,
મારે અર્થે કરી યજ્ઞો મારો ભક્ત થઈ રહે. ૧૨૮

અહીં યજ્ઞતણો અર્થ ભૂમિકા માનસિકનો,
જુદી જુદી ભૂમિકાના એવા યજ્ઞ અનેક તો. ૧૨૯

જે અનુભવવા અર્થે ગ્રહાયેલાં જ સાધનો,
યથાર્થ યજ્ઞ તે તે સૌ કેમ કે **हरि**-અર્થ તે. ૧૩૦

પ્રભુપ્રીત્યર્થ સંપૂર્ણ ભાવે જે જે થયાં કરે,
તે તે યથાર્થ છે યજ્ઞ સાધના-કર્મ યજ્ઞ છે. ૧૩૧

મંત્રોચ્ચારતણા યજ્ઞ એવી વાત ન છે અહીં,
જેમાં આહુતિ દેવાતી તેવા યજ્ઞ ન છે વળી. ૧૩૨

સંપૂર્ણ ભાવથી કર્મ જે તે થયાં જતાં બધાં,
તે તે કર્મ, બધા યજ્ઞ, જે નારાયણ-ભાવના. ૧૩૩

સર્વ તારા નમસ્કારો મને પ્હોંચાડજે ખરે,
આત્મનિષ્ઠા જ મારામાં જ્યારે તારી થઈ જશે,
મારામાં હોમીને સ્વાત્મા શૂન્યવત્ તું બની જશે,
મને તું પામશે ત્યારે નિઃશંક પાર્થ ! જાણજે.' ૧૩૪-૧૩૫

*અનાસક્તિ વગર કશું ન વળે અને અનાસક્તિ માટે સહેલો ઉપાય ભક્તિ છે. એ સહેલો પણ છે અને જો હૃદયમાં ન વસ્યો તો અઘરો પણ છે. એ તો **'માથા સાટે મોંઘી વસ્તુ'** લેવાની વાત છે.*

## ભક્તિનું સ્વરૂપ

'મારામાં પૂર્ણ આસક્તિ એટલે ભક્તિ' જાણજે,
અનાસક્ત થવા કાજે સ્હેલો એ જ ઉપાય છે. ૧૩૬

જે રાજયોગ તે ભક્તિ ને પ્હેલો એ જ માર્ગ છે,
વસે જો હૃદયે, સ્હેલો, દોહ્યલો, નવ જો વસે. ૧૩૭

એને તો શિરને સાટે એટલે જ ગણેલ છે,
જોનારા દાઝતાં, માંહી પડેલા સુખ માણશે.' ૧૩૮

॥ હરિઃ ૐ ॥

## અધ્યાય ૧૦ મો

(વિભૂતિયોગ)

*શ્રીભગવાનને **જીવો**નો ઉદ્ધાર કરવાની એવી ઉત્કટ તાલાવેલી લાગેલી હોય છે કે તે ફરીફરીને પોતાનું સ્વરૂપ સમજાવે છે.*

### અનાદિ અને અનંત

'ભક્તોના હિતને કાજે, ફરીથી કહું, અર્જુન !
ધ્યાનમાં વાત તું લેજે, ફરીથી વળી સાંભળ. ૧

શિશુને જોઈને વ્હાલ માને અપાર ઊપજે,
ભક્તોની પર પોતાના, હેત તેમ **હરિ**નું છે. ૨

જ્યાં સ્વીકારાતું છે તત્ત્વ જેમ જેમ શું અંતરે,
શી મુલાયમતા એવી જામતાં ! ભાવ નીતરે. ૩

આપમેળે બધું હૈયે જે ગ્રહવા જ યોગ્ય છે,
તે સ્વીકારાતું જામે છે, જન્મે ત્યાં હર્ષ શો હૃદે ! ૪

જેમ જેમ સ્વીકારાતું હૈયે પ્રસન્નતા બઢે,
**શ્રીહરિ** પોતપોતાનું તેમ ખુલ્લું કર્યા કરે. ૫

અર્જુનને શું તે રીતે પોતાની વિભૂતિતણું
બતાવી સ્પષ્ટ, શો તેને પાસે ચહે જ લાવવું ! ૬

'આગ્રહો, રાગ ને દ્વેષ, ટેવો, સમજણો શી તે
મડાગાંઠો', બધું તૂટ્યે શી મુલાયમતા જ છે ! ૭

જ્યાં મુલાયમતા એવી જીવને પ્રગટેલ છે,
સ્વીકારાવાની ભૂમિકા સર્જાતી જાય છે હૃદે. ૮

**હરિ**નું હેત ત્યારે શું અપરંપાર વર્ષતું,
એવી રીતે કરે વ્હાલ કૃષ્ણ અર્જુનને ઘણું. ૯

શિશુ ઉદરમાંનું જે માની ઉંમર જાણવા,
સમર્થ કોઈ રીતે ના, તેવું જ **હરિ** પ્રીછવા. ૧૦

સમુદ્ર માછલું માપી શકે કેવી રીતે જ તે !
તેવું જ **હરિ**ને કોઈ જાણી, પ્રીછી શકે ન કૈં. ૧૧

માખી કેટલું ઊડીને ક્યાં સુધી તે જઈ શકે !
તેવું જ **હરિ**ને કોઈ પૂરો આંબી શકે ન તે. ૧૨

**શ્રીહરિ** સર્વનું મૂળ સચરાચરે જે બધું,
**હરિ**થી કેવું સંપૂર્ણ છે ! ઓતપ્રોત તે નર્યું. ૧૩

નર્યા અજ્ઞાનથી કેવા આવરાયેલ છે જનો !
તેવાને કેવી રીતે તે પછી પારખ થાય તો ? ૧૪

અજ્ઞાન-પડદા જ્યારે સંપૂર્ણ ખસી જાય તે,
ત્યારેય ઝાંખી શી માત્ર કૈંક અંશે થતી હૃદે. ૧૫

**હરિ**ને જાણવો એમ દુર્લભ શો બધી રીતે !
કેટલી કેવી વિભૂતિ અનંતાનંત **એની** છે ! ૧૬

દેવો, મહર્ષિઓનુંયે આદિકારણ **તે** જ છે,
અનિર્વચનીયે શો તે ! કોથી કહ્યો ન જાય છે. ૧૭

ભિન્ન, ભિન્ન જ પ્રાણીના ભાવ જે જે બધા જ છે,
ઉત્પન્ન તે થયા સર્વ મારા વડે જ જીવને. ૧૮

ભૂતો નિરનિરાળાં છે જેમ, વિકાર ભિન્ન છે,
પ્રકાશ, અંધકારે તે જેમ સૂર્ય વડે જ છે. ૧૯

તેમ જ્ઞાન થયું કે ના આધાર નિજના પરે,
કર્મફળ પ્રમાણેનું જે તે થતું શું હોય છે ! ૨૦

છતાં ઈશનું જે તત્ત્વ છે છુપાયેલ ગૂઢ જે
તેનાયે પડછાયાથી જિજ્ઞાસા આદિભાવ છે. ૨૧

સ્વતંત્ર જો બધી રીતે કર્મનું ફળ જીવને,
તો પછી શી રીતે મુક્ત કર્મથી કો થઈ શકે ? ૨૨

કિંતુ શી કર્મમાંયે છે ચેતના સર્વ ભાવથી !
તેથી સદ્ભાવનાં કર્મ થયાં કરે જ **જીવ**થી. ૨૩

ચેતન-તત્ત્વ પ્રેરાવે એવા સંસ્કાર જીવને,
તેવાં તેવાં જ કર્મોથી પડ્યાં શા ચિત્તમાં કરે ! ૨૪

એવા સંસ્કારનો જ્યારે ઉદયવર્તમાન છે,
ત્યારે ત્યારે શું સત્કર્મ કેવાં **જીવ**થી થાય છે ! ૨૫

એમ સંસ્કાર એવાનો જથ્થો અપરંપાર જ્યાં,
ચિત્તે સંપૂર્ણ જામેલો, તેમાંથી સ્ફુરણા ઊગે. ૨૬

ત્યારે તેવાની જિજ્ઞાસા અગ્નિ જેવી પ્રચંડ છે,
તેનાથી ભભૂકેલી શી ! જેથી તે **હરિ**માં વળે. ૨૭

કિંતુ કોઈ જ સંપૂર્ણ **હરિ**ને પામી ના શકે,
છતાં તેવા જ કોઈક ઓળખી કૈંક તો શકે. ૨૮

**હરિ**નાં કેટલાં પાસાં અગણિત અપાર છે,
સમગ્રતાથી તો કોઈ **હરિ**ને જાણી ના શકે. ૨૯

સર્વ વિશ્વરૂપે હું જ વિસ્તરેલો બધે જ છું,
બી ને વૃક્ષ બંનેયે પરસ્પરે શું હું જ છું ! ૩૦

અસ્તિત્વ જુદું જુદું તે લાગતું છે ખરેખરે,
છતાં તે સર્વના મૂળે તો '**હું** જ છું' આખરે. ૩૧

મારા વિના ન કોઈનું કશું અસ્તિત્વ ક્યાંય છે,
મારે લીધે બધું જે તે ટકેલું નિત્ય જાણજે. ૩૨

સોનાના સો અલંકારો જુદાં જુદાં રૂપે જ છે,
છતાં શા મૂળમાં તે તે નર્યા એકરૂપે જ છે ! ૩૩

એકમાંથી બીજું જેમ સંસારે જન્મતું જ છે,
એમ શા એકમાંથી તો અનેક શા થયેલ છે ! ૩૪

કેવો વિસ્તારનો પાર અપરંપાર શો બધો !
છતાં શો મૂળ-બિંદુમાં સમાઈ તે જતો નર્યો. ૩૫

પાણી વરાળરૂપે શું આકાશે ઊડી જાય છે !
વળી પાછું થઈ વર્ષા ફરી તે પડતું જ છે. ૩૬

છે નીકળેલું સૌ તેમ, મહાકારણ મૂળ છે,
છતાં તેયે **હરિ**માંનું અવ્યક્ત, વ્યક્ત રૂપ છે. ૩૭

એવી અકળ લીલાને જાણવા કો સમર્થ ના,
છતાં વિભૂતિ પોતાની કૈંક થોડી બતાવી ત્યાં. ૩૮

હૃદે પ્રિય સખા માની થોડીક માત્ર વિભૂતિ
સ્પષ્ટ નિર્દેશ આપીને બતાવ્યું સ્પષ્ટતા કરી. ૩૯

મહર્ષિઓ અને દેવો ઉત્પત્તિ મુજ ના કળે,
ક્યારેયે કેમ કે પાર્થ ! નહોતું થવાપણું મને. ૪૦

અનાદિ ને અજન્મા છું, અજ્ઞાની જે પ્રીછે મને.
થાય છે પાપમાંથી તે મુક્ત, અર્જુન ! નિશ્ચયે. ૪૧

મારે રૂપે મને પૂરો ઓળખી, મન જાણીને,
અંશ મારો, પ્રજા મારી, એ રીતે નિજને ગણે,
તેવાની પાપવૃત્તિ તો રહી ના શકતી કશે,
પાપનું મૂળ અજ્ઞાન પોતાની મહીં તે ગણે.' ૪૨-૪૩

*શ્રીભગવાનમાંથી જ સર્વ ભાવો અને દ્વંદ્વો ઉત્પન્ન થાય છે. તે જરા વિસ્તારથી કહે છે.*

## બધાંનું મૂળ હું જ

'પ્રાણીઓ જેમ મારાથી સૌ ઉત્પન્ન થયાં દીસે,
ભાવો જુદા જુદા તેમ તેમના, હુંથી ઊપજે. ૪૪

જાગ્રતિ ચેતનાયુક્ત, શમ ને દમ, સત્ય ને
ક્ષમા, બુદ્ધિ અને જ્ઞાન, સંતોષ, તપ, યજ્ઞ ને
અહિંસા, સમતા, દાન, સુખ ને દુઃખનું અને
અભાવ-ભાવનું દ્વંદ્વ, અભય-ભયનુંય તે.
કલંક-યશનું દ્વંદ્વ, સદ્‌ગુણો-દુર્ગુણો વળી,
ટૂંકમાં સર્વ કૈં દ્વંદ્વો ઊપજ્યાં જાણ હું થકી. ૪૫-૪૬-૪૭

એ ભાવો, પછી હો 'સારા' કે હો તે 'નરસા' ભલે,
ત્રણે ગુણોતણાં કર્મો ને ભાવો મુજથી ઊઠે. ૪૮

ચારે મનુ, મહર્ષિઓ સાતેયે, મુજ ભાવથી,
મનમાંથી વળી જન્મ્યા, પ્રજાના તે પ્રજાપતિ.' ૪૯

*આ બધા શ્રીભગવાનમાંથી જ થયા છે, એવી રીતે સમજી જે મારી વિભૂતિને જાણે છે, તે તો પાપમુક્ત જ થાય છે, તે હકીકત કારણ આપીને સમજાવે છે.*

## જ્ઞાનીની સમતા

"વિભૂતિયોગ સૌ મારા' એમ તે જાણનારમાં,
સહજે સમતા થાયે, પાર્થ ! દે એમ લક્ષ ત્યાં,
કેમ કે તે અહંતાને છોડી દે, વળી તેમનું
પરોવાયેલું મારામાં રહે છે ચિત્ત નિત્યનું. ૫૦-૫૧

હૈયે ચિંતવવાનું છે **હરિ**ને ભાવથી ઊંડું,
લગાતાર થવાતાં ત્યાં એકચિત્ત થવાય શું ! ૫૨

એમ તો કરતાં ભક્તિ ભાવ કેવો ઊંડો જતો !
ને તેમાંથી વિભૂતિનો યોગ શો દિલમાં થતો ! ૫૩

તેથી તેમાં જ હૈયામાં શું આકર્ષણ થાય છે !
આકર્ષાવા હૃદે તેથી વિભૂતિ-યોગ યોગ્ય છે. ૫૪

મારાથી જન્મ સૌનો છે, પ્રવૃત્તિ સર્વ મુજથી,
ગણી એમ ભજે જ્ઞાની મને સંપૂર્ણ ભાવથી.' ૫૫

*આવાઓ શું શું કરે છે એમ જણાવવાને નિમિત્તે શ્રીભગવાન તો અર્જુનને જ ઉપદેશે છે.*

## એવાઓનાં કામ

'પોતાનું મુજને તેઓ સર્વસ્વ અર્પતા, અને
સર્વ સંબંધમાં નિત્યે સંબોધે મનમાં મને. ૫૬

બધાંના મૂળમાં છે જો **હરિ** પોતે પરાત્પરે,
મોખરે તો મહત્ત્વે શો **હરિ**ને રાખવો હૃદે ! ૫૭

જેમાં તેમાં બધાંનામાં **હરિ**ને ધારી મોખરે,
સર્વ મહત્ત્વ દેવાનું **હરિ**ને ચાહી-ચાહીને. ૫૮

સમર્પતી પળે હૈયે **હરિ** સામે જ ધારીને,
પ્રાર્થના કરીને ભાવે સમર્પી દેવું સૌ પદે. ૫૯

સમર્પાતાં ઊંડા ભાવે થવા મુક્ત સમૂળગું,
હૈયામાં પ્રાર્થનાભાવ એવો ત્યારે જ ધારવો. ૬૦

સમર્પાતાં જ સંપૂર્ણ ઓથાર પ્રકૃતિતણો,
ક્યાંયે અદૃશ્ય તે થાય, શું ચમત્કાર ભક્તિનો ! ૬૧

શો સમર્પણને યજ્ઞ તેથી જીવનમાં ગણ્યો !
યજ્ઞ-પરંપરા એવી જીવને કેવી કેવી તો ! ૬૨

એમાંથી ભક્તિ સંપૂર્ણ જીવને જાગી જાય છે,
અલમસ્ત પછી કેવા મસ્તીભર્યા જ જીવને. ૬૩

અત્યંત પ્રેમથી તેઓ મારું કીર્તન તો કરે,
આનંદે શા રહે મસ્ત ! સંતોષી નિજ આત્મને. ૬૪

ભજે છે ભક્તિજ્ઞાનેથી આમ જેઓ હૃદે મને,
મારામાં તેમનું નિત્યે રહે છે ચિત્ત ચિંત્‌વને.' ૬૫

શા અનેક તરંગોનો પાણીથી જન્મ થાય છે !
આશ્રય તેમને પાછો પાણીથી જ સદા મળે. ૬૬

જીવન તેમનું પાછું પાણી તે એકલું જ છે,
તેમ બ્રહ્માંડ **આ** સર્વ **હરિ**થી નીપજેલ છે. ૬૭

આકાશે જેમ વાયુ ના, છતાં આકાશ વાયુમાં,
તેમ વ્યાપ્ત બધાંનામાં **હરિ** પોતે અખંડ ત્યાં. ૬૮

સર્વવ્યાપક પોતે તો બધાંમાં પ્રસરેલ છે,
સંજોગ, કાળથી ભિન્ન **હરિ** પોતે ન ક્યાંય છે. ૬૯

એવાને જ્ઞાનભક્તિથી બધા ભાવે, બધી રીતે,
ઉત્કંઠ ભક્તિથી ભક્ત લોક શા મુજને ભજે ! ૭૦

**હરિ**માં ચિત્ત તદ્રૂપ સંપૂર્ણ જેનું વ્યાપ્ત છે,
જીવન જે સમર્પીને કીર્તનાદિ કર્યાં કરે,
શો સર્વ કાળ સંતુષ્ટ **હરિ**માં રમમાણ છે !
તેવાના જન્મમૃત્યુનો હું સંચાલક પૂર્ણ જે. ૭૧-૭૨

પ્રવૃત્ત સર્વ બ્રહ્માંડ ચેતનાથી થયેલ છે,
એવી સભાનતાથી શા ભક્ત કેવા મને ભજે !
તેમને હું કદી કોરા રહેવા દિલ ના દઉં,
જે તે જોઈતું યોગ્ય યોગ-ક્ષેમનું હું દઉં. ૭૩-૭૪

મારાથી તૃપ્ત સંપૂર્ણ છે ભક્ત-જ્ઞાની શા હૃદે !
માગવાપણું તેવાને પછી ના હોય જીવને. ૭૫

મારી સાથે હૃદે ઊંડા કેવા તલ્લીન ખૂબ છે !
મારા વિના કશી બીજી એને પડી ન હોય છે. ૭૬

એકમાત્ર મને હૈયે જીવતો ધારીને જીવે,
એવા જે ભક્ત-જ્ઞાની છે મારો તે શણગાર છે. ૭૭

*શ્રીભગવાન એવાઓ ઉપર કૃપા કરી તેમને બુદ્ધિયોગ આપે છે.*

## બુદ્ધિયોગ

'હૈયે જોડાઈ મારામાં એવા ભાવે ભજે મને,
બુદ્ધિયોગ દઉં એને, તેથી તે પામતા મને. ૭૮

ભક્તિથી કેવું તાદાત્મ્ય દિલ-દિલનું થાય છે !
એકાકાર, તદાકાર સંપૂર્ણ શું થવાય છે ! ૭૯

**एक** ને **एक**માં પૂર્ણ લગાતાર જિવાય છે,
એવો શો મહિમા મોટો ભક્તિનો જીવને જ છે ! ૮૦

ભક્તિથી દિલમાં જ્યારે **हरि** સાથે મળાય છે,
ભક્તિનો યોગ સંપૂર્ણ સધાતાં, રાજી થાય **ते**. ૮૧

ત્યારે **हरि** શું પોતાનો જ્ઞાનયોગ છતો કરે !
બુદ્ધિને કેવી પ્રજ્ઞામાં દેતો ફેરવી જીવને ! ૮૨

ભક્તને બુદ્ધિનો યોગ કૃપાથી **हरि** બક્ષતો,
જ્ઞાન-દીપે ફિટાડે **ते** અજ્ઞાન-અધંકાર સૌ. ૮૩

ભર્યો ભર્યો કરુણાનો **हरि** સાગર મૂળ છે,
ભક્ત ઉપર પોતાના શો વારીવારી જાય છે ! ૮૪

એવાને માત્ર દર્શાવે વિભૂતિ નિજની બધી,
આકર્ષાવા હૃદે તેને કળા **ते** વાપરે બધી. ૮૫

ભક્તનાથી બીજું વ્હાલું **हरि**ને કોઈયે ન છે,
ભક્તને તેથી પોતાનું દર્શાવવા શું મસ્ત છે !
ઉમળકાથી હૈયાના ભક્તની પર રાજી **ते**. ૮૬

કરુણા કરી તેઓના અજ્ઞાન-અંધકારને
ફિટાડું જ્ઞાનદીપે હું તેમને પ્રગટી હૃદે.' ૮૭

*અર્જુનને શ્રીભગવાન પ્રત્યે પ્રેમ અને ભક્તિ બંને છે અને વળી આ યુદ્ધની વેળા જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે. તેથી, તે શ્રીભગવાનની સ્તુતિ કરીને પ્રશ્ન મૂકે છે.*

## સ્તુતિ અને પ્રશ્ન

અર્જુને કરીને ત્યારે સ્તુતિ અત્યંત પ્રેમથી,
જિજ્ઞાસાથી પૂછ્યું પાછું કૃષ્ણને નમ્ર ભાવથી. ૮૮

(હરિગીત)

'પરમ બ્રહ્મ તમે જ છો, ને પરમ ધામ તમે પ્રભુ !
ને આદિદેવ, પવિત્ર છો ને છો અજન્મા વળી વિભુ!
એવા પ્રભુરૂપે તમોને ઋષિ-મુનિ આદિક ભજે,
સ્વામી ! સ્વરૂપ સાચું તમારું જાણતું ના કો હ્રદે. ૮૯

(અનુષ્ટુપ)

સૂર્ય હોવા છતાં જેમ અંધને તે પ્રકાશનો
અનુભવ થતો ના છે, પારખે ગરમી જ શો ! ૯૦

વિના પામ્યા હ્રદે ઊંડો સૂર્યનો જે પ્રકાશ છે.
તે ભક્ત-જ્ઞાનીને હૈયે સંતોષ વળતો ન છે. ૯૧

અજ્ઞાને અંધ શા પોતે લોક એવા જગે ઘણા !
અંધ તો ગરમીથીયે સૂર્ય-અસ્તિત્વ જાણતા. ૯૨

કિંતુ સંસારી તો લોક એટલુંયે કશું હ્રદે,
મારા વિશે સહેજેયે રાખે છે ભાન ના ખરે ! ૯૩

'જાણે ના મુદલે હોઉં' એવું જીવન તે જીવે,
મને સાવ જ કોરાણે મૂકીને લોક શા જીવે ! ૯૪

વિચાર મુદલે મારો લોકને આવતો ન છે,
છતાં મેં લોક એવાને તરછોડી દીધા ન છે. ૯૫

તેમનામાં હું સંપૂર્ણ તેમની તે અજાણમાં,
છુપાયેલો રહેલો છું, કિંતુ તે નવ જાણતા. ૯૬

વિશ્રાંતિસ્થાન તો સૌનું અનાદિ કાળથી હું છું,
લેવાને દિલ વિશ્રાંતિ છતાં કોઈ ન ઇચ્છતું. ૯૭

શિશુને હાથ આવે જો હીરો, તેનું ન મૂલ્ય તે
કૈં સમજ ન હોવાથી, તેને તુર્ત ફગાવી દે. ૯૮

(હરિગીત)

જાણો પ્રભો ! તમને તમે તો, શી તમારી જે બધી
હોયે વિભૂતિ, ચિંતવી તે કેમ શકું હું ઓળખી !
વિસ્તારથી તો તે કહો સર્વે વિભૂતિ આપની,
જેની થકી વ્યાપી રહ્યા છો સર્વ સૃષ્ટિની મહીં. ૯૯

યોગી ! પ્રભો ! શી રીતથી હું સર્વ ભાવે સ્મરું હૃદે ?
જુદા જુદા ભાવો કયા છે, જે વિશે ચિંતવું તને ?
એ સૌ વિભૂતિઓ ફરી સમજાવશો વિસ્તારથી,
શી અમૃતવાણી સાંભળી તુજ ! તૃપ્તિ ના મુજને થતી.' ૧૦૦

(અનુષ્ટુપ)

દેવ-દાનવની બુદ્ધિ જાણી શકે ન આપને,
આપ જ આપને માત્ર સમર્થ જાણવા હૃદે. ૧૦૧

આપવા અન્યને, પાછા માત્ર આપ સમર્થ છો,
મહત્તા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બ્રહ્માંડે તેજ તાજ છો. ૧૦૨

અનેક શી વિભૂતિઓ થકી દેદીપ્યમાન છો,
શણગારાયેલા કેવા ! શોભિતા વળી ઑર છો. ૧૦૩

આપને હું શકું જાણી શી રીતે ! સ્પષ્ટ તે કહો,
આપ જ સર્વ કાંઈ છો, સમર્થ સર્વ રીત છો. ૧૦૪

શેમાં શેમાં સમાયા છો ? આપની વિભૂતિ શી છે ?
શેમાં શેમાં હૃદે ધ્યાન ધરવું આપના વિશે ? ૧૦૫

શી શી વિભૂતિમાં ધ્યાન ધરું જો, પછી આપને
સંકળાવું બધાંમાં તે શી રીતે ? સ્પષ્ટ કહો મને. ૧૦૬

વિભૂતિ આપની સર્વ ભલે તે મોટી મોટી હો,
કિંતુ શા આપ તો સૌથી મોટા ઘણા જ ભવ્ય છો ! ૧૦૭

દિવ્ય સમગ્રતા કેવી સર્વોત્તામ બધી રીતે !
ટૂંકામાં માત્ર તે સર્વ કથો સ્પષ્ટ કરી મને. ૧૦૮

આપનું વ્હાલ જે મારા પરે છે, જાણી તે હૃદે,
ધૃષ્ટતા આટલી મારી ક્ષમા સૌ કરજો મને. ૧૦૯.

વારેવારે પૂછીપૂછી કંટાળો અર્પિયો જ શો !
કાઢી શો દમ નાખ્યો છે અનેક વાર પૂછીને ! ૧૧૦

મૂઢતા, મૂર્ખતા મારી સામું જોશો ન હે હરિ !
કેવા ઉદારતામાં તો સમર્થ શ્રેષ્ઠ આપશ્રી ! ૧૧૧

સર્વનો ગર્ભ આકાશે દેખાતો તે છતાં નથી,
આપમાં સૌ સમાયેલું સચરાચર તો નકી. ૧૧૨

છતાં વિશિષ્ટતા તેની કોઈને ખ્યાલમાં કશી
કદી ના આવતી કેમે કોઈ ઉપાયથી કરી. ૧૧૩

જેથી હું યાચનાભાવે હૈયાથી પ્રાર્થના કરું,
આપની વિભૂતિ સૌનું વર્ણવો આપ, હે પ્રભુ ! ૧૧૪

આપને જાણતા આપ, બીજાનું ગજું ત્યાં નથી,
શી સર્વોપરિતામાં તો આપ જેવું બીજું નથી ! ૧૧૫

મારા સૌ પ્રશ્નના કેવા જવાબો વાળિયા જ છે,
મને હિંમત તેથી તો કંઈક દિલ આવી છે. ૧૧૬

‘સમુદ્ર કરુણાના છો, આપની કરુણાતણો
ક્યાંયે ના પાર છે’ જાણી, થવાને કરુણા, સ્તવું. ૧૧૭

કરુણા કેટલી વાર મારા પરે કરેલી છે,
એક વાર ફરી પાછી વર્ષાવો કરુણા હવે. ૧૧૮

વારંવાર ફરી કેવો આપ્યો છે શ્રમ આપને ?
ફરી આટલી તો વાર કૃપાથી તસ્દી લ્યો હવે. ૧૧૯

‘ઘો સમજાવી એવું કે ગળે ઊતરી તે જઈ
પચી તે જાય સંપૂર્ણ’, નાખી દો એવી ભૂરકી. ૧૨૦

મને શું ઊછળે વ્હાલ આપના પર વર્ષતું !
આપનું તો બધું જે તે વ્હાલું અપાર લાગતું. ૧૨૧

અનેક વાર તો કેવા આપને સાંભળેલ છે !
છતાં સંતોષની તૃપ્તિ હજી મને થતી ન તે. ૧૨૨

સાંભળ્યા હું કરું ભાવે વારંવાર શું આપને !
એવો ઉમળકો હૈયે ! એવા શા ઓરિયા મને. ૧૨૩

ફરીથી સંભળાવો તે વિભૂતિ ભવ્ય આપની,
આકર્ષાઈ જઈ પૂરો, મોહાઈ જાઉં આપથી. ૧૨૪

જતાં મોહાઈ સંપૂર્ણ આપના પર,, હે પ્રભો !
પછીથી ડૂલ સંપૂર્ણ આપમાં શો થઈશ તો. ૧૨૫

આપમાં દિલ સંપૂર્ણ મળી જવા ઉમેદ છે,
આકર્ષાઈ જવા કાજે પ્રકાશો આપ મસ્ત થૈ. ૧૨૬

અમૃતરસના પાને ધરાવો તેથી થાય ના,
અમૃતરૂપ વાણીને ફરી ફરી કથો હવાં. ૧૨૭

કૃપા શી કેટલી વાર મારા પરે કરેલ છે !
એક વાર ફરી પાછી કૃપા વર્ષાવી દે મને. ૧૨૮

તને શો પ્રીછવા હૈયે તીવ્ર આતુરતા હ્દે,
તારી વિભૂતિનું તેથી થવા દર્શન ચાહું તે. ૧૨૯

*'અરે ! મારી વિભૂતિઓ તો અનંત છે ! એ બધી સંભળાવતાં પાર ક્યાં આવે ? પણ તું કહે છે ત્યારે લે, તને થોડીક કહું,' એમ શ્રીભગવાન કહે છે.*

## અનંત વિભૂતિઓ

(હરિગીત)

વળતું કહ્યું કૃષ્ણે પછી 'મારી વિભૂતિ અનંત છે,
તેમાંથી થોડી મુખ્ય જે તુજને કહી દઉં છું હવે,
કેમ કે વિસ્તાર કરતાં અંત કદી ના આવશે,
પણ પ્રેમ છે તુજ પર, કથું છું તેથી તો થોડી તને. ૧૩૦

*પહેલાં તો શ્રીભગવાન કહે છે કે સર્વ પ્રાણીમાં, સર્વ સ્થિતિમાં અને સર્વ કાળમાં હું છું. તે પછી દરેકમાં જે મુખ્ય છે, તે હું જ છું એમ કહી આખો વર્ગ પોતે છે એમ સૂચવે છે.*

(અનુષ્ટુપ)

'બધાં ભૂતોતણા આદિ, મધ્ય ને અંતમાં જ હું,
સર્વના અંતરે કેવું અંતઃકરણ હું જ છું ! ૧૩૧

સ્થિતિ ને લય, ઉત્પત્તિ પ્રાણીમાત્રની હું જ છું,
તે બધાંયનું તત્ત્વ, **પ્રાણ**-શક્તિય હું જ છું. ૧૩૨

જે અનંતત્વ મારું છે ને વ્યાપકત્વ જે બધું,
તેને દર્શાવવા અર્થે વિભૂતિ મુજ વર્ણવું. ૧૩૩

## વિભૂતિઓ

(વસંતતિલકા)

પ્રાણીતણા હૃદયમાંહી રહેલ હું છું,
ઉત્પત્તિ, મધ્ય વળી અંત મહીંય હું છું,
આદિત્ય સર્વમહીં વિષ્ણુસ્વરૂપ હું છું,
છું તેજવંત રવિ ઉજ્જવળ વસ્તુમાં હું. ૧૩૪

વાયુ બધામહીં મરીચિરૂપે રહું છું,
નક્ષત્રમાંહી નભ ચંદ્રરૂપે વિરાજું,
છું સામવેદ સહુ વેદમહીં વળી હું,
ને સર્વ દેવ વિષયે જ સુરેન્દ્ર હું છું. ૧૩૫

છું ઇંદ્રિયોમહીં હું તો મન, તું પિછાણ,
ને પ્રાણીઓની સહુ ચેતનશક્તિ જાણ,
હે પાર્થ ! છું વળી જ શંકર રૂદ્રમાં સૌ,
યક્ષો સહુમહીં તું જાણ મને કુબેર. ૧૩૬

હું છું બૃહસ્પતિય મુખ્ય પુરોહિતોમાં,
સેનાપતિમહીં હું સ્કંદ, જળાશયોમાં
હું છું સમુદ્ર, ભૃગુ છું હું મહર્ષિઓમાં,
ઓમ્‌કાર વાણીમહીં હું, જપયજ્ઞ યજ્ઞો. ૧૩૭

(અનુષ્ટુપ)

જપને યજ્ઞ વાસ્તવ્યે યથાર્થ રીતથી કથ્યો,
પવિત્ર સર્વ તે થાય જપના મંત્રાથી નર્યો. ૧૩૮

સહેલામાં સહેલો છે, સરળતાભર્યો જ શો !
એને તો દિલ લેવામાં વિધિ, નિષેધ કોઈ ના. ૧૩૯

સ્નાનયે કરવાકેરી જરૂરિયાત ત્યાં ન છે,
કિંતુ ભાવ અનિવાર્ય જપના મંત્રમાં થવો. ૧૪૦

અભ્યાસ પડતાં જ્યારે લાંબો કાળ ટક્યાં કરે,
એવા અભ્યાસમાંથી તો ભાવ શો દિલ નીતરે ! ૧૪૧

તમન્ના ને અભીપ્સા બે કેટલી ઊર્ધ્વગામી છે,
ધ્યેયની લગની કેવી દિલમાં જલતી જ છે ! ૧૪૨

થવો ઉઠાવ શો તેના પરે સર્વ રહેલ છે,
છતાં જો પણ અભ્યાસે મચો, બેડો જ પાર છે. ૧૪૩

અભ્યાસમાં વધારે ને વધારે કાળ આપતાં,
અભિરુચિ થવાની છે, જાગવાની જ છે સદા. ૧૪૪

તે નિરંતર તો થાતાં અખંડાકાર થાય તો,
ભાવ ત્યારથી તે જાગી જવા મંડે જ દિલ શો ! ૧૪૫

ભાવ અખંડ તે થાતાં રૂપાંતર બધું થતું,
અનુભવે પ્રમાણેલું સર્વને ચરણે ધર્યું. ૧૪૬

શબ્દ આકાશનો જાણ, આકાશમાંથી શબ્દ છે,
તે નિરંતર તો શબ્દ થતાં, આકાશ મોખરે. ૧૪૭

આકાશ મોખરે જ્યાં છે, આકાશનું મહત્ત્વ છે,
સર્વ આધારને વિશે, આકાશ રમમાણ છે. ૧૪૮

આકાશ સત્ત્વની સાથે સંકળાયેલ અંતરે,
આકાશ મોખરે થાતાં કેવું ત્યાં સત્ત્વ મોખરે ! ૧૪૯

મહત્ત્વે એકધારું જ્યાં વિશિષ્ટ તત્ત્વ જીવને,
આકાશનું પ્રવર્તેલું, આધારે પછી સત્ત્વ છે. ૧૫૦

સત્ત્વ જ્યાં મોખરે પૂર્ણ, સત્ત્વનું જ્યાં મહત્ત્વ છે,
કામક્રોધાદિનું જોર ત્યાં ફાવી શકતું ન છે. ૧૫૧

જપયજ્ઞથી તો કેવાં કામક્રોધ શમાય છે !
તર્કયુક્ત દલીલોથી કૃપાથી સમજાવ્યું તે. ૧૫૨

મહત્ત્વે મોખરે સત્ત્વ, ભાવના-હાર્દ સત્ત્વમાં,
છતાં મેળે રહે છે તે, તેથી દર્શન તત્ત્વનાં. ૧૫૩

(વસંતતિલકા)

છું પર્વતોમહીં હિમાલય અદ્રિરાજ,
ને પીપળો તરુમહીં મુજને પિછાણ,
દેવર્ષિઓ મહીં છું નારદ જાણજે તું,
સિદ્ધોમહીં કપિલ, સૌ શિખરે હું મેરુ. ૧૫૪

પ્રહ્લાદ જાણ મુજને સહુ દૈત્યમાં ને
હું સિંહ સર્વ પશુઓ મહીંયે જગે છું,
છું પક્ષીઓ મહીં ગરુડરૂપે વળી હું,
ને જે કરે છલ હું તો દ્યુત તેમનું છું.' ૧૫૫

*હજી વધારે વિભૂતિઓનું વર્ણન કરે છે કે જેથી અર્જુન જ્યાં ને ત્યાં શ્રીભગવાનને જ દેખે.*

# વિભૂતિવર્ણન

(અનુષ્ટુપ)

'ઉચ્ચૈઃશ્રવા છું અશ્વોમાં ઉદ્ભવેલો સમુદ્રથી,
ઐરાવત ગજેન્દ્રોમાં, રાજા છું હું નરોમહીં. ૧૫૬

શસ્ત્રોમહીં છું હું વજ્ર, ગાયોમાં કામધેનુ હું,
સર્જકોમાં હું કંદર્પ, સર્પોમાં વાસુકિ હું છું. ૧૫૭

અર્યમા પિતૃઓમાં ને મય છું સંયમીમહીં,
વરુણ જલવાસીમાં, 'અનંત' આગમાં વળી. ૧૫૮

સત્ત્વસ્વરૂપ હું કામ, કાળ છું ગણનારમાં,
સર્પે વાસુકિ હું છું ને તત્ત્વ વાદવિવાદમાં. ૧૫૯

રાગદ્વેષ વિના જેની ચર્ચા કંઈક થાય છે,
સદ્ભાવ જ્યાં પ્રવર્તેલો જીવતોજાગતો જ છે. ૧૬૦

જાણવાકેરી જિજ્ઞાસા તે કાળે જ્યાં જીવંત છે,
તેને સત્સંગ તું જાણ, સત્સંગે **પ્રાણ** જીવને. ૧૬૧

એવા સત્સંગની વાતે મહત્ત્વે ભાવ મોખરે,
હાજર સજ્જનોમાં જો એનો પ્રભાવ ઑર છે. ૧૬૨

નીતરે ભાવ હૈયામાં એવો સત્સંગ જ્યાં થતો,
ઉન્મુખી વૃત્તિ સૌ થાય રસ પ્રગટતાં તદા. ૧૬૩

જીવને તેથી સત્સંગ કેટલો શો મહત્ત્વમાં !
એવા સત્સંગનો તો શો અભ્યાસ દિલ **પ્રાણદા** ! ૧૬૪

વાયુ પાવનકારીમાં, રામ છું શસ્ત્રધારીમાં,
ગંગા છું સરિતાઓમાં, મગર સર્વ મત્સ્યમાં. ૧૬૫

સૃષ્ટિમાં આદિમાં, મધ્યે ને અંતે પણ છું વળી,
અધ્યાત્મશાસ્ત્ર વિદ્યામાં, જિજ્ઞાસા જ્ઞાનવાંછુની. ૧૬૬

સમાસોમાં હું છું દ્વંદ્વ, અકાર અક્ષરોમહીં,
કાળ અક્ષય હું છું ને આધાર વિશ્વતોમુખી. ૧૬૭

મૃત્યુ છું સર્વભક્ષી, જે કૈં થશે, બીજ તેમનું,
સર્વ સ્તોત્રે બૃહત્સામ, ગાયત્રી છંદમાંય હું. ૧૬૮

માર્ગશીર્ષ હું માસોમાં, વસંત ઋતુમાં વળી,
કીર્તિ, શ્રી, વાણી, નારીમાં સ્મૃતિ, મેધા, ક્ષમા, ધૃતિ. ૧૬૯

તેજસ્વીઓતણું તેજ, જય હું, દૃઢ નિશ્ચય,
સત્ત્વવાળાતણું સત્ત્વ, તપસ્વીઓતણું તપ. ૧૭૦

યદુકુળ વિશે કૃષ્ણ, પાર્થ હું પાંડવોમહીં,
મુનિઓમાં વળી વ્યાસ, કવિમાં ઉશના કવિ. ૧૭૧

મુત્સદ્દીઓની નીતિ હું, સત્તા હું અધિકારીની,
રહસ્યજ્ઞોતણું મૌન, જ્ઞાન હું જ્ઞાનીઓ મહીં. ૧૭૨

ભૂતમાત્રતણું જે છે બીજ, અર્જુન ! હું જ તે,
જ્યાં નથી હું, નથી એવું કશું કૈંયે ચરાચરે. ૧૭૩

મારી દિવ્ય વિભૂતિઓતણો અંત ન ક્યાંય છે,
આ તો માત્ર કહી છે મેં દૃષ્ટાંતરૂપમાં તને. ૧૭૪

જ્યાં સત્ત્વ કે વિભૂતિ છે, જ્યાં શ્રી કે ભવ્ય શક્તિ છે,
મારા જ તેજના અંશે થયું તે બધું જાણજે. ૧૭૫

(હરિગીત)

જે કૈં થતું, પોતા થકી તે થઈ જ ના શકતું કદી,
મારી રજા વિણ એક હાલે પાંદડુંયે નહિ કદી,
સારું અને નરસુંય હું જ થવા દઉં ત્યારે બને,
તો આમ જાણીને મનુષ્યે છોડવું અભિમાનને. ૧૭૬

નરસા થકી તેથી દરેકે ધ્યાનથી બચવું ઘટે,
સારાં અને નરસાં બધાં ફળ આપનારો હું ખરે.' ૧૭૭

*અને આખા વિશ્વમાં-આટલા બધા વિશાળ વિશ્વમાં-હું સર્વત્ર ફેલાયેલો છું અને તે પણ માત્ર એક અંશ વડે જ !*

## વિશ્વવ્યાપ્ત અને વિશ્વાતીત

(અનુષ્ટુપ)

'અથવા બહુ જાણ્યાથી લાભ અર્જુન ! શો તને ?
ટૂંકમાં, જાણજે વ્યાપ્ત સમસ્ત વિશ્વમાં મને. ૧૭૮

વિસ્તાર કેટલો મોટો અપરંપાર શો બધો !
વર્ણવ્યો જાય ના એને તે શબ્દાતીત આખરે. ૧૭૯

તેને કૈં જાણવા માટે વિભૂતિયોગ કેટલો,
કેવો મહત્ત્વનો સાચો ! શ્રેયાર્થીને જરૂરનો. ૧૮૦

**હરિ**ને પ્રીછવા કાજે **હરિ**તત્ત્વ વિભૂતિ જે,
જણાતાં સ્પષ્ટ, હૈયે કૈં **હરિ**નો ખ્યાલ જન્મશે. ૧૮૧

**હરિ** કેવો નિરાકાર, સાકાર વિભૂતિ શી તે !
વિભૂતિ જાણવાથી તો ઈશારો **હરિ**નો મળે. ૧૮૨

વિશિષ્ટ તત્ત્વ કોઈનું જાણ્યા વિના કશુંય તે,
જાણી શકાય કોઈને યોગ્ય રીતે ન જીવને. ૧૮૩

કોઈને જાણવા, કર્મ તેનાં સૌ જાણવાં ઘટે,
કર્મથી માનવી-હાર્દ આપમેળે જણાય છે. ૧૮૪

તેવી રીતે **હરિ**ની તે વિભૂતિ જો પ્રિછાય છે,
મહત્ત્વ **હરિ**નું તેથી કંઈક ઠસી જાય છે. ૧૮૫

કથા વિભૂતિની તેથી ખરેખરી મહત્ત્વની,
યથાયોગ્યપણે તેથી વિભૂતિયોગમાં જ છે. ૧૮૬

કોઈની શક્તિ કેવી તે જાણ્યા વિના ખરેખરું,
કોઈને કોઈ રીતે તે ના ઓળખાય કૈં કશું ! ૧૮૭

**હરિ**ની શક્તિનું કેવું પ્રત્યક્ષ વ્યક્ત જે થતું !
તે તે વિભૂતિ સાક્ષાત, છાયા **હરિ**ની વ્યક્ત શું ૧૮૮

છાયાથી કેવું પ્રત્યક્ષ ભાન પ્રકાશનું થતું !
વિભૂતિ થકી તેવું તે ભાન **હરિ**તણું થતું. ૧૮૯

વૃક્ષથી ભાન તો મૂળ ને તેની જાતનું થતું,
તેવું વિભૂતિથી કેવું **હરિ**નું ભાન જાગતું ! ૧૯૦

તલમાં તેલ છે છૂપું, માખણ દૂધમાં જ છે,
**પ્રાણ** શરીરમાં છૂપો **હરિ** વિભૂતિમાં જ છે. ૧૯૧

નામથી ઓળખાયે છે, ખરો જે નામધારી છે,
પેઢીથી ઓળખાયે છે, પેઢીની કેવી શાખ છે !
કંઈક **હરિ** પ્રિછાયે વિભૂતિ થકી તે રીતે. ૧૯૨

બીજમાં વૃક્ષ છે છૂપું, આકાશે શબ્દ જેમ છે,
વાયુમાં સ્પર્શ તન્માત્રા કેવી છૂપી રહેલ છે !

જળમાં રસ છે છૂપો પૃથ્વીમાં શી સુવાસ છે !
તેજમાં રૂપ છૂપું છે, તેમ વિભૂતિમાં જ **તે**. ૧૯૩-૧૯૪

આધારે જેમ શક્તિ છે, છતાં તે ના જણાય છે,
વિભૂતિતત્ત્વથી તેથી **હરિ** ભાળ જણાય છે.
કોઈની કેટલી લક્ષ્મી તે જણાયાથી જીવને,
તેનું મહત્ત્વ ત્યારે શું જાગે છે દિલ આપણે !૧૯૫-૧૯૬

તેજસ્વિતપણું જેને ભલે જાણ્યામહીં ન છે,
જાણમાં આવતાં તેને શો અહોભાવ જાગશે ! ૧૯૭

ભડવીર ભલે હોય ને પરાક્રમ ભવ્ય છે,
કોઈ પ્રકાર-સંબંધે જણાઈ કદી જાય તે,
તેને માટે જ શું ત્યારે પ્રતિષ્ઠા-માન જાગતું,
જે એનો પછીથી કેવો સત્કારે જયઘોષ છે ! ૧૯૮-૧૯૯

એવી રીતે 'વિભૂતિનો યોગ' કેવો મહત્ત્વનો !
**હરિ**ને પ્રીછવા કાજ સંપૂર્ણ તે જરૂરનો. ૨૦૦

ફળથી તે પમાયે છે કેવો તે ફળનો રસ !
જીવનથી જણાયે છે જીવનતત્ત્વનું ફળ,
માનવી-યોનિથી જેમ અમૃતત્વ પમાય છે,
તેમ વિભૂતિનાથી કૈં **હરિ** શો ઓળખાય છે ! ૨૦૧-૨૦૨

કોઈને જાણવા યોગ્ય તેના જીવનતત્ત્વને,
યોગ્યતામાં જણાયાથી સત્ત્વ તે પરખાય છે,
તેમ વિભૂતિના યોગે **હરિ**નું પણ તેમ છે,
વિભૂતિયોગનું તેથી સાચું મહત્ત્વ યોગ્ય છે. ૨૦૩-૨૦૪

પાણી વરાળમાં જેમ, કાષ્ઠમાં જેમ અગ્નિ છે,
તેવું વિભૂતિથી કેવું **હરિ**તત્ત્વ જણાય છે ! ૨૦૫

સોનાની ભસ્મની શક્તિ લેવાયાથી પમાય છે,
વિભૂતિયોગ જાણ્યાથી **હરિ**નું પણ તેમ છે. ૨૦૬

પ્રતિષ્ઠા જે પ્રકાશેલી જીવને માનવીની તે,
જાણ્યાથી ઓળખાયે છે, તેવું વિભૂતિનુંય છે. ૨૦૭

સૌ પ્રકરણ ગીતાનાં ભાવ - અનુક્રમે જ છે,
યોગ્યતાયુક્ત કેવું તે અધ્યાયનું મહત્ત્વ છે ! ૨૦૮

અસામાન્ય જનો જે છે અતુલ શક્તિમાન છે,
જેનો જોટો મહાભાગ્યે દુર્લભ મળવો જગે,
જાતભાત બધાંનાથી જેની કોઈ અનોખી છે,
તેવા વિભૂતિને પાત્ર શક્તિ જેની અપાર છે. ૨૦૯-૨૧૦

અનોખો ને જુદો કેવો સર્વ કોઈ બીજાથી જે !
કેવો માનવીમાં પોતે સર્વોપરી મહાન છે !
સર્વની દૃષ્ટિ જેનામાં બધાંને ટપી જાય છે,
એકલો એક એવો જે બધા માનવીમાં જ છે,
તેવા વિભૂતિને પાત્ર જેની તોલે ન કોઈ છે. ૨૧૧-૨૧૨

માનવી હારમાંથી જે જુદો છે તારવાયેલો,
જુસ્સા, પરાક્રમે ઉગ્ર સાહસે, જોખમે જ શો !
આરપાર જવા જેની ધગશ, હામ, ઓર છે,
શો તરી આવતો નોખો ! જુદો બધાંથી શો તરે !
જેની છલાંગ આકાશે, ગરુડ જેવી પાંખ છે,
ઊડી પહોંચવા પાર ઉત્સાહ શો અગાધ છે !

જેની હાજરીથી માત્ર બીજાને શૌર્ય શું ચઢે !
ચઢે પોરસ જેનાથી જે પ્રત્યે મોં બધાંનું છે.
એવા જે વિરલા કોક શા માત્ર અપવાદ તે !
એવા વિભૂતિને યોગ્ય ખરા પાત્ર ગણાય છે. ૨૧૩-૨૧૭

કળા અનેકમાં સિદ્ધહસ્ત પોતે પૂરેપૂરો,
પ્રવીણ, વળી નિષ્ણાત વિદ્યા કંઈકમાં શૂરો,
એકસાથે બધાંનામાં રાચતો, રમતો જગે,
પોતામાં ધ્યાન કેંદ્રિત એકીસાથે બધાંનું તે,
વળી કોઈક એકાદી વિદ્યામાં શો નિપુણ છે !
ઉંમરે એટલી નાની હોવું તેવું ન શક્ય છે,
સંકલ્પ જે લીધેલો છે જે સમગ્ર સમાજને
ઊંચે તારવવા કાજે તે ફળાવેલ કર્મ છે,
એવા કો વિરલા વીર વિભૂતિમાં ગણાય છે ! ૨૧૮-૨૨૧

પોતાના ધ્યેયને માટે ફના સંપૂર્ણ જે થયા,
ખુવાર થઈ જતાં જેને હર્ષ માતો નથી તદા,
ફનામાં સે' સમાયેલી એવા જે ભસ્મ શા થયા,
તેવા વિભૂતિને પાત્ર છો નામાંકિત ના, ભલા. ૨૨૨-૨૨૩

જેણે પોતાનું સર્વસ્વ નાખ્યું છે ખોઈ ભાવમાં,
માભોમને થવા મુક્ત જેણે છે પ્રાણ પાથર્યાં,
કારમાં સંકટો, વિઘ્નોની પરવા ધરી ન ત્યાં,
શાં માથાં વેગળાં મૂકી લડંતાં મૃત્યુને વર્યાં,
જીવતાં જીવતાં જેણે મૃત્યુ હથેળીમાં ધરી,
જૌહર કરી સંપૂર્ણ જંપલાવ્યું કર્યું ચહી,

જેની મર્દાનગીનો શો સીનો શહૂરથી ભર્યો,
એને શો રોમરોમે છે, છલકાતું અપાર જે
શું મદમાતું જે શૌર્ય ! ડારે જે જગ સર્વને,
એવા એકાદ સંપૂર્ણ ખપેલા શા વિભૂતિ છે ! ૨૨૪-૨૨૮

કૈં જે વિશેષ જાણીતા વિશ્વમાં તે થયા ન છે,
પ્રતિષ્ઠા જે થયેલામાં છો ના તેમનું સ્થાન છે,
પોતાના કરતાં એવાં ઘણાં બીજાને અર્થ તે,
હર્ષે ફના થયેલા છે છતાં જાણ્યું ન કોઈએ.
પોતાને માટ ઉચ્ચાર્યો એકેય શબ્દ ના કદી,
અજાણ્યા એકલા પોતે આવ્યા તેવા ગયા મરી.
સંસારથી તરી એવા અદૃશ્ય વીર કોઈક
એવાય શા વિભૂતિને યોગ્ય છે પાત્ર લાયક ! ૨૨૯-૨૩૨

ને એ તું જાણ કે આખું વિશ્વ મારી વિભૂતિના,
એક અંશ થકી માત્ર રહ્યું છે ટકી, અર્જુન !' ૨૩૩

**॥ હરિઃૐ ॥**

# અધ્યાય ૧૧ મો

## (વિશ્વરૂપદર્શનયોગ)

*અર્જુનને શ્રીભગવાનની દિવ્ય વિભૂતિઓનું પ્રત્યક્ષ દર્શન કરવાની ઈચ્છા હવે થાય એ સ્વાભાવિક છે. તેથી, થોડીક સ્તુતિ કરીને પ્રાર્થના કરે છે કે, જો અર્જુન જેવા જીવ માટે શક્ય હોય અને શ્રીભગવાનને યોગ્ય લાગે તો, એવાં પ્રત્યક્ષ દર્શન કરાવે.*

## અર્જુનની પ્રાર્થના

વિનંતી કરતો પાર્થ, 'હે કૃષ્ણ ! વચનો તમે
કહ્યાં આત્મા વિશે ગૂઢ, ને ટળ્યો મુજ મોહ કૈં. ૧

આપ કર્તા જ સંહર્તા, વળી આપ જ છો બધું,
અવિનાશી તથા આપ, સ્વયંભૂ તેમ છો પ્રભુ ! ૨

શક્ય જો હોય ને પાત્ર જો તમે મુજને ગણો,
દર્શાવો ઈશ્વરી રૂપ, કૃપા મારી પરે કરો.' ૩

પોતાની સૌ વિભૂતિને દર્શાવી છે, તહીં હવે,
બીજું પગથિયું તો છે **હરિ**નું વિશ્વદર્શન.
વિભૂતિને થતાં પાત્ર, વિભૂતિતત્ત્વ જીવને,
આવિષ્કાર થતાં, કેવી દર્શનભૂમિકા જ છે !
એક પછીથી શી એક એવી જીવન-ભૂમિકા,
તે પ્રમાણે જ અધ્યાયો રચાતા સર્વ શા ગયા ! ૪

*ત્યારે શ્રીભગવાન બોલ્યા કે 'મારાં રૂપ તો અસંખ્ય, અનંત વિવિધતાવાળાં છે, પણ તે બધાં જ અહીં મારા દેહ વિશે એકરૂપે રહેલાં છે, તે તને બતાવું છું.'*

## એકમાં અનંત

બોલ્યા ત્યારે પ્રભુ, 'મારાં નામરૂપ અનંત છે,
અનેક રંગવાળાં છે, ને ઘણાય પ્રકાર છે. ૫

સેંકડો ને હજારો છે વિવિધ દિવ્ય જાતનાં
રૂપ, આકૃતિવાળાં તે રંગે જુદે જુદાં ભર્યાં. ૬

દેહ મારા વિશે આંહી એકરૂપે રહેલ તે,
સચરાચર આખુંયે જો ગુડાકેશ ! વિશ્વને. ૭

મરુત, અશ્વિન, આદિતો, મારામાં વસુ ને રુદ્ર,
મારા દિવ્ય સ્વરૂપે તે સમાયું સચરાચર. ૮

કદી પૂર્વે ન જોયેલાં હુંમાં આશ્ચર્ય સર્વ ને-
સૌ અલૌકિક જોઈ લે, વસ્તુ, ચરાચરે હૃદે.' ૯

*પણ, એ રૂપો તારા આ માટીના દેહની આંખોથી - ચર્મચક્ષુથી - નહિ દેખાય. તેથી, તને દિવ્ય ચક્ષુ આપું છું.*

## અલભ્ય લાભ

'રૂપ આ ચર્મચક્ષુથી જોઈ તું શકશે નહીં,
દિવ્ય ચક્ષુ તને તેથી આપું છું જો તું તે થકી. ૧૦

ચર્મચક્ષુ ન ચાલે છે વિશ્વદર્શન વિષયે,
દિવ્ય ચક્ષુ જ શાં યોગ્ય પાત્રતાયુક્ત તે વિશે. ૧૧

પ્રભુએ દિવ્ય ચક્ષુ જે બક્ષ્યાં અર્જુનને નવાં,
ભૂમિકા તે થયા વિના, દર્શન શક્ય ના કદા. ૧૨

વિષાદની ભૂમિકાથી એક પછીની એક શી,
જુદી જુદી ભૂમિકાએ તારવાયેલ જીવને. ૧૩

એક પછીની તે એક ભૂમિકા પાત્ર જ્યાં થતાં,
જે જે તે ભૂમિકા યોગ્ય થતું છતું જતું જ ત્યાં. ૧૪

દિવ્ય ચક્ષુ દીધાં એનું છે તારતમ્ય એવું જે,
પ્રતીક-ઉપમારૂપે તેવું તેવું કથેલ છે. ૧૫

પ્રસ્થાપિત થતાં જ્યારે આધારે ચેતનાતણું,
કેવું દર્શન તે વેળા અહીં તે વર્ણવેલ શું ! ૧૬

અનંતાનંત કેવા જે વિતાર શા અનંત છે !
અમર્યાદિત સંપૂર્ણ અપાર ને અફાટ છે. ૧૭

દ્વંદ્વાતીત, ગુણાતીત, કામાતીત, સ્થળાતીત,
કાળ, સંજોગથી મુક્ત મુક્તાત્મા પૂર્ણ મુક્ત જ. ૧૮

સંપૂર્ણ પૂર્ણતામાં શો ! ઉમેરાતાંય પૂર્ણતા,
તેટલું, તેટલું પાછું ત્યાં ગુણાતાંય પૂર્ણતા,
ભાગાકાર થતાં પાછું એવી ને એવી પૂર્ણતા. ૧૯

બાદબાકી થતાં પાછી સંપૂર્ણ તેવી પૂર્ણતા,
મતલબ કશાથીયે ના બદલાય **તે** કદા. ૨૦

**एना**માં ફેરફારો કૈં કશાથીયે થતા ન છે,
અવિભાજ્ય બધી રીતે પૂર્ણતાથી ભર્યાપણે. ૨૧

અનંત વિસ્તરેલો છે અનંતતા વિશે છતાં,
પાસેમાં પાસ સંપૂર્ણ જુદો સ્હેજેય ના કદા. ૨૨

હોવા છતાંય સંપૂર્ણ પોતાનામાં બધી રીતે,
છતાં એવો બધાંનામાં સંપૂર્ણ પૂર્ણતા વિશે. ૨૩

કશાથી ના વિખૂટો છે ભર્યો પડેલ સૌ વિશે,
સંપૂર્ણ એકલો હોવા છતાં પાછો, બધેય છે. ૨૪

શો નિરાકાર સંપૂર્ણ ! સાકાર શો પૂરેપૂરો !
બંનેય એકીસંગાથે છતાં ક્યાંય ન છે જુદો. ૨૫

બંનેય ભૂમિકામાં **ते** એકનો એક પૂર્ણ શો !
અનેક ભૂમિકામાં શો એક હોવા છતાં પૂરો ! ૨૬

અનેકાનેકમાં પોતે પાછો સંપૂર્ણ એક છે,
એક હોવા છતાં પાછો અનેકાનેક રૂપ છે,
તેમ હોવા છતાં પોતે અનંત રૂપધારી છે,
પ્રત્યક્ષ એવું દર્શાવ્યું તે વિશ્વરૂપ દર્શને. ૨૭-૨૮

જન્મ, મૃત્યુતણી લીલા તેમાં દર્શાવી છે તદા,
જન્મ્યા એ જ બધા મૃત્યુ મોઢે પડી ચૂકેલ શા ! ૨૯

અપવાદ ન તેમાં છે કોઈયે પણ વિશ્વમાં,
સ્પષ્ટ શું બતાવ્યું છે ! સમજાવી જ સ્હેલમાં. ૩૦

પોતાનામાંથી જન્મે છે જે તે સર્વ ચરાચર,
પોતામાં લય પામે સૌ, વ્યક્ત શો સચરાચર ! ૩૧

સર્વ જે તે જ **एना**થી, **एना**થી તે ટક્યું જ છે,
પોષાય સર્વ **एना**થી, એવો **एनो** સ્વભાવ છે. ૩૨

સર્જક, પોષકે પાછો સંચાલક, વિનાશક,
સૌ તે એકી જ સંગાથે ચારેયે પ્રક્રિયા સમ. ૩૩

ચારેયે **एक**માં સાથે જુદી જુદી શી તે ન છે !
એકમેક વિશે સાથે ભળેલી શી ગળેલ છે ! ૩૪

આવાં અનેક બ્રહ્માંડો વિસ્તરીને રહેલ જે,
તેમાં ખેલી રહ્યો પોતે અનંત રીતથી ખરે. ૩૫

વ્યક્તિના સ્વરૂપના જેવું વર્ણન જે કરેલ છે,
કિંતુ પ્રતીકરૂપે તે નિશ્ચયે તેવું તેવું છે. ૩૬

અનંત સૂર્ય બ્રહ્માંડે પ્રકાશી જે રહેલ છે,
તેને વ્યક્તિ વિશે કેવો છે આરોપેલ રંગ તે ! ૩૭

એવાં રૂપક વ્યક્તિમાં વર્ણવાયેલ છે બધાં,
એવું વિરાટ જે દિવ્ય સ્વરૂપ ચેતનાનું ત્યાં. ૩૮

પોતાનામાં સમાયેલું જ્યાં સર્વ સચરાચર,
તે રીતે સર્વ જે તે સૌ પરોવ્યું વ્યક્તિમાં પણ. ૩૯

છેક અનંતતા પાર **एनुं** વિરાટ રૂપ છે,
તેથી વર્ણવ્યું છે **एने** એવી રીતે ગીતા વિશે. ૪૦

કશું અલિપ્ત વિખૂટું **हरि**થી તો જરા ન છે,
એકમેક બધું જે તે અડોઅડ સમીપ છે. ૪૧

ભિન્નતા ક્યાંય ના છે તે **हरि**માં સર્વ **एक** છે,
છતાં **ते एक**ને કોઈ આશ્રયે જાણતું ન છે. ૪૨

જોવાને ઇચ્છતો હોયે જે બીજું કાંઈ જોઈ લે,
આકાંક્ષા મનની તારી પૂરી તું કરી લે હવે.' ૪૩

કરણો જીવકક્ષાનાં ભક્તિજ્ઞાન રસે પૂરાં
રસાતાં, દિવ્યતામાં શાં તે રૂપાંતર પામતાં ! ૪૪

સૌ ભૂમિકા વિના પાક્યા ઓચિંતી એકદા પળે
કરણો દિવ્યતામાં તે ના રૂપાંતર પામશે. ૪૫

જીવતોજાગતો ઊંડો જીવંત ચેતનાત્મક,
હૈયે હૈયાતણો પાકો સંબંધ પ્રેરણાત્મક,
જતાં બંધાઈ આધારે પ્રભુની સાથ ઉત્કટ,
કૃપા એવા પરે થાતાં કરણો થાય દિવ્ય જ. ૪૬-૪૭

કૃષ્ણે અર્જુનને આમ કહી અદ્‌ભુત રૂપ જે
પોતાનું, તે બતાવ્યું ત્યાં, વર્ણવી ન શકાય જે. ૪૮

*આવાં અદ્‌ભુત દિવ્ય દર્શન થતાં જ એની ભવ્યતાએ અર્જુનને આંજી નાખ્યો. એને તો રોમાંચ થઈ જાય છે.*

## પાર્થને રોમાંચ

ધારી છે દિવ્ય માળાઓ, વસ્ત્ર, લેપ, ધર્યાં વળી,
રહ્યા મઘમઘી પોતે, શું ઓજસ્ દિવ્યતા વળી ! ૪૯

એવા એ સર્વ રીતે તો પોતે આશ્ચર્યથી ભર્યા,
અનંત, સર્વવ્યાપી તે અદ્‌ભુત તેમની છબી. ૫૦

હજારો સૂર્ય ઊગે જો, એ સૌનું તેજ જેવું હો,
તેનાથીયે વધુ આંજે એવું તે દિવ્ય તેજ તો. ૫૧

એનાં આભૂષણો, શસ્ત્રો, તે શાં દિવ્ય હતાં બધાં !
દર્શન કરતાં વેંત રોમાંચ પાર્થને થયાં. ૫૨

વિવિધ રૂપ વ્હેંચાઈ ગયેલું વિશ્વ નીરખ્યું,
ફરી વિરાટ એ દેહે વળી બ્રહ્માંડ ભાળિયું. ૫૩

*આટલું બધું તદ્દન અણધારેલું, નહિ કલ્પેલું, ભવ્ય, અલૌકિક, દિવ્ય, પ્રચંડ સ્વરૂપ જોઈને અર્જુનનું તો માથું જ ઘૂમ થઈ જાય છે. તે ધ્રૂજતો ધ્રૂજતો સ્તુતિ કરવા લાગ્યો.*

## સ્તુતિ

માથું તો ફરવા લાગ્યું, ધ્રૂજતો ધ્રૂજતો ઊભો,
અત્યંત દીન ભાવે તે પ્રાર્થના કરતો વધ્યો. ૫૪

(ઉપજાતિ)

હે 'દેવ ! દેહે તવ નીરખું છું,
દેવો બધા ને સહુ ભૂતને હું,
બ્રહ્મા વિરાજે કમલાસને જે
તેને, ઋષિ સૌ, સહુ સર્પનેયે. ૫૫

અનંત હસ્તો વળી પેટ દેખું,
મુખો અને આંખ અનંત ભાળું,
બધી દિશામાં પ્રસરેલ આપ,
અનંત રૂપો ધરીને રહેલ. ૫૬

ના અંત દીસે, નહિ મધ્ય, આદિ,
વિરાટ આ રૂપની આકૃતિ શી !
હે વિશ્વના ઈશ્વર ! વિશ્વમાં તું
વિશ્વસ્વરૂપે વસતો નિહાળું. ૫૭

ઝગે શું આ મુકુટ સૌ દિશાએ !
આ શી ગદા, ચક્ર અપાર તેજે !
ઝગે અહા ! તેજથી ચક્ર કેવું !
સ્હેવાય ના તેજ તમારું આવું. ૫૮

મુશ્કેલીથી જોઈ શકાય એવું,
ચારે દિશે અગ્નિ થકી ભરેલું,
તેજસ્વી, સૂર્યો સમું, આ સ્વરૂપ
અસીમ છે ને વળી છે અમાપ. ૫૯

છો આપ તો અક્ષર ને અનંત,
છો આપ તો એક જ, જ્ઞાનયોગ્ય,
ટક્યું દીસે આ સઘળું જ વિશ્વ,
આધારથી કેવળ આપના જ. ૬૦

વિનાશ જેનો નથી કોઈ કાળે,
એવા સ્વરૂપે નીરખું તમોને,
રક્ષા કરો ધર્મની સર્વકાળે,
સદા વિરાજો **પુરુષ**- સ્વરૂપે. ૬૧

છે આદિ ના, છે નહિ મધ્ય, અંત,
શું વીર્ય ! છે હાથ વળી અનંત,
આ સૂર્ય ને ચંદ્ર દીસે તમારા
વિરાટ દેહે નયનો જ જેવા. ૬૨

કો યજ્ઞની ઝાળ થકી પ્રચંડ,
પ્રકાશ પામે બધું આસપાસ,
આવા તમારા ત્યમ ઉગ્ર તેજે
પ્રકાશતું વિશ્વ સમસ્ત દીસે.' ૬૩

*આ વિરાટ ભયાનક સ્વરૂપ મોટા મોટા ઋષિમુનિઓને પણ થથરાવે છે, દેવોને પણ કંપાવે છે, તો બિચારા માનવ* ***જીવ*** *અર્જુનનું તો શું ગજું !*

## ભયંકર !

'આકાશ ને પૃથ્વી અને દિશાઓ
એ સર્વમાં આપ જ વ્યાપ્ત દીસો,
તેજસ્વી, શું ઉગ્ર, સ્વરૂપ આ તે !
ત્રિલોકમાં સૌ ભયથી ધ્રૂજે છે. ૬૪

એ રૂપમાં દેવ બધા પ્રવેશે,
કો હાથ જોડી, ભયથી જુએ છે,
દેવો, મહર્ષિ, વળી સિદ્ધ સર્વે,
કરે પ્રણામો, સ્તુતિઓ ઘણીયે. ૬૫

આદિત્ય, રુદ્રો, વસુઓ વળી જે,
આ વિશ્વમાં સાધ્ય ગણાય તેયે,
ને પિતૃ, દેવો વળી દાનવોયે,
આશ્ચર્યથી સ્તબ્ધ થઈ જુએ છે. ૬૬

અનંત મોં, આંખ, અનંત હાથ,
છે પેટ કેવાં ! વિકરાળ દાઢ !
એ જોઈ દેવો, સહુ વિશ્વ કંપે,
કૃપા કરો કૈં, થથરું હું બીકે.' ૬૭

*દિઙ્મૂઢ અને બીકથી બેબાકળો બનેલો અર્જુન પોતે જે ભયંકર સ્વરૂપ દેખે છે તે વર્ણવે છે અને શ્રીભગવાનને વીનવે છે કે 'કૃપા કરો, પ્રસન્ન થાઓ !'*

## સ્તુતિ - પ્રાર્થના

'આકાશને આ અડતું સ્વરૂપ !
સમાઈ જાતું મુખમાં જ વિશ્વ !
અનેક રંગો ઝળકે શું એમાં !
અગ્નિ સમી આંખ જ્વલંત શી આ ! ૬૮

પ્રચંડ ઊભી સહુ હારમાં આ
દાઢો, બધું વિશ્વ જ ખાઈ જાવા,
જાણે ધરી અગ્નિનું રૂપ ઉગ્ર
સાક્ષાત ઊભો અહીં **કાળ** આજ. ૬૯

આ સર્વથી વ્યાકુળ હું બનું છું,
ને ધૈર્ય, શાંતિ કશું ના રહેતું,
સૂઝે દિશા ના, કળ કૈં પડે ના,
કૃપા, કૃપા, માગું, બીજું કશું ના. ૭૦

આ ભીષ્મદાદા, ગુરુ દ્રોણ, કર્ણ !
પૃથ્વીતણા પાલક રાજ સર્વ !
આ કૌરવો સૌ, લડનાર યોદ્ધા
પક્ષે અમારા ત્યમ કૌરવોના. ૭૧

બધા ધસે છે વિકરાળ પેલી
પ્હોળી કરેલી તુજ દાઢમાંહી,
ચોંટી જતા કો તુજ દાંતમાંહે,
ચૂરેચૂરા કો લડનાર થાયે. ૭૨

સમુદ્ર પ્રત્યે ધસતી નદી શા !
વીરો ધસે કાળમુખે તમારા,
કૂદી પડે જેમ પતંગ દીપે,
વીરો ધસી મૃત્યુમુખે પડે છે. ૭૩

પ્રચંડ અગ્નિતણું રૂપ ધારો,
સમસ્ત આ વિશ્વમહીં પ્રસારો,
ચાટી, ગળી જાય અસંખ્ય જીભો
યોદ્ધા બધાને, જગને પ્રકાશો.’ ૭૪

*‘આપ આવા તે કોણ ? આ શું બધું ! આ શક્તિ શી છે ! આ બધું કેમ, શા માટે કરો છો ?’ એમ અર્જુનથી પુછાઈ જવાય છે.*

## પ્રશ્ન

કહો, મને કહો, પ્રભુ ! કોણ આપ ?
આ શું બધું ? કાં અતિ ઉગ્ર રૂપ ?
કૃપા કરો ! હું નમું નમ્રતાથી,
આ શું કરો ? શક્તિ કહો તમારી.' ૭૫

*પોતે એ જ પ્રચંડ, વિરાટ, ભયંકર સ્વરૂપમાં રહીને એવા જ અવાજે શ્રીભગવાન કહે છે કે 'આ મારું સર્વભક્ષી કાળસ્વરૂપ છે. તું તો નિમિત્તમાત્ર છે. માટે, તું ઊઠ અને શત્રુઓને હણ.'*

## નિમિત્તમાત્ર

'હું કાળ છું, વિશ્વવિનાશ કાજે,
સંહારનું છે મુજ કાર્ય આજે,
તારા વિના સૌ અહીં જે ઊભેલા,
રણાંગણે તે પડશે જ યોદ્ધા. ૭૬

તું ઊઠ તેથી યશ લે તું જીતી,
શત્રુ બધા, ભોગવ રાજ્યલક્ષ્મી,
હણ્યા જ છે મેં તુજ શત્રુમાત્ર,
થા પાર્થ ! તું મારું નિમિત્તમાત્ર. ૭૭

મેં દ્રોણને, ભીષ્મ અને બીજાને,
ને કર્ણને, કૌરવને હણ્યા છે,
રણે ચઢી જા ત્યજી મોહમાયા,
તું જીતશે, નિશ્ચય જાણજે આ.' ૭૮

*વિરાટ સ્વરૂપ શ્રીભગવાનનાં દર્શન ! અને શ્રીભગવાનની આવી વાણી ! અર્જુનનું હૈયું ગદ્ગદ થઈ જાય છે. તે પ્રેમભાવે સ્તુતિ કરવા મંડી પડે છે.*

# પાર્થની પ્રેમસ્તુતિ

ધર્યો હતો મુકુટ વીરભાવે,
તોયે ભયે જે થથરે ઘણુંયે,
આ કૃષ્ણવાણી સૂણીને નમીને
કહે હવે ગદ્ગદ તે થઈને. ૭૯

‘છે યોગ્ય કે આખું જગત્ કરીને
સ્તુતિ તમારી અતિ હર્ષ પામે,
ધ્રૂજે બધા રાક્ષસ બીકથી ને
સિદ્ધો બધાયે તમને નમે છે. ૮૦

શાને નમે ના ? પ્રભુ છો મહાન
બ્રહ્માથીયે, જેથી થયું જ વિશ્વ,
અનંત છો, અક્ષર આપ છો ને
છો સત્, અસત્, ને પર તે થકીયે. ૮૧

જે આદિ છે પુરુષ, આપ તે છો,
આધાર આ વિશ્વ સમસ્તના છો,
તમે જ જ્ઞાની, વળી જ્ઞાન-યોગ્ય,
આ વિશ્વ આખું પ્રસરાવનાર. ૮૨

છો અગ્નિ, વાયુ, રવિ, ચંદ્ર આપ,
પ્રજાપતિ છો, જગતાત આપ,
નમું છું આગે, નમું પાછળે હું,
નમું છું ચારે દિશમાં તને હું. ૮૩

નમું છું ઊંચે, નમું છું નીચે હું,
નમું ફરી ફરીને નમું હું,
અનંત છે વીર્ય, પરાક્રમી છો,
છો સર્વ, ને આપ બધું સમાવો.' ૮૪

*જ્યારે દિલમાં શ્રીભગવાન પરત્વે સાચો પ્રેમભાવ જાગે છે, ત્યારે પોતાની ભૂતકાળની ભૂલો ભક્તને યાદ આવે છે, તે પસ્તાય છે અને માફી માગે છે.*

## ક્ષમાયાચના

'જાણ્યો હતો ના મહિમા તમારો
સખા ગણ્યા'તા પ્રભુ ! આપને તો,
અજ્ઞાનથી, પ્રેમ થકી, પ્રમાદે,
કહ્યું'તું 'હે કૃષ્ણ ! સખા !' પ્રભુને. ૮૫

કીધો તિરસ્કાર પ્રભો ! તમારો
સાથે જમ્યા ત્યાં, અથવા ફર્યા ત્યાં,
એકાંતમાં કે સહુની સમક્ષે
આપો ક્ષમા તે, વીનવું તમોને.' ૮૬

*ભક્તને જુદી જુદી ઊર્મિઓ થાય છે. હવે પાછો તે સ્તુતિ કરે છે.*

## સ્તુતિ

'સજીવનિર્જીવ-તણા પિતા છો,
ને પૂજ્ય છો, ને ગુરુના ગુરુ છો,
છે ના સમું આપની કોઈ, ત્યારે
ચઢે શી રીતે ? ન બની શકે એ. ૮૭

ત્રણેય લોકે તુજ છે પ્રભાવ,
જેની ન કોઈ ઉપમા અપાય,
લળીલળીને પ્રભુ ! હું નમું છું,
પ્રસન્ન થાઓ ! પ્રભુજી કૃપાળુ !' ૮૮

*વળી પાછો પસ્તાવો થાય છે અને ક્ષમા માગે છે.*

## ક્ષમાની પ્રાર્થના

'ક્ષમા કરે તાત, સખા કરે છે,
ક્ષમા કરો તેમ મને તમેયે,
માગું, હજારો અપરાધ મારા
ક્ષમા કરો આપ થઈ કૃપાળા.' ૮૯

*આ વિરાટ કાળસ્વરૂપ દર્શનથી અર્જુનને એટલી બીક લાગે છે કે તે આવાં દર્શન સહન કરી શકતો નથી. એટલે તે શ્રીભગવાનને પોતાનું સૌમ્ય-શાંત સ્વરૂપ ફરી ધારણ કરવાની પ્રાર્થના કરે છે. શ્રીભગવાનનું તેજ કયા* ***જીવ****થી ખમી શકાય છે ?*

## પાર્થની પ્રાર્થના

પ્હેલાં ન જોયું બધું જોઈને તે,
રોમાંચ થાયે, બહુ બીક લાગે,
કૃપા કરીને ભયને શમાવો,
તે મૂળ સાદું, રૂપ તો બતાવો. ૯૦

છે ચક્ર હસ્તે વળી છે ગદા ને
માથે ધર્યો મુગટ શોભિતો છે,
સૌમ્ય સ્વરૂપે, બસ ચાર હસ્તે,
દેખા મને દો, કરશો કૃપા એ.' ૯૧

*'તને આ મારું વિરાટ સ્વરૂપ જોવાનો અલભ્ય લાભ જે મળ્યો છે, તે કેવળ તારા ઉપર હું પ્રસન્ન છું તેથી જ, આ સ્વરૂપ તો દેવોને પણ જોવા ન મળે.' એમ કહી શ્રીભગવાન અર્જુન ઉપર પોતાની કેટલી બધી કૃપા છે, તે સ્પષ્ટ કહી દે છે.*

## કેવળ કૃપા

'પ્રસન્ન તારા પર મેં થઈને
દેખાડ્યું જે આ, - મુજ આત્મયોગે-
અનંત તેજસ્વી વિરાટ રૂપ
જોયું નથી તું - વિણ કોઈએ જ. ૯૨

ના જ્ઞાનથી, યજ્ઞથી, દાનથી કે
ક્રિયા થકી ઉગ્ર, તપે, નહિ કે
જે રૂપ દેખાડ્યું તને, કદી તે
જોઈ શકે કોઈ જ મૃત્યુલોકે. ૯૩

દિઙ્મૂઢ થા મા, ન ડરીશ કૈં તું
આ દેખીને કાલસ્વરૂપ મારું,
તું શાંત ને સ્વસ્થ હવે થઈ જા,
જો તું હવે,-શાંત સ્વરૂપ છે આ.' ૯૪

*આમ કહી શ્રીભગવાન પોતાનું અસલનું સૌમ્ય સ્વરૂપ ધારણ કરે છે અને બીધેલા અર્જુનને આશ્વાસન આપે છે. અર્જુન પણ સ્વસ્થ થાય છે.*

## અર્જુનની ભયશાંતિ

આવું કહીને પછી સૌમ્ય રૂપે,
કીધો હતો જીવનસાથી જેને
તેને દીધાં સાંત્વન, સ્વસ્થતા ને
શ્રીકૃષ્ણરૂપે પ્રગટે ફરી તે. ૯૫

(અનુષ્ટુપ)

‘આપનું માનવી, સૌમ્ય, દેખી રૂપ જનાર્દન !
હવે શાંત થયો બીક ગઈ’, ક્‌હે એમ અર્જુન. ૯૬

*હવે, શ્રીભગવાન સાધનાની એક સર્વશ્રેષ્ઠ ચાવી પોતાના માનીતા અર્જુનને આપે છે, કે જેથી એનો (**જીવ**માત્રનો) પૂરેપૂરો ઉદ્ધાર થાય.*

## માત્ર ભક્તિથી જ

‘દુર્લભ દેવનેયે છે મારાં દર્શન આ ખરે !
શુદ્ધ ભક્તિ થકી માત્ર એને પામી શકાય છે. ૯૭

જે કોઈ કર્મ પોતાનાં સમર્પે મુજને સદા,
મારો ભક્ત બને જે, ને લીન ર્‌હે મુજમાં સદા,
આસક્તિમાત્ર છોડે જે, ને પ્રાણીમાત્રને વિશે
પ્રેમવાળો રહે છે જે, એ જ પામે હૃદે મને.’ ૯૮-૯૯

*આવો ભક્તિનો મહિમા ગાયા પછી વળી પાછા શ્રીભગવાન એવી અલૌકિક ભક્તિ કેવી રીતે મળે, તે અર્જુનને બતાવે છે.*

## ભક્તિનો માર્ગ

‘સર્વાર્પણ વિના પાર્થ ! ને પ્રેમ સર્વવ્યાપક,
કદીયે સંભવે છે ના ભક્તિ મારી અલૌકિક. ૧૦૦

‘સૃષ્ટિમાત્ર સમાવાની મારા કાળતણા મુખે,
પ્રત્યેક ક્ષણ તે કાર્ય ચાલ્યાં જ કાળનું કરે.’ ૧૦૧

ચિંતવે એવી રીતે જે મારા કાળસ્વરૂપને,
સર્વાર્પણતણો ભાવ આપોઆપ જ જન્મશે. ૧૦૨

ને **જીવ**માત્રની સાથે સ્હેજે ઐક્ય તો થશે,
એમ આ ભક્તિને માર્ગે વધ્યો આગળ શો જશે !’ ૧૦૩

*‘નામ તેનો નાશ’ એ મુજબ સૌ કોઈ **કાળ**ભગવાનને વશ મોડુંવહેલું થાય જ છે.*

## કાળનું સર્વભક્ષણ

‘ઇચ્છાએ કે અનિચ્છાએ અણધારેલી કો ક્ષણે,
પડવાનું તમારે તો **કાળ**ને મુખ સર્વને. ૧૦૪

નાનામોટા, નીચાઊંચા, સ્ત્રી કે પુરુષ સૌતણો,
મનુષ્ય કે મનુષ્યોથી બીજાંનો, ભેદ ત્યાં ન કો.’ ૧૦૫

*આમ જ્યારે એક પણ અપવાદ વિના સર્વ કોઈ **કાળ**ના મુખે ઝડપાય છે ત્યારે, એ જાણ્યા છતાં, હે માનવી ! તું શા માટે નમ્ર અને પ્રેમભર્યો નથી થતો ?*

## માનવીની વિચિત્રતા

‘યમરાજતણા દીસે સૌયે એક જ કોળિયો,
રહે ના ગર્વ કોનોયે જાણી તે નમ્ર સૌ બનો. ૧૦૬

કાળમુખે પડેલા છો એમ જાણી બધા તદા
**જીવ**માત્રતણી સાથે મૈત્રી કાં નહિ બાંધતા ?’ ૧૦૭

*પણ જે કોઈ વિરલ જીવાત્મા એવી રીતે નમ્ર અને પ્રેમી બને છે, તેને તો અમરફળ મળે જ છે.*

## અમરફળ

‘કરશે એમ જે તેને મારું **काळ**-સ્વરૂપ જે,
વિકરાળ નહિ લાગે, લાગશે શાંત રૂપ એ. ૧૦૮

મૃત્યુની પાર તે જાશે નિશ્ચિંત થઈ નિર્ભય,
સર્વમાં વ્યાપ્ત પ્રેમે, તે અમર, સર્વવ્યાપક. ૧૦૯

**॥ હરિઃૐ ॥**

## અધ્યાય ૧૨ મો

### (ભક્તિયોગ)

*આગલા અધ્યાયમાં શ્રીભગવાને કહ્યું કે એકમાત્ર અનન્ય મારાં દર્શન ભક્તિથી જેવાં થઈ શકે છે તેવાં બીજા કશાથી નથી થતાં. એટલે અર્જુનને પ્રશ્ન થાય છે.*

### પ્રશ્ન

કૃષ્ણને પાર્થ પૂછે છે, 'કોઈ સાકારને ભજે,
સ્તવે કોઈ નિરાકાર, બંનેમાં કોણ શ્રેષ્ઠ છે ?' ૧

*શ્રીભગવાન પ્રથમ તો બે માર્ગનું વર્ણન કરીને કહે છે કે 'બંને માર્ગે મને પમાય છે, તોપણ એમાં રહસ્ય છે.'*

### બંને સારા

ઉત્તર વળતો આપે પાર્થને કૃષ્ણ તે સમે,
કયો મોટો કયો નાનો એવું ના મનમાં લહે. ૨

રૂપ સાકાર મારું જે શ્રદ્ધાથી ચિંતવે હૃદે,
થાય એમાં પૂરો લીન, શ્રદ્ધાળુ મુજ ભક્ત તે. ૩

નિરાકાર વળી તત્ત્વ તેને જે ભજવા મથે,
ઇંદ્રિયોને પૂરી એણે કાબૂમાં રાખવી પડે. ૪

બધા **જીવો** પરે રાખે વૃત્તિ તે સમભાવની,
સેવે તે એમને પ્રેમે પોતાની પેર સૌ લહી. ૫

ગણે છે 'ઊંચ' કે 'નીચ' કોઈને કદીયે નહિ,
એવા સર્વે મને પામે નિશ્ચે, શંકા ન ત્યાં કંઈ. ૬

તેથી બેમાં કયો સારો એ કહી ના શકાય કૈં,
એનું રહસ્ય જે ઊંડું વદું સાંભળ તે હવે.' ૭

*જોકે બંને એક જ ધ્યેયને પામે છે, તેમ છતાં માર્ગ તરીકે નિરાકારની ભક્તિ કરતાં સાકારનો માર્ગ વધુ પસંદ કરવા લાયક છે, કેમ કે તે વધારે સહેલો છે.*

## સહેલો માર્ગ

'નિરાકારતણી ભક્તિ નથી સંપૂર્ણ શક્ય તે,
શરીરીથી કદીયે, તું જાણી લે મનમાં હવે. ૮

નિર્ગુણી છે નિરાકાર, કલ્પનાતીત તેથી તે,
જગે જાણ્યેઅજાણ્યે સૌ રૂપ સાકારને ભજે.' ૯

*માટે, હે પાર્થ ! તું તો મારામાં જ તારું બધું પરોવી દે. બધું જ મને સમર્પણ કરી દે અને ખાલી થઈ જા.*

## ભક્તિપૂર્ણ સમર્પણ

'મન, બુદ્ધિ, અહંકાર, ચિત્તને વળી પ્રાણને,
તારાં તે સૌ પરોવી દે સાકારી વિશ્વના રૂપે. ૧૦

મારામાં ધારણા રાખી એકાગ્રે મન જોડજે,
નિષ્ઠાવંત થઈ, બુદ્ધિ મારામાં તું પરોવી દે. ૧૧

જ્ઞાન ને પ્રેમભક્તિથી એવી રીતે થતાં હ્દે,
રહેશે પૂર્ણ મારામાં શંકા ના કાંઈ એ વિશે. ૧૨

તારું સર્વસ્વ જે કૈં હો, પ્રેમે તે દે ધરી પદે,
ના કશું હો હવે તારું એવો તું બની જા હ્દે.' ૧૩

*પણ, આટલું બધું સમર્પણ ન થઈ શકે તો મનને કાબૂમાં લેવાનો અભ્યાસ કેળવ.*

## અભ્યાસ

અને જો પાર્થ ! આ તુંથી થવું શક્ય ન હોય, તો
વિકારો પ્રાણના સર્વે રોકવા મથ તું પૂરો. ૧૪

યમ ને નિયમો પાળી કે પ્રાણાયામ, આસને,
ગમે તે કોઈ રીતે તું બાંધી લે મનને પદે. ૧૫

કાબૂ મેળવ તું પૂરો તારા મનની ઉપરે,
શકે જો એટલું સાધી નિશ્ચે પામી શકે મને' ૧૬

*પરંતુ, અભ્યાસ પણ ન થઈ શકે તો ? આ રહ્યો ત્રીજો ઉપાય.*

## પ્રભુપ્રીત્યર્થે

થઈ ના જો શકે તેયે તારાથી મથતાં કદી,
નિરાશાથી તું ઉદ્વિગ્ન થતો ના મનમાં જરી. ૧૭

કરે જે જે કંઈ પાર્થ ! 'પ્રભુપ્રીત્યર્થ હું કરું'
ધરીને ધારણા એવી કર્યે જા તુજ કર્મ સૌ. ૧૮

પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મો કરી પાદે સમર્પવાં,
પ્રભુ પરે જઈ વારી મનાદિ સૌ પરોવવાં.' ૧૯

*એ રીતે પ્રભુપ્રીત્યર્થે કર્મો કરતાં કરતાં તો તને દિવ્યાનંદની સ્થિતિ મળશે.*

## અંતે દિવ્યાનંદ

‘મમતા, મોહ એ રીતે તારાં મોળાં થતાં જશે,
વિશુદ્ધિમાં ધીરે ધીરે તું તો આગે વધ્યાં જશે. ૨૦

પછી તારામહીં પૂરો ભક્તિનો રસ જામશે,
લેતાં સ્વાદ હૃદે એનો દિવ્યાનંદ તને થશે.’ ૨૧

*અને જો આમ પ્રભુપ્રીત્યર્થે કર્મ ન થતાં હોય તોપણ વળી ચોથો ઉપાય છે.*

## અનાસક્ત કર્મ

‘તુંથી પાર્થ ! અરે, આયે થતું ના હોય જો કદી,
આસક્તિ મનથી સૌ કૈં છોડી દે ફળમાત્રની. ૨૨

તને સો વાતની એક વાત હું કથું, ધ્યાન લે,
બધીયે ફળની ઇચ્છા પૂરી તું કાઢી નાખજે.’ ૨૩

*ફળની ઇચ્છા વગર કર્મ કરવાં હોય તો એક મોટી મર્યાદા છે. તો જ નિમિત્તમાત્રરૂપે કર્મ થઈ શકે.*

## પ્રાપ્ત કર્મો

‘જે આવ્યું હોય કૈં ભાગે, તે તે કર્મ કરો કર્યાં,
થવાનું ફળના સ્વામી કોઈને પણ શક્ય ના. ૨૪

ફળને ઉપજાવ્યામાં ભેળાં અંગો ઘણાં મળે,
નિમિત્તમાત્ર તારે તો એટલે બનવું ઘટે.’ ૨૫

*હવે, આ બધી જે રીતો શ્રીભગવાને બતાવી તેમાં સૌથી સારી કઈ એવો સવાલ ઊઠે, તે પહેલાં તેનો જવાબ શ્રીભગવાન આપી દે છે અને મુખ્ય વસ્તુ ઉપર ભાર મૂકે છે.*

## ભક્તિનો રસ

'બતાવી જે તને આ સૌ રીતો એમાંથી કોઈ ના
સારી કે નરસી કાંઈ, લેજે તે વાત લક્ષમાં. ૨૬

તને એમાંથી જે ફાવે, તેથી લે રસ ભક્તિનો,
લઈ આસ્વાદ તું જોજે નશો ઉન્માદકારી શો ! ૨૭

*વળી, પોતપોતાની રુચિ- સ્વભાવ - વગેરે પ્રમાણે તેને તે રસ્તો સહેલો લાગે છે. તેમાં બધાંને લાગુ પડતું કોઈ એક જ ધોરણ નથી.*

## 'સહેલા' રસ્તા

'આસનો, નિયમાદિ ને પ્રાણાયામ, યમોતણા
બતાવ્યા છે તને માર્ગ, એનાથી વળી જ્ઞાનનો,
નિદિધ્યાસન આદિનો સ્‌હેલો કોનેય ભાસતો,
તને જે લાગતો સ્‌હેલો, સીધો તું વળ તે પથે. ૨૮-૨૯

ને કષ્ટસાધ્ય જ્ઞાનેથી, સ્‌હેલું તેથીય ધ્યાન છે,
કર્મનાં ફળનો ત્યાગ સ્‌હેલો ધ્યાનથી તે દીસે. ૩૦

એક વસ્તુ બધાંનેયે સહેલી ના સરખી રીતે,
કોઈને તો વળી માર્ગ સર્વ લેવા કદી પડે.' ૩૧

*વળી, એ રસ્તાઓ પણ એકબીજાથી અલગ નથી. મુખ્ય વાત, હે અર્જુન ! એ છે કે તું કોઈ પણ રીતે મારી ભક્તિ સાધી લે.*

## જ્યાંત્યાંથી ભક્તિ

'સદા તે એકબીજામાં ભળેલા છે જ નિશ્ચયે,
થવું છે ભક્ત તારે તો જ્યાંત્યાંથી, તે જ લક્ષ લે. ૩૨

સધાયે ભક્તિ જે માર્ગે તે માર્ગે સાધી લે હૃદે,
ગમે તે માર્ગથી પ્રાપ્ત કરી લે તુજ ધ્યેયને.' ૩૩

*આમ, ભક્ત થવાનો ઉપદેશ આપ્યો એટલે ભક્તનાં લક્ષણો હવે સમજાવે છે.*

## ભક્તનાં લક્ષણો

'ભક્ત કોને કહેવાયે તેયે કહી દઉં તને,
રાખજે ખ્યાલ તું ઊંડો સર્વદા તુજ ચિત્ત તે. ૩૪

કોઈનીયે કરે ના તે રાગ કે દ્વેષભાવના,
પ્રત્યેક **જીવ**ની મૈત્રી રાખે તે મન સર્વદા. ૩૫

કરુણા કેળવે ઊંડી **જીવ**માત્રની સાથ તે,
પ્રેમ ને ભાવની છાપ એનાં કર્મ વિશે ખરે !' ૩૬

*અર્જુનને માટે પ્રેમથી ભરપૂર શ્રીભગવાન વચમાં વચમાં એને ભક્ત થવાની રીત બતાવતા જાય છે.*

## રીત

'દશા આવી થવા સારુ મૂકીને મમતા સહુ,
નમ્ર પૂરો થતો પોતે, રાખે છે સમતા બહુ. ૩૭

સુખ ને દુઃખ તે બંને એક-શાં ગણી ચાલતો,
કરે જો કોઈનો દોષ, ક્ષમા તે પાસ યાચતો. ૩૮

સંતોષી તે સદા ર્‌હે છે, શુભ નિશ્ચયથી કદા.
ભરે તે મરણાંતેયે પાછું તો પગલું જ ના. ૩૯

મન, બુદ્ધિ વગરે તે સર્વ અર્પે સદા મને,
આલંબન ધરી મારું મારે માટે જ તે જીવે. ૪૦

થતો ઉદ્વેગ ના કોને એનાથી, વળી લોકથી
ઉદ્વેગ પામતો ના તે, ગાળે જીવન એ રીતે. ૪૧

દુભવે કોઈને ના તે, કોથી દુભાય ના દિલે,
સંસારે નવ લેપાતો પ્રિય છે ભક્ત તે મને.' ૪૨

'થતો ભક્તથી ઉદ્વેગ સંસારે નવ કોઈને'
સાચું એ નવ સર્વાંશે લાગતું લોક-જીવને. ૪૩

વર્તન ભક્ત એવાનું, એના વિચાર, કર્મને
યોગ્ય ભાવે કદી લોક કોઈ સ્વીકારી ના શકે. ૪૪

વર્તન, કર્મ, વિચાર, ભક્તની વાણીથી વળી,
કેવાં તો લોક ઉદ્વેગ પામવાનાં જગે નકી. ૪૫

*આમ થતાં તે સંપૂર્ણપણે ભક્ત થાય છે, ત્યારની એની દશા શ્રીભગવાન વર્ણવે છે.*

## ભક્ત

'લોકોથી દુઃખ ના માને, સ્હેજેયે ના વળી ડરે,
હર્ષ, શોક, ભયાદિથી મુક્ત છે મુજ ભક્ત તે. ૪૬

કોઈયે જાતની ઈચ્છા ના એને મન હોય છે,
પવિત્ર હોય, ને એનું વર્તે છે ક્ષેમ સૌ સ્થળે. ૪૭

આત્માના ક્ષેમની વાત જો અહીં હોય, સાચું તે,
કિંતુ તે સત્ય ના પૂર્ણ વ્યવહારની બાબતે. ૪૮

સર્વ આરંભ છોડીને નિશ્ચયે દૃઢ તે રહે,
શુભાશુભ બધાંનોયે ફળત્યાગ સદા કરે. ૪૯

સ્પષ્ટ છે અર્થ એનો તો 'ગમે તે પરિણામને
માટે નિશ્ચિંત તે ર્હે છે', એવું જીવન તે જીવે. ૫૦

શત્રુ કે મિત્ર ના એને, માન કે અપમાન શું ?
મૌન સેવી, મળે જે કૈં ર્હે તેથી તુષ્ટ આપ શું. ૫૧

'નથી હું એકલો કાંઈ' એમ માની હ્રદે રહે,
સ્થિર સર્વ સ્થિતિમાંહી થઈ, ના જરીયે ડગે. ૫૨

વર્તે છે આ પ્રમાણે જે શ્રદ્ધાવંત થઈ હ્રદે,
પ્રાણથીયે ઘણા વ્હાલા એવા ભક્ત મને હ્રદે.' ૫૩

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૧૩ મો

(ક્ષેત્ર - ક્ષેત્રજ્ઞ - વિભાગયોગ)

*વળી પાછો અર્જુનને પ્રશ્ન થાય છે. તેથી, તેના બધા જ સંશય ટાળવા શ્રીભગવાન તેને ખરું જ્ઞાન શું છે, તે સમજાવે છે.*

## ખરું જ્ઞાન

' 'પુરુષ', 'પ્રકૃતિ', 'જ્ઞાન', 'ક્ષેત્ર', 'ક્ષેત્રજ્ઞ', 'જ્ઞેય'ને-
એ બધું જાણવું મારે ફોડ પાડી કહો મને.' ૧

ઊથલાવી ફરી પાછો પૂછે અર્જુન પ્રશ્ન ત્યાં,
ટાળવાને વદે કૃષ્ણ પાર્થના સંશયો બધા. ૨

' 'ક્ષેત્ર' છે દેહનું નામ, 'ક્ષેત્રજ્ઞ' જાણનાર તે,
રહેલો સૌ શરીરે હું, ક્ષેત્રજ્ઞ જાણજે મને. ૩

ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો ભેદ જેથી જાણી શકાય છે,
ખરું તે 'જ્ઞાન' કહેવાયે, પાર્થ ! તું જાણજે ખરે.' ૪

*આ ઉપરથી અર્જુનને સમજવા જેવું તે 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ', કેમ કે ક્ષેત્રજ્ઞ તો કૂટસ્થ આત્મા છે, એમ કહી જ દીધું છે. તેથી, પહેલાં ક્ષેત્રની સમજૂતી આપે છે.*

## ક્ષેત્ર

'ગવાયું બ્રહ્મસૂત્રોમાં ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું રૂપ,
કેવા વિવિધ છંદોમાં ઋષિઓથી બહુ વિધ !
ક્ષેત્ર આ શું ? પ્રકારો શા ? કેવા વિકાર ક્ષેત્રના ?
શી ક્ષેત્રજ્ઞતણી શક્તિ તે તેને કહું ટૂંકમાં,
સુખો, દુઃખો અને દ્વેષ, ઈચ્છા, ધીરજ સર્વ એ,

પ્રકારો મનવૃત્તિના ક્ષેત્રમાં સૌ સમાય તે,
પંચભૂત અને બુદ્ધિ, અહંતા, મૂળ પ્રકૃતિ,
મન સાથે દશેન્દ્રિયો વિષયો પાંચથી મળી,
સ્થૂળ દેહતણો પિંડ ચેતના, ધૃતિથી બને,
આવું વિકારવાળું જે, 'ક્ષેત્ર' તે પાર્થ ! જાણજે.' ૫ થી ૯

*એ જાણવાની શી જરૂર છે, તે હવે સમજાવે છે અને તે ઉપરથી સાચું 'જ્ઞાન' શું તે ઉપર આવે છે.*

## જ્ઞાનનો હેતુ

'આ શરીર અને એના વિકારો જાણવા ઘટે,
કરવાનો રહ્યો તેનો કેમ કે ત્યાગ જાણજે. ૧૦

જ્ઞાન છે ત્યાગને સારુ જરૂરી બહુ, અર્જુન !
જ્ઞાન શેને કહેવું તે હવે હું કહું, સાંભળ.' ૧૧

*શરીર વિશે સમજાવી તેમાંથી જ્ઞાન ઉપર આવી હવે શ્રીભગવાન જ્ઞાનનાં સાધનો અથવા જ્ઞાનપ્રાપ્તિ માટે સાધકમાં હોવાં જોઈતાં લક્ષણો સમજાવે છે. જ્ઞાન તો અનુભવગમ્ય છે. એટલે 'જે આત્મદર્શનની સ્થિતિ તે જ જ્ઞાન' એમ સૂચવે છે.*

## જ્ઞાનનાં લક્ષણો

'હિંસા ને દંભનો ત્યાગ વળી માનીપણાતણો,
ક્ષમા, સરળતા સ્હેજે, સેવા ગુરુની, શુદ્ધતા,
સ્વચ્છ દૃઢ તનુ સાથે મન-ઈંદ્રિય-નિગ્રહ,
વૈરાગ્ય વિષયોમાંહી, હુંપણાનોય ત્યાગ સૌ. ૧૨-૧૩

જન્મ, મૃત્યુ, જરા સાથે વસેલાં રોગ, દુઃખ સૌ,
તથા નિત્ય થતા દોષોતણું ભાન પૂરું થવું. ૧૪

સ્ત્રી, પુત્ર, ઘર ને બ્હાર, સગાં, સ્વજન, મિત્રથી
મનને કાઢી લેવું ને મમતાનેય છોડવી. ૧૫

પોતાને કૈં ગમે તેવું બને કે ના બને કદી,
મનમાં તોય તે માટે રાખવી સમતા ખરી. ૧૬

અનન્ય ભક્તિ ને શ્રદ્ધા પ્રભુમાં નિત્ય રાખવી,
ચિંત્વનાર્થેય એકાંત સેવવું ભાવથી ચહી. ૧૭

લોકોમાં ભળવું ના, ના ભોગોની રુચિ રાખવી,
તૃષા જ્ઞાનની તો હોવી ઊંડી શી આત્મને વિશે !' ૧૮

*આવી સ્થિતિ પોતાની થાય તે સારુ સાધકે પ્રયત્ન કર્યા કરવાનો છે. આ સ્થિતિ તે જ જ્ઞાન. એના સિવાયનું 'અન્યથા', અજ્ઞાન છે.*

'જિજ્ઞાસુ ને પુરુષાર્થી હોય તે સર્વ સાધકે
વર્ણવી સ્થિતિ જે આવી, હ્રદે કેળવવી ઘટે. ૧૯

લક્ષણો નિજમાં તે તે આણવા તે મથ્યો જશે,
આત્મદર્શન તે અંતે નિશ્ચયે પામશે ખરે. ૨૦

આનાથી અન્યથા જે છે એ તો અજ્ઞાન, અર્જુન !
રચીપચી રહે એમાં એવાને તામસી ગણ.' ૨૧

*આવું 'જ્ઞાન' થતાં તે આપોઆપ 'જ્ઞેય'ને પામે છે એમ જણાવી હવે 'જ્ઞેય' વિશે કહે છે.*

## 'જ્ઞેય'

'કેળવી 'જ્ઞાન' સાચું આ 'જ્ઞેય'ને જાણશે હ્રદે
જે, તે મેળવશે મોક્ષ, કહું સાંભળ તે વિશે. ૨૨

'જ્ઞેય' છે એ પરબ્રહ્મ, અનાદિ ને અજન્મ છે,
કંઈયે તત્ત્વ જ્યાં ન્હોતું આ મહા 'સત્'-ત્વ ત્યાં હતું. ૨૩

ન એને 'સત્' કહેવાયે, કહેવાયે 'અસત્' નહિ,
પર બંને થકી એ તો પરબ્રહ્મ, પરાત્પર. ૨૪

કેમ કે 'નિત્ય' એ તો છે, નિત્યતાને છતાં જનો
ઓળખી ના શકે તેથી એને 'સત્'થી પરે કહ્યો. ૨૫

આ વિશ્વમાં વિના તેના ખાલી કૈં જ નથી કશું,
ભરપૂર, જતાં જોવા, છે ચરાચર આ બધું.' ૨૬

*જેમ તે સત્ નથી અને અસત્ નથી, તેમ તેનાં બીજાં વિરોધાભાસી લક્ષણો હવે શ્રીભગવાન ગણાવે છે. પહેલો વિરોધાભાસ ઈંદ્રિયો વિશેનો જણાવ્યો.*

## ઈંદ્રિયાતીત

'લાખો હાથપગોવાળું એ છે, એને છતાં નથી
ઇંદ્રિયો કૈં, જરૂરેયે ઇંદ્રિયોની નથી કશી. ૨૭

અલિપ્ત ઇંદ્રિયોથી તે, આ સૌ ઇંદ્રિય આજ છે,
રહેવાની ન કાલે તે, ને પરબ્રહ્મ નિત્ય છે' ૨૮

બીજો વિરોધાભાસ ગુણનો છે.

## ગુણાતીત

'જોકે તે સર્વને વ્યાપ્ત, ધારણ કરીને રહ્યો
તેથી તો 'ગુણનો ભોક્તા' એને ક્હેવાય છે ખરો,
છતાંયે સૌ ગુણોનાથી અલિપ્ત તે રહી શકે,
ગુણો જ્યાં છે વિકારો ત્યાં, પરબ્રહ્મે ન તે વસે. ૨૯-૩૦

ગુણો સૌ એટલે પાર્થ ! વિકારો સર્વ જાણ તું,
પર જે રહે વિકારોથી, રૂપ તે પરબ્રહ્મનું.' ૩૧

*ત્રીજો વિરોધ સ્થળની બાબતનો બતાવે છે.*

## દિશાતીત

'ખરે નિશ્ચે વળી એમ પ્રાણીની બ્હાર તે વસે,
કેમ કે પ્રાણીઓ એને જાણતાં નથી કો રીતે. ૩૨

અણુયે અણુમાં તોયે રહ્યો છે સર્વવ્યાપક,
પ્રાણીઓમહીં તેથી તે વસેલો જાણ, અર્જુન !' ૩૩

*વળી, એક બીજો વિરોધ જણાવી 'પરબ્રહ્મ તો ન જણાય એવું સૂક્ષ્મ તત્ત્વ છે' એમ કહ્યું.*

## સૂક્ષ્મ તત્ત્વ

'કરે છે ગતિ તે તોયે, સ્થિર કેવળ તે દીસે,
જણાયે નહિ, છે એવું સૂક્ષ્મ તે તત્ત્વ તો ખરે.' ૩૪

*હજુ તો બીજા ઘણા વિરોધી ગુણો તેનામાં સમન્વય પામી સમાયેલા છે. તેમાંના કેટલાક અહીં કહે છે.*

## વિરોધી ગુણો

(હરિગીત)

'દૂર પણ છે ને નજીક છે, એક અદ્ભુત રૂપ છે,
નામરૂપનો નાશ છે, એનું છતાં અસ્તિત્વ છે,
એ રીતે અવિભક્ત છે પણ સર્વ પ્રાણીઓમહીં
છૂટો છૂટો જાણે રહ્યો તેવો જ ભાસે તે તહીં. ૩૫

એ જ ઉપજાવે, અને પાળેય, મારે એ વળી,
તેજ તે તેજોતણું ને પર દીસે અંધારથી,
એનામહીં આવી રહ્યો ભંડાર જ્ઞાનતણો બધો,
જાણવા સમ જ્ઞેય એ પરબ્રહ્મ સર્વમહીં વસ્યો.' ૩૬

*પણ, આ બધું જાણવું શા માટે ? જીવન શેને માટે છે ?*

## હેતુ

'એ જ્ઞાનમાત્ર જ પામવું પરબ્રહ્મ કેવળ પામવા,
એને જ અર્થે હો બધા પુરુષાર્થ પોતાના સદા.' ૩૭

*આ હેતુ ફળવામાં મદદ કરવા વળી પાછા શ્રીભગવાન પ્રકૃતિ - પુરુષનાં લક્ષણ સમજાવે છે.*

## ઈશ્વર અને માયા

(અનુષ્ટુપ)

'પ્રભુ ને એની માયા તો ચાલે બંને અનાદિથી,
વિકારો થાય છે પેદા માયાથી, જાણ, અર્જુન ! ૩૮

અનેક જાતનાં કર્મો તેથી પેદા થયાં કરે,
માયાને કારણે **જીવ** સુખદુ:ખાદિ ભોગવે.' ૩૯

*ત્યારે એ માયામાંથી છૂટવાનો ઉપાય શો એ પણ કરુણાળુ -* ***જીવ*** *હિતૈષી - શ્રીભગવાને ફરી ફરી બતાવવું જ જોઈએ.*

## ઉપાય

'અલિપ્ત રહી, આ જાણી, મળંતાં કર્મ જે કરે,
આચરે કર્મ ને તેમ ફરી ના જન્મ પામશે. ૪૦

કેમ કે નીરખે એવો જ્યાં ત્યાં સર્વ સ્થળે મને,
મારી જો પ્રેરણા ના, તો કશાની ના ગતિ થશે. ૪૧

જાણી એવું હૃદે પોતે પોતાને માટ તે ખરે
હુંપણું માનતો ના કૈં, પોતાને તે જુદો જુએ.' ૪૨

*પણ, આગળ જણાવ્યું તેમ આવો શરણભાવ અને અલિપ્તતા માટે જુદા જુદા ઉપાયો માનવીઓ યોજે છે. તેવા ઉપાયો કે યોગમાર્ગોનું સૂચન ટૂંકમાં કરે છે.*

## યોગમાર્ગો

'ગભીરા ધ્યાનથી સૂક્ષ્મ આત્મામાં નિજ આત્મથી
યોગી કોઈ કરી દૃષ્ટિ આત્માને જ અનુભવે. ૪૩

તંત્રથી કો, તપે કોઈ, ભક્તિથી, કોઈ જાપથી,
કોઈ જ્ઞાનથી, સંન્યાસે, કો કર્મ-ભક્તિ-યોગથી. ૪૪

અજ્ઞાની હોય તોયે જે શ્રદ્ધાથી સાંભળી ભજે,
તેઓયે પામતા પાર શ્રદ્ધા-નિષ્ઠ થવા વડે.' ૪૫

*પદાર્થ અને આત્મતત્ત્વ, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ, એ બેના સંયોગથી જ આ બધું ઉત્પન્ન થાય છે. એમ જણાવી એ રીતે ક્ષેત્રનું મહત્ત્વ બતાવે છે.*

## ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ

'જન્મે છે સત્ત્વ જે જે કૈં, જડ ચેતન હોય કે,
ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ સંયોગે જન્મે, અર્જુન ! જાણ તે.' ૪૬

*ક્ષેત્રમાં રહેલા કે છૂપેલા ક્ષેત્રજ્ઞને બરાબર પિછાનનાર જ્ઞાની મુક્તિ પામે છે. તેથી ફરીથી જ્ઞાનીની સમજૂતી આપે છે.*

## જ્ઞાની

‘રહે પ્રાણી બધાંમાંયે સમરૂપે જ ઈશ્વર
અવિનાશી વિનાશીમાં’ જે જાણે એમ જ્ઞાની તે. ૪૭

સમભાવથી સર્વત્ર સર્વમાં પ્રભુને જુએ,
એ આત્માને હણે જાતે નહિ, ને પાર તે થશે. ૪૮

જુદા ભાવો, જુદાં રૂપો એકમાં જ રહ્યાં જુએ,
વિસ્તર્યાં એકમાંથી ને જુએ, તે બ્રહ્મ પામશે.’ ૪૯

*જ્ઞાનીનાં લક્ષણો બતાવ્યાં તે મુજબ હવે આત્માનાં લક્ષણો શ્રીભગવાન બતાવે છે.*

## આત્મા

‘અનાદિ, અવિનાશી છે, આત્મા છે વળી નિર્ગુણ,
શરીરે તે રહ્યો તોયે ન કરે કૈં, અલિપ્ત રહે. ૫૦

જગ આખું પ્રકાશે છે જેમ એક જ આ રવિ,
આખાયે ક્ષેત્રને ક્ષેત્રી પ્રકાશે, જાણ તે નકી. ૫૧

બધે હોવા છતાં કોરું જેમ આકાશ હોય છે,
તેમ હોવા છતા **જીવ** જ્ઞાને અલિપ્ત રહી શકે.’ ૫૨

*છેવટે આવા જ્ઞાનથી મને મળાય છે.*

## મુક્તિ

‘ક્ષેત્રક્ષેત્રજ્ઞનો ભેદ જે જાણે, જ્ઞાનદૃષ્ટિથી,
જાણે પ્રકૃતિથી મુક્તિ પ્રાણીની, પામતો મને.’ ૫૩

॥ હરિઃૐ ॥

# અધ્યાય ૧૪ મો

(ગુણત્રયવિભાગયોગ)

*શ્રીભગવાન, અર્જુન ઉપર સુપ્રસન્ન છે. તેઓ ફરીથી તેને સિદ્ધ જ્ઞાની વિશે કહે છે.*

## જ્ઞાનસિદ્ધિ

ભગવાન વળી બોલ્યા 'પામીને જ્ઞાન ઉત્તમ
ઋષિ ને મુનિઓ પામ્યા સિદ્ધિ પરમ, અર્જુન ! ૧

પામી તે જ્ઞાનને હૈયે આચરે ધર્મ તે રીતે,
મૃત્યુ ને જન્મના ફેરા એવા લોકતણા ટળે. ૨

ને મહદ્ બ્રહ્મયોનિ છે તેમાં મૂકું છું જન્મ-બી*****,
પ્રસૂતિ સર્વ **ભૂતો**ની સૃષ્ટિમાં એવી તો થતી. ૩

ગર્ભ સાથે બધી પાર્થ ! જે જે ઘડાય મૂર્તિઓ
તેનો જન્મ મહદ્ બ્રહ્મે પ્રકૃતિ જાણ તે જ સૌ. ૪

**જીવ**માત્રાતણો હું તો પિતામાતા છું જાણજે,
ત્રિગુણ પ્રકૃતિ-જન્ય, દેહીને બાંધનાર છે. ૫

*દેહીને બાંધનાર પ્રકૃતિના ત્રણ ગુણોનું જ્ઞાન ઉપરના કારણે જરૂરનું છે. તેથી, તે ત્રણ ગુણો વિશે સાધક **જીવ**ની દૃષ્ટિથી કહે છે.*

## ત્રણ ગુણો

'સત્ત્વ ઉત્તમ ક્હેવાયે, રજસ્ મધ્યમ જાણજે,
તમસ્ કનિષ્ઠ છે છેલ્લું, ઉદ્ભવ્યા પ્રકૃતિથી તે. ૬

* બી=બીજ

જિજ્ઞાસુ સાધકે સત્ત્વ પ્હેલું મેળવવું ઘટે,
સત્ત્વ નિર્મળ, નિર્દોષ પ્રકાશ આપનાર છે. ૭

સદાયે સંગ એનો તો નીવડે સુખદાયી ને,
કરવી વૃદ્ધિ એની તો આદરી યત્ન કોટિયે. ૮

રાગ, તૃષ્ણા થકી જન્મે, તે રજસ્ જાણ, અર્જુન !
ક્લેશ-ધાંધલમાં નાખે એવો તે ગુણ રાજસ. ૯

તમસ્નું મૂળ અજ્ઞાન-મોહ, તેથી જ આળસુ
પ્રમાદી બનવી નાખે ડુબાડી મોહકૂપમા.' ૧૦

*એ ત્રણે ગુણો માંહોમાંહે લડે છે ત્યારે જેની જીત થાય છે, ત્યારે તેનું શું પરિણામ નીપજે, તે કહે છે.*

## પરિણામ

'સત્ત્વમાંહી સુખો સર્વે, પ્રવૃત્તિમૂળ છે રજસ્,
નીપજે છે તમસ્માંથી મોહ-આળસ, અર્જુન ! ૧૧

રજસ્, તમસને ટાળી સત્ત્વ વિજય મેળવે,
સત્ત્વ, તમસને ટાળી રજસ્ વિજય મેળવે. ૧૨

સત્ત્વ, રજસને ટાળી તમસ્ વિજય મેળવે,
ત્રણેય આ ગુણોમાંથી પ્રાપ્ત તું કર સત્ત્વને.' ૧૩

*હવે, આ ગુણોમાંથી કયો ક્યારે પ્રાધાન્ય ભોગવે છે, તે જણાય તે માટે તેનાં લક્ષણો આપે છે.*

## લક્ષણો

'વ્યાપારે દેહના સર્વે જ્યારે જ્ઞાનતણો હ્દે,
અનુભવ થયો લાગે ત્યારે ત્યારે તું જાણજે,

કરી કામ રહેલું છે પ્રધાનપણું સત્ત્વનું,
વણી લે પટ સત્ત્વેથી તારા જીવનકેરું તું. ૧૪-૧૫

અશાંતિ, લોભ જ્યાં જાગે, ધાંધલ, હરીફાઈ જ્યાં,
ત્યારે ત્યાં જાણવી વૃદ્ધિ રજસ્‌ની થઈ, અર્જુન ! ૧૬

મોહ, આળસ, અજ્ઞાન અનુભવાય છે યદા
પૂરું ફેલાયેલું પાર્થ ! તમસ્‌નું રાજ્ય છે તદા.' ૧૭

*આ ગુણોની પ્રધાનતાને પરિણામે જીવની જે જુદી જુદી ગતિ થાય છે, તે કહે છે, કે જેથી અર્જુનને સત્ત્વગુણ મેળવવાનો ઉત્સાહ થાય.*

## જીવની ગતિ

'સત્ત્વગુણ પ્રધાને છે જેના જીવનમાં ખરે,
જાય છે મૃત્યના અંતે નિર્દોષ જ્ઞાનલોક તે. ૧૮

રજસ્-પ્રધાન જે હોય, જાય ધાંધળ-લોકમાં,
તમસ્-પ્રધાન હોયે તે જન્મે છે મૂઢ-લોકમાં. ૧૯

સાત્ત્વિક કર્મ જે જે હો એનું છે ફળ નિર્મળ,
રજસ્‌નું દુઃખ દેનારું, તમસ્‌નું મૂઢતાભર્યું. ૨૦

સાત્ત્વિક જીવની થાય ઉચ્ચ શી ગતિ ! અર્જુન !
અધોગતિ તમસ્‌ની ને રજસ્‌ની જાણ મધ્યમ.' ૨૧

*પણ, શ્રીભગવાન તો એ બધા ગુણોથી પર છે, એમ જે અનુભવ્યાં કરે છે, તે જ શ્રીભગવાનનું ત્રિગુણાતીત રૂપ પિછાની શકે.*

## ત્રિગુણાતીત ભગવાન

'ગુણથી કર્મનો કર્તા બીજો જોતો ન તે કદા,
ગુણોથી પર જે એવા મને જાણે હૃદે જ્યહાં.
ત્યારે મનુષ્ય તે પામે ભાવ કૈં મુજ, અર્જુન !
ત્યારે તે જાણશે મારું રૂપ જે ત્રિગુણાતીત.' ૨૨-૨૩

*આવી રીતે શ્રીભગવાનને જે ત્રિગુણાતીત અનુભવે છે, તે પોતે પણ ગુણોને વટાવી જાય છે અને મુક્તિ ભોગવે છે.*

## ત્રિગુણાતીત યોગી

'ગુણો દેહે રહેલા છે' ગણી, તેનેય દેહી જે
ટપી જાય, જરા, જન્મ, મૃત્યુનાં દુઃખને વટે. ૨૪
આનંદરૂપ પામે છે મોક્ષને તે પછી ખરે,
પરબ્રહ્મે રમે તેવા એવા કો ધન્ય આત્મ જે.' ૨૫

*આવી સુંદર ગતિ થાય છે એવા ત્રિગુણાતીતનાં ચિહ્નો શાં, તે કેમ વર્તે વગેરે બધું 'હે ભગવાન ! મને કૃપા કરીને સમજાવો' એમ અર્જુન પ્રશ્ન કરે છે.*

### પ્રશ્ન

'ગુણાતીત ટપી જાય ગુણોને શી રીતે કહો !
કેવાં ચિહ્નો હશે એનાં ? કેવું વર્તન તે કરે ?' ૨૬

*આ ઉપરથી શ્રીભગવાન પોતાને ઘણા પ્રિય એવા ત્રિગુણાતીતનાં લક્ષણો બતાવે છે.*

## લક્ષણો

ભગવાન જણાવે છે : ‘પોતાને વિષયે કંઈ
આવી પડે ભલે જે જે તે જ, પ્રવૃત્તિ કે વળી
તે મોહ હોય કે જ્ઞાન, ભલે અજ્ઞાન, ધાંધલ,
સુખ કે દુઃખ ના માને, ઈચ્છા તે નવ કૈં કરે. ૨૭-૨૮

તટસ્થ ર્‌હે ગુણો પ્રત્યે, ચળતો ના કદીય જે,
‘ભજવે ભાગ પોતાનો ગુણો’, જાણી રહે સ્થિર. ૨૯

સમ દુઃખોસુખો માને, સોનું, પથ્થર, લોહ જે
માને છે સરખાં, જેને પ્રિય, અપ્રિય કૈં ન છે. ૩૦

સ્તુતિનિંદા ન સ્પર્શે ને માન કે અપમાન ના,
રાખે છે શત્રુ ને મિત્ર પ્રત્યેયે સમભાવ ત્યાં. ૩૧

સર્વ આરંભનો જેણે કર્યો સંપૂર્ણ ત્યાગ છે,
એવાં સૌ લક્ષણોવાળો તું ગુણાતીત જાણજે.’ ૩૨

*શ્રીભગવાનને તો સામા **જીવ**નાં વલણોની ખબર હોય છે. તેથી, અગાઉથી જ તેને હિંમત આપે છે અને રસ્તો પણ બતાવે છે.*

## રસ્તો

‘રખે તું ભડકી જાતો ! કે તું હાથ દઈ શિરે
બેસી ર્‌હેતો બની એદી, ‘કેમ આ થાય !’ માનીને. ૩૩

વર્ણવી મેં તને આ તો દશા સિદ્ધની, અર્જુન !
પહોંચવા હવે એને જણાવું તુજને પથ.’ ૩૪

*એ રીતે શ્રીભગવાન ફરી પાછો ભક્તિ અને કર્મયોગનો માર્ગ અર્જુનને બતાવે છે, પણ તે ભક્તિ અને કર્મ કેવાં તે પણ કહે છે.*

## યોગ

‘અનન્ય ભાવવાળો જે ભક્તિનો યોગ તે વડે,
મારી કર્યા કરે ભક્તિ, આસક્તિ સહુ છોડીને. ૩૫

શ્વાસ સુધ્ધાંય જો કોઈ વિના કર્મ ન લૈ શકે,
તો પછી કર્મ સૌ જાણો વળગ્યાં દેહી માત્રને. ૩૬

ગુણો ટપી જવા ઈચ્છે તેવાએ મનથી સદા,
અર્પણ કરવાં ભાવે સર્વ કર્મ મને હૃદે. ૩૭

ફળની કાંઈયે ઈચ્છા એણે ના મન રાખવી,
વર્તતાં એમ, એવાને કર્મબંધન ના થશે.’ ૩૮

*છેલ્લે સર્વ કોઈ યોગીની અંતિમ ગતિ તે શ્રીભગવાન જ છે. તેને શૂન્ય થયા વિના ન પમાય, એમ અર્જુનને જણાવે છે.*

## અંતિમ દશા

‘કેમ કે બ્રહ્મ હું છું ને ધર્મ હું છું સનાતન,
મોક્ષ હું, જે કહો તે હું અનંત, દિવ્ય હું સુખ. ૩૯

પૂરો શૂન્ય થતો ત્યારે માનવી મુજને જુએ,
એનું નામ ગુણાતીત પાર્થ ! તું એમ જાણજે.’ ૪૦

**॥ હરિઃૐ ॥**

## અધ્યાય ૧૫ મો

(પુરુષોત્તમયોગ)

*શ્રીભગવાન હવે અર્જુનને વિશાળ અનાદિ સંસાર પરત્વેની દૃષ્ટિ આપે છે.*

### સંસાર

ભગવાન જણાવે છે : 'સંસારવૃક્ષ બે રીતે
જોવાય, મૂળ જેનાં છે ઊંચે ને ડાળ છે નીચે. ૧

પાંદડાં વેદરૂપી છે એવા અશ્વત્થને* રૂપે
સંસારને જુએ છે તે જ્ઞાની વેદજ્ઞ છે ખરે. ૨

જોવા જતાં બીજી રીતે ફેલાયેલી ઊંચે નીચે,
સંસારવૃક્ષની શાખા ત્રિગુણે વૃદ્ધિ પામીને,
કૂંપળો વિષયોરૂપી મનુષ્યલોક જીવને,
કર્મનાં સંપડાવે છે બંધનો **જીવ**ને ખરે.' ૩-૪

*એવા અનાદિ, અનંત સંસારવૃક્ષને તો છેદવું જ પડે - જો મુક્તિ જોઈતી હોય તો.*

### અસંગશાસ્ત્ર

'સ્વરૂપ વૃક્ષનું આ જે, શકાતું જાણી ના કદા,
આરંભ, અંત ના એને, ઠેકાણું વળી એનું ના. ૫

બીજા સંસારવૃક્ષે આ ઘાલ્યું મૂળ બરાબર,
અનાસક્તિતણા શસ્ત્રે એને તો છેદવું ઘટે. ૬

સ્મરણ, પ્રાર્થના, ભાવે ભજનો તે કર્યાં કરે,
નિવેદી, સૌ સમર્પી જ્યાં જેને **ભાવ** હૃદે ઊગે. ૭

---

* પીપળો, 'જે કાલે નથી તે', તેથી નશ્વર (નાશવંત) સંસાર

પ્રાબલ્ય **ભાવ** એવાનું જ્યારે જીવન વર્તશે,
કામક્રોધાદિ સૌ મોળા મેળે ત્યારે પડ્યા જશે. ૮

કામાદિમાં ખરી ત્યારે અનાસક્તિ શી જાગશે !
પછી સંસારનાં કામો અનાસક્તિ થકી થશે. ૯

તેથી તે લોકમાં જાય આત્મા, જ્યાં થકી એહને
ફરવાના રહે પાર્થ ! ફેરા પાછા ન જાણજે.' ૧૦

*મુક્તિ માટે પણ ભક્તિની જરૂર છે. માટે, ઉપર જણાવેલી અનાસક્તિ સાથે ભાવભક્તિ એ ઉત્તમ સાધન છે.*

## ભાવભક્તિ

'ને એવું કરવા સારુ જેની માયા વડે જ આ,
પ્રકૃતિ વિશ્વપુરાણી ફેલાયેલી જ્યહાં ત્યહાં,
આદિપુરુષને એવા ભાવેથી ભજવા હૃદે,
સંસારવૃક્ષનું ત્યારે પૂરું છેદન થાય છે. ૧૧-૧૨

માનમોહ પૂરેપૂરાં છોડી દીધાં જ જેમણે,
જીતીને સંગદોષોને આત્મામાં લીન હોય જે,
પરવારી જ બેઠા જે સહુયે વિષયો થકી,
સમ જેને સુખોદુ:ખો, અવ્યયપદ પામશે.' ૧૩-૧૪

*એ મુક્તિ કે અવ્યયપદનું ટૂંકું પણ આકર્ષક વર્ણન કરે છે.*

## અવ્યયપદ

'જ્યાં સૂર્ય, ચંદ્ર, અગ્નિને આપવાપણું તેજ ના,
ફરવાપણું કો રીતે જ્યાં ગયા પછી પાછું ના. ૧૫

પરમ સ્થાન એવું છે, સ્થાન તે દિવ્ય પામવા
સિદ્ધો, મહર્ષિઓ આદિ પાર્થ ! શા તલસી રહ્યા'. ૧૬

*હવે, જીવની ઉત્પત્તિ કે પ્રગટવા વિશે કહે છે, કે જેથી જીવને પોતાના અસલ સ્વરૂપનું ભાન થાય.*

## જીવ

**જીવ**-લોકે **જીવ**-રૂપે મારો અંશ સનાતન,
પ્રકૃતિમાં રહેલી જે આકર્ષે તે મનેંદ્રિય. ૧૭

જ્યારે ત્યજે અને ધારે **જીવ** જ્યાં જ્યાં શરીરને,
ઇંદ્રિયોને લઈ ત્યારે સાથે તે **જીવ** સંચરે. ૧૮

પોતાના સ્થળથી વાયુ ગંધો સાથે લઈ ફરે,
જ્યાં જ્યાં જતો તહીં, સાથે ફરે તેમ મનેન્દ્રિયો.' ૧૯

*આવી રીતે ઈંદ્રિયોનો આશ્રય લઈને ભોગો ભોગવતા શ્રીભગવાનના જ અંશરૂપ **જીવ**ને અજ્ઞાનીઓ ઓળખી શકતા નથી, યોગી જ ઓળખે છે.*

## ભગવાનનો જ અંશ

'કાન, આંખ, ત્વચા, જીભ, નાક ને મનનો વળી
આશ્રય ધરીને **જીવ** સેવે છે વિષયો સદા. ૨૦

સ્થિર ર્હેતા, ગતિ-કર્તા, ભોગ ભોગવતા, જગે
ગુણોવાળા **જીવ**ને, જે મોહમાં કૈં પડેલ છે,
અજ્ઞાની ઓળખે છે ના, જ્ઞાની તે ઝટ ઓળખે,
વસેલો **જીવ** પોતામાં યોગી-સાધક ઓળખે. ૨૧-૨૨

સમભાવરૂપી યોગ જેણે સાધ્યો પૂરો ન છે,
યત્ન એવા કરે તોયે એને ના ઓળખી શકે.' ૨૩

*હવે, શ્રીભગવાન સર્વવ્યાપી છે અને પોતે જ જે તે કંઈ બધું છે તે જણાવે છે અને તેના દાખલા આપે છે.*

## દાખલા

(વસંતતિલકા)

'જે સૂર્યતેજ જગને સુપ્રકાશ આપે,
જે અગ્નિચંદ્ર મહીં છે, મુજ તેજ તે છે,
હું શક્તિથી મુજ, પ્રવેશ કરી, શરીરે
હે પાર્થ ! જો કરું છું ધારણ સૌ **જીવો**ને. ૨૪

ઉત્પન્ન હું રસ કરું થઈ સોમરૂપ,
પોષ્યાં કરું છું વળી ઔષધિમાત્રાને હું,
સૌ પ્રાણીનાં તન મહીં જઠરાગ્નિરૂપે
કેવો કરું છું સમ પ્રાણ-અપાન વાયુ ! ૨૫

ને ચાર જાતતણું અન્ન પચાવું તેમ,
એવો બધાં હૃદયમાં જ હું છું ઠરેલ,
મારા વડે જ સ્મૃતિ છે, વળી જ્ઞાન છે ને
તેનો અભાવ મુજથી, મુજથી બધુંયે. ૨૬

(અનુષ્ટુપ)

બધા વેદો વડે જે કૈં જાણવા યોગ્ય તે જ હું,
વેદાંત પણ હું, પાર્થ ! જાણનારોય, વેદ હું.' ૨૭

*હવે, શ્રીભગવાને પોતે પોતાની પ્રકૃતિ દ્વારા જે સર્જ્યું છે, એવું ક્ષેત્ર અને તેમાં રહેનારો ક્ષેત્રજ્ઞ, એ બંનેથી પોતે પર છે એમ કહે છે.*

## પુરુષોત્તમ

‘આ લોકે પુરુષો બે છે, ક્ષર, અક્ષર નામથી,
એક છે નાશવાળો ને બીજો નાશરહિત છે. ૨૮

(હરિગીત)

કહેવાય ભૂતો ક્ષર અને તેમાં રહેલો સ્થિર હું,
તે જ અક્ષર, તેથી પણ પર કો પુરુષ ઉત્તમ ખરે,
‘પરમાત્મ’ તે ક્હેવાય અવ્યય, ઈશ્વર, ત્રણ લોકમાં
કરી જે પ્રવેશ, કરે જ પાલન, તે ખરે પણ હું જ ત્યાં. ૨૯

ક્ષર અને અક્ષરથી ઉત્તમ હું જ પુરુષોત્તમરૂપે,
જે લોકમાં ને વેદમાં હું છું થયેલ પ્રસિદ્ધ એ,
જે ઓળખે છે આમ જ્ઞાનીજન મને ઉત્તમ રૂપે,
તે બધું જાણે, મને ને સર્વ ભાવેથી ભજે.’ ૩૦

*આવું છુપાવવા લાયક એટલે ગંભીર સત્યવાળું ગુહ્ય જ્ઞાન શ્રીભગવાન અર્જુનને કહે છે, કેમ કે તે નિષ્પાપ છે. એવા જ્ઞાનથી પરમ પ્રાપ્તિ થાય છે.*

## પરમ પ્રાપ્તિ

(અનુષ્ટુપ)

‘જે આ શાસ્ત્ર અતિ ગુહ્ય, થવા નિષ્પાપ, અર્જુન !
મેં તને કહ્યું, જે જાણી બુદ્ધિમાન થતા જન. ૩૧

પોતાના ધ્યેયને પ્હોંચે એવા જે કોઈ સાધક,
પરમ પ્રાપ્તિ પામીને ભોગવે શાંતિ આંતર.’ ૩૨

**॥ હરિઃૐ ॥**

# અધ્યાય ૧૬ મો

(દૈવાસુરસંપદ્વિભાગયોગ)

*જેવી રીતે ક્ષેત્રક્ષેત્રજ્ઞનો ભેદ કહ્યો, તેવી રીતે શ્રીભગવાન હવે ધર્મ અને અધર્મવૃત્તિનો ભેદ કહે છે.*

## ધર્મઅધર્મની વૃત્તિઓ

ભગવાન કહે ત્યારે, 'તને ભેદ બતાવું છું,
ધર્મઅધર્મ વૃત્તિનો, ધર્મવૃત્તિ વિશે કહ્યું. ૧

લક્ષણ ધર્મવૃત્તિનાં તોયે હું કથું છું તને
અર્જુન ! ફરી વિસ્તારી, સાંભળ લક્ષ આપીને.' ૨

*ફરીથી ધર્મવૃત્તિનાં લક્ષણો કહે છે કે જેથી અર્જુનમાં તેવી વૃત્તિ ઊગે.*

## ધર્મવૃત્તિ

(હરિગીત)

'નિર્ભયપણું, અંતઃકરણની શુદ્ધિ, સમતા, જ્ઞાન ને,
યજ્ઞ, ઇંદ્રિયશમન, દાનો, જ્ઞાનનો અભ્યાસ ને,
અક્રોધ, ત્યાગ, તપ, સરળતા ને અહિંસા, સત્ય ને
ધીરજ, ક્ષમા, નિર્લોભતા ને તેજ, નિરહંકારતા. ૩

કોઈની ચાડી ન ખાવી, રાખવી મન **જીવ**દયા,
ચોખ્ખાઈ અંદર-બ્હારની, અદ્રોહ, મર્યાદા સદા,
કોમળપણું, અવિચળપણું, ને શાંતિ એને મન વસે,
આ લક્ષણો સહુ ધર્મવૃત્તિનાં કહ્યાં જે મેં તને.' ૪

*હવે, ધર્મવૃત્તિ વિશેષપણે સમજાવવા વિભેદ કરીને અધર્મવૃત્તિનાં લક્ષણો કહે છે અને તેનાં પરિણામો જણાવે છે અને સ્પષ્ટ આદેશ પણ આપે છે કે અર્જુન ! ધર્મવૃત્તિ જ રાખજે.*

## ધર્મઅધર્મવૃત્તિ

(અનુષ્ટુપ)

'અધર્મવૃત્તિ જેનામાં, વસે છે અભિમાન ત્યાં,
દંભ ને દર્પ, અજ્ઞાન, ક્રોધ ને છે કઠોરતા. ૫

ધર્મવૃત્તિ લઈ જાયે મોક્ષપંથે મનુષ્યને,
અધર્મવૃત્તિ નાખે છે બંધને પાર્થ ! **જીવ**ને. ૬

ધર્મવૃત્તિ લઈને જ તું તો જન્મેલ, અર્જુન !
માટે તારે જવાનું છે ધર્મને પંથ આગળ.' ૭

*અધર્મવૃત્તિ વિશે હજી થોડો વધારે વિચાર કરીને શ્રીભગવાન અર્જુનને (એટલે કે **જીવ**ને) સમજાવે કે જેથી **જીવ** તે બાબતમાં ચેતેલો રહે.*

## અધર્મવૃત્તિનાં લક્ષણો

'અધર્મવૃત્તિનો થોડો કરી વિસ્તાર હું વદું,
કરી શકાય એનો તો ત્યાગ જેથી સહેજમાં. ૮

અધર્મવૃત્તિવાળા જે, પ્રવૃત્તિ ને નિવૃત્તિનો
જાણતા નવ કૈં ભેદ, કે શુદ્ધિ ને અશુદ્ધિનો. ૯

સત્યાસત્યતણું ભાન વળી હોતું નથી કશું,
ઠેકાણું હોય ક્યાંથી તો એવાની વર્તણૂકનું ?' ૧૦

*જેવી વૃત્તિ તેવી બુદ્ધિ અને તેવાં કર્મ. બધું જ સાથે સાથે હોય છે. તેથી, તે બતાવે છે.*

## અધર્મ માન્યતા અને કર્મ

‘ ‘જૂઠું છે વિશ્વ’ એ માને ‘પાયા વિનાનું’, અર્જુન !
‘જગનો કો નિયંતા ના’ માનતા તેમ તે મન. ૧૧

‘સંબંધ સ્ત્રીપુરુષોનો એનું તો વિશ્વ આ જ છે’,
વિષયભોગને છોડી બીજો ના કો વિચાર છે. ૧૨

આવી તે વૃત્તિવાળાનાં કર્મ હોય ભયાનક,
પ્રવૃત્તિ હોય છે એની વિશ્વના નાશકારણ.’ ૧૩

*એમના એવા વિચારો તેઓ સજ્જડ પકડી રાખે છે. અને બીજા પણ ભયંકર દુર્ગુણો વર્ણવે છે.*

## સ્વભાવ

‘વિચારો દુષ્ટ પોતાના રાખે પકડી આગ્રહે,
એની સૌ કામનાકેરો અંત ના કદી આવશે. ૧૪

મદ, દંભ અને માને તણાયા રહી તે સદા,
હોયે આવા મતિમંદ ગુલામો ઇંદ્રિયોતણા. ૧૫

તેમની, -આમ હોવાથી-ચિંતાનો પણ પાર ના,
ભોગ તો માણવા એને જોઈએ છે નવા નવા. ૧૬

મત, આગ્રહ ને ટેવ, મડાગાંઠ વળી બીજી
પ્રમાણે તે કરે વર્ત્યાં, સુઝાડ્યું ન સૂઝે બીજું.’ ૧૭

*પાર વગરની કામનાઓના કિલ્લાઓ તેઓ રચે છે.*

## શેખચલ્લીના કિલ્લા

'સેંકડો મનમાં નિત્યે આશાના ગઢ તે ચણે,
કામના પોષવા સારુ કરે છે ભેળું દ્રવ્ય તે. ૧૮

ન્યાયઅન્યાયનો ભેદ એમાં એ કૈં ન રાખતા,
અન્યાય પાપમાર્ગે તે નિત્યે આમ ધસ્યા જતા. ૧૯

'મેળવ્યું આજ મેં તો આ, મેળવીશ પછી બીજું,
આજ આ શત્રુને માર્યો, બીજાનેયે હણીશ હું. ૨૦

બળવાળો હું તો ભારે, રિદ્ધિ ને સિદ્ધિ યુક્ત છું,
મારા જેવો બીજો કોણ ?' એવો ફાંકો ધરે ઉરે. ૨૧

કીર્તિ મેળવવા યજ્ઞો કરી, દાન દઈશ હું,
કરીશ મોજ હું માણ્યા, સુખે ગાળીશ દિન હું.' ૨૨

*પણ, તેમને ક્યાં ખબર છે કે તેઓ તો એથી વધુ ને વધુ મોહજાળમાં ફસાય છે અને પછી -*

## પરિણામ

'મનમાં મનમાં આમ મલકાયાં સદા કરે,
ફસાઈ મોહજાળે ને છેવટે નરકે જશે. ૨૩

ઘૃણાજનક, જુગુપ્સાવાળી તે સ્થિતિમાં પૂરું,
સડ્યાં જ કરવાનું જે આવે, નરક જાણવું. ૨૪

મોહલોભાદિ કક્ષામાં સંડોવાયા કરી કરી,
આવે ભોગવવાનું જે તેને નરક જાણવું. ૨૫

આવા સૌ આસુરી લોકો ઘમંડે નિજના રહે,
પરનિંદામહીં રાચે, કેવા દોષ કર્યાં કરે ! ૨૬

વારંવાર ખરે ! તેઓ આસુરી યોનિ મેળવે,
અને એ યોનિમાં તેઓ હંમેશાં ભટક્યાં કરે.' ૨૭

*આ બધું સમજાવીને તેને આધારે અર્જુનને બોધ આપે છે કે તું એ બધાંને છોડી દે.*

## કામાદિનો ત્યાગ

'આત્મનાશ કરે તેવા નર્કને મુખ છે ત્રાણ,
કામ ને ક્રોધ ને લોભ, તેને તેથી સદા ત્યજ. ૨૮

જીવને શત્રુ મોટામાં મોટા જો કોઈ હોય તે,
શત્રુ કામાદિના જેવા કોઈ મહારથી ન છે. ૨૯

અગાધ ભક્તિનું જ્યારે પ્રાબલ્ય જીવને થતાં,
અખંડ જામતાં ભક્તિ આધારે, લય થાય શો ! ૩૦

તેનો ત્યાગ કરે જેઓ, કલ્યાણમાર્ગ જાય છે,
પરમ ગતિને તેવા પામે અર્જુન ! નિશ્ચયે.' ૩૧

*શાસ્ત્રોનો ગૂઢ અર્થ ન સમજવાથી સ્વચ્છંદથી કેટલાક તેનો ત્યાગ કરે છે, પણ તેથી તેમને હાનિ થાય છે.*

## સ્વચ્છંદી ત્યાગ

'જેમાં અનાદિ સિદ્ધાંતો એવાં શાસ્ત્રાતણો કરે
ત્યાગ સ્વચ્છંદથી જેઓ, તેવા ના સુખ મેળવે. ૩૨

ભલે શાસ્ત્ર ન વાંચે ને ના જાણે શાસ્ત્ર શાં હશે !
કિંતુ શો શાસ્ત્રનો બોધ જેના જીવનમાં ઠરે ! ૩૩

ને જેઓ આચરે તેવા નીતિનિયમ જીવને,
પ્રભુથી જે ડરી ચાલે, જાણેલ શાસ્ત્ર તેમણે. ૩૪

પ્રકૃતિથી થતાં મુક્ત જે અનુભવી થાય છે,
તેનામાં શાસ્ત્રનું જ્ઞાન શું આપોઆપ ઉદ્ભવે ! ૩૫

કલ્યાણમાર્ગની શાંતિ તેવા ના મેળવી શકે,
રહે છે સ્થિતિ અસ્થિર તેવાઓની સદા ખરે.' ૩૬

*માટે, હે અર્જુન ! શાસ્ત્ર સમજવા માટે તું અનુભવી પાસે જજે. નહિ કે શાસ્ત્ર પંડિત પાસે. પછી તે પ્રમાણે વર્તજે.*

## અનુભવીનું શરણું

'તેથી નિર્ણયમાં તારા જે જે કાર્યઅકાર્યના,
અનુભવીની પાસેથી બધા સિદ્ધાંત નિશ્ચલ,
પૂરા તું સમજી લેજે, રહેતો ગાફેલ ના કશે,
એને અનુસરી તારું શુદ્ધ વર્તન રાખજે.' ૩૭-૩૮

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૧૭ મો

### (શ્રદ્ધાત્રયવિભાગયોગ)

*અર્જુનના શ્રદ્ધા વિશેના પ્રશ્નનો જવાબ આપતાં શ્રીભગવાન, શ્રદ્ધાનું મહત્ત્વ સમજાવે છે.*

### શ્રદ્ધા

અર્જુન કૃષ્ણને પૂછે : 'જે શિષ્ટાચાર છોડતા,
કિંતુ શ્રદ્ધાથી જે ભક્તિ કરે, એવાની શી ગતિ ?' ૧

ભગવાન વદે ત્યારે : 'શ્રદ્ધા છે ત્રણ જાતની,
સાત્ત્વિકી હોય ને પાર્થ ! રાજસી તેમ તામસી. ૨

જેવી જેની હશે શ્રદ્ધા, તેવો મનુષ્ય તે થશે,
જેની છે જીવતી શ્રદ્ધા, નિશ્ચે તે જીવતો રહે. ૩

સાત્ત્વિક, દેવને પૂજે, રાજસી, યક્ષ-રાક્ષસ,
ભજે છે એવી રીતે ને ભૂતપ્રેતાદિ તામસી.' ૪

*પણ, શ્રદ્ધા ઓળખાય કેવી રીતે ? તેના જવાબમાં થોડાંક માપલક્ષણ શ્રીભગવાન આપે છે અને તેના પાછા ત્રણ ત્રણ પ્રકાર કહે છે.*

### માપલક્ષણો

'કોની કેવી હશે શ્રદ્ધા એકાએક જણાય ના,
દાને, યજ્ઞે, તપે, તેમ આહારેથી મપાય ત્યાં. ૫

પ્રકારો ત્રણ એનાયે તે તને કહી જાઉં છું,
તે પરે સર્વ આધાર પાર્થ ! સર્વની વૃત્તિનો.' ૬

*પહેલાં આહારના પ્રકાર જણાવે છે.*

## આહાર

'જે આહાર થકી આયુ, આરોગ્ય, નિર્મળત્વ ને
વધે સુખ, રુચિ, શક્તિ, તેને સાત્ત્વિક જાણજે. ૭

અતિ તીખું, ઊનું, ખારું, ખાટું, રાજસી, અર્જુન !
ઉષ્ણતા થાય શી પેદા ! તેથી તો રોગ ને દુઃખ. ૮

અજીઠો, વાસી, રાંધેલો અપવિત્ર, બીજી રીતે
ગંદો આહાર એવો તે તામસી પાર્થ ! જાણજે.' ૯

સ્વાદની વૃત્તિથી માત્ર લેવો આહાર ના કદા,
'આધારે જઠરાગ્નિને તેજસ્વી યોગ્ય રાખવા
આહુતિરૂપ લેવો તે,' રાખી એવી સભાનતા. ૧૦

*તે જ પ્રમાણે હવે યજ્ઞના ત્રણ પ્રકારો કહે છે.*

## યજ્ઞ

'ફલેચ્છા વિણ યજ્ઞો જે કરાયે થઈ તન્મય,
કર્તવ્ય તરીકે થાયે, તેને તું જાણ સાત્ત્વિક. ૧૧

ફળ-આશા વળી દંભ જેમાં, રાજસી યજ્ઞ તે,
આ બેનો ભેદ તું પૂરો પાર્થ ! લે સમજી હવે. ૧૨

વિધિ જેને વિશે કોઈ નથી કે પરિણામ કૈં,
ત્યાગ, મંત્ર, કશું જ્યાં ના, તામસી યજ્ઞ જાણ તે.' ૧૩

*તપના આવી રીતના સાત્ત્વિક વગેરે ત્રણ પ્રકાર જણાવ્યા પહેલાં, તેના બીજી જાતના ત્રણ પ્રકાર કે વિભાગ જણાવે છે.*

## ત્રણ તપ

‘જેમાં સંતોતણી ભક્તિ, બ્રહ્મચર્ય, પવિત્રતા,
અહિંસા શુદ્ધિ છે જેમાં, તપ એ છે શરીરનું. ૧૪

‘સંતજીવનનાં હાર્દ ને ભાવ, નિજ જીવને,
મથે ઉતારવા પ્રેમે,’ તે સંતભક્તિ જાણજે. ૧૫

સત્ય, પ્રિય, હિતૈષી જે વાણી, સ્વાધ્યાય જીવને,
તપ વાચિક છે એ તો, લેજે તે વાત લક્ષમાં. ૧૬

જેમાં પ્રસન્નતા, મૌન, સંયમ વળી સૌમ્યતા,
મનનું તપ તે જાણ, જ્યાં વસે શુદ્ધ ભાવનાં.’ ૧૭

*હવે, એના સાત્ત્વિક વગેરે પ્રકાર કહે છે.*

## તપના પ્રકાર

‘સમભાવ થકી આવાં કરે ત્રિવિધ જે તપ,
ફળેચ્છાનો કરી ત્યાગ, સાત્ત્વિકી જાણવાં તપ. ૧૮

દંભથી, માનઆશાથી, આદરાયેલ જે તપ
રાજસી તપ તું એને જાણજે, હે પરંતપ ! ૧૯

દુરાગ્રહોથી પીડાઈ પારકા-નાશ અર્થ ને
ર્‌હેલો જેથી શરીરસ્થ ક્‌લેશ પામે નિરર્થક,
આદરે તપ એવું જે તામસી પાર્થ ! જાણ તે,
અધોગતિતણા પંથે **જીવ**ને લઈ જાય એ.’ ૨૦-૨૧

## દાનના પ્રકાર

'દેવાનું ધર્મ' તે જાણી, ફલેચ્છા વિણ જે થતું,
દેશ, કાળ અને પાત્ર જોઈ, તે દાન સાત્ત્વિક. ૨૨

બદલાની રહે આશા, દેતાં સંકોચ થાય જ્યાં,
અર્જુન ! ગણી તું લેજે, એને રાજસી દાનમાં. ૨૩

દેશકાળ વગેરેનો કૈં વિચાર કર્યા વિના,
તુચ્છકારી, અવજ્ઞાથી, કુપાત્રે, દાન તામસી.' ૨૪

*હવે, વેદમાં 'ઓમ્ તત્ સત્'નો જે ઉપયોગ આવે છે, તેનો અર્થ સમજાવે છે.*

## અર્થ

(હરિગીત)

'જે બ્રહ્મનો નિર્દેશ, 'ઓમ્ તત્ સત્' રૂપે છે વેદમાં,
તે, યજ્ઞદાનતપાદિને, પ્રભુને સ્મરી કરવાં સદા,
એકાક્ષરી 'ઓમ્' બ્રહ્મ છે, ને 'તત્'તણો છે અર્થ 'તે',
કલ્યાણરૂપ જે સત્ય છે તે નિશ્ચયે 'સત્' જાણજે. ૨૫

તે એક સત્ય જ, એ જ છે, ને એ જ શુભ કરનાર છે,
એવા પ્રભુને રાખી સંમુખ, કર બધાં કર્તવ્યને,
વિસ્તાર એનો જે કરું તે ધ્યાન લેજે, અર્જુન !
જ્યાં જ્યાં થતું 'સત્' વ્યક્ત ત્યાં સદ્‌ભાવ, સાધુભાવ છે.' ૨૬

*ઈશ્વરાર્પણ બુદ્ધિથી જે કર્મયજ્ઞ થાય, તેથી સાચી શ્રદ્ધા થાય. એવી શ્રદ્ધાથી થયેલું સૌ કૈં પવિત્ર જ છે, પણ શ્રદ્ધા વગરનું અને સમર્પણ વગરનું સારામાં સારું કામ પણ ધૂળ છે. આવી શ્રદ્ધા આમ શાસ્ત્રથી ચઢે.*

## ઈશ્વરાર્પણ બુદ્ધિ

(અનુષ્ટુપ)

‘ભાવના એવી રાખીને ઈશ્વરાર્પણ બુદ્ધિથી,
યજ્ઞાદિ જે કરે, થાય શ્રદ્ધા સાત્ત્વિક તેહની. ૨૭

જાણતાં કે અજાણ્યેયે ઈશ્વરાર્પણ બુદ્ધિથી,
શિષ્ટાચાર થકી ભિન્ન કદી કાર્ય કરે કંઈ,
છતાં એને ન લાગે છે, દોષ સ્હેજેય અર્જુન !,
સર્વસ્વ કેમ કે અર્પે, મને તે તેનું નિત્ય જ. ૨૮-૨૯

વિના અર્પણબુદ્ધિથી ક્રિયા, જે કંઈ થાય છે,
શ્રદ્ધા વિનાની તે સર્વ, અસત્ તે પાર્થ ! જાણજે.’ ૩૦

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૧૮ મો

(મોક્ષસંન્યાસયોગ)

*સંદેહો, શંકા આદિ જવાં કંઈ સહેલાં છે ? આટલી બધી સમજૂતી છતાં પાર્થ (એટલે જિજ્ઞાસુ **જીવ**) પૂછે છે.*

### પ્રશ્ન

વિચાર્યું આટલું તોયે પાર્થના મનમાં હજી
શંકા રહેલ છે, તેથી પૂછે છે કૃષ્ણને ફરી. ૧

આવેલ ચાલતો જે છે ‘સંન્યાસ’, તેથી તો ઘણો
આ ‘સંન્યાસ’ ગીતાકેરો લાગે અર્જુનને જુદો. ૨

એને તો ‘ત્યાગ, સંન્યાસ, શું એ બે ચીજ છે જુદી ?’
હૃદે લાગ્યાં કરે એવું, તેથી પૂછે ફરીફરી. ૩

*તેથી, હવે શ્રીભગવાન એની શંકા પૂરેપૂરી નિવારવા કાજે અત્યાર સુધી ગવાયેલી આખી ગીતાનું દોહન આપી દે છે.*

### ગીતાદોહન

શંકા પાર્થતણી ત્યારે નિવારે છે પૂરેપૂરી,
દોહન આખી ગીતાનું આપી દે એ સમે હરિ. ૪

*શ્રીભગવાન, કર્મ ત્રણ જાતનાં બતાવે છે. તજવાનાં, આપોઆપ થતાં હોય એવાં અને કરવાં જ જોઈએ એવાં, અથવા કામ્ય, સ્વાભાવિક અને કર્તવ્ય.*

### ત્રણ કર્મો

‘કૈં કર્મે કામના હોય, ઈચ્છા સંતોષવા કંઈ,
અનેક જાતના ધંધા મનુષ્યો જગ આદરે. ૫

કામ્ય કર્મો કહેવાયે, જે આવાં કર્મ તે સહુ,
રખે એને કદી છંદે જોજે રે ! ચઢી જાય તું. ૬

કરવા દેહની રક્ષા ખાવું, પીવું, પહેરવું,
શ્વાસોચ્છ્‌વાસ જ લેવાનું, સૂવું, બેસવું, ઊઠવું,
આવાં કર્મો જરૂરી છે, તે સ્વાભાવિક જાણજે,
આવાં કર્મો કર્યા વિના કોઈયે ના જીવી શકે. ૭-૮

અર્જુન ! કર્મ જે ત્રીજાં પારમાર્થિક હોય છે,
આસક્તિ સઘળી છોડી તે તારે કરવાં ઘટે.' ૯

*આટલી ભૂમિકા પ્રથમ તૈયાર કરીને પછી શ્રીભગવાન 'સંન્યાસ' વિશે કહે છે.*

## સંન્યાસ

'સંન્યાસ એટલે જાણો, ત્યાગ સૌ કામ્ય કર્મનો,
સૌ કર્મનો ફળત્યાગ સાચો તે ત્યાગ જાણવો. ૧૦

'કર્મમાત્રમહીં થોડો રહેલો છે જે દોષ ત્યાં'
કહેવાયે ભલે એમ, તોયે જે કર્મ યજ્ઞનાં.
સેવા ને દાન, ભક્તિનાં, ત્યાગવાં ના ઘટે કદા,
લાવીશ સંશયો ના તું એમાં તો દિલમાં જરા. ૧૧-૧૨

સમાઈ જાય છે કર્મ, દાન ને તપ યજ્ઞમાં,
સમજી લે પૂરું એનો સંભવે ત્યાગ કો દી ના. ૧૩

કિંતુ આસક્તિ કે મોહ પરમાર્થે ન જોઈએ,
જામવા તે મહીં મેલ પૂરેપૂરો જ સંભવે.' ૧૪

*હવે, ત્યાગના ત્રણ પ્રકાર બતાવે છે.*

## ત્યાગના પ્રકાર

'પ્રાપ્તકર્મતણો મોહે કરેલો ત્યાગ તામસી,
દેહને કષ્ટ આપીને કરેલો ત્યાગ રાજસી. ૧૫

'યજ્ઞકર્મ સદા ભાવે જોઈએ કરવાં ખરે'
એવી જે ભાવનાથી ને ફલેચ્છા વિણ થાય જે,
એ તો છે જ ખરો ત્યાગ, પૂરો સાત્ત્વિક જાણજે.
અર્જુન ! સર્વ કર્મોનો ત્યાગ તો નહિ શક્ય છે.' ૧૬-૧૭

*આટલાથી સંતોષ ન પામતાં ફલત્યાગ ઉપર વિશેષ ભાર આપવા ફરીથી કહે છે :-*

## ફલત્યાગ

'કિંતુ ના યોગ્ય છે ત્યાગ કરવો કર્તવ્યકર્મનો,
સંપૂર્ણ ત્યાગ છે ઈષ્ટ બીજાં સૌ કામ્ય કર્મનો. ૧૮

આવા તે ત્યાગીને ઊઠે શંકા ના મનમાં કદી,
હોય છે સર્વ કર્મોમાં ભાવના શુદ્ધ તેહની. ૧૯

સૌ કર્મનો ફલત્યાગ જેઓ પાર્થ ! નહિ કરે,
સારાં માઠાં ફળો સર્વે તેને ભોગવવાં પડે. ૨૦

જકડાઈ રહે એવા બંધને તેથી પામર,
ફલત્યાગ કર્યો જેણે થાય છે મુક્તબંધન. ૨૧

સાચા તે ત્યાગમાંથી તો ગુણ ને શક્તિ, ભાવના
જન્મે શાં આપમેળે તે ! ત્યાગની શક્તિ જ્ઞાનદા. ૨૨

હૈયા-ઉમળકાથી જે થયેલા ત્યાગમાંથી તો
ભાવના પ્રેરતી શ્રદ્ધાશક્તિ અંતરમાં ઊગે. ૨૩

અપાર શાંતિ જન્મે છે ત્યાગમાંથી નિરંતરે,
સહજ ભાવથી ત્યાગ થતાં શો જ્ઞાનભાવ ર્‌હે.' ૨૪

ગુણ ને શક્તિ ને ભાવ ત્યાગમાંથી જ શાં ફળે !
શાંતિ, પ્રસન્નતા ત્યાગે કેવાં જીવનમાં ઊગે ! ૨૫

ત્યાગની ફોરમે કેવું મ્હેક્યાં જીવન તે કરે !
ત્યાગથી હળવાફૂલ જેવું હૈયું ખીલ્યાં કરે. ૨૬

*ફલત્યાગીને કર્મબંધન થતાં નથી. તે તો મુક્ત જ છે.*

## ફલત્યાગી

'અપ્રિય કર્મનો દ્વેષ, આસક્તિ પ્રિય કર્મની,
સત્ત્વમાં સ્થિર ને ત્યાગી જે હોય, તેમને નથી. ૨૭

દેહધારી થકી શક્ય ત્યાગ ના સર્વ કર્મનો,
કર્મના ફળનો ત્યાગી, સાચો તે ત્યાગી જાણવો. ૨૮

ના ગમે, કે ગમે એવાં, કે મિશ્ર કર્મનાં ફળો
આસક્તને જ તે ચોંટે, મુક્ત છે ફલત્યાગી તો.' ૨૯

*જ્યાં સુધી અહંકાર રહે ત્યાં સુધી ફલત્યાગ અશક્ય છે. તેથી, 'અહંતાનો ત્યાગ કર' એવું બુદ્ધિથી દલીલપૂર્વક શ્રીભગવાન, અર્જુનને કહે છે.*

## અહંતાનો ત્યાગ

'કાં મોહ કર્મમાં રાખે ? 'કર્તા પોતે જ' એવું તે
અભિમાન જ મિથ્યા છે, પાર્થ ! કાં સમજે ન તે ? ૩૦

કર્મમાત્રની સિદ્ધિમાં પાંચ કારણ જાણ તું,
સાધન, સ્થાન ને કર્તા, ક્રિયા ને દૈવ પાંચમું. ૩૧

'દૈવ' પ્રારબ્ધ ના જાણ, 'દૈવ' તો દિવ્ય શક્તિ જે
વર્તેલી જીવને પૂર્ણ, જ્યાં ત્યાંય સચરાચરે. ૩૨

મનુષ્યે એમ જાણીને છોડવું અભિમાનને,
હુંપણું સર્વ છોડીને કર્મો તો સૌ કરવાં ઘટે.' ૩૩

*એવી રીતે અહંતા વગર કર્મ કરતાં, એવાં કર્મ એને બંધનકર્તા નથી, એટલે કે નૈષ્કર્મ્યસિદ્ધિ તેને મળે છે.*

## નૈષ્કર્મ્યસિદ્ધિ

'કરંતાં કર્મ એ રીતે કરે, તોયે કરે ન તે,
કેમ કે ધર્મ એને તો બાંધતું નથી કોઈયે. ૩૪

નિરભિમાની આવો જે શૂન્ય જેવો થયેલ છે,
હણે છતાં હણે ના તે, એવું અર્જુન ! જાણજે. ૩૫

હિંસા અને અહિંસાના ભેદથી પર ક્યાંય તે,
બંને પાસાં થકી મુક્ત વર્તને તે સદા વસે.' ૩૬

*એવા સંપૂર્ણ નિરભિમાની દ્વંદ્વાતીતને કોણ પારખી શકે ? છતાં એનો પ્રતાપ ભારે છે.*

## દ્વંદ્વાતીત

'પારખી ના શકે લોક એવાને જગ-વર્તને,
અનુસરી શકે કેમ એને તો પછી લોક તે ? ૩૭

છતાં શી સૂક્ષ્મ તે છાપ લોકમાનસમાં પડે !
જનો એવા પ્રભાવેથી કૈંક તો યોગ્ય આચરે.' ૩૮

*હવે, કર્મની પ્રેરણા અને કર્મનાં અંગ ગણાવે છે.*

## અંગો

‘કર્મની પ્રેરણામાં છે વસ્તુઓ ત્રણ, અર્જુન !
જ્ઞાન, જ્ઞેય, પરિજ્ઞાતા, કર્મનાં અંગ છે ત્રણ. ૩૯

ઇંદ્રિયો, કર્મ ને કર્તા, અંગો તે ત્રણ જાણજે,
‘જ્ઞેય’ તે ‘કરવાનું જે’ પાર્થ ! તું એમ જાણજે. ૪૦

‘જ્ઞાન’ છે એની તે રીત, એને જે જાણનાર છે,
કહેવાયે ‘પરિજ્ઞાતા’, લક્ષ તે વાત રાખજે. ૪૧

પહેલાં પ્રેરણા થાય, થાય સૌ ‘કર્મ’ તે પછી
‘કરણ’ ઇંદ્રિયો તેમાં, ‘ક્રિયા’ જે કરીએ છીએ. ૪૨

ક્રિયા કરનાર છે કર્તા, વિચારોમાંથી તેહના
આચારો થાય સૌ કર્મે, સર્વેયે જનના જગે.’ ૪૩

*કર્મને પ્રેરનાર જે જ્ઞાન કહ્યું, તેના ત્રણ પ્રકાર હવે શ્રીભગવાન બતાવે છે.*

## જ્ઞાનના પ્રકાર

‘આપણે પ્રાણીમાં સર્વે ભાવ એક જ જોઈએ,
એટલે કે બધું લાગે જુદું જુદું છતાં ઊંડે.
ઊતરી જો તપાસો, તો જણાયે તત્ત્વ એક જે,
એનું નામ કહેવાય સાત્ત્વિક જ્ઞાન પાર્થ ! તે. ૪૪-૪૫

સાત્ત્વિક થકી જે ઊંધું, એટલે સૌ જુદું જુદું,
દેખે ને સત્ય તે માને, રાજસી જ્ઞાન જાણ તે. ૪૬

કાંઈ ખબર ના જેની, ને કૈં કારણ ના છતાં
સેળભેળ બધું લાગે, તામસી જ્ઞાન જાણ તે.’ ૪૭

*જ્ઞાનના ત્રણ વિભાગની માફક કર્મના પણ ત્રણ ભેદ બતાવે છે.*

## કર્મ

'વિભાગ જ્ઞાનના જેમ, તેવું જ કર્મને વિશે,
'રાગદ્વેષ, ફલેચ્છા જ્યાં નથી' સાત્ત્વિક કર્મ તે. ૪૮

છે અહંકાર, ભોગેચ્છા, 'કરું છું હું જ' એવું જ્યાં
પ્રવૃત્તિ જેથી કૈં થાય, રાજસી કર્મ જાણ તે. ૪૯

હિંસા, હાનિ, પરિણામ, જ્યાં શક્તિનો વિચાર ના,
થૈ મોહવશ જે થાયે, તે કર્મ તામસી બધાં.' ૫૦

*કર્મ ઉપરથી કર્તા સમજાય, છતાં કર્તાના પ્રકાર જણાવે છે.*

## કર્તા

'હોય છે કર્મની જેમ કર્તા ત્રણ પ્રકારના,
કર્મ જાણ્યા પછી કર્તા જાણવો છે ન દુર્ઘટ. ૫૧

અહંતા, રાગ ના, જ્યાં છે ધૃતિ, ઉત્સાહ, સાહસ,
ને નથી હર્ષ ને શોક સારાં માઠાં ફળો થકી,
એને સાત્ત્વિક કર્તા તું જાણજે મન, અર્જુન !
હવે રાજસી કર્તાનાં કહું સાંભળ લક્ષણ. ૫૨-૫૩

રાગ, હિંસા અને લોભ, એને સૌ હર્ષશોક છે,
કર્મફળની ઇચ્છાનું તો પછી પૂછવું જ શું ? ૫૪

જે વ્યવસ્થા વિનાનો ને હઠીલો, શઠ, આળસુ,
ને સંસ્કાર વિનાનો જે તે દીર્ઘસૂત્ર તામસી.' ૫૫

*તે જ પ્રમાણે સુખ, બુદ્ધિ અને ધૃતિના ભેદ ઓળખી લેવા સારા. તેથી, તે જણાવવા, પહેલાં બુદ્ધિ વિશે કહે છે.*

‘સુખ, બુદ્ધિ, ધૃતિ, એની જાતભાતો જુદી જુદી
ઓળખી લેવી તે સારી, જણાવું તે તને બધી. ૫૬

નિવૃત્તિ ને પ્રવૃત્તિનો, કર્મનો ને અકર્મનો,
ભયાભયતણો પાર્થ ! બંધમોક્ષાદિનો ઊંડો
યોગ્ય ભેદ કરી જાણે બુદ્ધિ સાત્ત્વિક જાણ તે,
સદા લેતો ર્‌હેજે તું આશ્રય એવી બુદ્ધિનો. ૫૭-૫૮

રાજસી બુદ્ધિ એ ભેદ કરવા જાય તે છતાં,
ઊલટો કે ઘણે ભાગે ખોટો ભેદ કરે જ ત્યાં. ૫૯

ઊલટું જ બધું દેખે તામસી બુદ્ધિ એવી જે,
અંધકારે છવાયેલી માને ધર્મ અધર્મને.’ ૬૦

*ધૃતિને આધારે વિશ્વ ટકે છે. માટે, પહેલાં તો ધૃતિનો અર્થ સમજાવે છે, પછી તેના ત્રણ ભેદ જણાવે છે.*

## ધૃતિ

‘કૈં પણ જે ગ્રહી, તેને ર્‌હેવા વળગી શક્તિ તે,
ધારણા કે ધૃતિ તેનો કહું ભેદ હવાં તને. ૬૧

એ શક્તિ તો બધાંમાં છે ઓછાવત્તા પ્રમાણમાં,
જો તે ના હોય, આ વિશ્વ ટકે તો ક્ષણ વાર ના. ૬૨

મનપ્રાણેન્દ્રિયોકેરી જ્યાં ક્રિયાતણું સામ્ય છે
યોગની એકનિષ્ઠાથી, ધૃતિ સાત્ત્વિક માનજે. ૬૩

ફળને ઇચ્છનારી જે ધારે આસક્તિપૂર્વક
ધર્મ, કામ અને અર્થ, રાજસી ધૃતિ, અર્જુન ! ૬૪

જે ધૃતિ શોક નિરાશા, નિદ્રા, ભય, મદાદિને
જનને છોડવા ના દે, તામસી ધૃતિ જાણજે. ૬૫

*હવે, સુખના ત્રણ પ્રકાર કહે છે.*

## સુખના પ્રકાર

'જેના અભ્યાસથી રાચે, દુ:ખોનો જેથી અંત છે,
આરંભે ઝેર જેવું ને અંતે અમૃતરૂપ છે,
વળી પ્રસન્નતામાંથી જે આત્મબોધ ઉદ્ભવે,
તું એવા સુખને પાર્થ ! સાત્ત્વિક સુખ જાણજે. ૬૬-૬૭

લાગે મીઠું, પરિણામે ઝેર જેવું થઈ પડે,
એવા તે સુખને પાર્થ ! રાજસી સુખ માનજે. ૬૮

વિવેકબુદ્ધિથી તારી એનો ભેદ તપાસીને
ચાલજે, શ્રેય ને પ્રેય જેમાં તારાં વસી રહે. ૬૯

નિદ્રા, આળસ ને મૂર્છા જેમાં કેવળ એ રહ્યાં,
તામસી જાણ, તે તાણે મોહે પ્હેલાંય, અંતમાં.' ૭૦

*આમ, વસ્તુમાત્રના ત્રણ ભાગો પડી શકે. બ્રાહ્મણાદિ વર્ણો પણ ત્રણ ગુણોના ઓછાવત્તા પ્રમાણને લીધે છે.*

## વર્ણભેદ

'વસ્તુમાત્રાતણા આમ ભાગ ત્રાણ પડી શકે,
વિશ્વના પ્રકૃતિજન્ય કો ત્રિગુણોથી મુક્ત છે ? ૭૧

ત્રાણે ગુણોતણા પાર્થ ! ઓછાવત્તાપણા લીધે,
બ્રાહ્મણાદિ ચતુવર્ણો પડ્યા જુદા જુદા ખરે. ૭૨

ક્ષમા, અનુભવ, જ્ઞાન, શમ, આસ્તિકતા, દમ,
સરળતા અને શૌચ, પવિત્રતા અને તપ,
સ્વભાવજન્ય એ કર્મો, એ છે બ્રાહ્મણલક્ષણ,
પ્રવર્તેલાં રહે જેમાં તેને બ્રાહ્મણ જાણવો. ૭૩-૭૪

રાજ્યકર્તાપણું, શૌર્ય, તેજ ને ધૃતિ, દક્ષતા,
યુદ્ધથી પડવું પાછું નહિ, દાન, ઉદારતા,
સ્વભાવજન્ય છે કર્મો એ તો સૌ ક્ષત્રિયોતણાં,
રહે છે રત એમાં જે એને ક્ષત્રિય જાણવા. ૭૫-૭૬

ખેતી, વેપાર, ગોરક્ષા વૈશ્યનાં કર્મ જાણ તે,
સેવા ને ચાકરીનાં છે શૂદ્રનાં કર્મ જાણજે.' ૭૭

*વર્ણભેદથી ગેરસમજૂત ન થાય, માટે સ્પષ્ટતા કરવા શ્રીભગવાન કહે છે કે એ તો ગુણકર્મ ભેદ છે. તેમ એક વર્ણના ગુણો બીજા વર્ણનો માનવી ન કેળવી શકે કે તેનામાં ન હોય, એવું કંઈ નથી. વળી, ઊંચાનીચાને તો સ્થાન જ નથી.*

## સુમેળનો આદર્શ

'અધિકાર નથી બીજાતણા કેળવવા ગુણો,
કે છે ના એકબીજામાં એકબીજાતણા ગુણો.
એવો એનો નથી અર્થ, ઊંધું તું સમજે રખે !
ઓળખાય ગુણો કર્મે, વર્ણો તે થકી થાય છે. ૭૮-૭૯

ઓળખાય ગુણે કર્મે જો પ્રત્યેક જ વર્ણ આ,
તો તો એકબીજા વચ્ચે દ્વેષભાવ જ થાય ના. ૮૦

ને હાનિ જે કરે એવી હરીફાઈ ન થાય ત્યાં,
ઊંચાનીચાતણી આમાં ભાવનાને જ સ્થાન ના.' ૮૧

*સ્વભાવજન્ય કર્મો જીવનસિદ્ધિ મેળવવા માટે કરવાં જોઈએ.*

## સ્વભાવજન્ય કર્મ

'કિંતુ સતત પોતાના સ્વભાવ જેમ કર્મ જે
કરે, જાણી પ્રભુભક્તિ રાખી નિષ્કામ ભાવના,
કર્મો એવી રીતે થાતાં મોક્ષનો અધિકારી તે
થાય છે જ વિના શંકા નિશ્ચે અર્જુન ! માનજે. ૮૨-૮૩

તેથી જ તો કહ્યું છે કે 'સ્વધર્મ આચરો સદા,
પરધર્મ ભલેને હો સહેલો દીસતો છતાં. ૮૪

જન્મ જે વર્ણમાં થાય તેનું કર્મ મળેલ જે,
ગણ્યો સ્વધર્મ તેને જ, વર્તવું તેમ યોગ્ય છે. ૮૫

શમ, દમાદિના ગુણ ગણ્યા બ્રાહ્મણજીવને,
કર્મ બ્રાહ્મણકેરું ને તેમનો તે સ્વધર્મ છે. ૮૬

વિશિષ્ટ ધર્મ છો તે છે બ્રાહ્મણનો જ જીવને,
કિંતુ કેળવવા ગુણ તેવા તો હક સર્વને. ૮૭

ગુણ જે એકબીજાના કર્મ-સ્વધર્મ-જીવને,
રહેલા જે, બીજાઓને હક આચરવા ખરે. ૮૮

વર્ણના કર્મમાં તો શા સંસ્કાર તે જ કર્મના
પડ્યા કરેલ છે ચિત્તે ! લાગશે ખપ કર્મમાં. ૮૯

તેથી તે કરવું કર્મ જે તે-ને સ્‌હેવું શું પડે !
એનાથી જે નવું બીજું અઘરું મુશ્કેલ જીવને. ૯૦

ચાલી આવેલ જે કર્મ બાપદાદાથી જીવને,
તે કર્મના જ સંસ્કાર આપણને મળેલ છે. ૯૧

તેથી તે કર્મમાં વેગ, પ્રાણ, સમજૂતી ઊગે,
સ્વધર્મે પોતપોતાના તેથી તો ચાલવું ઘટે. ૯૨

અને સ્વધર્મ છો દીસે નિર્માલ્ય દોષયુક્ત ને
તોયે અનુસરો એને, એમાં સૌ શ્રેયપ્રેય છે.' ૯૩

સ્વભાવજન્ય કર્મો જે શકે નિષ્પાપ હોઈ તે,
કેમ કે તે મહીં પાર્થ ! અનાસક્તિ રહી શકે. ૯૪

કરવા બીજું કાંઈયે ઈચ્છા તે કરવામહીં
કામના આવી જાયે છે, એ તું અર્જુન ! જાણજે.' ૯૫

*આમ તો કર્મમાત્રમાં કંઈક દોષ તો સંભવે જ છે. તેથી, કેમ કરવાથી દોષ ન લાગે તે કહે છે.*

## કુશળ કર્મ

'ધુમાડો બાકી અગ્નિને જરાતરાય છાવરે,
કર્મમાત્રમહીં દોષ તેમ તો સંભવે જ છે. ૯૬

ફલેચ્છા વિણ જે થાયે સહજ, પ્રાપ્ત, કર્મ જો,
તો એ કર્મતણો દોષ એમાં લાગે ન કાંઈયે.' ૯૭

*આવી રીતનાં કર્મ કરનાર યોગીનાં લક્ષણો વળી પાછા શ્રીભગવાન વર્ણવે છે. એ બધા પાછળ હેતુ એક જ છે : 'હે અર્જુન, તું યોગી થા.'*

## યોગીનાં લક્ષણો

'અને આ રીતથી જે કો સ્વધર્મ આચરી નિત
થયેલો છે પૂરો શુદ્ધ, વશ જેણે કર્યું મન. ૯૮

વિષયો પાંચ છોડ્યા છે, જીત્યા છે રાગદ્વેષને
અને એકાંતવાસી જે અંતર્ધ્યાન રહી શકે. ૯૯

અલ્પાહારે વશે રાખે વાણી, શરીર, માનસ,
જેને ઈશ્વરનું ધ્યાન રહ્યાં કરે નિરંતર. ૧૦૦

પરિગ્રહ, અહંકાર, કામક્રોધાદિને ત્યજે,
છે બ્રહ્મભાવ ને શાંતિ પામવા યોગ્ય યોગી તે. ૧૦૧

સમભાવે બધા પ્રત્યે રહે આવો મનુષ્ય તે,
ન ધરે હર્ષ કે શોક, સુખદુ:ખાદિ ના ગણે. ૧૦૨

ઈશ્વરી તત્ત્વ તે જાણે, લગ્ન ઈશ્વરમાં થતો,
પ્રભુનો આશરો લે, ને પદ અમૃત પામતો.' ૧૦૩

*ઉપર લખ્યું તેમ શ્રીભગવાનનો હેતુ અર્જુન યોગી થાય એ હોવાથી અર્જુનને સીધેસીધું કહે છે.*

## અર્જુનને આદેશ

તેથી કૃષ્ણ કહે છે કે : 'સુણ હે દક્ષ અર્જુન !
મને સર્વસ્વ અર્પી દે, મારામાં થા પરાયણ. ૧૦૪

વિવેકબુદ્ધિનો લૈને આશ્રય, તુજ ચિત્તને
જઈને ખૂંપી યજ્ઞાર્થે મારામાં તું પરોવી દે. ૧૦૫

વટી જાશે કર્યે એમ તારી વિટંબણા બધી,
પછી નિશ્ચિંતતા દૈવી તું અનુભવશે નકી. ૧૦૬

કિંતુ જો હુંપણું રાખી મારું સાંભળશે નહીં,
વિનાશ પામશે તો તું જીવને સર્વ વાતથી.' ૧૦૭

*આ બધું લંબાણ છોડીને ટૂંકી અને ટચ વાત હવે શ્રીભગવાન કરે છે.*

## શરણભાવ

‘સો વાતની તને એક કહું છું વાત ધ્યાન લે,
સૌ ધર્મનો કરી ત્યાગ મારું જ શરણું તું લે. ૧૦૮

એટલાથી જ તારો છે બેડો પાર તું જાણજે,
હું તને સર્વ પાપોથી મુક્તિ આપીશ નિશ્ચયે. ૧૦૯

*પણ, ધર્મ શું અને ધર્મનો ત્યાગ એટલે શું તે સમજાવવું જ જોઈએ.*

## ધર્મનો અર્થ

‘પરંતુ ધર્મનો અર્થ શો છે તે જાણવો ઘટે,
એ જાણ્યા વિણ તું ઊંધું મારશે નક્કી જાણજે. ૧૧૦

કહ્યું છે મેં તને ‘પાળ તારો ક્ષત્રિય ધર્મ ને
પાળજે કુળનો ધર્મ, કુટુંબીજનનોય ને.’ ૧૧૧

ટૂંકમાં પ્રાપ્ત તે ધર્મ સર્વ તો પાળવા ઘટે,
એનો જો તું કરે ત્યાગ, વસમી વાત થાય તે. ૧૧૨

કૈં વિચાર્યા વિના એની મેળે જે કૈં મળ્યાં કરે,
‘પ્રાપ્ત’ તે કર્મ જાણીને પ્રેમે સ્વીકારવું ઘટે ! ૧૧૩

જીવનધ્યેયને જે કો ના ફળાવી શકે કશું,
નકારાત્મક એવું જે પ્રાપ્તકર્મ મળેલ હો,
સ્વીકારવુંય તેને તે સૌ પૂર્વગ્રહ છોડીને
સામનો કરીને તીવ્ર સ્મરી ભક્તિથી શો હ્રદે ! ૧૧૪-૧૧૫

પ્રાપ્ત શાં કર્મ તેવાનો હેતુને પ્રીછી અંતરે
તે પરિણામને તેની રીતે તો ટાળવાનું છે. ૧૧૬

સામનો કરવાથી શું આંતરશક્તિ ચેતતી !
વધ્યા શી કરે છે, ને ભક્તિનો ભાવયે ચગે ! ૧૧૭

ધ્યેય ફળાવનારું હો પ્રાપ્ત જો કર્મ, તો હૃદે
તે આવકાર્ય ઉમંગે ને ભાવે થાય જીવને. ૧૧૮

સર્વ તે પ્રાપ્ત હો કર્મ જીવને જે મળ્યાં કરે,
કરો એવી રીતે એને કે જેથી ધ્યેય તો ફળે. ૧૧૯

આંતરશક્તિ ને ભાવ જીવને તે વધ્યાં કરે,
એ રીતે પ્રાપ્ત જે કર્મ આચરવાનું છે પથે. ૧૨૦

જે ત્યાગ કરવાનો હું કહું છું તે બીજો જ છે,
એ વિશે કંઈ સંદેહ મનમાં રાખ ના હવે. ૧૨૧

સંકલ્પ ને વિકલ્પ એ મનના ધર્મ જાણજે,
એ ધર્મ ત્યાગીને વાળ મારામાં મનને હવે. ૧૨૨

ઇંદ્રિયોનો જ છે ધર્મ બહિર્મુખી થવાપણો,
અંતર્મુખ રહે, એવું કર યત્ન કરી ઘણો. ૧૨૩

**જીવ**સ્વભાવવાળી જે બુદ્ધિના નિર્ણયો ઘણા
આડફંટે લઈ જાય તેમને ત્યજવા બધા. ૧૨૪

મનાદિકરણોકેરા સૌ પ્રાકૃતિક ધર્મને
પૂરેપૂરા ત્યજી દૈને શરણે મુજ આવજે. ૧૨૫

**જીવ**પણાતણા ધર્મો, ટૂંકમાં, છોડી દૈ બધા,
શરણું મારું તો યોગ્ય ને પૂરું તું લઈ શકે.' ૧૨૬

શંકા, સંશય, કુશંકા, દલીલ, તર્કવિતર્ક
બુદ્ધિના ગુણધર્મો જે પ્રાકૃતિક ગણાય છે. ૧૨૭

સંકલ્પવિકલ્પાદિ જે મન-પ્રકૃતિ ગુણ છે. ૧૨૮

કર્મજ્ઞાનેન્દ્રિયોથી ને કરણોથી થતું જ જે
ચિત્ત સંગ્રહી લે તુર્ત, તેનો પ્રકૃતિધર્મ તે. ૧૨૯

આશા, ઈચ્છા અને તૃષ્ણા, લોલુપતા, શી ઝંખના
કામાદિ, **પ્રાણ**ના છે આ પ્રકૃતિગુણધર્મ શા ! ૧૩૦

જે તે સૌને **अहं** પોતે ધક્કેલો ગતિનો જ દે,
તે પ્રાકૃતિક શો ધર્મ **अहं**નો જાણવો ખરો ! ૧૩૧

કર્મજ્ઞાનેન્દ્રિયોના જે પ્રકૃતિગુણધર્મ છે,
તે તે સર્વ પૂરેપૂરા ત્યજાતાં, શરણાગતિ. ૧૩૨

બુદ્ધિ, પ્રાણ *ચિદાહં ને મનના પ્રાકૃતિક જે
ગુણધર્મો, બધા તે તે ત્યજાતાં, શરણાગતિ. ૧૩૩

*આવી રીતે શરણભાવ પામવા માટે લગની પણ જરૂરની છે.*

## લગની

'લગાડ લગની મારી, થઈ જા મુજ ભક્ત તું,
મારે અર્થે કરી યજ્ઞો મુજને નમ નિત્ય તું. ૧૩૪

સ્મરણ, પ્રાર્થનાદિ ને ભાવે આત્મનિવેદન,
કરીને કીર્તનાદિ, તે જન્માવો અનુરાગને. ૧૩૫

અનુરાગ થયા વિના ભજવું ના બને કદી,
તો પછી થવું તો ભક્ત કોઈ કાળે બને નહીં. ૧૩૬

કર્યા તે કરવાથી સૌ સાધન નિત્ય ભાવથી,
જન્મશેયે અનુરાગ નિશ્ચયે જાણ દિલથી. ૧૩૭

* ચિત્ત અને અહમ્

અનુરાગ થતાં પેદા ભાવ શો સ્ફુરશે હ્રદે !
ભાવથી સાધનો હૈયે નિત્યેનિત્ય કરો હ્રદે. ૧૩૮

થતાં નિરંતરે તેમ કર્મો સ્મરણ આદિના,
ભાવ અખંડ શો જામ્યે ! લીન શાં કરણો રહે ! ૧૩૯

ભાવ શો કરણોમાં તો જાગવાથી અખંડ તે,
કરણો પ્રકૃતિધર્મ છોડી દે આપમેળ તે ! ૧૪૦

બનાય ભક્ત તે વેળા ખરેખરા જ જીવને,
પછી તો સર્વ પોતાનું આરોપે શો પ્રભુપદે ! ૧૪૧

એકનો એક છો શબ્દ, કાળેકાળેય કિંતુ શો
શબ્દાર્થ ફેરવાયે છે ! તેવું હ્યાં 'યજ્ઞ'નું જ તો. ૧૪૨

પારકાના ભલા સારુ પ્રભુપ્રીત્યર્થ ભાવથી,
કર્મ એવાં થતાં તેને સાચો 'યજ્ઞ' પ્રમાણજે. ૧૪૩

જીવદશાથી તો ઊર્ધ્વ ગતિ જીવનની થવા,
જે જે કંઈ થતું ર્‌હે, 'યજ્ઞ' તેનેયે જાણજે સદા. ૧૪૪

કરજે સર્વ ભાવોથી, થૈ નિરાસક્ત, ચિંત્‌વન,
એટલે પાપથી મુક્ત થશે નિશ્ચય અર્જુન !' ૧૪૫

*આ પરમ ગૂઢ અને પરમ કલ્યાણકારી જ્ઞાન કંઈ જેની તેની આગળ ઓકી ન કઢાય, નહિ તો એનો દુરુપયોગ થાય.*

## અધિકારીને જ

'તપસ્વી જે નથી ને જે ભક્ત છે નહિ, અર્જુન !
સાંભળવાતણી ઇચ્છા નથી જેને કશી મન. ૧૪૬

કરે છે દ્વેષ મારો જે એને ક્હેવું નહિ કદી,
મારું આ ગુહ્ય જે જ્ઞાન તને મારો કહ્યું ગણી. ૧૪૭

કિંતુ પરમ આ ગુહ્ય દેશે જે મુજ ભક્ત તે,
ને ભક્તિ કરીને મારી અવશ્ય પામશે મને.' ૧૪૮

*શ્રીભગવાન, અર્જુન ઉપર એવા પરમ કૃપાળુ છે અને પ્રેમભાવભર્યા છે કે અર્જુન સ્પષ્ટપણે હા ન પાડે, ત્યાં સુધી સંતોષાતા નથી.*

## કૃષ્ણની ઉત્કંઠા

'એકાગ્ર ચિત્તથી આ સૌ સાંભળ્યું શું બધુંય તેં ?
થયેલો મોહ અજ્ઞાને નાશ પામ્યો બધોય કે ?' ૧૪૯

*પણ હવે અર્જુન પણ સંદેહમુક્ત થયો છે.*

## અર્જુનની પ્રતિજ્ઞા

ત્યારે અર્જુન બોલ્યા કે : 'આપને સાંભળ્યા પછી
આપમાં ભક્તિ જાગ્યાથી ટળ્યો મોહ 'સ્મૃતિ' મળી.' ૧૫૦

મોહ જ્યારે ટળે પૂર્ણ, બ્રહ્મની સ્મૃતિ શી મળે !
અહીં જે 'સ્મૃતિ'ની વાત બ્રહ્મ વિના બીજી ન છે ! ૧૫૧

વાસ્તવમાં બધે જ્યાં ત્યાં, જડ અને ચેતનના હ્રદે
શો જે બ્રહ્મ વસેલો છે ! જાગી તેની સ્મૃતિ હ્રદે. ૧૫૨

જાગેલી એકવારે જે સ્મૃતિ તે બ્રહ્મની ખરે,
ભૂંસાઈ ના કદી જાય, આવે જાય થયાં કરે,
ચેતનાત્મક સંપૂર્ણ અનુભવે અખંડ છે. ૧૫૩

નષ્ટ મોહ થયો સર્વ મેળવી છે 'સ્મૃતિ' હવે
પ્રભુ તવ કૃપાએથી પામ્યો શી જાગૃતિ હ્રદે ! ૧૫૪

અંતરસ્થ રહેલી જે શક્તિ દિવ્ય સનાતન,
ચેતનાત્મક સ્ફુરંતી લેખે ‘સ્મૃતિ’ મહાજન. ૧૫૫

ગયો સંદેહ સૌ મારો, તારાં સૌ વચનો હવે
પ્રેમભાવે ઉતારીશ વર્તને પ્રભુ ! નિશ્ચયે.’ ૧૫૬

*આ બધો સંવાદ અને પ્રસંગ ધૃતરાષ્ટ્રને ઘેર બેઠાં બેઠાં દિવ્ય દૃષ્ટિથી જોનાર, સંજય, હવે ઉપસંહારમાં અમર વાક્યો કહે છે.*

## ઉપસંહાર

દિવ્ય દૃષ્ટિ થકી જોઈ, સંજયે ધૃતરાષ્ટ્રને
આ સંવાદ કહ્યો ને એ ઉપસંહારમાં કહે : ૧૫૭

જ્યાં યોગેશ્વર છે કૃષ્ણ, જ્યાં ધનુર્ધર પાર્થ છે,
ત્યાં જ વિજય-શ્રી છે ને ઐશ્વર્ય સર્વ ત્યાં જ છે.’ ૧૫૮

*અંતમાં તો સર્વ કંઈ શ્રીભગવાનને ચરણે જ અર્પણ થાય.*

## સમર્પણ

(અનુષ્ટુપ)

ઊતર્યો **ભાવ** ગીતાનો જે આ ગુર્જરી વાણીમાં
જેની કૃપા થકી તેને પદે અર્પણ સર્વ આ. ૧૫૯

*આમ, ઉપનિષદ, બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રસ્વરૂપ શ્રીમદ્ ભગવદ્‌ગીતાના શ્રીકૃષ્ણાર્જુન સંવાદમાં ‘મોક્ષસંન્યાસયોગ’ નામે અઢારમા અધ્યાયનું ગુજરાતી પદ્યમાં સ્પષ્ટીકરણ પૂરું થયું.*

**॥ હરિઃૐ ॥**

**સમાપ્ત**

## પરિશિષ્ટ

### મનાષ્ટક-શું મન 'ચંચળ' છે ?

(અનુષ્ટુપ)

'મન ચંચળ છે' એવું જે તે કોઈ વદ્યાં કરે,
કિંતુ જ્યાં જ્યાં ઊંડો સ્વાર્થ એકાગ્ર મન ત્યાં રહે. ૧

મનનો દોષ જે કાઢે પોતાને જાણતા ન તે,
લગની લાગી ના પાકી એકાગ્ર તેથી ર્‌હે ન તે. ૨

(હરિગીત)

'ઊંડી ગરજ, રસ, લગની ને જ્યાં સ્વાર્થ પાકો હોય છે,
ત્યાં આપમેળે મન ર્‌હે એકાગ્ર' આવે અનુભવે. ૩

(અનુષ્ટુપ)

ધ્યેય જે દિલમાં ધાર્યું તેને સાકાર પામવા,
'મૃત્યુ આવે ભલે' એવો જેનો નિશ્ચય હોય જ્યાં,
મુશ્કેલી, વિઘ્ન, આપત્તિ આવે બાધા અનેક છો,
તોયે જે વળગેલો ર્‌હે ધ્યેયે, એકાગ્ર તે થતો. ૪

પૂરેપૂરો દિલે સ્વાર્થ લાગ્યો હોય ખરેખરો,
તે વિશે મન તેવાનું એકાગ્ર આપમેળ તો. ૫

ધ્યેયને પામવા કાજે જેને તત્પરતા હ્રદે,
તીવ્રમાં તીવ્ર લાગેલી, મન એકાગ્ર ર્‌હે ખરે. ૬

ઉત્કટ દિલ લાગેલી તાલાવેલી ખરેખરી,
ધ્યેયને પામવા જેને એકાગ્ર મન ત્યાં સહી. ૭

ચંચળ મન જ્યાં રહે ત્યાં જાણવું મનનો ખરો
પૂરો ના સ્વાર્થ લાગ્યો છે, રસાયું મન છે ન તો. ૮

## આહાર વિશે

(અનુષ્ટુપ)

જીવનસિદ્ધિના કર્મે આહાર શુદ્ધ સાત્ત્વિક
જેટલો ખપનો, તેથી જિજ્ઞાસા તીવ્ર ઉત્તમ. ૧

ના એકસરખો હોઈ શકે આહાર કોઈનો,
ક્યાંથી શ્રમજીવી લોક તેવો આહાર લૈ શકે ? ૨

તો શું મહેનતુ લોક પ્રભુ ના મેળવી શકે ?
પ્રસિદ્ધ કેટલાયે તે ભક્ત-જ્ઞાની થયા જગે. ૩

તેથી મહત્ત્વનો સૌથી આહાર ના ખરેખરો,
ઉત્કટ તીવ્ર જિજ્ઞાસા સાધ્યે શી અનિવાર્ય છે ! ૪

*આમ હોવા છતાં :-*

સ્વાદની ઝંખના સ્હેજે ઘટે ના હોવી દિલમાં,
સ્વાદલોલુપતા કૈં જ ના હોવી ઘટતી કદા. ૫

જીભને સ્વાદ એ તો શી કુદરતી બક્ષિસ છે !
સ્વાદ શો ભજવે યોગ્ય ભાગ પચાવવા ખરે ! ૬

'હોવા છતાંય સ્વાદિષ્ટ, સ્વાદને કારણે કશું,
વધારે તે ખવાઈ ના જાય' તે પાળવું રહ્યું. ૭

પોષણ કાજ આહાર જે લેવો જેટલો ઘટે,
તેટલો માત્ર તે લેવા કાબૂ કેળવવો પડે. ૮

શ્રેયાર્થીને ઘટે હોવો સંયમ સ્વાદની પરે,
'શો યોગ્યાયોગ્ય આહાર' તે તો જાણવું ઘટે. ૯

સ્વાદને અર્થ જે ખાય, વધુ, ઝેર સમાન છે,
રાખવી કાળજી તેથી આહારે, શ્રેયવાંછુએ. ૧૦

•

## દિલનો ભાવ શો મુખ્ય, થવા જ્ઞાન, મહત્ત્વનો !

(અનુષ્ટુપ)

જ્ઞાનનું યોગ્ય તો પાત્ર ધર્મરાજા પૂરા હતા,
છતાં અર્જુનને આપ્યો શ્રીકૃષ્ણે જ્ઞાનબોધ કાં ? ૧

સત્યના આગ્રહી પાકા જીવનાચરણે હતા,
જ્ઞાનબોધની ભૂમિકા તેમના જીવને તદા. ૨

ધર્મરાજા ન કાં પામ્યા જ્ઞાનબોધ શ્રીકૃષ્ણથી ?
પ્રશ્ન એવો ઊઠે હૈયે જિજ્ઞાસુ દિલ આપથી. ૩

અર્જુન ધર્મરાજાની ભૂમિકા મધ્ય પ્રશ્ન તે
અર્જુનને ઊંડો ભાવ પ્રભુની સાથ શો હૃદે ! ૪

શ્રીકૃષ્ણ સાથે સંબંધ સખાભાવતણો દિલે,
ગોઠડી પાકી મૈત્રીની બંને વચ્ચે પરસ્પરે. ૫

ચેતના સાથ સંબંધ હૈયેહૈયાતણો થવા
જીવતોજાગતો ઊંડો જ્ઞાન કાજે જરૂરનો. ૬

સત્યના વ્રતમાં પાકા પૂરેપૂરા ભલે હશો,
કિંતુ તે સાથ સંબંધ યોગ્ય પ્રભુ થકી થવો. ૭

સત્યના પાલને જાગે **अहम्** કદીક દિલમાં,
પ્રભુના પ્રેમસંબંધે જાગે ભક્તિની નમ્રતા. ૮

કોઈ પ્રકારથી નાતો હો પ્રભુ સાથ દિલમાં,
એવો સંબંધ હૈયાનો યોગ્ય શો જ્ઞાન બોધવા ! ૯

દિલદિલતણો નાતો હૈયાં એક બનાવતો,
એકબીજા વિશે બંને દિલ ઓગળી જાય તો. ૧૦

સખા સંબંધનો ભાવ શો પરસ્પર જામતાં !
પરસ્પરતણું દિલ કેવું રહ્યાં કરે તદા ! ૧૧

ચેતના સાથ સંબંધ ગમે તે કોઈ રીતથી,
બંધાઈ જાય જો યોગ્ય પામે તો જ્ઞાન આપથી. ૧૨

એવા સંબંધમાં ક્યાંયે **अहम्** ના ડોકિયાં કરે,
જ્ઞાનબોધની ભૂમિકા તો આપમેળ પાકશે. ૧૩

કેવો અર્જુનનો ભાવ સંબંધ પ્રભુદિલથી,
જાગેલો દિલમાં હૈયે, નાતો શો ભાવ ભાવથી ! ૧૪

હૈયે હૈયાતણો ભાવ કેવાં તે પરિણામને
જીવને નિપજાવે છે ! જોઈ લેવું અનુભવે. ૧૫

સખાનું દિલ દોડે છે શા પરસ્પર સંકટે !
થવા સંકટથી મુક્ત પોતે કેવો મથ્યા કરે ! ૧૬

હૈયે હૈયાતણો ભાવ અનુસંધાન પ્રેરતો,
બંનેને તે કરે એક ભાવથી ભાવ જાગતો. ૧૭

ભાવથી ભાવ શો પ્રેરે ભાવધોધ પરસ્પરે !
આકર્ષણતણી ઉષ્મા ભાવ પ્રેરે નિરંતરે. ૧૮

ભાવની ગાઢતા હૈયે એકતા શી પરસ્પરે !
જ્ઞાનસંબંધ શો ભાવ મેળે ચેતાવતો હૃદે ! ૧૯

દિલનો ભાવ શો મુખ્ય થવા જ્ઞાન મહત્ત્વનો !
ભાવ અર્જુનનો હૈયે પ્રભુની સાથ તે હતો. ૨૦

તેથી અર્જુનને દીધું પ્રભુએ દિવ્ય દર્શન,
શંકા મોહતણાં મૂળ ટળ્યાં શાં સર્વ તત્ક્ષણ ! ૨૧

●

## રમે જે નિત્ય મારામાં ઉતારું પાર તેહને

'આધાર આશ્રયે મારે રહી જે કર્મ આચરે,
પાપ તેનાં નિવારું છું તેમાં સંશય ના ખરે.' ૧

'મુજ-પ્રીત્યર્થ જે કર્મ અંતરે ધારીને મને,
આચર્યાં કરતો રે'છે, ના છે બંધન એહને.' ૨

'મારામાં ચિત્ત પ્રોઈને, મારામાં દૃઢ રૈ' હૃદે,
ધરીને લક્ષ ભક્તિથી કરે જે કર્મ, તે તરે.' ૩

'આશરો મુજ જે લે છે, મને સંભારતો રહે,
રમે જે નિત્ય મારામાં ઉતારું પાર તેહને.' ૪

'ભજ્યા જે કરશે હૈયે મને પળે પળે ઊંડું,
તેને મારો કરીને શો બનાવી દાસ હું લઉં !' ૫

'જેમાં તેમાં મને હૈયે જોયાં પ્રેમથી જે કરે,
પોતાનો ભક્ત તેવાને બનાવી ચાંપું છું હૃદે.' ૬

'મને સ્મર્યા કરી ભાવે, મને જે ભજતો રહે,
મને તે પામતો નિશ્ચે, મારું વચન છે ખરે.' ૭

●

# ગુણ નિરૂપણ

## સત્ત્વ

સ્વભાવ વિશ્વનો છે શો ! વસ્તુઓની વિવિધતા,
એવી વિવિધતામાંયે પાર્થક્યમહીં સર્વદા,
વિભક્ત વસ્તુઓમાં જે એકત્વભાવનો હૃદે,
અપૃથકત્વતણો પાછો સત્તાનો, અવિભક્ત જે
અનુભવાય જે રીતે, તેને સાત્ત્વિક જાણજે. ૧-૨-૩

સાત્ત્વિક જ્ઞાનથી માત્ર જે તે વિભક્ત વસ્તુમાં,
છે અવિભક્ત જે સત્ય, તેનું દર્શન થાય ત્યાં. ૪

અનેક એકબીજાથી વસ્તુઓ ભિન્ન ભિન્ન ત્યાં,
અખંડ એકના ભાવ-નું તત્ત્વ સમજાય ત્યાં. ૫

ભેદો અનેકમાં કેવા સત્તાના જે અભિન્ન છે !
અનુભવ થતો જેથી જ્ઞાન, સાત્ત્વિક તે ખરે. ૬

પરસ્પર અનેકે શી લહરીઓ સમુદ્રમાં !
એક જ જળ છે કેવું ભરેલું ભરપૂર ત્યાં ! ૭

પ્રત્યેક લહરી કેવી એકબીજાથી ભિન્ન છે !
છતાંયે તેમનામાં તો સત્તા શી જળ એક છે ! ૮

વિભિન્ન લહરીઓમાં જળરૂપે અભેદ જે,
સત્તારૂપી રહ્યું જ્ઞાન, તેને સાત્ત્વિક જાણજે. ૯

સુવર્ણનાં ઘરેણાં સૌ ભિન્ન ભિન્ન પ્રકારનાં,
સત્તારૂપે છતાં સોનું એકનું એક હોય ત્યાં,
ભિન્ન ભિન્ન ભલે લાગે છતાં તેમાંય એકને
પારખી, તે પ્રમાણે લ્હે, જ્ઞાની સાત્ત્વિક જાણજે. ૧૦-૧૧

એક જ માટીમાંથી તો અનેક વસ્તુ શી બને !
વસ્તુ પ્રત્યેકનું પાછું અસ્તિત્વ ભિન્ન ભિન્ન છે. ૧૨

છતાં વસ્તુ બધીમાંહે સત્તા માટીની એક છે,
'એકત્વ જે અનેકોમાં જોવું' સાત્ત્વિક જ્ઞાન તે. ૧૩

કપાસમાંથી કંતાયે અનેકવિધ સૂતર,
વણાયાં કપડાં તેથી અનેકવિધનાં જગ
કેવી વિવિધતા વસ્ત્રો, છતાં કપાસરૂપી છે
જે એકરૂપ સત્તા તે, સાત્ત્વિક જ્ઞાન જાણજે. ૧૪-૧૫

બધાં માનવ, પ્રાણી સૌ કીટ, પક્ષી, પશુ જગે
છે પરસ્પર શાં ભિન્ન ! અખંડ* **જીવ**-તત્ત્વ તે. ૧૬

બધાંનામાં રહેલું છે સૌ તે તત્ત્વથી જીવે,
**જીવ**નું એવું એકત્વ, જ્ઞાન સાત્ત્વિક છે ખરે. ૧૭

વિવિધ પ્રાણીઓમાં જે જીવનની સમાનતા
જોઈ વર્તવું તેવું તે, સાત્ત્વિક જ્ઞાન દિલમાં. ૧૮

સંપૂર્ણ વિશ્વની ભિન્ન સૌ વસ્તુઓતણી પૃથક્
સત્તામાં એવી, આત્માનો, શો અવિભક્ત ભાવ જે
જેથી જણાય, એવું તે સાચું સાત્ત્વિક જ્ઞાન છે. ૧૯

સાત્ત્વિક જ્ઞાનનો અર્થ સ્પષ્ટ સમજવો ઘટે,
અહીંયાં 'જ્ઞાન'નો અર્થ નિષ્ઠા બૌદ્ધિક જાણજે. ૨૦

જે અનુભવ પ્રત્યક્ષ આધારે** થાય છે હૃદે,
બધાંયે કરણોમાં શો તે પ્રસરી અનુભવે ! ૨૧

* ચેતન અવતરણ થતાં થતાં પ્રકૃતિનાં વિવિધ પાસાંમાં અને જુદાં જુદાં ક્ષેત્રમાં પ્રગટેલું છે તે. ** આધાર એટલે કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્-વ્યક્તિનું વ્યક્તિત્વ.

સાત્ત્વિક જ્ઞાનનો અર્થ સમજ તે પ્રકારમાં,
પૂર્ણ વિશ્વાસ બેઠો છે, છે શ્રદ્ધા જાગી મૂળમાં. ૨૨

જેમાં તેમાં બધે **एक** તે વિના કૈં બીજું ન છે,
એવો બૌદ્ધિક વિશ્વાસ બેઠેલો છે જ **एहने**. ૨૩

તે સમજણ હૈયામાં સંપૂર્ણ ઊતરી જઈ,
ચસી તેથી શકે ના તે કેમેય કરતાં કદી. ૨૪

સાત્ત્વિક જ્ઞાનમાં પૂર્ણ અનુભવ થયો ન છે,
કિંતુ તેમાંથી પામે જે તે અનુભવ ઈષ્ટ છે. ૨૫

**गुण** ને **शक्ति** સાત્ત્વિક જ્ઞાનમાં વધતાં જતાં,
ભાવ તેમાંથી જન્મીને અખંડાકાર તે થતાં.
ચેતનાનો હૃદે ઊંડો શો અનુભવ તે સમે,
સાત્ત્વિક જ્ઞાનવાળાને ધીરે ધીરે થતો જશે. ૨૬-૨૭

સાત્ત્વિક જ્ઞાન જે તેમાં પરોક્ષ જાણવાનું તો,
અનુભવ નથી સત્ત્વે, ચેતને અપરોક્ષનો. ૨૮

અનુભવદશા પ્હેલાં સાત્ત્વિક જ્ઞાનભૂમિકા,
થયા વિના જ સંપૂર્ણ ના અનુભવ થાય છે. ૨૯

સાત્ત્વિક જ્ઞાનભૂમિકા તેથી તો અનિવાર્ય ત્યાં,
શાંતિ, પ્રસન્નતાની શી ભૂમિકા એની થાય ત્યાં ! ૩૦

એમાં અખંડતા જાગ્યે, ભાવની ગાઢતા થતાં,
પ્રાદુર્ભાવ થતો કેવો ! ચેતનાનો હૃદે તદા. ૩૧

ઇંદ્રિયો, *કરણોકેરા પ્રકૃતિમાં સ્વભાવના,
બધાય ગુણધર્મો જે સત્ત્વમાં બદલાય ના. ૩૨

* મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્.

ઇંદ્રિયો પોતપોતાના પ્રકૃતિગુણ, સત્ત્વમાં,
ગુણધર્મે ઠરેલી રહે છે ઉધમાત ના કશા. ૩૩

અહિંસા, સત્ય ને ધૈર્ય શાંતિપૂર્ણ પ્રસન્નતા,
કશાથી તે ઘવાયે ના, સત્ત્વ તે જાણતું તદા. ૩૪

'શી અભ્યાસમાં પૂર્ણ, વૈરાગ્યે પૂર્ણ જીવન,
મંડાયેલી શી એકાગ્ર ને જેની દૃષ્ટિ કેંદ્રિત !
પોતાનામાં જ તે રહે છે, એકધારો જીવંત જે,
ધ્યેયાકારે જ સંપૂર્ણ અખંડ', સત્ત્વ જાણ તે. ૩૫-૩૬

કોઈ પણ અવસ્થામાં જેને વિષાદ થાય ના,
'કશાથી ભય ઉત્પન્ન થતો ના' સત્ત્વ જાણ ત્યાં.
બુદ્ધિ, ધૃતિ, કરુણા શાં મેધા, નિર્દંભતા, ક્ષમા !

જીવન નિઃસ્પૃહતાયુક્ત, જેનાં સૌ કર્મ 'યજ્ઞ' છે,
વિનય, ધર્મનો ભાવ જેમાં, સત્ત્વગુણી જ તે. ૩૭-૩૮

શમદમાદિ સૌ ગુણો ખીલેલા છે ખરેખર,
અધ્યાય સોળમાંના સૌ સત્ત્વે ગુણો ખીલેલ શા ! ૩૯

પૂર્ણબહારે જ શા ગુણો પૂર્ણતામાં ખરેખરા !
જીવંત જીવને કેવા ફાલેલા છે બધે તદા ! ૪૦

છતાંય જીવને એને અનુભવ થયેલ ના,
કેમ કે તે ગુણાતીત સંપૂર્ણ છે થયેલ ના. ૪૧

અનુભવની કક્ષાની પાસે નજીક છેક તે,
કિંતુ સત્ત્વનો ગુણ કૂદવો દોહ્યલો પથે. ૪૨

શાતા, પ્રસન્નતા, શાંતિ કેવાં મઘમઘી રહ્યાં !
આવું હોવા છતાં પાછું, સાક્ષિત્વ ઊગ્યું છે જ ના. ૪૩

સત્ત્વના ગુણવાળો જે રાચે ફંદે ગુણોતણા,
'ગુણોથી તે જુદો ના શો !' તે અનુભવ ના કદા. ૪૪

ગુણોથી શું ગુણોમાં તે આનંદે રાચવું ગમે,
શા તરબોળ ને લીન ! શા એકાકાર તે ગુણે ! ૪૫

જીવને હોય છે પૂર્ણ એકાકાર અનુભવી,
છતાં પાછો જ તેથી ર્હે, જુદો કેવો તર્યાં કરી ! ૪૬

એવું સાક્ષિત્વ સત્ત્વે તો ઊગી તે શકતું નથી,
સત્ત્વના ગુણ પામેલો તેથી અનુભવી નથી. ૪૭

જેને ઉમંગ, ઉત્સાહ, ખંત ઉદ્યમ કર્મમાં
ધ્યેયને સાધવામાં છે જેને શી એકતાનતા ! ૪૮

શો નિર્ણય પરિપૂર્ણ થવા નિત્ય મરી મથે !
જીવને ખંતીલા એવા, અંતે ફતેહ મેળવે. ૪૯

જીવને પાર વિનાનાં મુશ્કેલી, વિઘ્ન, આપદા,
તેને ઓળંગવા શૂરો ઉમંગે શો થતો ફના ! ૫૦

પોતે જોવું જ પોતાનું, ઊંડામાં ઊંડુ ખોજવું,
રૈ' મશગૂલ પોતામાં સત્યને પૂર્ણ પામવું. ૫૧

એવા માનવી કેવા તે નશામાં ચકચૂર છે !
એકતાનપણું એને વરેલું ભરપૂર છે ! ૫૨

જીવનઘડવૈયા તે થાક્યા વિના મથ્યા કરે,
પૂર્ણતા મેળવી પોતે, ધન્ય કેવા થયા કરે ! ૫૩

ધારેલું પાર પાડે તે, તત્પરતા વરેલ છે,
સદાયે મસ્ત શા ઘૂમે ધ્યેયને વરવા હ્દે ! ૫૪

બેસી ર્‌હે નવરા ના તે, આરપાર થવા મથે,
એકલા માત્ર પોતામાં એકતાન રહ્યા કરે. ૫૫

આમ કે તેમ ના જુએ નાકની દાંડી સામને,
એકધારી ટશે કેવા ધ્યેય મસ્તાન દિલ છે ! ૫૬

ધૈર્ય, નિશ્ચિંતતા, શાંતિ, પૂર્ણ પ્રસન્નતા હ્દે,
જ્ઞાન સાત્ત્વિક તે જાણો, હૈયે આનંદપૂર્ણ છે. ૫૭

શાતા જીવનમાં જેને નીરવતા વરેલી છે,
જ્ઞાની સાત્ત્વિક તે જેને શોકહર્ષ સમાન છે. ૫૮

પ્રાપ્ત જે કર્મને યજ્ઞાભાવે આચરીને પદે,
પાછું સમર્પી સૌ દે છે, તેને સાત્ત્વિક જાણજે. ૫૯

ગડભાંજ કશી વાતે જેને મુદ્દલ થાય ના,
શાંત રીતે વિચારી સૌ ઉકેલ તે કરે કર્યાં. ૬૦

ગભરાટ ન કૈં થાય, સ્વસ્થતા શી અખંડ છે !
પોતે પોતામહીં રાચી અંતરે મશગૂલ છે. ૬૧

જેનો એકાગ્રતા ભાવ કશાથી ના ઘવાય છે,
કર્મે, જે કર્મના હેતુ, કર્મનો ભાવ, નિત્ય છે. ૬૨

## રજસ

પૃથક્ ભાવનું કે જ્ઞાન, ભેદનું જ્ઞાન અંતરે,
પ્રત્યેકના જુદા જુદા ભાવનો જે અનુભવ,
જેનાથી થાય, તેને તો જ્ઞાન તે જાણ રાજસ. ૧

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે ભેદ પ્રત્યેક **ભૂત**ને વિશે,
રાજસ જ્ઞાનથી તેવું અનુભવાય જીવને. ૨

વધારે ભેદ સર્વત્ર એકબીજા વિશે હૃદે,
તેથી સંપ રહેવો તે કેવો અસંભવિત છે ! ૩

રાજસ દૃષ્ટિથી કેવો ભેદ નિર્માણ થાય છે,
ને તે નિત્યે વધે કેવો કુસંપમાં પરિણમે ! ૪

રાજસ દૃષ્ટિવાળાનો જેમાંતેમાંય ભેદ જે,
મહત્ત્વ આપી આપીને ક્લેશ ઊભો કરે દિલે. ૫

મુખ છે એક તોયે ત્યાં, રાજસ દૃષ્ટિયુક્ત જે
આંખ ને કાન ને નાક છે સૌને ગાલ, શિર છે,
એવું જુદું જુદું પોતે એકને બદલે જુએ,
એકને કરી વિભિન્ન, જુદાં જુદાં રૂપે જુએ. ૬-૭

જે એક છે છતાં તેમાં ભિન્ન ને ભિન્ન નીરખે,
તેને તો ભેદવાળું તો જે તે લાગ્યાં કરે જગે. ૮

ભિન્ન ભિન્ન તરીકે તો એકત્વને હૃદે જુએ,
તેને એકત્વનો ભાવ કેમેકર્યો ઊગે ન તે. ૯

કરે એકત્વનું ભિન્ન પ્રતિપાદન નિત્ય તે,
શાંતિ, પ્રસન્નતા, તેને ઊગી ક્યાંથી શકે હૃદે ? ૧૦

હાલ બેહાલ એવાના જીવને શા થયા કરે !
છતાંય તે ન ચેતે છે, બૂરા હાલે જગે મરે. ૧૧

કરે ઘણા વિચારો તે, ઠામનો ઠામ ર્‌હે છતાં,
એને કર્તવ્યમાં મીંડું, ર્‌હે ખાલી તે તરંગમાં. ૧૨

ઊંચી ઊંચી કરે વાતો, કશી ના એકતાનતા,
કશાનામાં ભલીવાર એનામાં કદી હોય ના. ૧૩

ચસે ના ડગલું એક, ચાલે આગળ ના કશે,
ચાલ્યું જાણે ઘણુંયે હો એવો શો ડોળ એહને ! ૧૪

ક્યાંયનો ક્યાંય ઘૂમે શો નકામા તે વિચારમાં !
ઘોર પ્રમોહનો કેવા નશે ર્‌હે ચકચૂરમાં ! ૧૫

તેવા ગાફેલ ર્‌હે પૂરા સાવધાનીનું ભાન ના,
'રાખવી સાવચેતીયે' તેનો ખ્યાલ ઊગે જ ના. ૧૬

મોહાદિયુક્ત એવાની ખુમારીનો ન પાર છે,
જેમ તેમ વિતાવે શા ખાલી દિવસ જીવને ! ૧૭

છંછેડાઈ જ શો જાય જરાક અપમાનમાં !
મળે માન થતો કેવો ફુલાઈ ફાળકો તદા ! ૧૮

જાણતો હોય ના તોયે શો તે તે જાણવાતણો
કરે છે ડોળ, એવો તે મિથ્યાભિમાની જાણવો. ૧૯

જરાક જેટલું પોતે કરેલું હોય છે છતાં,
'અથાગ દરિયો ખૂંદ્યો હોય' તેમ વદે સદા. ૨૦

સૂઝ જેને ઊગે છે ના કર્મ કેરા ઉકેલની,
યદ્વાતદ્વા છતાં હાંક્યે રાખે તેવા જ માનવી. ૨૧

પરાયણ નર્યા સ્વાર્થે આંધળા થઈ શા ભૂલે !
ડાહ્યા છતાંય પોતાને માની માની ફૂલ્યાં કરે. ૨૨

બધાં આગળ પોતાનું મહત્ત્વ તે બતાવવા,
બડાશો મારી મારી શો ભવાઈ કરતો મહા ! ૨૩

ધમાલ ખાલી ખાલી તે સદાયે શો કર્યાં કરે !
તે કશાનોય કેમેયે લાવી ઉકેલ ના શકે. ૨૪

જેને પોતાનું ના ભાન કશાનુંય કશા વિશે,
ડહાપણ છતાં ડો'ળે બધામાં માથું મારીને. ૨૫

બડાશો કેટલી હાંકે કરેલાં નિજ કર્મની
તેના વિશે હદે જ્યાં ત્યાં મ્હાલ્યાં કરે વખાણથી ! ૨૬

કરી શકે ન નિર્માણ કંઈ કશાનું આગવું,
પોતાને તે છતાં કેવો માને મહાન દિલ શું ! ૨૭

આવડત કશા વિશે યોગ્ય પ્રકારની નથી,
છતાં આવડવાકેરો એનો શો ફંદ આપથી ! ૨૮

ધાંધલ ખાલી ખાલી તે સદાયે શો કર્યાં કરે !
એક ને એક ઠામે ર્‌હે, આગળે ના વધી શકે. ૨૯

તે કશાનોય કેમેય લાવી ઉકેલ ના શકે,
એને નિશ્ચિંતતા કેવી ! એને અશાંતિ ઊપજે. ૩૦

કંકાસ, કજિયા જેને રહે શા જીવને સદા !
અસંતુષ્ટ સદા એવો જેમાં તેમાં બધે તદા. ૩૧

સંસારે એની કેવી છે પ્રવૃત્તિઓ ધમાલની,
ધાંધલ તે કર્યા વિના ચાલે એને નહિ કદી. ૩૨

આડફંટે જતો હોય છતાંય શો દઢાવતો !
જ્ઞાનાનુભવમાં તે સૌ, દાંભિક સૌ રીતે ઊંડો. ૩૩

આમથી તેમ તે કર્મે અફળાયાં કરે સદા,
તેવાનો તો ભલીવાર કશાનામાં થતો જ ના. ૩૪

સંસારે વ્યવહારે તે આજ કે કાલ નિશ્ચયે,
પકડાયા વિના ર્‌હે ના, ખુલ્લો કેવો પડી જશે ! ૩૫

એકાંગી, એકલક્ષી જે એકલા એક ક્ષેત્રમાં
રમી શકે ન તે પોતે એવો રજસ્‌ સ્વભાવ, હા ! ૩૬

'એકનાએક તે ક્ષેત્રે મગ્ન પૂરેપૂરા થવું',
રજોગુણે ન છે શક્ય થવું તેમ પૂરેપૂરું. ૩૭

શા જાતજાતના **ए**ના ઉધામા તો અનેક છે,
થવા પૂરું ન આવ્યું હો એક, ત્યાં બીજું આદરે. ૩૮

નિવેડો ના પૂરેપૂરો કશાયે એકનો પથે,
રજોગુણ ન લાવે છે, એવી એની ગતિ ખરે ! ૩૯

તાડન* કરવાકેરી જેમાં વૃત્તિ પ્રચંડ છે,
સુખેચ્છા ખૂબ, ને દંભ, કામુકતા વૃત્તિ ભોગવે,
અધીરતા, અહંકાર, ઐશ્વર્યકારણે **अहम्‌**
પરિભ્રમણવૃત્તિ શી ! એવો શો તે રજોગુણ. ૪૦-૪૧

'પદાર્થની પરે સત્તા મળે, તેવા જ જીવને
સફળતા મળેલી શી પોતે તો સમજે હૃદે !
સફળતા મળે કેવી તેની ભૂખ બઢ્યાં કરે,
મથે મેળવવા ઑર' તે રજોગુણ જાણજે. ૪૨-૪૩

* સ્થૂળ અને સૂક્ષ્મ બંને

લોભ જે છે ભભૂકેલો તેને તૃષ્ણા જ જાણવી,
એકાગ્ર, સંયમી શો તે હોય જીવન ઉદ્યમી. ૪૪

થવા જે લક્ષ્યની સિદ્ધિ રજસ્ કેવો મથ્યાં કરે !
કિંતુ આડે જ ત્યાં આવે અહં રજસ્‌નું મોખરે. ૪૫

સંઘર્ષ તે કરે પેદા કેવા કેવા જ જીવને !
શા ક્લેશ તેથી જન્માવી અશાંતિમાં ઘુમાવશે. ૪૬

રજસ્‌ના છે છડીદાર શાં તૃષ્ણા, લોભ જીવને !
રજોગુણે ન શક્તિ છે જીતવા પૂર્ણ તેમને. ૪૭

લોભ, તૃષ્ણાનું તો કેવું તારુણ્ય તે અખંડ છે !
આયુષ્યની સાથ તે ખીલે પ્રાબલ્ય વધતું દીસે. ૪૮

હિંમત, બુદ્ધિ ને શૌર્ય, નમાલા ગુણ શા બધા !
રજોગુણ વિશે કેવાં વિદ્યા, વિવેક પાંગળાં ! ૪૯

આશા, તૃષ્ણાતણા લોભે દોડાદોડ કરી મૂકે,
વધુ મેળવવા ઈચ્છા રજોગુણ સ્વભાવ તે. ૫૦

રજોગુણથી પ્રેરાયાં તૃષ્ણા, મોહાદિ લોભ જે,
મુક્તિ મેળવવી તેથી કેવું મુશ્કેલ જીવને ! ૫૧

સૌ તૃષ્ણા, મોહ, લોભાદિ આત્મકલ્યાણ માર્ગમાં,
જો એકવાર લાગી તે જાય, બેડો જ પાર ત્યાં. ૫૨

જે ભોગલક્ષી તૃષ્ણાદિ, અધ્યાત્મલક્ષી ઝંખના,
જ્યારે તે પ્રગટી જાય, રજસ્ ઓગળી જાય ત્યાં. ૫૩

# તમસ

કાર્યકારણનો જેમાં ના યથાયોગ્ય બોધ છે,
સત્ય તત્ત્વતણો બોધ જેમાં યોગ્યપણે ન છે. ,
ને સંપૂર્ણપણે જેમાં આસક્તિ વૃત્તિ પૂર્ણ છે,
તામસ જ્ઞાન તું એને જાણી લેજે તદા દિલે. ૧-૨

તામસ જ્ઞાન સંપૂર્ણ અજ્ઞાન, નક્કી જાણજે,
ચોંટાડી કળણે રાખે, તે મિથ્યા જ્ઞાન જાણજે. ૩

પ્રત્યેક વસ્તુને વિશે કલ્પના વિપરીત જે,
તામસી મન આરોપે, જેમાં તેમાં ઊંધું જુએ. ૪

'પોતાનો મત સાચો છે,' ઊંચા સાદેથી તે કથે,
માંડે છે લડવા કેવો પોતા સાથે ન જે ભળે ! ૫

અંશમાં પૂર્ણ હોવાની ભાવનાનો અનુભવ,
તામસી શો કરે ને તે ઠેરનો ઠેર રહે પથ. ૬

સુખ વધારવા પોતે પોતાનું જ મથ્યાં કરે,
ગેરલાભ થતાં તેથી બીજાને તે, ન તે જુએ. ૭

સંપૂર્ણ બદલે અંશ, સંપૂર્ણ માનીને હૃદે,
તેની સંતુષ્ટિ માટે શો અન્યનેય ખરે હણે ! ૮

ફેરફૂદડી પોતે શો એકની એક પાછળ
ફર્યાં તે કરતો રહે છે ! છતાં ત્યાંનો જ ત્યાં પથ. ૯

આગળ શો વધેલો છે, એમ માન્યાં કરી હૃદે !
ફુલાયે આપમેળે ને, તે છે તામસી જીવને. ૧૦

પ્રમાદી, આળસુ નિદ્રાશીલ કેવો પૂરેપૂરો !
વિચારોની જ શી માત્ર તંદ્રામાં તે રહે પડ્યો. ૧૧

નિંદિત કર્મમાંથી જે વિના સુખની વાંછના
તમોગુણીતણા દિલે રાચતી શી રહે સદા ! ૧૨

સર્વ પ્રકારનું કેવું મૂઢત્વ છે જ જીવને !
અજ્ઞાન છે પૂરેપૂરું, છતાં તેનું ન ભાન છે. ૧૩

તમોગુણનું 'અજ્ઞાન' 'તે અયથાર્થ જ્ઞાન છે',
કેવો ક્રોધાંધતાથી તે મૂઢતાથી સડ્યાં કરે ! ૧૪

'યથાર્થ ભાન સંપૂર્ણ જેને પોતા વિશે નથી,
યદ્વાતદ્વાપણું જેમાં' જાણ, પોતે તમોગુણી. ૧૫

## ઉપસંહાર

ત્રણે ગુણો રહેલા છે પ્રત્યેકના જ જીવને,
પોતે ખોળવું પોતામાં કયો ગુણ વિશિષ્ટ છે. ૧

તમસ્‌માંથી કદી સત્ત્વે પ્રવેશી તો શકાય છે,
તમસ્‌માંથી શું ઓચિંતું સત્ત્વગુણે જવાય છે ! ૨

ને રજસ્‌માંથી તો કિંતુ સત્ત્વે પ્રવેશ ના મળે,
રજસ્, પ્રવૃત્તિ તો એકની એક ના કર્યાં જશે. ૩

અનેક કર્મમાં પોતે પેસી ધાંધલ આચરે,
'ધાંધલ તે કરે' એવું એને ના જ્ઞાન હોય છે. ૪

જે તમસ્ ગુણવાળો છે સાધને સ્મરણાદિના
એકધારો ટકે પોતે જળવાઈ, ધીમે છતાં
ભલે એમાં ન ઉત્સાહ, જોશ, વેગ પૂરાં ન હો
'પૂછડું પકડેલું તે' તેવો મૂકી ન દે પથે. ૫-૬

ભલે કરે ધીમે ધીમે હાથ લીધેલ કર્મ તે,
ખંત, ઉત્સાહ છો મોળા કિંતુ પકડી રાખશે. ૭

પકડી રાખવાકેરી એને સભનતા ન છે,
કિંતુ સ્વભાવને લીધે કર્મને વળગી રહે. ૮

ખંત, ઉદ્યમ ને ધૈર્ય, સાહસ, હિંમતે હ્દે
તેને સંપૂર્ણ છો ના હો, ભલે ધીમે ધીમે ધપે. ૯

તીવ્ર જેટલું તે હોય રાજસયુક્ત જીવને,
જોશ તામસવાળાને એવું ખાસ ન હોય છે. ૧૦

અનેકાનેક કર્મોમાં ધસમસ્યો રહ્યાં કરે,
એક પૂરું થયું ના હો, બીજે ત્યાં દોડવા ચહે. ૧૧

વળી ધમાલ ને એનાં ધાંધલ ભારી હોય છે,
જ્યારે તામસવાળાને તેવું ક્યાંય કશું ન છે. ૧૨

કાચબાની ગતિ જેમ તામસ તે ભલે દડે,
ગમે જ્યાં ત્યાં જવા એને જાગે ઉત્કટતા ન તે. ૧૩

નજીવો સ્થિર શો પોતે તામસયુક્ત **જીવ** તે !
દોડંદોડી નથી એને રાજસ જેવી ક્યાંય તે. ૧૪

નર્યા વિચાર વિચાર રજસ્‌ને શાં ચગ્યાં કરે !
ક્યાંનો ક્યાંય ઊડે કેવો ! ચોંટવા જાય કૈંકને. ૧૫

ફળીભૂત થયું જ્યાં ના એક, ત્યાં પકડે બીજું,
ફેરફૂદડી શી એવી રજસ્‌ની, કેવું કૂદવું ! ૧૬

તમસ્‌નું તેથી તો કેવું ઊલટું છે બધી રીતે !
થોડુંક વળગી રે'વા તમસ્‌ને શક્યતા પથે. ૧૭

વળગી જેટલું ર્હે છે તમસ્ તેટલું રજસ
કદી તેવી રીતે પાછું શકે ના વળગી પથ. ૧૮

ઠરીને ઠામ ક્યાંયે ના ઠેકાણે એક બેસી ર્હે,
કૂદકા મારવા કેવા રજસ્‌ને ગમતા હ્દે ! ૧૯

ઉદ્‌ભવાવે જ તે પ્રશ્ન કોયડા શા નવા નવા !
પોતે ગૂંચાય, બીજાને નાખે ગૂંચવી તે સદા. ૨૦

તમસ્‌ને તેવું ત્યારે ના, ચકલી-ફૈડકા સમું
એનું તે ચાલવાનું છે, રજસ્‌થી સ્થિર કૈં ખરું. ૨૧

સ્વભાવ રજસ્‌નો ભારે કેવો ચંચળ હોય છે !
દૃષ્ટિ દોડાવવાની શી જ્યાં ત્યાં એને જ ટેવ છે. ૨૨

જ્યારે તમસ્‌નું ના એવું ઠંડોગાર સ્વભાવ છે,
એનામાં શક્યતા તેથી રે'વા વળગી સ્‌હેજેય. ૨૩

નિશ્ચયે **જીવ** એવો જે **આજ** કે **કાલ** જીવને
સત્ત્વગુણી થવાનો છે, નિશ્ચયે જાણવું હૃદે. ૨૪

## પરિણામ ત્યાગ

(અનુષ્ટુપ)

પરિણામતણી આશા જે સેવે મન ધ્યેયમાં,
નિરાશા દિલ તેવાને સાંપડવાની નિશ્ચયે.

નિરાશા લાગતાંયે શો ઊંડો જે વેગ દિલનો
આપમેળે ઘટી જાય, મોળો ઉત્સાહ થાય શો !

ધ્યાન તો ખાસ હૈયામાં રાખવાનું જ કે સદા,
કેમેયે કરતાં ના તે નિરાશા દેવી પેસવા.

ભાંગ્યો ઉત્સાહ જો હૈયે એકવાર જરાતરા,
તેવો તો દિલમાં પાછો જાગવાનો ન છે તદા.

પરિણામતણું હૈયે વિચાર્યા તે વિના કશું,
કર્મ વિકાસનું જે તે કર્યાં કરવું નિત્યનું.

રોટલા રળવા કાજે કલાક દસ નિત્યના,
ગાળે કેવો સદા મસ્ત થૈ લગાતાર દિલમાં !

એવોયે ના ભલીવાર ધ્યેયના કર્મને વિશે,
છતાંયે માનવી કેવો ઇચ્છે છે પરિણામને !

પરિણામતણી આશા સેવતાં સેવતાં ખરે,
પરિણામ વિશે ચિત્ત માનવીનું સર્યાં કરે.

પરિણામતણા કેવા વિચારો ચિત્ત ઊઠતાં,
ધ્યેયના કર્મમાંથી શા પૂરા પ્રાણ ઊડી જતા !

તેથી શ્રેયાર્થીએ કર્મ હર્ષે, ખંતે, વિકાસનું
કર્યાં જ કરવાનું છે, સરખું એકધારું શું !

પરિણામતણી ચિંતા કર્યા વિના જ, કર્મને,
પ્રભુપ્રીત્યર્થ નિષ્કામે ઉમંગે કરવું ઘટે.

થવાને યોગ્ય વિકાસ શ્રેયાર્થીએ ઊંડું ચહી,
છોડી દેવાની સંપૂર્ણ, ઝંખના પરિણામની.

અનાસક્ત થયા વિના વિચારો પરિણામના,
રોકાવાના નથી રોક્યા, જાણવું નિશ્ચયે સદા.

તેથી શ્રેયાર્થીએ ધ્યેયે પ્રવેશી, જીવને તદા,
કામક્રોધાદિને મોળા પાડવાનું કરો કર્યાં.

કામક્રોધાદિ સંપૂર્ણ હઠ્યા વિના કદીય તે,
સાંપડે ના અનાસક્તિ કેમેય કરી જીવને.

રાગદ્વેષાદિથી તેથી છોડવું વર્તવાનું ને,
તેવું કર્મ થવા કાજે ભાવ જરૂરનો જ છે.

સ્મરણ, પ્રાર્થના, ભાવે કીર્તનો શાં કર્યાં કરી,
થયેલું, થતું કૈં જે તે નિવેદ્યાં પ્રભુને કરી.

સન્મુખ જીવતો હૈયે રાખીને દોરનારને,
આત્મનિવેદનો ભાવે સંભળાવ્યાં કરો તમે.

પ્રભુના નામને પ્રેમે સ્મર્યાં કરો નિરંતરે,
ને એમાં રત ર્‌હેવાથી ભાવ કેવો ઊગ્યો રહે !

ભાવ એવા થકી ધૂન કેવી દિલ કરે રમ્યાં !
ધૂનની કેવી મસ્તીની જામે છે એકતાનતા !

‘ભાવ’ તો કેવું ભાથું છે જીવને ઉપયોગનું !
કર્મ શાં સાધનાનાં તે કર્યાથી ભાવ જન્મતો !

ઉત્તમોત્તમ હો કર્મ ભાવ વિનાનું કિંતુ જે,
ધ્યેયવિકાસને કાજે ઉત્તમ કર્મ તે ન છે.

ભાવ વિનાનું જે કર્મ જીવન ના ફળાવશે,
સાધનાકર્મમાં તેથી ‘ભાવ’ શો અનિવાર્ય છે !

પ્રાર્થના, કીર્તનો ભાવે મસ્તીથી કરવાથી તે,
ભાવ કેવો સ્ફુરે હૈયે ! જાણીતું આપણું જ છે.

ભાવના જાગવાથી શા અનાસક્ત થવાય છે !
રાગદ્વેષ ઘટે જેમ શા સાધનાદિ કર્મમાં,
મેળે શો સ્ફુરતો ‘ભાવ’ ! અનુભવે જણાય ત્યાં.

અભય, મૌન, એકાંત, નમ્રતા જીવને સદા,
ઘટે આચરવાં ખંતે સાધને ભાવ પ્રેરવા.

નિરાગ્રહી થવાનું છે સૌ સમજણ-વાતમાં,
છોડતા આગ્રહો ર્‌હેવું વિચારી હેતુ દિલમાં.

રાગદ્વેષાદિથી મુક્ત થવાનું એક બાજુથી
સાધનાનાં કરો કર્મ, ભાવથી બીજી બાજુથી.

કરો સૌ ધ્યેયનાં કર્મ, રાગદ્વેષથી છૂટવું,
શો પરસ્પરનો મેળ એવો તે સાધવો રહ્યો !

છૂટતાં રાગ ને દ્વેષ, ચઢવા જોમ શું વધે !
થવાતાં શું અનાસક્ત, ભાવ શો કર્મ નીતરે !

ભાવ, ઉત્સાહ સંપૂર્ણ સાધનાકર્મને વિશે,
હૃદે ઉતારવા કેવી અનાસક્તિ જરૂરી છે !

સ્મરણ, પ્રાર્થનાદિ ને કીર્તનો ભજનોતણો
શો રાજમાર્ગ છે! પોતે સૂહેજે જે આચરાય છે.

આત્મનિવેદનાદિ ને સમર્પણ થયાં જતાં
ખુલ્લું પૂર્ણ થવાતું શો સંબંધ થાય દિલમાં !

બીજાં જે સાધનો હો છો શીઘ્રતા બતલાવતાં,
ભૂમિકા કિંતુ તે કાજે સર્વની યોગ્ય ના સદા.

જપાદિ સાધને તેથી મંડ્યા જવું નિરંતરે,
વધારે કાળ તો ગાળ્યાં, તેમાં કરો જ નિશ્ચયે.

એકનાએક તે કર્મે મંડ્યા જેમ જશું હૃદે,
તેવું સૌ કરવાથી તે, તેની છાપ પડ્યાં જશે.

કંઈક કરવાની જો હોય અસર જીવને
તો આવાં કર્મની ઊંડી કેવી છાપ પડે હૃદે !

થવા ઝડપી ધ્યેયે તો શો એકદમ જીવને
જ્વાળામુખી સમી ઉગ્ર જિજ્ઞાસા હોવી શી ઘટે !

જે તે કૈંક થવા કાજે તેના તે મૂળમાં હૃદે,
તેની તેની જ જિજ્ઞાસા જાગેલી હોવી જોઈશે.

જિજ્ઞાસા તે વિના જાગ્યા થાય વિકાસકર્મ ના,
કર્મ કર્યાં કરો, ઊર્ધ્વ જિજ્ઞાસાને જગાડવા.

થતાં તે સાધનાભાવ અખંડાકાર જીવને,
આપમેળે થતું ર્‌હેશે સૌ રૂપાંતર જીવને.

સાધનાકર્મને તેથી મહત્ત્વ આપી આપીને
રહો આચરતા નિત્યે હૈયે ઉમંગ ધારીને.

પ્રભુને ભજવા ભાવે, એને સ્મર્યાં કરી હૃદે,
સન્મુખે ધારીને હૈયે એને જે તે કહ્યાં જજે.

સ્‌હેજે વીલો ન વ્‌હાલાને ઘડીયે મૂકવો કદી,
સંકેલી મન સંકોરી પદે વાળવું શું ચહી !

એકધારું ઉમંગે ને ખંત, ઉત્સાહ, ઉદ્યમે,
મંડ્યા જ કરવાથી તો ધપાય આગળે પથે.

સાધનાભ્યાસમાં જેને કરવા સાકાર ધ્યેયને,
હૃદે ઊછળતા ધોધ સમો છે વેગ સાધને.

ખપી જવા પૂરેપૂરો પૂર્ણ ફના થઈ જતાં
ધ્યેયને અર્થ, એવા જ સાધના કાજ યોગ્ય શા !

જેવો સ્વભાવ પોતાનો મૂળે જે હોય જીવને,
ખૂંપતાં સાધનાભ્યાસે બદલવો પૂરો ઘટે.

યોગ્ય વિકાસકેરું તે યોગ્ય લક્ષણ માપ છે,
ઊગતા લક્ષણે તેવા નિશ્ચિત શું થવાય છે !

આત્મવિશ્વાસ જીવંતો જાગતો ચેતનાત્મક,
જાગતો ચેતતો પૂર્ણ શ્રેયાર્થીને ઊગે હૃદે.

મથતાં મથતાં એને હર્ષ ઉમળકો વધે,
થવા સાકાર તે ધ્યેય હૈયે તત્પરતા બઢે.

ગાંડાતૂર સમી એની ઘેલછા કેવી જીવને !
દોડ્યો શો જાય મીંચીને આંખો ! વેગેથી તે પથે.

મરજીવા ખરા એવા પોતાનું ધાર્યું મેળવી,
ધન્ય શા થાય સંપૂર્ણ વિરલા વીર માનવી !

પ્રભુની સાથ સંબંધ બાંધવા દિલમાં ઊંડો,
ખરો સ્વાર્થ પૂરેપૂરો ઘટે છે તીવ્ર લાગવો.

જીવનધ્યેય તે કાજે નિશ્ચયથી થવું ઘટે,
સાકાર કરવા ધ્યેય પોતે ત્યાં મથવું પડે.

થવા સાકાર તે ધ્યેય સાધનાદિ થવાં ઘટે,
ને તેમાં ભાવ હૈયાનો પ્રેરાતાં, રસ શો પડે !

રસ જ્યાં જાગતાં હૈયું કેવું ફોરાય જીવને !
હૈયા ઉમળકાથી ત્યાં શું પરોવાય સાધને !

પરોવાતાં જતાં ભાવે સાધનાભ્યાસમાં પથે,
રસ ખરેખરો ત્યારે શ્રેયાર્થીને હૃદે પડે.

થતાં એકાગ્રતા ઊંડી હૈયે સાધનમાં તદા,
આપમેળે સ્ફુરી ભાવ શા તન્મય થવાય ત્યાં !

પ્રેરાયા કરવાથી તે ભાવ અંતરમાં ખરે
ભાવમાં ગાઢતા કેવી સાધનામાં ફળ્યાં કરે !

જ્ઞાન પ્રાપ્ત થવા સારુ ભાવ અંતરનો ઊંડો,
એકધારો સ્ફુરંતો તે યોગ્ય કેવો જરૂરનો !

જે તે કૈં થતામાંથી ભાવ નીતરતો હૃદે,
અનુભવી શકાતો શો હોવો શ્રેયાર્થીને ઘટે !

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

હરિ:ૐ

(અનુષ્ટુપ)

જપને યજ્ઞ વાસ્તવ્યે યથાર્થ રીતથી કથ્યો,
પવિત્ર સર્વ તે થાય જપના મંત્રથી નર્યો.

સહેલામાં સહેલો છે, સરળતાભર્યો જ શો !
એને તો દિલ લેવામાં વિધિ, નિષેધ કોઈ ના.

સ્નાનયે કરવા કેરી જરૂરિયાત ત્યાં ન છે,
કિંતુ ભાવ અનિવાર્ય જપના મંત્રમાં થવો.

અભ્યાસ પડતાં જ્યારે લાંબો કાળ ટક્યાં કરે,
એવા અભ્યાસમાંથી તો ભાવ શો દિલ નીતરે.

તે નિરંતર તો થાતાં અખંડાકાર થાય તો,
ભાવ ત્યારથી તે જાગી જવા મંડે જ દિલ શો !

ભાવ અખંડ તે થાતાં રૂપાંતર બધું થતું,
અનુભવે પ્રમાણેલું સર્વને ચરણે ધર્યું.

*'જીવનગીતા', આઠમી આ., પૃ. ૧૯૧*

-શ્રીમોટા